॥ ૐ અનાદિ શ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ ॥

'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા' અંતર્ગત
સર્વકષ્ટ દુઃખોને દુર કરનાર અને સંકલ્પ પૂર્તિ કરનાર

એકાદશી મહાત્મ્ય કથા

દરેક એકાદશીની પૂજન વિધી- મહિમા અને કથા



: લેખક :

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ
M.A.,Ph.D., D.Phil., D.Litt.

: પ્રાપ્તિ સ્થાન :

પરમધામ સ્મૃતિ મંદિર-ગાદી સ્થાન, જુનાગઢધામ

: પ્રકાશક :

શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી (મો. ૯૯૭૪૩ ૬૨૧૦૮)

© આ ગ્રંથના સર્વહક પ્રકાશકને આધિન છે. - પ્રકાશન : ઈ.સ.૨૦૨૪

પ્રસ્તાવના

હિન્દુ સનાતન વૈદિક ધર્મમાં એકાદશીનું વ્રત સર્વ માન્ય થયેલ છે. જેથી અનેક સંપ્રદાયોના ભક્તો પણ આ વ્રત શ્રદ્ધાપૂર્વક કરે છે. તેમજ એકાદશીનો મહિમા શાસ્ત્રકારોએ પણ અધિક કહેલો છે.

ભારતવર્ષનાં વિદ્યામૂર્તિ શ્રીશ્વેતાયન વ્યાસ સ્વરૂપ પ્રકાંડ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ રચિત "શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા" અંતર્ગત બાર માસની ૨૪ એકાદશી અને અધિક માસની બે મળીને કુલ ૨૬ એકાદશીના આખ્યાનો-કથાઓ સહિત દરેક એકાદશીના વ્રતોનો મહિમા અને તેની શાસ્ત્રોક્ત-વેદોક્ત પૂજાવિધિનું સુંદર રીતે વર્ણન આ ગ્રંથમાં દર્શાવ્યું છે. આ એકાદશી વ્રતના અનુષ્ઠાનથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેય પુરુષાર્થની સિદ્ધિ થાય છે. શ્રદ્ધાપૂર્વક જે કોઈપણ આ એકાદશીનું વ્રત આચરે છે તેને જે તે એકાદશીની જે ફળપ્રાપ્તિ દર્શાવેલ છે તેની અવશ્ય પ્રાપ્તિ થાય છે.

સત્સંગની પ્રણાલિકા અને સમજણ પ્રમાણે તો મુખ્યત્વે એકાદશીનું વ્રત કરવાની અગત્યતા તો છે જ પરંતુ તેના ફળ તરીકે ભગવાન સાથેનો મોક્ષમૂલક સંબંધ પ્રતિદિન વધતો રહે એ જ હેતુ છે, કેમ કે દસ ઈન્દ્રિયો અને અગિયારમું મન. એ અગિયાર તત્વોને નિગ્રહપૂર્વક ભગવાનની મૂર્તિમાં જોડવું એ જ એકાદશીના વ્રતનો સંકેત છે. એટલે અન્ય પ્રકારે મહિમાના વર્ણનોમાં સકામ ભાવનાના નિર્દેશો થયા છે. તે સર્વ સામાન્ય આસ્તિક જનોને વ્રતમાં શ્રદ્ધા અને રુચિ પેદા થતા તેની પ્રવૃત્તિ પરિણામે ધર્મમાર્ગે વળે એવો શુભ હેતુ જ શાસ્ત્રકારોનો હોય છે. પરંતુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે તો મુખ્યત્વે ઈન્દ્રિયો અંતઃકરણના નિગ્રહપૂર્વક ભગવાનમાં વૃતિ રાખવા માટે મોક્ષના સાધનરૂપ એકાદશીનું વ્રત ખાસ કરીને બતાવ્યું છે. એટલે એ જ હેતુને સત્સંગીઓએ લક્ષમાં રાખવો જોઈએ.

જે મુમુક્ષુ જીવોને પ્રગટ ભગવાન કે એમના મુક્ત પુરુષોનો યોગ નથી તો એવા મુમુક્ષુ જીવો પણ આવા એકાદશી આદિક વ્રતો શ્રદ્ધાપૂર્વક કરી તેના પુણ્યપ્રતાપે પણ પ્રગટ ભગવાન કે એમના મુક્ત પુરુષોના યોગે કરીને પ્રગટ ભગવાનની ઉપાસના સેવાભક્તિ દ્વારા પણ દિવ્ય પરમધામને પ્રાપ્ત કરી શકે છે.

સનાતન હિન્દુ ધર્મજગતના - સત્સંગ સમાજના અનેક ભક્તોની લાગણી અને માંગણીને અનુલક્ષીને સર્વને આલોક તેમજ પરલોકમાં અતિ સુખિયા થવા માટે સર્વને મોક્ષ માર્ગે અતિ ઉપયોગી એવું આ "એકાદશી માહાત્મ્ય" ગ્રંથનું પ્રકાશન પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણના મહાપ્રસાદિના શ્રીપરમધામ મંદિર-જૂનાગઢ ધામ દ્વારા પ્રકાશન કરવામાં આવ્યું છે. છતાં ગ્રંથમાં કોઈ ક્ષતિ રહી ગઈ તો સુજ્ઞ વાચકો સમ્ય ગણશો.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ રચિત એકાદશી માહાત્મ્યના આ સંસ્કૃત અધ્યાયોનું ગુજરાતી ભાષાંતર "સંસ્કૃત ભાગવત્ વિદ્યાપીઠ - સોલાના સંસ્થાપક મહાન વિદ્વાન પૂજ્ય શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીજી (દાદાજી)ની" કૃપાદૃષ્ટિ તેમજ આશીર્વાદથી પૂજ્ય શાસ્ત્રી "શ્રી જનકભાઈ નવીનભાઈ પંડ્યા (જામનગર)" દ્વારા કરવામાં આવ્યું છે તેમજ આ ગ્રંથ પ્રકાશનમાં આર્થિક સહયોગ આપનાર સેવાભાવી યજમાન ભક્તો પર પણ પરમેશ્વરની વિશેષ કૃપાદૃષ્ટિ અને આશીર્વાદ રહે તેવી પ્રાર્થના અને અમને પણ આજ રીતે પ્રગટ ભગવાનના સંકલ્પના અનેક કલ્યાણકારી સત્કાર્યો કરવાનો લાભ મળતો જ રહે તેવી ભગવત્‌ચરણોમાં અનંત દંડવત્ પ્રણામ સાથે પ્રાર્થના સહ જય અનાદિશ્રીકૃષ્ણનારાયણ...

- લી. શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી

❖ અનુક્રમણિકા ❖

ક્રમ	એકાદશી માહાત્મ્ય કથા		પેજ નં.
૧.	ત્રિસ્પૃશા એકાદશી માહાત્મ્ય		૧
૨.	એકાદશી ઉત્પત્તિ કથા		૭
૩.	ઉન્મીલની એકાદશી નિરૂપણ		૧૭
૪.	પક્ષવિર્ધીની એકાદશી નિરૂપણ		૨૪
૫.	એકાદશી વ્રત, જાગરણ મહિમા		૨૮
૬.	ઉત્પત્તિ એકાદશી	(માગશર વદ)	૩૫
૭.	મોક્ષદા એકાદશી	(માગશર સુદ)	૪૨
૮.	સફલા એકાદશી	(પોષ વદ)	૫૧
૯.	પુત્રદા એકાદશી	(પોષ સુદ)	૫૮
૧૦.	ષટ્તિલા એકાદશી	(મહા વદ)	૬૪
૧૧.	જયા એકાદશી	(મહા સુદ)	૭૧
૧૨.	વિજયા એકાદશી	(ફાગણ વદ)	૭૮
૧૩.	આમલકી એકાદશી	(ફાગણ સુદ)	૮૫
૧૪.	પાપમોચની એકાદશી	(ચૈત્ર વદ)	૯૫
૧૫.	કામદા એકાદશી	(ચૈત્ર સુદ)	૧૦૫
૧૬.	વરુથિની એકાદશી	(વૈશાખ વદ)	૧૧૨
૧૭.	મોહિની એકાદશી	(વૈશાખ સુદ)	૧૨૦

૧૮.	અપરા એકાદશી	(જેઠ વદ)	૧૨૭
૧૯.	નિર્જળા એકાદશી	(જેઠ સુદ)	૧૩૪
૨૦.	યોગિની એકાદશી	(અષાઢ વદ)	૧૪૩
૨૧.	દેવશયની એકાદશી	(અષાઢ સુદ)	૧૪૯
૨૨.	કામિકા એકાદશી	(શ્રાવણ વદ)	૧૫૭
૨૩.	પુત્રદા એકાદશી	(શ્રાવણ સુદ)	૧૬૪
૨૪.	અજા એકાદશી	(ભાદરવા વદ)	૧૭૧
૨૫.	પદ્મા એકાદશી	(ભાદરવા સુદ)	૧૭૮
૨૬.	ઈન્દિરા એકાદશી	(આસો વદ)	૧૮૭
૨૭.	પાશાંકુશા એકાદશી	(આસો સુદ)	૧૯૬
૨૮.	રમા એકાદશી	(કારતક વદ)	૨૦૫
૨૯.	પ્રબોધિનીએકાદશી	(કારતક સુદ)	૨૧૩
૩૦.	કમલા એકાદશી (અધિક માસ - કૃષ્ણપક્ષ)		૨૨૬
૩૧.	ધામદા એકાદશી (અધિક માસ - શુક્લપક્ષ)		૨૩૭
૩૨.	સર્વે એકાદશીઓનું મહાઉદ્યાપન નિરૂપણ		૨૪૫

નોંધ : ઉપરોક્ત સર્વે એકાદશી - વ્રત માહાત્મ્ય કથાનું વર્ણન પ્રકાંડ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ રચિત "મહાધર્મગ્રંથ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતા" અંતર્ગત કૃતયુગ સંતાનના અધ્યાય નંબર ૨૩૩ થી ૨૬૫ સુધી સંસ્કૃતમાં રચના કરવામાં આવેલ છે.

ત્રિસ્પૃશા એકાદશી માહાત્મ્ય

શ્રી લક્ષ્મી બોલ્યા - "હે નારાયણ ! હે મહાવિષ્ણો ! હે કૃષ્ણ ! હે શ્રી કમલાપતે ! હે પ્રભુ ! હે કૃપાળુ તમે મને ત્રિસ્પૃશાનું માહાત્મ્ય અને સ્વરૂપ કહો."

શ્રી નારાયણ બોલ્યા - "હે લક્ષ્મિ ! સાંભળો. હું તમને ત્રિસ્પૃશાનું માહાત્મ્ય કહું છું. જેના સમાન બીજું કોઈ વ્રત નથી. જે ફળ અને મોક્ષ દેનાર છે, જેનું ફળ સાંભળીને કર્મબન્ધનથી મુક્ત થવાય છે. અને જે વ્રત કરવાથી માધવ પ્રસન્ન થાય છે તથા મોક્ષને પમાય છે તે સર્વ સંકલ્પો પુરનારૂ વ્રત હું કહું છું. જેણે તે વ્રત કર્યુ તેણે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણની પૂજા કરી જ છે. ત્રિસ્પૃશા એવું નામ બોલનારો પુરશ્ચરણનો પુણ્યભાગી થાય છે. જેણે ત્રિસ્પૃશા કરી નથી તેની વેદો, પુરાણો, યજ્ઞો, તીર્થો, અસંખ્યકૃચ્છ્ર વ્રતો અને પૂજિત દેવતાઓ વડે પણ મુક્તિ થતી નથી.

બ્રહ્માજીના પુછવાથી મેં ત્યારે કહ્યું હતું કે, વિષયોથી વ્યાકુળજનોના સમૂહને તારનારો જો કોઈ મહાપથ હોય તો તે ત્રિસ્પૃશાનું વ્રત છે. (તેવા મનુષ્યો માટે) બીજો પથ મુક્તિદેનારો થતો નથી. ઉન્મત્ત થયેલા ઈન્દ્રિયો રૂપી ઘોડાઓ તપ વિના સ્થિર થતા નથી અને એ તપ ત્રિસ્પૃશા એકાદશીના વ્રતરૂપી છે. વિષયોરૂપી અરણ્યોમાં મગ્ન એવા લોકો પણ જો આ વ્રત કરશે તો તેઓની પણ શાશ્વતકાલિક મુક્તિ થશે. તેથી આ ત્રિસ્પૃશાનું વ્રત કરવું જોઈએ. વળી ઘણા સત્પુરૂષોએ આ ત્રિસ્પૃશાનું વ્રત કર્યુ છે. જો યોગાનુયોગ કારતકના શુકલપક્ષમાં (સુદ પક્ષમાં) તે આવે તો દસહજાર સોમયજ્ઞનું પુણ્યદેનારી અને અંતમાં મુક્તિ

દેનારી થાય છે. કોટિ હત્યાઓના મહાપાપોને પણ નાશ કરી દે તેવી આ મહાબળવાળી છે. ત્રિસ્પૃશાનું વ્રત કરવાથી બ્રહ્મહત્યાદિક પાપો પણ સદ્યઃ (જલ્દીથી જ) નાશ પામે છે તો બીજા પાપોની તો શું વાત ? હે મહાલક્ષ્મિ ! જો ત્રિસ્પૃશા ના કરી હોય તો પ્રયાગ, પુષ્કર, બદ્રિનાથ, કાશી, ગોમતી, નર્મદા, ગિરનાર, ઈન્દ્રદ્યુમ્ન સરોવર, કુંકુમવાપી, કેદાર, રામેશ્વર, મથુરા, ઈત્યાદિ કોઈ પણ પુણ્યસ્થળે મુક્તિ થતી નથી. (તે તે તીર્થોના સેવનથી પણ મુક્તિ મળતી નથી) ગોમતીમાં સ્નાન કરવાથી તથા પ્રયાગ કાશી અને કુશપુરમાં પ્રાણ ત્યાગ કરવાથી જે શાશ્વત મુક્તિ મનાયેલી છે તે ત્રિસ્પૃશાનો ઉપવાસ કરવાથી ઘરમાં જ પ્રાપ્ત થાય છે.

ત્રિસ્પૃશા અજ્ઞાનીઓને વિશેષે કરીને સ્ત્રી અને શુદ્રોને મુક્તિ દેનારી છે. (વળી સર્વેને) વિજ્ઞાન દેનારી, સદા પુણ્યમયી, પવિત્ર, પરમાર્થને દેનારી, કલ્યાણકરનારી, સદ્યઃ (તુરંત) ધર્મ, અર્થ, કામ અને મોક્ષને દેનારી, વિષ્ણુભક્તોની (વિશેષે કરીને નારીઓની) જીવની, સર્વેને પાવન કરનારી, વેદમાતાની જેમ પુણ્યમયી માતા, કમલા સમાન પવિત્ર કરનારી, રમા સમાન રક્ષા કરનારી તથા સાંખ્ય યોગ ઈત્યાદિના ફળોથી અધિક ફળથી વ્યાપ્ત ફળને દેનારી છે. કોટિતીર્થોએ યુક્ત ગંગા શુદ્ધિ માટે સ્નાનની કામનાથી ભગવાન શ્રીકૃષ્ણની સન્નિધીમાં રહેલી ગોમતીએ આવે છે. આમ કરોડો તીર્થો ગોમતીના સ્થળમાં સ્થિત રહે છે. તે ગોમતી પણ પાપોથી શુદ્ધ થવા માટે ત્રિસ્પૃશાનું વ્રત કરે છે.

હે લક્ષ્મિ ! તે ત્રિસ્પૃશા બ્રહ્મહત્યા, સુરાપાન, ગોવધ, સ્ત્રીવધ, બ્રાહ્મણના ધનની ચોરી, માતા-પિતાનું તાડન, ગુરૂદ્રોહ, શ્રીહરિનો દ્રોહ, અભક્ષ્યભક્ષણ, વ્યભિચાર, હિંસા, સદા સત્પુરુષોની નિંદા, અન્ય ક્રૂર કર્મો તથા જે કોઈ પાપો છે તે બધાને દૂર કરે છે. તે ત્રિસ્પૃશા પાવનોમાં ઉત્તમ સરસ્વતીથી અધિક, અસંખ્ય તીર્થોથી પૂજાયેલી, કોટિ યજ્ઞોથી અધિક, હોમદાનના પુણ્યોથી અધિક, પુણ્યવાળી, કોટિજપથી પણ અધિક પુણ્યવાળી, ચાર પુરૂષાર્થોથી અધિક, સાંખ્યયોગથી અધિક, આત્મજ્ઞાનીઓમાં મૂર્ધન્યો દ્વારા પૂજાયેલી અને મોક્ષદાયિની વ્રતરૂપા છે, તે અવશ્ય કરવી. સૂર્યોદયના સમયે એકાદશી હોય પછી બારસ

બેસી જતી હોય અને રાત્રિના અંતમાં (સૂર્યોદય પહેલા) ત્રયોદશી (તેરસ) બેસતી હોય તો તેવી એકાદશીને ત્રિસ્પૃશા કહેવામાં આવે છે. અરૂણોદય વેળામાં સૂર્યોદયથી પહેલા જો દશમ હોય તો તેને દશમનો વેધ કહેવાય છે. હે પ્રિયે ! હું દશમના વેધને (વેધયુક્ત કરેલી એકાદશીને) ક્યારેય ક્ષમા કરતો નથી. તેથી દશમના વેધવાળી એકાદશીએ ક્યારેય ઉપવાસ કરવો નહી. જેમ રજસ્વલાના દોષથી સ્ત્રીનો પતિ પણ દૂષિત થાય છે. તેમ દશમના યોગથી વિદ્ધ એકાદશી દોષદાયિની છે. દશમી એકાદશી અને ભદ્રા જ્યારે જ્યારે એકદિવસે હોય ત્યારે પણ ત્રિસ્પૃશા કહેવાય છે. પણ તે આસુરી ત્રિસ્પૃશા હોય પ્રયત્ન પૂર્વક છોડી દેવી જોઈએ. જેણે દશમી યુક્ત એકાદશીનું વ્રત કર્યુ તેણે હળાહળ વિષ ખાધુ છે અને પાપ કર્યુ છે વ્રત કર્યુ નથી. આસુરી ત્રિસ્પૃશા કરવાથી કે દશમના વેધવાળી એકાદશી કરવાથી કોટિ જન્મોમાં કરેલા પુણ્યો અને સંતાનોનો ક્ષય થાય છે. તથા તેના કુળના પૂર્વજો સ્વર્ગમાંથી પડીને રૌરવ નરકને પામે છે તેથી દશમીના વેધવાળી એકાદશી છોડી દેવી જ્યારે વૃદ્ધિતીથિ હોય ત્યારે પણ દશમની વેધવતી એકાદશી છોડી બારસ યુક્ત જે એકાદશી હોય તે કરવી. બ્રહ્માજીએ દશમના વેધમાં મોહિનીને વાસ આપ્યો છે તેથી દશમીવેધ યુક્ત વ્રત કરવામાં મહાન પાપ જાણવું જોઈએ. વૃદ્ધિમાં ક્ષયમાં તેમજ સન્દેહ ઉપસ્થિત થતા મારી આજ્ઞાથી સદા બારસયુક્ત એકાદશી કે બારસનું વ્રત કરવું કારણ કે બારસ મને પ્રિય છે.

હે લક્ષ્મિ ! સાંભળો. હવે ત્રિસ્પૃશા વ્રતની વિધિ કહું છું. એક પલની અડધા પલની કે તેનાથી પણ અર્ધા વજનની યથાશક્તિ સોનાની મારી પ્રતિમા બનાવવી. પછી ધાન્યથી નિર્મિત સર્વતો ભદ્રમંડળમાં તલથી પૂર્ણ તાંબાંના પાત્રમાં રત્ન જળ, પત્ર, પુષ્પ, શ્વેતવસ્ત્ર, કપુર આદિથી યુક્ત ઘડાની સ્થાપના કરવી એ ઘડામાં થાળી (ઘડાના મુખ જેવડી અથવા ઘડાનું મુખ સારી રીતે ઢંકાય તેવડી થાળી) મૂકી તેમાં તે પ્રતિમાં પધરાવવી. ત્યાર પછી મારી બાજુમાં લક્ષ્મિનું સ્થાપન કરી પૂજા શરૂ કરવી. તેમાં આવાહન, આસન, પાદ્ય અને અર્ધ્ય અર્પણ કરવું. પછી આચમનીય અને જળ સ્નાન અર્પણ કરવું પછી દુધસ્નાન, દહીંસ્નાન, ઘીસ્નાન, શર્કરાસ્નાન અને મધસ્નાન અર્પણ કરવું. પછી તીર્થોના જળથી અભિષેક કરવો. પછી મૃદુવસ્ત્રથી માર્જન (અંગો લુંછવા) કરવું. પછી નારાયણને ધોતી,

અંગરખુ, ઉત્તરીય વસ્ત્ર, યજ્ઞોપવીત, કૌસ્તુભ ધારણ કરાવવા તથા લક્ષ્મીજીને સાડી, ચોળી, ઉત્તરીયવસ્ત્ર, મંગળસુત્ર, કૌસ્તુભ ધારણ કરાવવા. પછી ફૂલેલતેલ નાંખી વાળને સુગન્ધિત કરી ગુંથવા અને ચૂડી ધારણ કરાવવી, વેણી ધારણ કરાવવી, બન્ને નેત્રોમાં કાજળ ધારણ કરાવવું. નારાયણને ભાલમાં તિલક ચાંદલો કરવો અને પછી બન્નેની ચન્દન કપૂર અને કસ્તુરીથી અર્ચા કરવી. વળી માતાજીને નાકમાં નથડી, ગાલ તથા ચિબુકમાં (દાઢીમાં) ટિબકડીઓ કરવી. કાનમાં કૂંડળો, કર્ણભૂષણો, સેરો ધારણ કરાવવી. સિન્દુર અને કુંકુમ ધારણ કરાવવા. ઓષ્ઠમાં રંગરંજન આપવું. પછી લક્ષ્મી અને નારાયણને તુલસીના હાર, પુષ્પોના હાર, સુવર્ણના હાર, મણિઓના હાર કે રત્નોના હાર ધારણ કરાવવા. વળી કેડમાં કંદોરા, હાથમાં કડા ધારણ કરાવવા. વળી માતાજીને ઉર્મિકા ઝાંઝરીઓ વાળા નૂપુરો ધારણ કરાવવા. બન્નેને પગમાં રાજયોગ્ય અલંકૃત કરેલી પાદુકાઓ ધારણ કરાવવી. વળી અત્તર છાંટવા, મુકુટ પહેરાવવા અને ચામર-પંખા અર્પણ કરવા.

વળી લક્ષ્મીનારાયણદેવને અબીલ-ગુલાલ, કુંકુમ, અક્ષત, પુષ્પો, ધૂપ-દીપ અર્પણ કરવા તથા ઘણાંક મિષ્ટાન્નો અને અનેક મધુર પાકા ફળો નૈવેદ્યમાં અર્પણ કરવા, તથા શિતળ સુંગન્ધવાળુ ઈષ્ટિ અને શાન્તિ દેનાર જળ અર્પણ કરવું. તથા બહુદ્રવ્યોથી યુક્ત તાંબૂલ મુખશુદ્ધિ માટે અર્પણ કરવું તથા દક્ષિણાના રૂપમાં સ્વર્ણમુદ્રાઓ આપવી. પૂજામાં જે જે વસ્તુઓ અપેક્ષિત હોય તે તે અર્પણ કરવું પછી પાંચ દિવેટ અને નવ આવર્તનવાળી આરતી કરવી. ત્યાર બાદ ત્રણ વાર ફરી શુભ વસ્ત્રોથી માર્જન કરવુ, વળી લક્ષ્મીનારાયણ દેવના સન્મુખ શંખભ્રમણ કરાવવું તથા જળ અથવા ભીનું વસ્ત્ર ભાવપૂર્વક મુર્ધા (માયા ઉપરથી) પરથી ઉતારવું. પછી દંડવત સ્તુતિ અને પ્રદક્ષિણાઓ કરવી. ધણાક નમસ્કાર અને ક્ષમાયાચન કરવું. પછી પુષ્પાંજલિ અર્પણ કરી ભગવાનની સામે ઉભા રહી બન્ને નેત્રોને બંધ કરી પ્રાર્થના કરવી અને ધ્યાન કરવું. (હવે પ્રાર્થના પૂર્વક ધ્યાન કહે છે) દામોદરના ચરણકમળ, માધવની જાનુ, કામસ્વરૂપનું ગુહયાંગ, વામનમૂર્તિની કટિ, પદ્મનાભની નાભિ, વિશ્વહેતુની જઠર, જ્ઞાનદેહનું હૃદય, વૈકુંઠવાસીનો કંઠ, સહસ્ત્રબાહુની બાહુઓ, યોગમૂર્તિની આંખો, સહસ્ત્રશિર્ષનું

મસ્તક અને સ્વામીના સર્વાંગો તથા તેમના વ્યસ્તરૂપોનું સમસ્ત રીતે મારા અન્તરમાં ધ્યાન કરૂ છું.

હે ધ્યાનગમ્ય મહારાજ ! તમે જલ્દીથી જ પાપોનો નાશ કરો છો. સ્મરણ કરાયેલા આપ પાપો, દુઃસ્વપ્નો, દુર્વિચારો, અપશુકનો, યમદૂતો, ભય, દુર્ગતિથી ઉત્પન્ન થતાં દુઃખો, વળી અન્ય જે જે દૈહિક લૌકિક પારલૌકિક દુઃખો છે તેથી અને દુઃખદેનાર તમામ અપરાધોથી મારી રક્ષા કરો. હે લક્ષ્મીનારાયણ પ્રભો ! સદા તમારામાં ભક્તિ થાઓ. તમારા ચરણમાં મને દાસ્ય આપો અને મને વૈકુંઠમાં લઈ જાઓ. ત્રિસ્પૃશાના સ્વામી, ધાતા, પતિ સ્વયં આપ નારાયણ છો. માધવ અને હરિ એવા આપ મને મોક્ષ આપો. એમ સ્તુતિ કરી પછી દેવની સન્નિધિમાં સુસ્વરે અને સુસમદંશ્ય (સારૂ દેખાય તેવું) ગીતવાજીંત્રોના નાદ સાથે નૃત્ય કરવું. પ્રાતઃકાળે આમ સુવર્ણની કૃષ્ણની મૂર્તિ તથા એકાદશીરૂપ લક્ષ્મીજીની મૂર્તિનું વિધિપૂર્વક પૂજન કરીને અને નમસ્કાર કરીને ત્યાર પછી સત્સમાગમ રૂપ કથામાં જવું તથા કીર્તન ભજન, જપ, શ્રવણ, સ્મરણ, સેવન, અર્ચન અને વન્દન ઈત્યાદિ ભક્તિ વડે દિવસ નિર્ગમવો. માત્ર જળ પીને, નિરાહાર રહીને, સૂર્યાસ્ત પછી ભોજન કરીને કે એક વખત જમીને, શક્તિમાન અથવા અશક્ત તેમણે પોતપોતાની શક્તિ પ્રમાણે પોતાની ઈષ્ટ સમ્પત્તિરૂપ ફળને દેનાર આ વ્રત કરવું.

વળી બપોરના સમયે ભગવાનને ભોજન ફળ, તાંબૂલ જળ તથા મંચ તથા ઓશિકાઓ યુક્ત મૃદુ શય્યા અર્પણ કરવી. વળી સાંજે ફરી જળ અર્પણ કરવું અને વિધિપૂર્વક ષોડશોપચારથી પૂજન કરીને આરતી કરવી તથા ગુરુનું પૂજન કરીને રાત્રે કીર્તન ગીત-નૃત્યના આચરણ પૂર્વક જાગરણ કરવું. ત્યાર બાદ રાત્રિના અંતમાં સ્નાનાદિક ક્રિયા કરીને વિધિપૂર્વક શ્રીહરિને અર્ઘ્ય આપીને સાધુઓને, બ્રાહ્મણોને, સાધ્વીઓને અને બાળકોને જમાડીને દક્ષિણાઓ આપવી. આમ બારસના ભાગમાં કે તેરસના ભાગમાં ભક્તિથી યુક્ત થઈ પારણા માટે શ્રીહરિનો પ્રસાદ ગ્રહણ કરવો. પછી વિધિપૂર્વક શ્રીહરિ, ઘટ અને સર્વતોભદ્ર મંડળનું વિસર્જન કરવું. આમ કરવાથી મોક્ષરૂપી ફળ મળે છે. ત્રિસ્પૃશા વ્રતનું વિધાન સાંભળીને પણ તે ફળ મળે છે. જેણે ત્રિસ્પૃશાનો ઉપવાસ કર્યો છે તેણે

હજારો અશ્વમેધ અને સેંકડો વાજપેય યજ્ઞો કર્યા છે. ત્રિસ્પૃશાનું વ્રત માતા અને પિતાની એકસો આંઠ પેઢીઓને નિશ્ચિતરૂપે તારે છે અને તે સર્વેની સાથે વ્રત કરનારો વિષ્ણુલોકમાં વાસ પામે છે. ત્રિસ્પૃશાનું વ્રત કરનાર તીર્થકોટિ અને ક્ષેત્રકોટિનું ફળ પામે છે. તમામ વર્ણના નરનારીઓ આ વ્રત કરી મુક્તિ પ્રાપ્ત કરે છે. પહેલા આ વ્રત બ્રહ્માએ કર્યું હતું પછી મહર્ષિ આદિકે કર્યુ છે. સકામ અથવા નિષ્કામ બન્નેએ સદા આ વ્રત કરવું. કરોડો વર્ષ સુધી નિત્ય ગંગામાં સ્નાન કરવાથી જે ફળ મળે છે તેથી પણ અધિક ફળ ત્રિસ્પૃશાનું વ્રત કરનારો પ્રાપ્ત કરે છે. કુરુક્ષેત્રમાં કરોડો સૂર્યગ્રહણ કરવાથી તથા રોજ સો ભાર સોનું તથા કરોડ ગાયોનું દાન દેવાથી જે ફળ મળે છે તે ફળ ત્રિસ્પૃશા વ્રત કરનારો પામે છે.

ત્રિસ્પૃશા એકાદશીનું વ્રત કરવાથી કરોડો પાપો, કોટિ હત્યાઓ (હત્યાના પાપો) વિનાશ પામે છે. જે આ વ્રતનું પ્રકાશન કરે છે (લોકોને આ વ્રતની માહિતી આપે છે) તે પણ વ્રતના ફળને પામે છે. ખરેખર ત્રિસ્પૃશા આ લોકમાં દુર્લભ છે. માનવોને તે પ્રાપ્ત થતી નથી (વારંવાર મળતી નથી) અજ્ઞાત કર્મોથી જે પિતૃઓ પ્રેતત્વને પામ્યા હોય તો તેના કુળમાં ઉત્પન્ન થયેલો ત્રિસ્પૃશાનું વ્રત કરી તે અધોગતિને પામેલા પૂર્વજોનો ઉદ્ધાર કરી શકે છે. આ વ્રત વિષે વધારે શું કહેવું ? ત્રિસ્પૃશા આ લોકમાં સમ્પત્તિ અને પરલોકમાં મોક્ષદેનારી છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં "ત્રિસ્પૃશા એકાદશીનું વ્રત-ફળ-પૂજન" આદિ કથન નામક બસોને તેત્રીશમો અધ્યાય ॥ ૨૩૩ ॥

એકાદશી ઉત્પત્તિ કથા

શ્રી નારાયણ બોલ્યા – હે દેવી લક્ષ્મી ! પહેલાનાં સમયમાં સત્યુગમાં થયેલી આ કથા કે જે હું તમને સંભળાવવા જઈ રહ્યો છું, તે ઉત્પત્તિ એકાદશીની કથા છે કે જે નારાયણ દ્વારા ઉદ્ભવિત છે.

સત્યુગમાં તાલજંઘ નામના દાનવના કુળમાં અતિ અદ્ભૂત અને મહા પરાક્રમી નાડીજંઘ નામનો અસુર થયો હતો અને તેનો પુત્ર મુરજંઘ થયો. જે દેવો માટે ભય ઉત્પન્ન કરનારો હતો. મુરજંઘાસુરે સાત હજાર વર્ષ તપ કરી અપાર બળ પ્રાપ્ત કર્યું અને સર્વે દેવોને તથા દેવરાજ ઈન્દ્રને પણ જીતી લીધા અને સ્વર્ગમાંથી કાઢી મૂક્યા. તેથી દેવતાઓ તથા ઈન્દ્ર ભૂમિ પર વિચરણ કરવા લાગ્યા. તે ભયભીત અને અસ્વસ્થ દેવતાઓ તેમજ દેવરાજ ઈન્દ્ર પણ અતિ દુઃખી થઈ ત્યાં ગયા કે જ્યાં ભગવાન વિષ્ણુ જળમાં શયન કરે છે.

ભગવાન શંકર તથા બ્રહ્મા પણ ત્યાં ગયા. ત્યાં ઈન્દ્રાદિ દેવો જળમાં શયન કરનારા ભગવાન શ્રીનારાયણની સ્તુતિ કરવા લાગ્યા કે, હે દેવાધિદેવ ! હે શરણાગત વત્સલ તથા હે દાનવ, દૈત્ય તેમજ અસુરોનું મર્દન કરનાર દેવ તમને અમારા નમસ્કાર. આપ અમારા જેવા દુઃખી અને પિડાયમાન લોકોનું શરણ છો, તેમજ શરણાર્થીઓનું દુઃખ હરનાર આપ જ છો, હે કરુણાસિંધુ ! દૈત્યોના બળથી અમારું રક્ષણ કરો. હે પ્રભુ ! તમે જ સૂર્ય-ચંદ્રની ગતિ છો, ભક્તોનાં પરમ સખા તેમજ માતા, સ્વામી, પિતા, તથા રક્ષક છો, તમે જ બોધક છો. ધરતી તથા સૃષ્ટિની ઉત્પત્તિનું કારણ પણ આપ જ છો તથા તમે

જ પૂરક છો અને ભગવાન શંકર સ્વરૂપ પણ આપ જ છો. સૃષ્ટિના સંહારક પણ આપ જ છો તથા હે દેવ ! આપ જ ભોજન પ્રદાન કરનાર છો તથા સ્વાહા, સ્વધા, વષટ્કાર, અગ્નિ તથા ઓમકાર સ્વરૂપ પણ આપ જ છો. આપ જ અનિરૂદ્ધ તથા કામદેવ સ્વરૂપ પ્રદ્યુમ્ન છો. તેમજ સંકર્ષણ પણ આપ જ છો. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા તેત્રીસ કોટી દેવતા પણ આપ જ છો. હે પુરુષોત્તમ ! સૂર્ય, ચંદ્ર આપ જ છો તથા આકાશ, પવન, અગ્નિ, જળ તથા પૃથ્વી આ પંચમહાભૂત પણ આપ જ છો તથા આપ જ પ્રધાનસૃષ્ટિ સ્વરૂપ છો. આપ જ વરદાન આપનાર છો તથા રક્ષક તેમજ વરદાનનો નાશ કરનાર છો. તમારા દ્વારા જ સ્થાવર-જંગમની રચના થઈ છે.

હે પ્રભુ ! દૈત્યો તથા દાનવોએ પોતાની આંખોથી દેવોને વશ કરી પરાજિત કર્યા છે, માટે જ અમે દેવતાઓ સુખની પ્રાપ્તિ અર્થે આપના શરણમાં આવ્યા છીએ. હે ઈશ્વર ! અમે બધાં સ્વર્ગથી ભ્રષ્ટ થઈ અને દાનવોથી પિડાયમાન થઈ અને રક્ષણ પામવા ધરતી પર જંગલોમાં ભટકી રહ્યા છીએ. હે પ્રભુ ! મુર નામના દાનવથી અમારી રક્ષા કરો. મુરનો સંહાર કરો.

આ પ્રકારે દેવતાઓની સ્તુતિ-પ્રાર્થના સાંભળી અને ભક્તવત્સલ ભગવાને પૂછ્યું : હે દેવેન્દ્ર ! તે કેવો દાનવ છે ? તેનું નામ શું છે ? તેનું બળ કેટલું છે ? તથા શું સ્થિતિ છે ? બધું જ આપ મને કહો. જેથી મુરનો નાશ કઈ રીતે કરવો તે હું વિચારી શકું. ત્યારે ઈન્દ્ર એ ભગવાન નારાયણ વિષ્ણુને જવાબ આપતાં કહ્યું કે 'તે દાનવ બ્રહ્માજીના વંશનો છે તથા કશ્યપ ઋષિ તેમજ તેમની પત્ની દનુ દ્વારા ઉત્પન્ન થયેલ તાલજંઘાસુર નામનો મહા ક્રૂર રાક્ષસ અને તેનો પુત્ર નાડીજંઘાસુર તથા તેનો જ આ મહાપાપી પુત્ર છે કે જેનું નામ મુરજંઘાસુર છે તથા તેણે હજાર વર્ષ સુધી નિરાહાર રહી અને ઉગ્ર અસહ્ય તપ કર્યું તથા તેણે ૧૦૦ વર્ષ સુધી ધરતી પર પગનાં અંગૂઠા પર ઊભા રહી અને ૧૦૦ વર્ષ સુધી જળમાં શયન કરી ઘોર તપ કર્યું. ૧૦૦ વર્ષ માત્ર હવા ભક્ષણ કરી અને ૧૦૦ વર્ષ સૂર્ય સામે જોઈ અને નેત્રજળ (આંસુ)નું ૧૦૦ વર્ષ ભક્ષણ કરી અતિ કઠોર તપ કર્યું.

આમ ૫૦૦ વર્ષ સુધી તેણે અતિ કઠોર તપ કર્યું હતું, તેથી તેના દેહ પર રાફડો જામી ગયો હતો અને વાંસના ઝાડ, વૃક્ષ તથા વેલા પણ ઊગી નીકળ્યા હતા જે અતિ ત્રાસ આપનારા હતા. તે વાંસના ઝાડ તેની ઉપર શીંગડાની જેમ ઊગી નીકળ્યા હતા. ત્યારે એક દારુણ ધૂમાડો તેના આવરણમાંથી નીકળી સ્વર્ગ તરફ જવા લાગ્યો. તેના માથા ઉપર મોટો અગ્નિ પ્રગટ થયો કે જેનાથી અંતરિક્ષ બળવા લાગ્યું તથા ધરતી, સત્યાદી સાત લોક પણ તપવા લાગ્યા અને દેવો તેમજ માનવો પણ ત્રસ્ત થવા લાગ્યા અને અમે બધાં પરમ પિતા બ્રહ્માજીનાં શરણે ગયા. પરંતુ બ્રહ્માજી પોતાનું આધિપત્ય ખોઈ બેઠા હતાં તે છતાં દેવો બ્રહ્માજીને કહેવા લાગ્યા કે, હે જગત્પ્રભુ ! આ શેનો અગ્નિ છે અને કેવી રીતે આ અગ્નિ ઉદ્‌ભવ્યો કે જે બધું જ બાળી રહ્યો છે. અહો ! હે પ્રજાનાથ અમારું રક્ષણ કરો, રક્ષણ કરો અને શાંતિ સ્થાપો.

આમ બ્રહ્માજી એ દેવોનો આર્તનાદ સાંભળી ત્યાં ગયા કે જ્યાં તે ધૂમાડાવાળી અગ્નિશિખાનું મૂળ હતું. ત્યાં સૃષ્ટિના સર્જક બ્રહ્માજી વૃક્ષોઆદીથી વિંટળાયેલ કોઈક તપસ્વી જનને જોઈ આશ્ચર્યથી મોહિત થઈ ગયા અને વિચારવા લાગ્યા, 'અહો ! આ તો કોઈક તપસ્વીનું તેજ છે.' આ દેવતાઓ શા માટે મારી પાસે માંગણી કરે છે ? આમ વિચારી બ્રહ્મા સહિત દેવો ભૂમિ પર ગયા તથા ત્યાં ભગવાન વિષ્ણુએ પોતાના શંખથી મહાન ધ્વનિ કર્યો. વારંવાર શંખ વગાડવા છતાં તે મુર દાનવની તપસ્યા છૂટી નહીં.

દેવતાઓ સર્વે હતાશ થયા તથા મુરની તપસ્યા ભંગ ન કરી શકવાના કારણે પોતે પોતાની ઈચ્છા પૂરી ન કરી શક્યા અને મલિન મુખ બન્યા ત્યારે ભગવાન વિષ્ણુએ તેના શરીરમાં પ્રવેશ કર્યો. ત્યારે તે મુર દૈત્ય સુકાઈ ગયેલાં લાકડાં જેવો થઈ ગયો હતો તથા તેનું માંસ, નાડીઓ અને હાડકાં બધું સુકાઈ ગયું હતું અને પિંડ થઈ ગયો હતો. ત્યારે ભગવાને માંસ, અસ્થિ, નાડી તથા પિંડ વગેરેને ભિનાશયુક્ત અને શરીરને સક્રિય કર્યું તથા જ્યારે કમંડળના જળથી બ્રહ્માએ તે દૈત્યના માથે અભિષેક કર્યો ત્યારે તે મુરદાનવનું શરીર પૂર્વવત્ત હૃષ્ટપુષ્ટ થયું અને તેના નેત્રો ખૂલ્યાં ત્યારે તે

દાનવે દેવોને ત્યાં જોયાં. ત્યારે તેઓને નમન કરી કહ્યું કે, તમે લોકોએ ક્યાં હેતુથી મારું તપ ભંગ કર્યું ? તમારું (દેવોનું) મારે કશું જ કાર્ય નથી.

ત્યારે બ્રહ્માજી બોલ્યા : 'હે દૈત્ય, તારા આ કઠોર તપથી હું પ્રસન્ન થયો છું અને હે પુત્ર ! તું તારી ઈચ્છા મુજબ વરદાન માંગ. હું વર આપવા જ આવ્યો છું.' મુરે ત્યારે વરદાન માંગ્યું કે, હે દેવ મારું મૃત્યુ તમારાથી કે તમારી સૃષ્ટિથી ન થાય તથા વિષ્ણુ કે શંકર પણ મને મારી ન શકે એવું વરદાન મને આપો. ત્યારે તથાસ્તુ એમ કહી અને વરદાન આપી બ્રહ્માજી-દેવો ત્યાંથી ચાલ્યા ગયા તથા મુર પણ હૃષ્ટપુષ્ટ બની આશિષ ગ્રહણ કરી ત્યાંથી પોતાના સ્થાને ચાલ્યો ગયો કે જ્યાં મેરૂ પર્વતમાં ચંદ્રાવતી નામની દાનવોથી અધિવાસિત રમણિય રાજધાની હતી તથા વિધિવત્ ત્યાં દાનવોનું પાલનપોષણ થતું હતું. પછી મુરે દેવતાઓને જીતી લીધા અને સ્વર્ગમાંથી કાઢી મૂક્યા. ઈન્દ્રસ્થાન પણ હરી લીધા બાદ તે દૈત્યએ દાનવેન્દ્રનું સ્થાન લીધું. અગ્નિદેવનું પણ સ્થાન છીનવી લઈ તેણે પોતાનો અન્ય અગ્નિ નિર્મિત કર્યો. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર પણ પોતાના દ્વારા નિર્મિત કર્યાં. દિગ્પાલો તથા લોકપાલો પણ પોતાના જેવા જ વર્ણવાળા, દાનવીય વૃત્તિવાળા નિર્માણ કરી દેવોના દિગ્પાલો, લોકપાલોને જીતી લઈ પોતાના સ્થાનેથી કાઢી મૂક્યા. દેવોને, દિગ્પાલોને, લોકપાલોને સમસ્ત દેવતાઓને સાંકળથી બાંધી દઈ કારાગારમાં નાખી દીધા તથા એક નવો જ દેવલોક બનાવ્યો કે જે દેવો નહીં પણ દાનવોથી શોભિત હતો.

હે પ્રભુ ! તે દાનવે બધું અલગ જ સાવ જૂદું જ નિર્માણ કર્યું છે તથા પહેલાં જે કંઈ પણ હતું તેનું સંપૂર્ણ પરિવર્તન કરી નાખ્યું છે. હવે તે લક્ષ્મી પ્રાપ્ત કરવા આવે તે પહેલાં આપ તે દૈત્યને હણી નાખો. જ્યાં સુધી દેવોનો પળ પળ સમય વિતે છે ત્યાં સુધી ચિરકાળની હાની થતી જાય છે. માટે આપ શીઘ્રતાથી ઊઠો અને મુરના નાશનો વિચાર કરો.

આ પ્રમાણે ઈન્દ્રનાં વચન સાંભળી નારાયણ હરિ શેષશૈયા પરથી ઊભાં થયા અને મુર દૈત્યનાં વિધ્વંશ માટે નિશ્ચય કર્યો.

નારાયણ, શંકર, બ્રહ્મા તથા દેવો અને મહર્ષિઓ ત્યાં ગયા કે જ્યાં મહા અસુરની ચંદ્રાવતીપુરી હતી. ત્યાં નજીક જઈ તે પુરીની બહાર ઊભા રહી હરિએ શંખ વગાડ્યો. યુદ્ધનાં સંબોધનની ધ્વનિ સાંભળી તે દૈત્ય પોતાના ભવનમાંથી બહાર આવ્યો. તેણે પોતાનાં નેત્રો લાલ કરી સૈન્યને રણમાં મોકલ્યું. યુદ્ધ માટે તે વીર અનેક અસ્ત્ર-શસ્ત્રોથી અને અનેકરૂપ ધારણ કરી આવ્યો. તેણે મંત્રોથી, માયા વડે તથા જાદુથી તે માયાવીએ કરોડો અનેક પ્રકારના રૂપ ધારણ કર્યા અને ઘોર યુદ્ધ કરવા લાગ્યો કે જે યુદ્ધ દેવોનો સંહાર કરવાવાળું હતું. દેવો તે યુદ્ધમાં હણાવા લાગ્યા, નષ્ટ થવા લાગ્યા તથા મૂર્છિત અને ભગ્ન થઈ ગયા. ચેતના વગરના અચેત બની ગયા. તે અસુર શ્રેષ્ઠે અસંખ્ય દેવતાઓને હજારો આયુધો વડે હણી નાંખ્યા અને દેવો ત્રાહી ત્રાહી પોકારવા લાગ્યા જેથી દશે દિશાઓ ગાજી ઊઠી. પછી તે મુર ભગવાન વિષ્ણુને જોઈ બોલ્યો - 'ઊભો રે જે ! ઊભો રે જે !' હરિએ પોતાની મોટી ગદા વડે પ્રહાર કર્યો, મુરે તે ગદાને તોડી નાખી. ત્યારબાદ પોતાની ગદાથી તેણે જલ્દીથી ચક્ર પર પ્રહાર કર્યો. વરદાનનાં પ્રભાવથી તે દાનવે પોતાની નજીક આવતા ચક્રને પણ ખંડિત કરી નાખ્યું.

સુદર્શન ચક્રને પણ ખંડિત કરનારને જોઈ વિષ્ણુ પણ આશ્ચર્યમાં પડી ગયા અને ક્રોધથી લાલ આંખો થઈ ગઈ. પછી ભગવાને બીજું ચક્ર લઈ અને દૈત્યસૈન્ય પર છોડ્યું. જેનાથી દાનવો મોટાં મોટાં પ્રમુખ દૈત્યો મસ્તક વગરનાં થઈ માથા કપાયેલા થઈ પડવા લાગ્યા, મરવા લાગ્યા અને અમૂક તો તે ચક્રને જોઈ મૂર્છિત થઈ ગયા. ત્યારે ધરતી દૈત્યોના મેદ-માંસથી પરિપ્લુત થઈ અને સાર્થક બની. દાનવરૂપી જંગલને ભગવાને મૃત્યુની નિંદરમાં ઉંઘાડી દીધું. તે રણભૂમિનો એક ટૂકડો પણ દૈત્યનાં રક્ત વગરનો ન હતો. ત્યારે મુરજંઘાસુરને પોતાના સૈન્યનો નાશ જોઈ મહા ખેદ ઉત્પન્ન થયો. ત્યારે પોતે એકલો જ વિષ્ણુ ભગવાન સાથે આયુધો વડે લડવા લાગ્યો અને પોતાના શત્રુ હરિના આયુધોનો વિનાશ કર્યો અને પોતે જ્યારે વિષ્ણુના દરેક અસ્ત્રોનો નાશ કર્યો ત્યારે ભગવાન અસ્ત્ર-શસ્ત્ર વિનાના થઈ ગયા. ત્યારે દૈત્યો ફરીથી આનંદમય બની ગયા અને અતિ હર્ષ પામ્યા. પરંતુ દેવો ફરીથી મલીનમુખ

બન્યા અને પોતાના જીવ માટે શંકાવાન બન્યા. પછી વિષ્ણુને શસ્ત્ર વિહોણા જાણી મુર વિષ્ણુ સાથે અતિદારુણ રીતે બાહુયુદ્ધ કરવા લાગ્યો. મુરે વિષ્ણુના હાથને પોતાની માયા વડે બાંધી વિષ્ણુના હાથ જડ જેવા અશક્ત બનાવી દીધા. હરિનાં ચારેય હાથ બાંધેલા જોઈ દેવો ખૂબ દુઃખી થયા અને કરુણ પોકાર કરવા લાગ્યા.

આમ દેવોનું મર્દન કરી મુરનો સારી રીતે વિજય થયો. ફરી તેણે દેવોને જીતી લીધા અને પોતાનું રુચીકર રાજ્ય ભોગવવા માંડ્યો. ત્યારબાદ મુર ચૌદભુવનનો સમ્રાટ બની ગયો અને વિષ્ણુ ભગવાન ત્રસ્ત થઈ બદ્રિકાશ્રમમાં હિમશૈલજ નામની જગ્યાએ ગયા કે જ્યાં હિમાલયમાં સિંહવતી નામની ગુફા હતી તે ગુફા ચાર યોજન લાંબી હતી અને ખૂબ મોટી હતી. તે ગુફાને એક જ દ્વાર હતું, તેમાં મહાપ્રભુએ જઈ શયન કર્યું અને લોકોનાં હિત માટે દર્શન આપ્યા. મુર દૈત્ય એ ગુફાના માર્ગની જાણકારી લઈ ત્યાં ગયો અને તે ગુફામાં પ્રવેશ કર્યો કે જ્યા વિષ્ણુ સૂતા હતાં.

સૂતેલા શ્રીહરિ વિષ્ણુને જોઈ તે દાનવ બોલ્યો અરે ત્રણેય લોકમાં પૂજ્ય તું કેમ આ ગુફામાં સૂતો છે ? 'તારા આશ્રિત લોકોની રક્ષા આપત્કાળમાં તું નહીં કરે ? ઊભો થા તો જ તારું કલ્યાણ છે. ચાલ યુદ્ધ કર મરી સાથે.' તારા જેવા શિયાળોનું ઉંઘવું તો સ્વભાવમાં જ હોય છે. હું તને યમલોક લઈ જઈશ. મારું દાસ્યપણું સ્વીકાર, દાસ બની જા તો હું તને વૈકુંઠ આપીશ. નહીં તો યુદ્ધ કર સમય પસાર ન કર. મુરના આવા વચનો સાંભળી અને શ્રીહરિએ સૂતા સૂતા જ ચિંતન દ્વારા પોતાનામાંથી મહાલક્ષ્મીનું ચિંતન-સ્મરણ કર્યું કે જે દાનવોનો નાશ કરવાવાળી શક્તિ છે. બ્રહ્માનાં વરદાનને ધ્યાનમાં રાખી પૂર્વે જે વર આપ્યું હતું કે 'બ્રહ્માએ નિર્માણ કરેલી સૃષ્ટિમાંથી કોઈ પણ મુરનો નાશ ન કરી શકે' તે વરદાનનું ધ્યાન રાખી લક્ષ્મીનાં અંશનું સામર્થ્ય બતાવવા પોતાની ૧૧ ઈન્દ્રિયોમાંથી દિવ્ય તપનું સ્વરૂપ પ્રગટ કર્યું. તે તપે મૂર્તિમંત કન્યાનું સ્વરૂપ ધારણ કર્યું જે ખૂબ જ સુંદર કન્યા હતી.

કન્યા સોના જેવા ઉજ્જવળ તેજવાળી હતી તથા ચંદ્રની જેમ પ્રદીપ્ત કાંતિવાળી અને શિતળતા આપનારી હતી. સર્વ આકૃતિથી તે સુંદર હરિના

રૂપ જેવી જ હતી તે સુસ્તની અને દિવ્ય અસ્ત્રોથી યુક્ત હતી. તે કામિની કામરૂપા દૃષ્ટિવાળી તે મનોહરા સૌભાગ્ય દ્રવ્યો તેમજ સુંદર વસ્ત્રો અને આભૂષણો ધારણ કરેલી હતી. તે વીજળીના તેજ જેવી કે જેના નેત્રો કાન સુધી લાંબા અને મોટા હતા. મહાબળને ધારણ કરનારી મોહિની જેવા શરીરવાળી હતી. તે સ્વર્ણના અનેક આભૂષણોની શોભાયમાન હતી તથા તેના મુખની સુગંધથી પવન સુગંધીત થતો હતો. તેનો અવાજ ખૂબ જ કર્ણપ્રિય હતો તથા તે દરેક લાવણ્યથી યુક્ત હતી કે જેનું મુખ ખીલેલા કમળ જેવું હતું, તે કોમળ અને કોમળ અંગો વાળી તથા દરેક શોભાથી યુક્ત હતી. તેમજ તે દૃષ્ટિ, મન અને આત્માને હરનારી આકર્ષણયુક્તા હતી. તેના હાસ્યથી મહાન રમ્ય આકૃતિ ઉદ્‌ભવતી હતી તથા આંખોને હરનારી અને સુંદર હાસ્ય કરનારી હતી.

મુર દૈત્ય એ તેજની મધ્યમાં વિરાજીતાને જોઈ, પોતે મોહી પડ્યો. ત્યારે તે કન્યા બોલી, 'હે મહાદૈત્ય તું સુજ્ઞ છે, ધર્મવાન છે. હું તારી સાથે પરણવા ઉત્સુક છું, મારા લગ્ન હજુ થયાં નથી. મારી સાથે યુદ્ધ કરી મને જીતી અને મારો હાથનો સ્વીકાર કર અને મુજ મનસ્વીને તારી દાસી બનાવ. મુર તે દેવીની વાત સાંભળી વિષ્ણુને ભૂલી ગયો તથા યુદ્ધ કરવા માટે તૈયાર થઈ તે દેવી સામે અસ્ત્રશસ્ત્રથી યુક્ત બની યુદ્ધ કરવા તૈયાર થયો પછી તે કન્યાએ રણસંગ્રામ કરતા તે દાનવનું મસ્તક કંઠમાંથી કાપી નાખ્યું અને સંગ્રામનું પરિવર્તન કરી નાખ્યું અને મસ્તક ભસ્મ કરી નાખ્યું. પછી તે મુરનો દેહ પોતાની ગદાથી ચૂર્ણ કરી નાખ્યો. મુરને માર્યો સાથે મુરના યોદ્ધાઓને પણ મારી નાખ્યા. આમ મોટો કોલાહલ સાંભળી ભગવાન વિષ્ણુ નિંદ્રા ત્યાગી જાગ્યા. ત્યારે મુરને મૃત જોઈ વિષ્ણુ આશ્ચર્યચકિત થયા.

''અહો આ કન્યાએ મહાબલી અસુરને હણી નાખ્યો ! કે જે અસુરને હું પણ જીતી શક્યો ન હતો !'' દેવોનું હિત કરનારી મહાલક્ષ્મી, મહાશક્તિ સ્વરૂપા અને સમર્થ, દુઃખનો નાશ કરવા માટે પ્રગટ થઈ છે. આપે દેવો ઉપર અને મારા ઉપર પણ ઉપકાર જ કર્યો છે. કેમ કે, આ દુષ્ટ દૈત્ય દેવો અને અસુરોમાં ભયંકર હતો તેને હણી નાખ્યો માટે. આમ પ્રસન્નતાને પ્રાપ્ત

કરી શ્રીહરિએ તે કન્યાને પૂછ્યું : તું કોણ છે ? આ દૈત્યને કઈ રીતે તે માર્યો તથા તારા મનની ઈચ્છા શું છે ? ત્યારે તે કન્યા બોલી, ''હે હરિ ! હું 'એકાદશી' છું. સર્વ શત્રુઓનો તથા દરેક પાપનો નાશ કરનારી છું.''

સર્વ તેજમયી તમારી ઈન્દ્રીયોથી જ હું ઉદ્ભવિત છું તથા દરેક પ્રાણીને અર્થ આપવાવાળી છું અને તમારા જ સ્વરૂપમાંથી હું જન્મેલી છું. તમારા જ ચૈતન્ય તત્ત્વથી જોડાયેલી છું તથા તમારી જ પુત્રી છું. 'હે પ્રભુ ! ઉંઘેલા પિતાને અહીં એક દૈત્ય હણવા માટે આવ્યો હતો.' ચીત્ત શક્તિથી તે અસુરને જોઈ હું તમારી ઈન્દ્રીયોથી ઉત્પન્ન થઈ અને ૧૧ ઈન્દ્રીયોના તેજોમયી સ્વરૂપવાળી હું બની અને મારું સ્વરૂપ પ્રગટ્યું. તેથી જ એકાદશી નામની હું સર્વ પુણ્ય આપવાવાળી, અસુરના વિનાશ માટે ઉત્પન્ન થઈ છું. હે માધવ ! દેવોને દુઃખ દેવાવાળા તે દૈત્યનો મેં વિનાશ કર્યો છે. આમ પોતાની પુત્રીના વચનો સાંભળી શ્રીહરિ બોલ્યા.

હે કલ્યાણી ! વર માગો તમે મારું મોટું કાર્ય સિદ્ધ કર્યું છે. હું તમારી પર પ્રસન્ન થયો છું. તમારું કલ્યાણ થાઓ તમારી મનગત ઈચ્છા હું પૂર્ણ કરીશ. હે દેવી ! તમારા થકી દેવો સુરક્ષિત થયા તથા ધર્મ સ્થાપના પામ્યો. તમે લોકો માટે નિરંતર કલ્યાણનો માર્ગ સુગમ કર્યો છે. તેથી જ પોતાના માટે જે માંગવું હોય તે માગો તમારા માટે હું બધું જ આપીશ.

આમ ભગવદ્ વાક્યો સાંભળી એકાદશી એમ બોલી કે, 'હું એકાદશી નામથી વ્રતોની અધિષ્ઠાત્રી દેવી થાઉં.' એકાદશીનો દિવસ તે મારો દિવસ ગણવો, એવી મારી ઈચ્છા છે. શુક્લ પક્ષ તેમજ કૃષ્ણ પક્ષમાં મારો એક દિવસ આવે. આ દિવસ મહાપુણ્ય આપનારો પવિત્ર અને પુણ્ય કરવાવાળો છે. માટે મારા એકાદશીના દિવસે તે દિવસનું સેવન વ્રત તથા જાગરણ કરી કરવું. ઈન્દ્રીયોનું પોષણ તે દિવસે ન કરવું તથા આહાર પણ વર્જ્ય ગણી માનવો અને તે દિવસે ઉપવાસ કરવો. જે આ વ્રતનું પાલન કરે તેને અશ્વમેધ યજ્ઞ સમાન ફળ મળે છે. તેમાં કંઈ પણ સંશય નથી તથા એક સમયે ભોજન લઈ અથવા ઉપવાસ કરી અથવા ફળાહાર કરી અથવા માત્ર જળ ગ્રહણ કરીને પણ આ વ્રત કરે તે વૈકુંઠને પ્રાપ્ત કરે છે તથા રાત્રી સમયે

જાગરણ કરી જે શ્રીહરિનું પૂજન કરે છે તે પણ પ્રભુના ધામને પામે છે.

પુષ્પ, ધૂપ, દીપ તથા વિવિધ સારી વસ્તુઓથી પૂજન કરી મારા વ્રતનું ઉદ્યાપન કરવું. આ પ્રમાણે વ્રત કરનારને પરમધામની પ્રાપ્તિ થાય છે તથા તેણે ફરી ગર્ભમાં પ્રવેશ કરવો પડતો નથી અને તે નિષ્પાપ બને છે. મારા દિવસે ભક્તો નિર્મળ બને અને દેવમાં ભક્તિ વધે તથા મારા વ્રતમાં શ્રદ્ધા રહે. ભૂખ કે આળસ મારા ભક્તોને પીડાદાયક ન બને. હે પ્રભુ ! આપ મારા પર જો પ્રસન્ન થયા હો તો આટલા વરદાનો મને આપો તથા હે હરિ આપ સાંભળો - શ્રીહરિ મારા પિતા, માતા, બાંધવ તેમજ પતિ પણ છે. હરિ જ કર્તા, ભર્તા, અને હર્તા છે માટે જ રૂપાંતરિત થયેલ કૃષ્ણ મારા સર્વદા પતિ થાય. હું ૨૬ સ્વરૂપોવાળી છું તે ૨૬ રૂપો સહિત મને પત્ની તરીકે સ્વીકાર કરો કે જેથી મારા અસંસ્કારવાળા દોષોનો નાશ તમારી સાથે વિવાહ કરવાથી થાય.

મને વરદાન આપો કે હું પતિવ્રતા બની રહું અને પતિરૂપે તમારું સેવન કરું તથા હે પ્રભુ મારા સૌભાગ્યનું વર્ધન કરો. આમ સાંભળી શ્રીહરિ બોલ્યા કે, દેવી તમારી ઈચ્છા પૂર્ણ થાઓ. તમારું વ્રત કરનારને પુણ્યની પ્રાપ્તિ થાઓ તથા તમારા રૂપોનું પણ કલ્યાણ થાઓ. હું તમારા દરેક રૂપોનો પતિ બનીશ તથા સર્વદા ધર્મ, અર્થ, કામ, મોક્ષને પ્રાપ્ત કરાવીશ. જે એકાદશીના વ્રતથી પવિત્ર બનશે તે વૈષ્ણવ પદને પ્રાપ્ત થશે તથા એક જ દિવસનાં વ્રતથી સારા ફળને પ્રાપ્ત કરી અંતે મોક્ષ પ્રાપ્ત કરશે.

હે પ્રિયા ! આ પ્રમાણે હું વરદાનની વહેંચણી કરું છું. પછી ૐ બોલી તે એકાદશી ભિન્ન-ભિન્ન સ્વરૂપોમાં વહેંચાઈ ગઈ. ૨૬ સ્વરૂપવાળી એકાદશીએ વિધિવત્ત શ્રીહરિ સાથે પાણીગ્રહણ કર્યું. પુત્રી રૂપને પોતાનામાં શ્રીહરિએ વિલીન કરી પત્ની રૂપ કર્યું માટે જ વર્ષમાં બાર મહિનાની તથા બે અધિક એકાદશી થઈ. આ બે એકાદશી મળી અને ૨૬ એકાદશીની સંખ્યા બની છે. એકાદશી દશમના અડધા દિવસ-રાત્રીથી માનો તો તે તિથી થી માંડી અને બારસ સુધી એકાદશી વૃદ્ધિગામિની તિથિ ગણાય છે. તે એકાદશી કરવાથી સો ગણું પુણ્ય મળે છે, પછી તેરસના દિવસે પારણાં

કરવા. આમ વ્રત કરનાર ફળનો ભાગી બની, મોક્ષનો ભાગી પણ બને છે.

એકાદશીના દિવસની તુલના તો ગંગા, ગયા, કાશી, પુષ્કર તથા અન્ય વૈષ્ણવ ક્ષેત્રો પણ નથી કરી શકતા. આમ પ્રશંસા કરી શ્રીહરિ પોતાના પત્ની એકાદશીને સાથે ત્યાં ગયા કે જ્યાં મુર દૈત્યની ચંદ્રાવતી રાજધાની હતી. ત્યાં (ચંદ્રાવતી પુરીમાં) સાંકળથી બંધાયેલા દેવોને શ્રીહરિએ છોડ્યા તથા સ્વર્ગને પુનઃ જીતી શ્રીહરિએ દેવોને સોંપી વૈકુંઠ ચાલ્યા ગયા.

શ્રી નારાયણ બોલ્યા - હે દેવી લક્ષ્મી ! આ એકાદશી તથા ત્રિસ્પૃશાનું વ્રત મહાત્મ્ય મેં તમને કહી સંભળાવ્યું છે. હવે આપ શું સાંભળવાની ઈચ્છા રાખો છો ?

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "મુરદાનવ સથે યુદ્ધ નિમિત્ત એકાદશીની ઉત્પત્તિ, વ્રત આદિ વરદાન નિરૂપણ" નામનો બસો ચોત્રીસમો અધ્યાય ॥ ૨૩૪ ॥

ઉન્મીલની એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા – હે શ્રીહરિ ! મને આ ૨૬ એકાદશીના વ્રતોની કથા કહો તથા તે વ્રતોની વિધિ તેમજ પૂજન કઈ રીતે કરવું તે પણ કહો. આ એકાદશીના કેટલા નામ છે ? તથા તેના વ્રતોની વિધિ તથા વ્રતોનું શું ફળ છે ? આ બધું જ આપ મને વિસ્તારપૂર્વક સમજાવો.

શ્રી નારાયણ બોલ્યા – હે લક્ષ્મી ! મારી તે એકાદશીની કથા સાંભળો કે જે પાવનકારી, મોક્ષદાયિની તથા યોગવતી અને દિવ્ય વૈકુંઠ પ્રાપ્ત કરાવનારી છે.

સૌ પ્રથમ ઉન્મીલિની એકાદશીની કથા તથા તેના જાગરણનું ફળ પણ એકાગ્ર મને મારી પાસેથી તમે સાંભળો. એકાદશીનો એક દિવસ, એક રાત તથા બારસની એક ઘડી (કુલ ૨૪ મિનિટ) સુધી ઉન્મીલિની એકાદશી ગણવી જે શ્રીહરિને અતિ પ્રિય એકાદશી છે.

ત્રિલોકમાં જેટલા તિર્થો છે, પુણ્યસ્થળો છે તથા જેટલા પ્રકારના તપ છે, વેદો તથા કરોડો યજ્ઞો છે તે બધા જ ઉન્મીલિની એકાદશીની તુલનામાં કદાચ ન આવી શકે. ઉન્મીલિની એકાદશી વ્રત સમાન બીજું કંઈ પણ ભૂતકાળમાં ન હતું કે ભવિષ્યમાં પણ નહીં થાય. કાશી, ગયા, પ્રયાગ, કુરુક્ષેત્ર, પુષ્કર તથા નારાયણ સરોવર તેમજ હિમાલય પર્વત પણ ઉન્મીલિનીના સમાન પુણ્યવાન નથી. રૈવત, વિન્ધ્ય, મલય, મેરુ, કુંકુમવાપી, નૈમિષારણ્ય, કાલવન પણ ઉન્મીલિનીના પુણ્ય સમાન નથી. ચંદ્રભાગા, સરયૂ, ગોમતી, નર્મદા, ગોદાવરી, સ્વર્ણરેખા, વેદિકા નદી, તાપી, ભદ્રા, સિન્ધુ,

ચંદના, શેત્રુંજી, ઓજસ્વતી, ગણ્ડકી, શોણગંગા, તુંગભદ્રા તથા સરસ્વતી વગેરે તિર્થો પણ ઉન્મીલિનીના સમાન પુણ્યવાન નથી.

ઉન્મીલિની વ્રત સમાન બીજા પુણ્ય નથી તેમજ શ્રીહરિ સમાન બીજા કોઈ દેવ નથી. જે ઉન્મીલિની એકાદશીના દિવસે શ્રીહરિનું પૂજન કરે છે. તે પાપના સમૂહને ધોઈ અને પરમધામે જાય છે. ઉન્મીલિની એકાદશી શુભતિથિએ શ્રદ્ધાપૂર્વક ભક્તિ દ્વારા મારા નામથી સ્વર્ણમય જે હરિ છે તેનું પૂજન કરવું જોઈએ.

પવિત્ર જળથી ભરેલા કુંભમાં પાંચ રત્નો અંદર પધરાવેલા તથા ગંધ, ચોખા, પુષ્પ પધરાવેલા અને માળાથી સુશોભિત કુંભને કે જેમાં નાળિયેર આદી ફળ છે. તે કુંભને સર્વતોભદ્ર નામનું મંડળ બનાવી તે મંડળની મધ્યમાં સ્થાપવો તથા મૂર્તિની સ્થાપના કરી પૂજન કરવું. પછી ઘઉંથી અને વિવિધ રત્નોથી ભરેલું પાત્ર કે જેમાં વિવિધ ફૂલોની સુગંધ આવતી હોય તથા જૂહીના ફૂલથી યુક્ત હોય તે પાત્રને કુંભની ઉપર પધરાવવું તે પાત્રને સફેદ પૌવા અથવા ચોખાથી પણ પૂરી શકાય. તે ચોખા કે પૌવાથી પૂર્ણપાત્રને કુંભની બાજુમાં મૂકી બાદમાં ભગવાન શ્રીહરિનું વારંવાર પૂજન કરવું. પછી વસ્ત્ર, ઉપવસ્ત્ર તથા જનોઈ શ્રીહરિને અર્પણ કરવી.

ગુરુ-બ્રાહ્મણને ચાખડી, છત્રી, થાળી, પાણીથી પૂર્ણ કમંડળ, સાત ધાન્યથી ભરેલા પાત્રો અને ઘણાં બધાં તલ આપવા તેમજ ચાંદી, રૂપું, કપાસ, ખીર, એક વીંટી અને એક પ્રકાશથી જળહળતી વીંટી તથા એક સુંદર ગાય આપવી. અલંકારો, વિવિધ વાસણો તથા સોનાથી મઢેલ શીંગડાવાળી, ચાંદીથી મઢેલ ખરીવાળી અને પાછળથી તાંબુ મઢેલી અને માથે જાલર નાંખી તથા તેના આંચળ કાંસાથી યુક્ત કરી અને પૂંછડીએ રત્નો લટકાવી તે ગાય ગુરુને, બ્રાહ્મણને આપવી. તેમજ શય્યા, પલંગ સહિત તથા ઓશિકાથી સુશોભિત અર્પણ કરવી.

ત્યારબાદ શ્રીહરિની પૂજામાં ધૂપ, દીપ, નૈવેદ્ય, ફળ, પાત્રો, વાસણો તથા વિવિધ દક્ષિણા, તુલસીપત્ર અને કમળના ફુલો તથા વિવિધ પુષ્પો

શ્રીહરિને અર્પણ કરવા. ત્યારબાદ ભગવાન શ્રીહરિના દરેક અંગોનું ચિંતન કરી અંગપૂજા કરવી. માસનું નામ લઈ ચરણો પૂજવા, શ્રીવિષ્ણુ નામથી સાથળની બહારનો ભાગ પૂજવો, શ્રીઈશ નામથી ગુહ્ય ભાગ પૂજવો, શ્રીકૃષ્ણ નામથી કટીપ્રદેશ પૂજવો. શ્રીબ્રહ્મ નામથી નાભિ પૂજવી, શ્રી વિશ્વપાખ્ય નામથી પેટ પૂજવું, શ્રીસાત્રાખ્ય નામથી હૃદય પૂજવું, શ્રી વૈકુંઠવાસી નામથી કંઠનું પૂજન કરવું. શ્રી ગુરુ નામથી કપાળનું પૂજન કરવું. શ્રી પરબ્રહ્મ નામથી શિરનું પૂજન કરવું. અંતમાં શ્રી અંતર્યામિનું સ્મરણ કરી સર્વાંગપૂજન કરવું.

આયુધો, સોનાનાં અલંકારો, વસ્ત્રો વગેરેનું ધ્યાન કરી ભક્તિપૂર્વક શ્રીહરિને અર્ઘ્ય આદી અર્પણ કરવું. જે અર્ઘ્ય શંખમાં ભરેલું હોય તથા શંખ પર શ્રીફળ, ચોખા, પુષ્પ અને સૂતરથી વિંટી ભાવથી તે અર્ઘ્ય આપવું. આમ સોળ વસ્તુઓથી શ્રીહરિનું પૂજન કરી, નમન કરી પ્રાર્થના કરવી કે 'અમને આ સંસારસાગરમાંથી ઉગારો. હે પ્રભુ ! લેશમાત્ર પણ જો મેં કંઈ સારું કામ કર્યું હોય અથવા ન પણ કર્યું હોય તો પણ આપ જ મારા સ્વામી છો આ ભવસાગરમાંથી મને પાર ઉતારો. આ ઉન્મીલિની એકાદશીનાં વ્રતના પુણ્ય દ્વારા જે વિભિન્ન યોનિમાં ભટકી રહ્યા હોય એવા મારા પૂર્વજોનો પણ ઉદ્ધાર કરો કે પોતાના કરેલા પાપોથી જે કમૃત્યુ એ મરેલા છે. એવા મારા પૂર્વજો તેમનો પણ આપ ઉદ્ધાર કરો. હે શ્રીકૃષ્ણ ! મારા પૂર્વજો જે પતીત યોનિમાં છે તથા જે પ્રેત થયા છે તે બધાં જ મારા પૂર્વજોને સદાકાળ મુક્તિ આપો. મને તમારી શાશ્વત ભક્તિ આપો.

આમ પ્રાર્થના કર્યા બાદ ધૂપ, દીપ, નૈવેદ્ય, જળ અને ભોજન દ્વારા તથા સ્ત્રોતો, સ્તુતિ, આરતી અને નૃત્ય દ્વારા ભગવાન શ્રીહરિને રાજી કરવા. વસ્ત્રદાન, ગોદાન, ભોજનથી ગુરુને, બ્રાહ્મણને સંતુષ્ટ કરવા તથા ભક્તોને પણ સંતુષ્ટ કરવા. જેમ જેમ ગુરુ, બ્રાહ્મણને સંતોષ થાય તેમ તેમ દાન કરવું. ગુરુ, બ્રાહ્મણના સંતોષથી મોટું ફળ મળે છે.

લોકોનાં હિત માટે લોકોને તારવા માટે જ બ્રહ્માજીએ ગુરુ, બ્રાહ્મણની ઉત્પત્તિ કરી છે. માટે દરેક પ્રકારની સેવાથી હંમેશા ગુરુ, બ્રાહ્મણને સંતુષ્ટ કરવા. ગુરુ, બ્રાહ્મણની સદા પૂજા કરવી જોઈએ. કારણ કે ગુરુ, બ્રાહ્મણ અને

શ્રીહરિ મોક્ષ પ્રદાન કરાવનાર છે તે આપણને અમંગળથી છોડાવી સુમંગળનું દર્શન કરાવે છે, સારો માર્ગ બતાવે છે. તે હંમેશા આપણને જ્ઞાનનું દાન કરી આપણાં અજ્ઞાનનો નાશ કરી સુખ અર્પણ કરનારા હોય છે. ગુરુ, બ્રાહ્મણ આપણાં અનાદિ બંધનોને છેદી અચળ સુખ આપે છે.

ધર્મ, અર્થ, કામ, મોક્ષ મેળવવા માટે સદા ગુરુ, બ્રાહ્મણ અને શ્રીહરિના આશ્રિત રહેવું જોઈએ તથા તેઓનું ભક્તિપૂર્વક સેવન કરવું જોઈએ. તેઓની સાથે છેતરપિંડી ન કરવી જોઈએ. ગુરુ, બ્રાહ્મણના આશીર્વાદ પ્રાપ્ત કરી વ્રતને પરિપૂર્ણ કરવું તથા બારસના દિવસે સ્નાન કરી ભક્તિથી વ્રત કરનાર ભક્તે શ્રીહરિનું પૂજન કરવું. ગુરુને જમાડી, બ્રાહ્મણોને જમાડી સાધુ તથા સાધ્વીને જમાડીને પછી વ્રત કરનારે પોતે પારણાં કરવા.

શ્રીકૃષ્ણની કથાઓ સાંભળી સમય વિતાવવો તથા વ્રત કરનારે આ પ્રમાણે કથાઓનું ગાન કરી જ્ઞાનનું દાન કરવું, જ્ઞાનનાં દાન સમાન એકેય બીજું દાન નથી. સદા સારી રીતે શાસ્ત્રોનું, કથાનું દાન કરવું, શ્રીહરિની કથાઓના ગાનથી કથા સંભળાવનારનો મોક્ષ થાય છે. આ પ્રમાણે જે ઉન્મીલિની એકાદશીનું વ્રત કરે છે તે અનંતકલ્પો સુધી નિશ્ચિતપણે વૈકુંઠમાં વાસ કરે છે.

હે દેવી લક્ષ્મી ! શ્રીહરિ વિષ્ણુનું આ વ્રત મેં તમને સંભળાવ્યું કે જેના શ્રવણથી પાપીઓ પણ મુક્તિ મેળવી શકે છે. ઉન્મીલિની એકાદશીનું વ્રત કરવાથી વ્રતી (વ્રત કરનાર) સ્વર્ગલોકમાં તો જાય જ છે પરંતુ તેના પિતૃઓ પણ દિવ્ય ગતિ પ્રાપ્ત કરે છે. આ એકાદશીનું વ્રત કરવાથી, વિષ્ણુ પૂજન તથા વૈષ્ણવપૂજન દ્વારા વિદ્યાર્થી તેવી વિદ્યાને પ્રાપ્ત કરે છે કે જે બધાં જ પ્રકારની વૃદ્ધિ કરનાર વિદ્યા છે. સાધુ-સાધ્વીની સારી રીતે સેવા કરવાથી તથા દુર્લભ એવા ચતુષ્ટ્યનું શ્રવણ કરવાથી અનેક જન્મોનાં બંધનમાંથી મુક્તિ મળે છે.

ભગવાન વિષ્ણુ તથા વિષ્ણુભક્તોનો કદી તિરસ્કાર ન કરવો. સદા તેઓને પૂજી ભોજન કરાવી ને જ પોતે ભોજન કરવું જોઈએ. શ્રી શાલીગ્રામની

સારી રીતે પૂજા-અર્ચના કરી વિષ્ણુ ભક્તોની પણ પૂજા કરી ધૂપ, દીપ અર્પણ કરવા અને શ્રીશાલીગ્રામજીને શંખમાં જળ પધરાવી સ્નાન કરાવી નૈવેદ્ય અર્પણ કરવું. વૈષ્ણવોને પણ નૈવેદ્ય આપવું પછી એકાદશી વ્રત કરનારે ભોજન કરવું.

દિપ, સ્તુતિ, કિર્તન તથા વંદન નિત્ય કરવા તથા કાળા તલથી પ્રેમપૂર્વક પૂજન કરવું. દૂર્વા વડે પૂજન કરવાથી પૃથ્વીદાન કર્યાનું પુણ્ય મળે છે વળી શાલીગ્રામને કાળા તલથી પૂજન તથા દૂર્વાથી પ્રભુનું પૂજન કરવું. દૂર્વાના અંકુર જેવું શુભ આ લોકમાં કંઈ નથી. તેથી જે લોકો વિષ્ણુનું સામીપ્ય ઈચ્છતા હોય તેઓએ અંકુરિત દૂર્વા વડે પૂજન કરવું. દૂર્વા, જવ અને ચોખાથી શ્રીહરિનું પૂજન કરવું. પક્ષે-પક્ષે બારસના દિવસે પ્રાતઃકાળે વિધિવત્ શાલીગ્રામનું કહ્યા પ્રમાણે પૂજન કરવું જોઈએ.

આ શ્રી વિષ્ણુનું વ્રત મોક્ષ સુખ તથા શુભ આયુષ્ય આપનારું છે તથા વૈષ્ણવોને સમૃદ્ધિ પ્રદાન કરનારું છે જે મેં તમને કહી સંભળાવ્યું છે. આ વ્રત ગૃહસ્થોને સુખ તથા સાધુઓને મુક્તિ અપાવનાર છે તથા દરેક રોગોનું શમન કરનારું છે. વળી સ્થૂળ, સૂક્ષ્મ આદી ત્રણેય શરીરોની શુદ્ધિ કરનારું છે. દશમી તિથિના વેધ રહિત આ મહાન ઉન્મીલિનીનું વ્રત જાગરણ સાથે કરવું. આ વ્રત ભુક્તિ, મુક્તિ આપનારું છે.

એક લાખ તુલસીપત્ર દ્વારા શ્રીશાલીગ્રામની (શ્રીહરિની) પૂજા કરવી તથા ગોપીચંદનથી ભગવાનનું અર્ચન કરવું અને વ્રત કરનારે પોતાના કપાળમાં ઉર્ધ્વપુંડ્ર-ચંદ્રપુંડ્ર તિલક ધારણ કરવું કે જેનાથી મોક્ષ મળે છે તેમજ દુઃખનો નાશ થાય છે. બ્રહ્મહત્યા કરનાર, સુવર્ણની ચોરી કરનાર, મદિરા-માંસ ભક્ષણ કરનાર, મહાપાપી, બીજાની નિંદા કરનાર તથા ખોટું બોલનાર. આ બધા જ પાપોમાંથી મુક્તિ મેળવી શકે છે. પાપ કરનાર ઉર્ધ્વપુંડ્ર-ચંદ્રપુંડ્ર તિલકને પોતાના કપાળમાં ધારણ કરે છે તથા તુલસીની માળાને કંઠમાં ધારણ કરે છે તે અવશ્ય મુક્તિ મેળવે છે.

પૂજા તથા દિક્ષાના અંગરૂપિણી આ ધાત્રી તુલસીની માળા વૈષ્ણવ ભક્તોએ ધારણ કરવી તથા દ્વારકાનું ગોમતીચક્ર અને ગંડકીના શાલિગ્રામની

પણ તુલસી દ્વારા પૂજા કરવી જોઈએ જેથી ભુક્તિ, મુક્તિ રૂપી ફળની પ્રાપ્તી થાય તથા જે વેધયુક્ત એકાદશી હોય તો તે દિવસે ઉપવાસ કે વ્રત ન કરવું. જો કોઈ રાજા પણ વેધયુક્ત દિવસનું પાલન કે વ્રતાદી કરે તો તે રાજા પાપયુક્ત બની નરકવાસી થાય છે. આમ દરેક પ્રકારના વેધનો ત્યાગ કરી વેધ વગરની શ્રીહરિની એકાદશીનું સેવન કરવું જેનાથી વ્રતીના કરોડો કૂળ તરી જાય છે તથા વૈકુંઠ પ્રાપ્તિ થાય છે.

દશમના દિવસથી પંચાવન ઘડી પછી જો બીજા દિવસે એકાદશી હોય તો તે એકાદશી છીદ્ર એકાદશી ગણવામાં આવે છે. એકાદશીનો દિન તથા રાત અને જો તે દિવસે દશમીની એક ઘડી આગળથી એકાદશી શરૂ થતી હોય તે તિથિએ ઉપવાસ ન કરવો અને બારસના દિવસે વ્રત કરી લેવું અને જો કદાચ જ્યોતિષના નિયમ મુજબ બે એકાદશી આવતી હોય તો પછીની એકાદશીએ વ્રત કરવું. પહેલી એકાદશી ન કરવી અને જો બારસ બે આવતી હોય તો પહેલી બારસને વ્રતમાં ગણી લેવી તથા તે બારસે પારણાં કરવા. કદાચ જો એકાદશીનો ક્ષય થતો હોય તો બારસે ઉપવાસ કરી વ્રત કરવું તથા દશમનો ક્ષય હોય તો પણ બારસે આખો દિવસ તથા રાત ઉપવાસ કરી વ્રત કરવું. કદાચ બે દશમ હોય તો એકાદશીના દિવસે વ્રત કરવું તથા બારસનો ક્ષય હોય તો પણ એકાદશીએ ઉપવાસ કરવો તથા વ્રત કરવું. આમ જાણી વ્રત કરવાથી શ્રીહરિની પ્રસન્નતાને પ્રાપ્ત થાય છે તથા વ્રત કરનાર શ્રીહરિની કૃપાથી શ્રીહરિના ધામને પામે છે.

બારસની સવારે અરૂણોદય થાય તથા એકાદશીની એક ઘડી (૨૪ મિનિટ) પણ રહી જતી હોય તો દિવસનું મિલન કરાવનારી આ એકાદશી બને છે. મનુષ્યોને જગાડવા માટે આ એકાદશીને ઉન્મીલિની એકાદશી એમ કહેવાય છે તથા આ એકાદશી સદા હરિપ્રિયા છે.

આ એકાદશી બ્રહ્મલોક, વૈકુંઠલોક, ગોલોક, અક્ષરધામ તથા પરમધામની પ્રાપ્તિ કરાવનારી છે માટે જ તેને ઉન્મીલિની એમ હું શ્રીહરિ કહું છું. વળી આ એકાદશીના પ્રતાપથી પરબ્રહ્મ અનાદિશ્રીકૃષ્ણનારાયણ, શ્રીહરિને પ્રાપ્ત કરી શકાય છે. તે માટે પણ ઉન્મીલિની નામથી આ વ્રત

ઓળખાય છે. અજ્ઞાનને, પાપ, ભય તથા મૃત્યુને છેદી બ્રહ્મલોકમાં પ્રભુના દિવ્ય ધામની પ્રાપ્તિ કરાવતી હોવાથી પણ આ એકાદશી 'ઉન્મીલિની' તરીકે ઓળખાય છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "ઉન્મીલિની નામની એકાદશીનું વ્રત, પૂજન આદિનું નિરૂપણ" નામનો બસો પાત્રીસમો અધ્યાય ॥ ૨૩૫ ॥

પક્ષવર્ધિની એકાદશી

શ્રી નારાયણ બોલ્યા – હે લક્ષ્મી ! સાંભળો. હું તમને પક્ષવર્ધિની એકાદશીનું મહાત્મ્ય કહું છું, જે એકાદશી મને પ્રિય છે તથા જેના દ્વારા મોક્ષ પ્રાપ્તિ થાય છે.

વેધયુક્ત એકાદશી બારસના સૂર્યોદય સુધી ચાલનારી હોય તથા જો પૂર્ણ એકાદશી અને દશમી વેધયુક્ત હોય તો આ ક્રમથી આવનારી અમાસ અથવા પૂનમ સુધી સંપૂર્ણ છ નાડિના ક્રમથી એકમ પણ આ જ રીતે થતી હોય તથા આજ ક્રમથી એકાદશીથી આરંભ કરી એકમ સુધીનો સમય જો સંપૂર્ણ છ નાડી જો એકમ સુધી પ્રમાણિત થતી હોય તો તે એકાદશી 'પક્ષવર્ધિનિકા એકાદશી' ગણવી તથા બારસને પણ વ્રતમાં ગણી વિધાનપૂર્વક આ વ્રત કરવું. અશ્વમેધ યજ્ઞ કર્યા હોવાનું ફળ પક્ષવર્ધિનિકા એકાદશી દ્વારા મળે છે.

હે મહાલક્ષ્મી ! આ વ્રત કરવાથી અનંતગણું ફળ મળે છે તેમજ શ્રી વિષ્ણુનું પૂજન-અર્ચન કરવાથી વૈકુંઠ પ્રાપ્ત થાય છે. જેનાથી કેશવ પ્રસન્ન થાય છે. તેની પૂજનવિધિ હું તમને કહું છું.

સાત ધાન્યોથી સર્વતોભદ્રમંડળ કરી મંડળ વચ્ચે સોનાનો નવો ઘડો કે જેમાં પાણી પધરાવવું પછી સ્થાપવો. તાંબાનો ઘડો પણ મંડળ વચ્ચે મૂકી શકાય. ઘડામાં પાંચ પ્રકારના પાન પધરાવી, પાંચ રત્નો પધરાવવા તથા સફેદ વસ્ત્ર લપેટવું. ઘડા ઉપર તાંબાનું પાત્ર મૂકી પાત્રમાં ઘઉં ભરવા તેમજ કળશને ચંદનનો ચાંલ્લો કરી કળશ ઉપર ફૂલનો હાર ચડાવવો. ત્યારબાદ ફળ, નાળિયેર, મિષ્ટાન્ન તે કળશ પાસે મૂકવા અને પાત્રમાં શ્રીકૃષ્ણના

સ્વરૂપવાળી સોનાની મૂર્તિ પધરાવવી અને શ્રીકૃષ્ણના સ્વરૂપને વિધિવત્ પંચામૃતથી સ્નાન કરાવી તિર્થજળથી અભિષેક કરવો તથા કંકુ, અક્ષત, કસ્તૂરી, ચંદન, અત્તર, કપૂરનું લેપન કરવું અને બે વસ્ત્ર, જનોઈ તથા કૌસ્તુભ આદી આભૂષણો તથા અલંકાર જેવા કે કડા, બાજુબંધ, મુગટ, કંદોરો, વીંટી વગેરે તથા પુષ્પ, હાર આદી શ્રીકૃષ્ણને ધરાવવું પછી ભાવપૂર્વક ભગવાનને છત્રયુક્ત સિંહાસનમાં બેસાડી ચરણમાં પહેરાવવા માટે ચાખડી આપવી તથા સુગંધિત દ્રવ્યો અર્પણ કરવા. ત્યારબાદ લક્ષ્મીજીનું સ્વરૂપ ભગવાનની બાજુમાં પધરાવવું કે જે લક્ષ્મીજીના સ્વરૂપને દરેક આભૂષણો પહેરાવ્યા હોય તથા સૌભાગ્ય દ્રવ્યોથી પૂજન કર્યું હોય.

હવે નીચે કહ્યા પ્રમાણે તે એકાદશી સ્વરૂપીણી મહાલક્ષ્મીનું પૂજન કરવું અને કળશ પર સ્થિત શ્રીહરિનું ચોખા, કંકુ વડે મંત્રોચ્ચાર કરી પૂજન કરવું.

ૐ પદ્મનાભાય નમઃ - મંત્ર બોલી શ્રીહરિનાં બંને પગ પૂજવા.

ૐ વિશ્વમૂર્ત્યે નમઃ - મંત્ર બોલી શ્રીહરિનાં સાથળની બહારના ભાગ (જાનુ)ની પૂજા કરવી.

ૐ જ્ઞાનગમ્યાય નમઃ - મંત્ર બોલી શ્રીહરિનાં સાથળની પૂજા કરવી.

ૐ જ્ઞાનપ્રદાય નમઃ - મંત્ર બોલી શ્રીહરિનાં કટીપ્રદેશની પૂજા કરવી.

ૐ વિશ્વનાથાય નમઃ - મંત્ર બોલી શ્રીહરિનાં પેટની પૂજા કરવી.

ૐ શ્રીધરાય નમઃ - મંત્ર બોલી શ્રીહરિનાં હૃદયની પૂજા કરવી.

ૐ સકૌસ્તુભહરયે નમઃ - મંત્ર બોલી શ્રીહરિનાં કંઠની પૂજા કરવી.

ૐ ક્ષત્રાન્તકારીણે નમઃ - મંત્ર બોલી શ્રીહરિનાં બંને હાથની પૂજા કરવી.

ૐ ચિદાકાશહરયે નમઃ - મંત્ર બોલી શ્રીહરિનાં કપાળની પૂજા કરવી.

ૐ સર્વસ્વરૂપાય હરયે નમઃ - મંત્ર બોલી શ્રીહરિનાં મસ્તકની પૂજા કરવી.

ૐ શ્રીકૃષ્ણાય નમઃ - મંત્ર બોલી શ્રીહરિનાં હાથમાં રહેલ શસ્ત્રોની પૂજા કરવી.

ત્યારબાદ શ્રીહરિનાં સર્વ અંગોનું ચિંતન કરી તેમના ચરણોમાં અક્ષત પધરાવવા તથા નાળિયેર સહિત અર્ઘ્ય અર્પણ કરી પ્રાર્થના કરવી કે,

હે કેશવ ! સંસારસાગરમાંથી અમને પાર ઉતારો, અમારી આ પૂજા તથા અર્ઘ્યનો સ્વીકાર કરો. હે હરિકૃષ્ણ ! તમને નમસ્કાર હો.

આ રીતે ષોડ્શોપચારથી ભગવાનનું પૂજન કરી નૈવેદ્ય તથા ઠંડુ પાણી આપવું. ભક્તિપૂર્વક પાન, લવિંગ, તજ, સાકર, સોપારીના ચુરાયુક્ત બીડું અર્પણ કરવું તથા ઘી અથવા તેલનો દીપ પ્રગટાવવો. આરતી, નમસ્કાર, પ્રદક્ષિણા કરી ભગવાનની સ્તુતિ કરવી ત્યારબાદ ક્ષમાપ્રાર્થના કરી પુષ્પાંજલિ અર્પણ કરવી.

શ્રીહરિની શુભપૂજા કર્યા બાદ પૂજા કરાવનાર ગુરુ, બ્રાહ્મણની પૂજા સારી રીતે કરવી. ચંદનનું તિલક કરી વસ્ત્ર આદિનું દાન આપવું. ઝભ્ભો, પાઘડી, હાર વગેરે અર્પણ કરી સુગંધિત દ્રવ્યો અર્પણ કરવા તથા દક્ષિણા, અન્ન, ધાન્યાદિ આપી વીંટી વગેરે અર્પણ કરવી. ભોજન તથા પાન-બીડાંથી આચાર્ય, બ્રાહ્મણ, ગુરુને સંતુષ્ટ કરવા. યથાશક્તિ, યથાદ્રવ્ય અનુસાર ઉત્તમ ઉત્સવ કરવો. સાંજે પણ ભક્તિભાવપૂર્વક પૂજા કરી રાત્રે ભગવાનનાં ભજન, કિર્તન સાથે નૃત્ય, ગાન, કરતાં કરતાં જાગરણ કરવું. ભગવાનનાં હાસ્ય તથા આહ્લાદક આખ્યાનોની કથા-વાર્તા જાગરણની રાતે કરવા તથા પક્ષવર્ધિનિકાના નામથી કૃષ્ણ સાંનિધ્યમાં પૂજા કરવી. પક્ષવર્ધિનિકા એકાદશીનું વ્રત મહાત્મ્ય સાંભળવાથી, ઉપવાસ કરવાથી, વ્રતજાગરણ કરવાથી પંચાગ્નિના સેવનનું તથા અનેક તિર્થયાત્રાનું પુણ્યફળ પ્રાપ્ત થાય છે તેમજ અનંત પાપોનો નાશ થાય છે.

આ વ્રત વિશેષરૂપે વૈષ્ણવો તથા જ્ઞાનયોગીઓએ કરવું. જેને તિર્થો, અરણ્યો, ક્ષેત્રો, પર્વતો નથી તારી શકતા તેને આ પક્ષવર્ધિનિકા એકાદશી તારી દે છે. જેમ ચંદ્રમામાં કળાની વૃદ્ધિ થાય છે. તેમ પક્ષવર્ધિનિકા એકાદશી વ્રતકર્તાનું પુણ્ય વૃદ્ધિ પામે છે. જેમ સૂર્યોદય અંધકારનો નાશ કરે છે તેમ પક્ષવર્ધિનિકા અજ્ઞાનનો નાશ કરી અને મોક્ષપક્ષની વૃદ્ધિ કરનારી છે. મુક્તિ કળાનું પ્રદાન કરનારી તથા સોળ કળાઓનું પોષણ કરનારી પક્ષવર્ધિનિકા એકાદશી છે. કાશીનગરી સમાન મુક્તિ આપનારી છે તથા દ્વારકા સમાન પુણ્ય આપનારી છે. કુંકુમવાપીના તુલ્ય ઈચ્છિત ફળ આપનારી છે તથા

ભક્તોના જ્ઞાનમાં, ધર્મમાં અને ભક્તિમાં વૃદ્ધિ કરનારી છે.

વ્રત કરનારે શુકલપક્ષમાં આ એકાદશી હોય કે કૃષ્ણપક્ષમાં આ એકાદશી હોય છે તેમાં કોઈ પણ પ્રકારનો ભેદ ન કરવો. આ વ્રત કરનારના દશ પૂર્વ તથા દશ પરના પિતૃઓને મોક્ષ પ્રાપ્ત થાય છે તથા બંને બારસ કરવાથી પણ વ્રત કરનારને સારું ફળ મળે છે.

કાશી વારાણસીમાં ૬૦,૦૦૦ વર્ષ વાસ કરવાથી, અનેક યજ્ઞદાન કરવાથી, કુરુક્ષેત્રમાં હજાર સોમપર્વ કરવાથી, વિધૃતિ આદી સારા યોગોમાં લાખગણું ઉત્તમોત્તમ દાન કરવાથી, કુરુક્ષેત્રમાં સૂર્ય-ચંદ્રનું ગ્રહદાન કરવાથી જે સો ગણું ફળ મળે છે તથા પ્રભાસક્ષેત્રમાં સોમયાગનું જે હજારગણું ફળ મળે છે તેમજ એક લાખ સાધુ ઘેર જમ્યાનું જે ફળ મળે છે તે ફળ એકાદશીના ઉપવાસથી પ્રાપ્ત થાય છે.

એક હજાર ગાયોનું દાન કરવાથી જે હજારગણું ફળ મળે છે, સાધુઓની પૂજા કરવાથી જે દસગણું ફળ મળે છે, બ્રહ્મનિષ્ઠની પૂજા કરવાથી જે દશગણું ફળ મળે છે, કન્યાદાન કરવાથી જે ફળ મળે છે તેમજ દેવમંદિર માટે ભૂમિદાન કરવાથી જે ફળ મળે છે તે પણ જો દસગણું ફળ થાય તે છતાં તે એકાદશીની તુલનાએ નથી આવતું તથા યજ્ઞનું દસગણું ફળ પણ એકાદશીના અનંત ફળ સમાન નથી.

એકાદશીના ઉપવાસના પુણ્યની કોઈ સંખ્યા જ નથી. એકાદશીના દિવસે ઉપવાસથી જે પુણ્ય મળે છે તથા અડધી રાત્રે ભોજનથી તથા એકટાણાં કે ફળાહારથી જે પુણ્ય મળે છે, તે જ ફળ એકાદશીની રાત્રે જાગરણ કરવાથી પણ પ્રાપ્ત થાય છે. તેથી જ હે લક્ષ્મી ! હું તમને દરેક એકાદશીની કથા તથા તેના મહાત્મ્યનું જ્ઞાન કરાવું છું.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "પક્ષવર્દ્ધિની એકાદશીનું વ્રત, પૂજન આદિનું નિરૂપણ" નામનો બસો છત્રીસમો અધ્યાય ॥ ૨૩૬ ॥

એકાદશી વ્રત - જાગરણ મહિમા

શ્રી નારાયણ બોલ્યા – હે દેવી લક્ષ્મી ! સાંભળો. વ્રતના દિવસે તથા રાત્રે નિંદ્રા ન કરવી જોઈએ કારણ કે તે દિવસ-રાત્રીની નિંદ્રા પુણ્યનો ક્ષય કરવાવાળી હોય છે. નિંદ્રાવૃત્તિ મહાઘોર તથા તામસી અને ચિત્ત ભટકાવનારી છે. આળસને વધારનારી તથા આળસ કરાવનારી છે. સ્વપ્નદોષ કરનારી તથા ભક્તિ અને પ્રભુસેવાનો નાશ કરનારી છે. તેમજ કદાચ દોષના બાહુલ્યને કારણે રાજસી ખવાય ગયું હોય તો તેનાથી રજવૃત્તિની પુષ્ટતા થાય છે. તે બ્રહ્મચર્યાદી વ્રતનો ભંગ કરનારી તથા સ્ત્રાવ કરનારી છે અને વ્રતનો નાશ કરનારી તેમજ વીર્યજ આદી ઉત્પન્ન કરનારી છે. તેથી જ વ્રત કર્યું હોય તે રાત્રે જાગરણ હંમેશા કરવું જોઈએ. બહુ જમવાના કારણે અન્નનાં ભારથી શરીરના સાત ધાતુઓ પુષ્ટ થાય છે. કદાચ ધાતુઓના ક્ષયના કારણે બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય તો કરેલું વ્રત કે ઉપવાસ એળે જાય છે.

તેથી જ તો વ્રતના દિવસે અન્નનો આહાર સદા બાધ છે અને થોડોક ફળાહાર કરવો એવો મત છે તથા નિંદ્રા તો સદા વર્જ્ય જ છે કારણ કે, તે સત્ત્વવૃત્તિનો નાશ કરનારી, પુણ્યનો ક્ષય કરનારી તથા બધા જ દોષોનો આધાર અને તામસ છે માટે એકાદશીના દિવસે વ્રતીએ સારી રીતે પૂજા કરી રાત્રે વૈષ્ણવો, હરિભક્તો સાથે જાગરણ કરવું, ભગવાનનાં ગીત, વાદ્યો વગાડી ગાવા, નર્તન કરવું, સંહિતાઓમાંની કથાઓ વાંચવી-વંચાવવી, ભગવાનની વાતો કે ચર્ચા કરવી ભગવત્સેવા કરવી.

વ્રતની સફળતા માટે ભક્તિથી ભક્તે જાગરણ કરવું. ધૂપ-દીપ, નૈવેદ્ય, પુષ્પ અને ગંધ, ફળ, અર્ઘ્ય વગેરે શ્રદ્ધાથી પ્રેમભાવના પૂર્વક જાગીને વ્રત કરનારે પ્રભુને અર્પણ કરવા. ઉપવાસ સાથે વ્રત-જાગરણ કરી હરિકિર્તન સાથે નૃત્ય કરવું. જે વ્રતી જાગરણ કરી ઉત્સાહથી શ્રીહરિને ભજે છે તે બધા જ પાપમાંથી શુદ્ધ થઈ શ્રીહરિનો પાર્ષદ બને છે.

મનથી શ્રીહરિનું ધ્યાન કરી વારંવાર જે પ્રભુના મંત્રજાપ બોલે છે તે તો ધન્ય છે, તેને તારવા માટે પ્રભુના પાર્ષદો આવે છે પણ યમદૂત નથી આવતા. શ્વાસે તથા ઉચ્છ્વાસે શ્રીહરિનું નામ રટણ કરવાથી ચારગણું તથા પ્રહર સુધી નામ રટણનું ફળ કરોડો સદ્‌ગુણોનો સંચાર કરવાવાળું બને છે. નામ-ભક્તિનું ફળ અસંખ્ય ફળ આપનારું છે. જે જાગરણ કરી મૂર્તિ પાસે બેસે છે અને શ્રીકૃષ્ણની આગળ નામ-સંકિર્તન કરતાં નર્તન કરે છે તેનું ફળ તો કરોડો-કરોડો ગણું ઉત્તમ મળે છે. ઉત્સાહ સાથે આળસ આદી ત્યજી પ્રદક્ષિણા કરી વારંવાર નમસ્કાર કરે છે તથા જે પ્રહરે-પ્રહરે આરતી કરે છે અને ભાવથી ભગવાનની પ્રતિમા સામે જોઈ ભગવાનનું ચિંતન કરે છે. તાળી વગાડી મંત્ર-જાપ ધૂન બોલે તો આ પ્રમાણે અનેક ભાવથી જાગરણ કરનાર, વ્રત કરનાર, પૈસામાં લોભ ન કરનાર, પૂજનમાં લોભ ન કરનાર, ભક્તિભાવથી મારી પૂજા કરે છે તે કદી પૃથ્વી પર ફરી જન્મ નથી લેતો.

જાગરણ કરનાર વ્રતીને સ્વયં વિષ્ણુ જ સારું ફળ આપે છે. નાસ્તિકતાથી વ્રત કરનારને કંઈ પ્રાપ્ત થતું નથી. નારાયણના વ્રતને દિવસે તથા જાગરણમાં જે ઉપહાસ, ઠઠ્ઠા-મશ્કરી કરે છે તે ૬૦,૦૦૦ વર્ષ સુધી વિષ્ઠાના કીડા થાય છે. વેદવેત્તા બ્રાહ્મણનો જે નાચવામાં ઉપહાસ કરે છે તે ચાંડાલથી પણ અધમ છે. તે દોષવાળા થાય છે.

એક પ્રહર અથવા ક્ષણ માટે પણ જે જાગરણની રાત્રે નર્તન કરે છે, ભાવવિભોર બને છે તે ધર્મ, અર્થ, કામ, મોક્ષને મેળવે છે. યાજક જો વૈદિક હોય તો પણ જાગરણમાં કોઈની નિંદા કરે છે તો તે ૨૧ કુળ સાથે નરકમાં પડે છે. નાસ્તિક ભાવવાળા જે જાગરણની રાત્રે સૂવે છે તે માયાથી મોહિત થઈ હંમેશ માટે સૂતેલા જ રહે છે તેને માયાથી કોઈ જગાડી નથી શકતું.

તે નાશ પામેલા લોકો જ છે. તે મોક્ષથી વિમુખ, નેત્રહીન, જ્ઞાનહીન લોકો જ છે. તેમાં કોઈ સંદેહ નથી.

જાગરણમાં હરિકથા વાંચન કરનાર, સંભળાવનાર, ભગવાનનાં વિવિધ ચમત્કારોને વારંવાર સાંભળનાર તે સાચો વ્રતી છે. જાગરણમાં કિર્તન કરવું, નૃત્ય કરવું તથા હાસ્યાદી દ્વારા શ્રીહરિનું મનોરંજન કરવું તથા ઉત્સવ કરવો, રાસ, કૃષ્ણલીલા ગાવી. આમ કરનારને હજાર અશ્વમેધ તથા વાજપેય યજ્ઞોનું પુણ્ય પ્રાપ્ત થાય છે જે કરોડગણું ગણાય છે. જાગરણ વગરનું વ્રત કરવાથી પુણ્યનો ક્ષય થાય છે.

વ્રતમાં જાગરણ કરવાથી માતૃપક્ષ, પિતૃપક્ષ તથા ભાર્યાના પક્ષમાં ૧૦૦ પેઢીના પૂર્વજોનો ઉદ્ધાર થાય છે. ઉપવાસનાં દિવસે અથવા રાત્રે નિંદ્રા આવી જાય તો તે વ્રતનો ક્ષય ગણાય છે અને આસુરી વ્રત થઈ જાય છે. તેનું ફળ પણ અસુરી તથા શાપ સમાન મળે છે. ત્યાં વિષ્ણુ આવતા નથી અને આવ્યા હોય તો પણ ત્યાંથી ચાલ્યા જાય છે. નિંદ્રા કરવાથી શ્રીહરિ નિંદ્રાના સ્થાને શાપ આપી ત્યાંથી ચાલ્યા જાય છે અને જ્યારે નિંદ્રામાંથી જગાય છે ત્યારે શ્રીલક્ષ્મીજી પણ શ્રીહરિ પાસે ચાલ્યા જાય છે.

હરિભક્તિમાં લીન બનેલા ભક્તો જ્યારે નિષ્ઠાથી વ્રતનું જાગરણ કરે છે ત્યારે શ્રીલક્ષ્મી આવી અને નાચે છે, નૃત્ય કરે છે. પ્રેમપૂર્ણ ભક્તોમાં આવી અને હર્ષ પામે છે. જેટલાં વ્રતો તથા જાગરણો શ્રીહરિ પાસે થાય છે તેટલાં યુગો સુધી વ્રત કરનાર શ્રીહરિના વૈકુંઠમાં વસે છે એકાદશી આદી વ્રતોના દિવસે હંમેશા નિંદ્રાળુ સૂતો રહે છે તેના ઘરે અસુરો, રાક્ષસો, યમદૂતો આવી અનિષ્ટકારી નૃત્ય કરે છે.

એકાદશીના દિવસે ગાન, પાઠ, જપ વગેરેનું આચરણ કરવું જોઈએ. મુંગાની જેમ બેસી રહેવાથી સાત જન્મો સુધી મુંગાપણું ભોગવવું પડે છે. શ્રીહરિની સમક્ષ જે અતિ લજ્જાયુકત બની નર્તન નથી કરતો તે આ જન્મ અને આગલા જન્મમાં પાંગળા જેવો જ છે. ગીત, નૃત્ય, જપ, જાગરણ કરવાવાળો મારા નિર્મિત વિષ્ણુપદને પ્રાપ્ત કરે છે જે સર્વશ્રેષ્ઠ પદ છે. અન્ય ભક્તોને પણ જે એકાદશીના દિવસે જાગરણ કરાવે છે તે મારા પાર્ષદોના

ધામમાં વસે છે.

એકાદશીના દિવસે કોઈ નિંદ્રાળું માણસને જગાડી જાગરણમાં પરોવે છે તો તે પરોવનાર ચિરકાળ સુધી પોતાના પિતૃઓ સાથે વૈકુંઠવાસી બને છે. શ્રીકૃષ્ણના આ વ્રતમાં પોતાની મતિ અર્પણ કરી જે જાગરણ કરે છે તે ૬૦,૦૦૦ વર્ષ સુધી શ્વેતદ્વિપે ક્ષીરસાગરના ઉત્તર ભાગે વૈકુંઠે વસે છે. કામની ઈચ્છા રાખી દોષી થયા હોય તથા જન્મ વગેરે દોષો પણ શ્રીએકાદશીના જાગરણ કરવાથી રાત્રે જ તે બધાં પાપ નાશ પામે છે.

શ્રીહરિ તથા શાલીગ્રામની પાસે સારી રીતે જાગરણ કરવાથી કરોડો તિર્થોનું ફળ મળે છે. દિવસ-રાત્રે નિંદ્રા તેમજ નિંદા કરવાથી સૂકૃત અને કરેલા વ્રતનું ફળ નાશ પામે છે. વ્રત જાગરણ કરવાથી ચતુર્વિધ પુરૂષાર્થો, સંપત્તિ, પુત્રો, કીર્તિ, ધન આદી શાશ્વત બને છે તથા સ્વર્ગાદી લોકો પણ પ્રાપ્ત થાય છે.

જાગરણ વગરનું વ્રત કરવાથી શ્રીવિષ્ણુ પ્રસન્ન નથી થતા તથા શાશ્વત ફળ અને દિવ્યલોક પણ પ્રાપ્ત નથી થતું. વ્રત જાગરણ કરવાથી શાશ્વતધામ મળે છે. જાગરણ માટે શ્રીહરિના મંદિરે અથવા જાગરણના સ્થાને જવાથી પગલે-પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે.

વ્રતની રાતે જાગરણ માટે શ્રીહરિના મંદિરે જતાં પગમાં જેટલા રજકણ ચોંટે તેટલાં યુગો સુધી વ્રતી શ્રીહરિના ધામમાં નિવાસ કરે છે. જે અજ્ઞાની જીવ છે તેને એકાદશી તથા બારસ બંને દિવસે જાગરણ કરવું. જાગરણ માટેના ઉત્તમ, મધ્યમ તથા કનિષ્ઠ આમ ત્રણ પ્રકાર છે. તેમાંથી ઉત્તમ જાગરણ કરવું જોઈએ.

કથા, હરિગાન, નર્તન વિશેષ રીતે સાત્ત્વિકી ભાવનાયુક્ત જાગરણ તે ઉત્તમ જાગરણ માનવામાં આવે છે. ગાંધર્વ રીતે હરિકિર્તનાદી તાલ સાથે કરવાથી તથા ધૂપ-દીપ વગેરેથી શોભાયમાન જાગરણ ઉત્તમ ગણાયું છે. ભક્તિભાવના યુક્ત શ્રીહરિના નામોચ્ચારણ સહિત જાગરણ ઉત્તમ જાગરણ મનાયું છે. ઉત્સાહથી સારો ઉત્સવ કરી નૈવેદ્ય, ફળ, પાન આદિથી યુક્ત

જાગરણને ઉત્તમ માનવામાં આવે છે. શ્રીહરિની આરતી, પ્રદક્ષિણા કરવી એ પણ ઉત્તમ જાગરણ છે.

શાસ્ત્રનું જ્ઞાન અપાતું હોય, ગુરુની સેવા, દેવની સેવા જ્યાં થતી હોય સ્મરણ તથા શ્રીહરિના પાદસેવનનું કાર્ય જ્યાં થતું હોય તે જાગરણ ઉત્તમ ગણવું. દરેક ભાવથી જ્યાં વૈષ્ણવભક્તો અગ્રભાવથી શ્રીહરિનું જાગરણ કરતાં હોય છે, જે શુકલપક્ષ અને કૃષ્ણપક્ષમાં આવે છે. તે જાગરણના દિવસે વ્રત, દાન, તપ, હોમ, સ્વાધ્યાય આદિ પણ ન થઈ શકે અથવા કોઈ બીજું પુણ્યકાર્ય પણ ન થાય એમ હોય તો જાગરણનો કંઈ અર્થ જ નથી.

જો પ્રવાસમાં જવાનું હોય, વનક્ષેત્ર કે જંગલમાં જવાનું હોય, બીજા ગામે જવાનું હોય, બગીચા, સમાજમાં નદીમાં, પર્વત પર, રણમાં જવાનું હોય. માણસ કોઈ ખિન્નાવસ્થામાં હોય અથવા એવા સંજોગો હોય અથવા પરાધીન રહેવું પડતું હોય, કોઈ મોટા માર્ગે જવાનું હોય છતાં જે તે રીતે પ્રયત્નપૂર્વક મારું જાગરણ કરે છે તે મને અતિપ્રિય છે. જે કોઈ બીજા દેવ, દેવી કે અન્યનો ભક્ત હોય અથવા મારો જ ભક્ત હોય તે વ્રતના દિવસે નિંદ્રાનો સર્વથા ત્યાગ કરે છે તો તે પણ ફળ મેળવનાર બને છે.

શૈવ, શાક્ત, સૌર, ગણેશભક્ત અથવા મારો જ ભક્ત જો વ્રત કરી જાગરણ આચરે છે તો તે પણ ફળ પ્રાપ્ત કરે છે. નિંદ્રાળુને તો પશુ જ ગણવો કે જે માત્ર ઈન્દ્રિયોને આરામ જ આપે છે તે મને અપ્રિય છે. જે વ્રત જાગરણ નથી કરતો, જે નિંદ્રા ભોજન તથા ઈન્દ્રિયોને આહાર આપે છે તે મારા વ્રતના દિવસે આમ કરે છે તો તે તિર્યગ્નોનીમાં પ્રતિ કણે કણે વારંવાર જાય છે તથા તેણે દેવો અને પોતાના પિતૃઓને હણ્યાનું પાપ લાગે છે અને તેની પુણ્યની રેખા નાશ પામે છે તથા તે પોતાના સૌભાગ્યનો નાશ કરનાર બને છે.

જેણે શ્રીહરિના એકાદશીનું વ્રત કે જાગરણ નથી કર્યું તેની સમ્યદા વિપદાને પાત્ર બને છે, તે અભિમાની છે. તેણે તાલી વગાડી, વાદન વગાડી, નર્તન, ગાન કરાવી જાગરણ કરવું. શ્રીહરિના ચરિત્રોનું સ્મરણ કરાવી વૈષ્ણવજનોનું મનોરંજન કરાવી તેઓના રોમે રોમમાં પ્રભુ પ્રેમ તથા હર્ષ

જગાડી જાગરણ કરવું. સુંદર આલાપો કરી મીઠાં ભાવો જગાડી દર્શાવી, ચેષ્ટાઓ કરી, વ્યંગ કરી હરિકિર્તન માટે લોકોને પ્રેરવા.

આ રીતે વ્રત કરી જાગરણ કરવાથી મિનિટે મિનિટે તેનું પુણ્ય નૈમિષ જેવું પુણ્યપદ બની જાય છે. વ્રત જાગરણ કરનારને કરોડો તિર્થોના ફળ, કરોડો યજ્ઞોનાં ફળ તથા કરોડો દાનનાં ફળ મળે છે. શાંતિથી, મનથી, ધૂપ-દીપ, નૈવેદ્ય, આરતી તથા રાત્રે જાગરણ કરવાથી સાત દ્વીપોનું આધિપત્ય મળે છે. ઘણાં બધાં મોટા પાપો કરોડો પ્રકારની હત્યા સમાનનું પાપ જાગરણ સહિત વ્રત કરવાથી નાશ પામે છે. એક વ્રત જાગરણ કરવાથી મોટું પુણ્ય બીજા પુણ્યો કરતાં વિશેષ રીતે મળે છે.

કાશી, દ્વારકા, ગિરનાર, સોમપાટણ, આબુ, અરૂણાચલ, મંદરાચલ, હિમાલય, સહ્યાદ્રી, નવલાખ, વિંન્ધ્ય, દ્રોણાચલ તથા મહાકાલવન, વૃંદાવન, ઉજ્જૈન તથા પુષ્કર, પ્રયાગ, નર્મદા, સ્વર્ણા, યમુના, ગયા, ગોકુળ, ગોદાવરી, ગંગા, ભદ્રિકા, ગંડકી, તામ્રપર્ણી, બ્રહ્મપુત્રાદી નદીઓ, કુંકુમવાવ આ દરેક તિર્થોની વિધિવત્ યાત્રા કરવાથી પણ તેટલું ફળ નથી મળતું કે જેટલું ફળ શ્રીહરિની એકાદશી વ્રતે જાગરણ કરવાથી મળે છે.

જાગરણ સહિત વ્રત કરવાથી જે પુણ્ય મળે છે તે તિર્થો, પર્વતો, નદીઓ, સમુદ્રો, વનો તથા અરણ્યો, ચૈત્યો, દ્વીપો, પૃથ્વી તેમજ તત્ત્વો, દેવતા, ઋષિઓ, મુનિઓ, પિતૃઓ, અગ્નિ, ગંધર્વો, કિન્નરો, નાગો, ચારણો, બ્રહ્માનિર્મિત સૃષ્ટિના તમામ જડચેતનો, વૈમાનિકો, વૈરજો, કાલાભિમાનિકેશ્વરો જે કોઈ પણ તારકો કીધા છે તે લોકોને ધારણ કરનારાઓ પણ આ એકાદશીના વ્રત જાગરણમાં દરેક જગ્યાએથી આવે છે. માટે જ જાગરણ કરવા દેવતાઓ પણ આવે છે જ એમાં કોઈ સંશય નથી. માટે ત્યાં આવેલા દેવતાઓને પ્રસાદથી તૃપ્ત કરવા. પ્રસાદ તથા નૈવેદ્ય વ્રત કરનારાએ સાચવી રાખવું અને બારસના પારણાં તે પ્રસાદ નૈવેદ્યથી કરવા. બારસના પ્રાતઃકાળે બ્રહ્મમૂહુર્તમાં સ્નાન કરી શ્રીહરિની વિધિવત્ પૂજા કરી ઉપવાસ જાગરણ તથા વ્રત શ્રીહરિને અર્પણ કરવા.

શ્રીહરિને જ વ્રત તથા તેનું ફળ અર્પણ કરવું તથા કહેવું કે, 'હે શ્રીહરિ ! આ વ્રતથી તમે મારી પર પ્રસન્ન રહો.' આમ ઉચ્ચારણ કરી જળની અંજલી હરિ સમક્ષ પૃથ્વી પર પધરાવવી અને કહેવું કે, હે પ્રભુ મને જ્ઞાન, ભક્તિ અને મુક્તિ આપો. આમ કહી નમન કરી વૈષ્ણવોને વ્રત કરનારાઓને પારણાં કરાવવાં જો સંભવ હોય તો પહેલાં તેઓને પારણાં કરાવવા પછી આપણે કરવા. ત્યારબાદ બ્રાહ્મણને ગુરુને દાન આપવું સર્વતોભદ્રમંડળ ધાન્ય સહિત, ઘડો, મૂર્તિ બધું જ આપવું. સવારે જો બારસ થોડી પણ ન હોય તો રાત્રે જ પારણાં કરી લેવા. બારસની રાત્રે ભોજનનો દોષ તે સમયે નથી લાગતો, પારણાંનો પણ નિષેધ નથી ગણાતો. તે સમયે રાત્રે સ્નાન તથા પારણાં દોષપ્રદ નથી ગણાતા.

જો થોડી પણ બારસ પારણાંના દિવસે હોય તો પ્રાતઃ અને મધ્યાહ્ન સંધ્યા સવારે જ કરી લેવી જેનાથી બારસનું અનંતગણું ફળ મળે છે. આમ વ્રત કરનાર સઘળું સાધી લે છે. બારસનું વ્રત કરી શ્રીહરિના દિવસને સાધી લે છે. ઘણાં વૈષ્ણવભક્તો વ્રત કરી દિવ્ય વૈષ્ણવધામને પ્રાપ્ત કરી ગયા છે. શ્રીહરિ સમાન દેવ નથી, બારસ સમાન તિથિ નથી તેમજ એકાદશી સમાન વ્રત નથી. આ ત્રણેય મોક્ષ પ્રદાન કરનાર છે. શ્રીહરિના કારણે જ તે બધું પૂર્ણ શાશ્વત છે. ભક્તોના સ્વામી એવા શ્રીહરિનું જ્યારે કોઈપણ મનુષ્ય એકાદશીનું વ્રત જાગરણ તથા હરિપૂજનથી કરે છે તો શ્રીહરિ તેના સ્વામી બની જ જાય છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "એકાદશીના વ્રત, જાગરણ આદિનું મહિમા નિરૂપણ" નામનો બસો સાડત્રીસમો અધ્યાય ॥ ૨૩૭ ॥

ઉત્પત્તિ એકાદશી

શ્રી નારાયણ બોલ્યા – હે દેવી લક્ષ્મી ! સાંભળો. મહાદેવે એક વખત મારી પાસે આવી મને પૂછ્યું કે એકાદશીનું મહાત્મ્ય શું છે ? મેં તેઓને એકાદશી તેમજ બારસનું પણ મહાત્મ્ય કહ્યું કે જેને સાંભળી બધા જ મુનિઓ ફળ પ્રાપ્ત કરી સ્વર્ગે સિધાવ્યા હતા. ઉત્તમ નક્ષત્ર ક્યું છે ? કે જેમાં આવતી એકાદશીનું ફળ કરોડોગણું અને સ્વર્ગ આપનારું છે તે હું તમને કહું છું. જ્યારે શુકલપક્ષમાં એકાદશી પુનર્વસુ નક્ષત્ર હોય ત્યારે આવે છે તે ઉત્તમ એકાદશી ગણવી કે જે જયા, વિજ્યા તથા જયન્તી એકાદશી તરીકે ઓળખાય છે. જ્યારે શુકલપક્ષમાં દ્વાદશીના દિવસે શ્રવણ નક્ષત્ર હોય ત્યારે તે એકાદશીને જયા નામથી જાણવી. જ્યારે શુકલ દ્વાદશીના દિવસે રોહિણી નક્ષત્ર આવતું હોય તો તેને એક હજારગણું ફળ આપવાવાળી વિજ્યા એકાદશી માનવામાં આવે છે.

સાત જન્મોમાં કરેલા પાપો તેનો વિનાશ કરનારી જયન્તી નામથી તે તિથિને ઓળખાય છે કે જે શુકલ દ્વાદશીનાં દિને પુષ્ય નક્ષત્રમાં હોય છે તથા તે તિથિ સર્વોત્તમા તિથિ અને મહા પુણ્યશાળી તિથિ છે. જે દર વર્ષે આ દિવસે ઉપવાસ કરી તલનો પર્વત જેવો ઢગલો કરી તે તલના પર્વતનું દાન કરે છે તો તેનું અધિક ફળ મળે છે. આ વ્રત પુષ્ય નક્ષત્રની તિથિમાં કરવાથી શ્રીહરિ પ્રસન્ન થાય છે તથા શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન થાય છે અને મોક્ષ આપવાવાળા ફળ મળે છે. માણસે કરેલા કાયિક, વાચિક તથા માનસિક પાપોમાંથી મુક્તિ મળે છે. જો પુષ્યયુક્ત આ તિથિનું વ્રત કરવામાં આવે તો

આ દિવસે (પુષ્ય નક્ષત્ર યુક્ત શુકલ દ્વાદશી આવતી હોય તે એકાદશી-દ્વાદશી યુક્ત) વ્રત કરવાથી હજાર એકાદશીનું ફળ મળે છે. આ દિવસે સ્નાન, દાન, જપ, હોમ, સ્વાધ્યાય તથા દેવપૂજન અક્ષય ફળ આપનારું તેમજ મોક્ષ આપનારું બને છે.

મહાદેવે શ્રીહરિને પૂછ્યું કે, મોક્ષ પામવાની ઈચ્છા માટે ઉપવાસ એકટાણું તથા જાગરણનું શું ફળ મળે છે ? પ્રભુ કહે, વિષયોમાં ભટકનારી ઈન્દ્રીયોને ભગવાનમાં પરોવી ભગવાનની મૂર્તિ પાસે બેસવાથી ફળની પ્રાપ્તિ થાય છે. તે વ્રત નિર્જળા કરવું કા સજળા કે પછી ઉપવાસ કરીને કરવું અથવા માત્ર દૂધ પીને પણ કરી શકાય. દશમીના દિવસે એકટાણું કરી આ વ્રતનો આરંભ કરવો. દશમીની રાત્રે પણ એકટાણું કરીને આ વ્રત આરંભી શકાય છે.

દિવસના આઠમાં ભાગના પ્રહરે જ્યારે સૂર્ય અસ્ત થવા આવે છે ત્યારે જ ભોજન કરવું જેને નક્તભોજ કહેવાય છે. મોડી રાત્રે એકટાણું ભોજન ન કરવું. વ્રત વ્યાવસાયિક લોકો માટે એકટાણું તારાદર્શન થતા તરત જ કરી લેવાનો નિયમ છે તથા જે કર્મચારી તેના માટે આવા નિયમનો નિષેધ નથી. બપોરે પણ એકટાણું કરી આ વ્રત આરંભી શકાય છે. દુર્બળ માણસે ભોજન પ્રભાત સમયે એકાદશીનાં દિવસે કરી લેવું. આવો નિયમ વિષયોના છૂટકારા માટે કહ્યો છે. વ્રતીએ શ્રીહરિને ૧૬ ઉપચારથી પૂજવા તથા ભગવાનને પ્રાર્થના કરવી કે- "હે પ્રભુ મારું આ વ્રત નિર્વઘ્નપણે સંપૂર્ણ થાય, મારી શ્રદ્ધાનો નાશ ન થાય." વ્યવહાર અને વ્રત બંને ભેગું ન કરવું, જે આવશ્યક છે, તે જ પ્રમાણે વ્રત કરવું.

દૂધ, પાણી, ફળ, મૂળ, પાંદ, શાક, રસ તથા ઔષધ એ ગુરુના વાક્ય કે બ્રાહ્મણના વાક્યથી જમવું, વિવશતા હોય તો જમવું. આ ૧૧ (ગુરુ, બ્રાહ્મણનું વાક્ય અને વિવશતા મળીને ૧૧ થાય છે) વસ્તુને આહારમાં લઈ શકાય કે જેનાથી વ્રત તૂટતું નથી. બપોરે પણ જળસ્નાન કરી શ્રીહરિની પૂજા કરવી. કૂવામાં નાહવું અધમ તથા વાવમાં નાહવું મધ્યમ ગણ્યું છે. તળાવ કે નદીમાં સ્નાન કરવું તે ઉત્તમ સ્નાન ગણ્યું છે તથા તિર્થસ્નાન,

મોટી નદી કે સમુદ્રનું સ્નાન તો ઉત્તમથી પણ ઉત્તમ ગણાયું છે.

અશક્ત માણસ પોતાના ઘરે જ સ્નાન કરી શકે છે તથા વૃદ્ધ પણ ઘરે સ્નાન કરી શકે છે. મંદિર જ્યાં હોય ત્યાંની માટી લાવી શરીર પર લગાડવી તથા ભૂમિ દેવીની ક્ષમા-પ્રાર્થના કરતા કહેવું કે- "હે વસુન્ધરા મને ક્ષમા કરો, હું તમારી માટીને મારા શરીર પર લેપન કરું છું. આપ અત્યારે જ હે માતા ! મારા પાપો હરી મને પુણ્ય પ્રદાન કરો."

આમ પ્રાર્થના કરી શરીર શુદ્ધિ માટે દેહ પર માટીનો લેપ લગાડવો તથા મનમાં જ શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં જળમાં નહાવું તથા શ્રીહરિને નૈવેદ્ય અર્પણ કરી પીવાનું પાણી આપવું તથા ત્યાં જ શ્રીહરિની કથા-વાર્તા સાંભળતા સમય વિતાવવો, ભક્તિપૂર્ણ આખો દિવસ વીતાવી વ્રતીએ રાત્રે ઘણી સારી વસ્તુઓથી હરિપૂજન કરવું તથા જાગરણ કરવું. જેમ શુકલ પક્ષનું તેવી જ રીતે કૃષ્ણ પક્ષનું વ્રત કરવું. વિધિને બદલાવવી નહીં.

એકાદશીનો કોઈ પણ દિવસ વ્રત વગરનો ન જવા દેવો. દર એકાદશીએ વ્રત કરવું. આ પ્રમાણે વ્રત કરવાથી સ્વયં ભગવાન શ્રીહરિ પ્રસન્ન થાય છે તથા પોતાના ધામમાં વ્રતીને લઈ જાય છે તથા પૂર્ણ આનંદવાળું ફળ આપે છે. ચાર લાખ સંક્રાંતીએ દાન કરવાનું જે ફળ મળે છે તે એકાદશીના ઉપવાસની એક કળા બરાબર નથી. પ્રભાસ કે કુરુક્ષેત્રમાં સૂર્ય-ચંદ્રદર્શનનું જે ફળ છે તે શ્રેષ્ઠ ફળ એકાદશીના ઉપવાસ કરનારને મળે છે.

કેદારનાથમાં જઈ જળપાન કરવાથી લોકોનો પુનર્જન્મ નથી થતો તેવી જ રીતે એકાદશીના પુણ્ય પ્રાપ્ત કરવાથી પુનર્જન્મ નથી થતો. અશ્વમેધ આદિ યજ્ઞોથી પણ અધિક પુણ્ય આ વ્રત કરવાથી મળે છે તથા એક હજાર અબજ તપસ્વીઓને પોતાના ઘરે રોજ જમાડવાનું પુણ્યવાળું શ્રેષ્ઠ ફળ એકાદશીના ઉપવાસ કરનારને મળે છે તથા એક હજાર ગાયોના દાનનું પુણ્ય મળે છે, ઉર્ધ્વગામી પુણ્ય મળે છે.

વ્રત કરનારના દેહમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વાસ કરે છે તથા વ્રતી કેશવમય બની જાય છે. જેમ રૂકમિણિના સ્વામીની સેવાના પુણ્યનો અંત

નથી તેમ એકાદશીના વ્રત-પુણ્યની કોઈ જ સંખ્યા નથી. આ દિવસે ઉપવાસ કરવાથી પૂર્ણ તથા રાત્રે ભોજન કરવાથી અડધું તથા એકટાણું કરવાથી અડધાનું અડધું પુણ્ય મળે છે. તિર્થો, દાન, નિયમો ગર્જીને કહે છે કે જ્યાં સુધી જંતુ પોષણ નથી પામતો ત્યાં સુધી હરિના વ્રત કરવા જોઈએ. એકાદશી સમાન એક હજાર મહાયજ્ઞો, હજાર મહાદાન કે સો સ્વર્ગ પણ નથી.

માગશર માસના કૃષ્ણપક્ષે આવનારી ઉત્પન્ના એકાદશીનું વ્રત કરવાથી મોક્ષ મળે છે તથા તે એકાદશી મને પ્રિય છે. તે દિવસે એકાદશીની ઉત્પત્તિ થઈ હોવાના કારણે તે એકાદશી ઉત્પન્ના એકાદશીના નામથી ઓળખાય છે. વ્રત કરનારે આ દિને એકાદશીની ઉત્પત્તિની કથા સાંભળવી, વિધાનપૂર્વક પૂજન કરવું. તે એકાદશી 'અભયા' નામથી પણ ઓળખાય છે. જે પૂજ્ય છે તથા સુલક્ષણોયુક્ત છે. તે દિને શ્રી લક્ષ્મીએ સહિત નારાયણનું પૂજન કરવું. કાળા તલ, પુષ્પ, નૈવેદ્ય ભગવાનને અર્પણ કરવા તથા ગોળભાત ભગવાનને ધરાવવા. નાળિયેર અને અર્ધ્ય આપવું. બળદનું દાન તથા દક્ષિણા અને સુવર્ણની વીંટી પણ શ્રીકૃષ્ણને આપવી પછી વિધિવત્ વ્રતના દિવસે ઉત્સવ આદરી ઉત્પત્તિની કથા કરવી. (જે કથા આ પ્રમાણે છે) જ્યારે પ્રાતઃકાળે ભગવાન નારાયણ ગુફામાં નિંદ્રાવશ હતા કે જે ગુફાનું નામ સિંહવતી હતું તથા તે ગુફા હિમાલય પર્વતે આવેલી હતી ત્યાં સ્વયં શ્રીહરિ સૂતા હતા ત્યાં મૂર દાનવ આવ્યો (આ કથાને નાટકરૂપે ભજવવી)અને એક કન્યાના હાથમાં શસ્ત્ર આપી તેની ઉત્પત્તિ થયાનું ચરિત્ર ભજવવું તથા મુર સાથેના યુદ્ધનું ચિત્ર ઊભું કરવું મુરનો નાશ તથા નારાયણની નિંદ્રા ભંગ થયાનું ચરિત્ર ભજવવું. પછી ગુફાની પ્રતિકૃતિ ઊભી કરી શ્રીહરિ તથા એકાદશીનું ષોડ્શોપચાર પૂજન ગુફામાં કરવું.

સર્વતોભદ્રમંડળ સાત ધાન્યોથી યુક્ત કરવું તથા મધ્યમાં સોનાનો અથવા તાંબાનો ઘડો મૂકવો કે જે ઘડામાં પાંચ રત્નો વગેરે પધરાવી વસ્ત્ર, પાંદડાથી સુશોભિત કરવો અને માથે તલથી ભરેલી થાળી મૂકી શ્રીફળ તેની ઉપર મૂકવું અને ત્યાં શ્રીહરિ એકાદશીની બે મૂર્તિઓ મૂકી પૂર્વોક્ત કથન પ્રમાણે વિધિવત્ સ્થાપન, પૂજન કરવું. વ્રત કરનારે ત્યાં સારી શય્યા પલંગ

સાથે સ્થાપવી તથા દિવસ-રાત જાગરણ કરવું. રાત્રે શ્રીહરિનું મનપૂર્વક પૂજન કરવું તથા પ્રાતઃકાળે સ્નાન કરી પૂજા કરી ગાય, ભૂમિ, સોનું વગેરે યથાશક્તિ ગુરુને અથવા બ્રાહ્મણને દાન કરવું અને વિસર્જન કર્યા બાદ પારણાં કરવા.

સાધુ, સાધ્વી, બાળકો, બ્રાહ્મણો, ગરીબોને જમાડવા અને ગુરુને બ્રાહ્મણને તે મૂર્તિઓનું દાન કરવું તથા પૂજા, વ્રત, ઉદ્યાપન કરાવનાર તે ગુરુને બ્રાહ્મણને યથાશક્તિ યથાદ્રવ્ય અલગ-અલગ દાન કરવું. જેમ કે રાજ્યદાન, ગામદાન, ખેતરનું દાન, ઘરનું દાન, કન્યાદાન, પશુદાન, રત્નો, મણિઓ, હાથી, ઘોડા, ગાડાનું દાન અથવા કોઈ વાહનનું દાન, અન્ન, વસ્ત્ર, વિદ્યા, જ્ઞાન વગેરેનું દાન કરવું. જેટલું દાતાનું સામર્થ્ય હોય તેટલું દાન તે પૂજા કરાવનાર બ્રાહ્મણને આપવું.

પૈસામાં બુદ્ધિ રાખી દાન કરવામાં કપટતા ન કરવી. ખાસ કરીને ધનિક તથા રાજાએ તો કપટ ન જ કરવું. ફળ, લાકડા તથા તલનું દાન પણ કરવું. નિર્ધન લોકોએ પણ પોતાના શરીરથી, વાણીથી તથા મનથી સેવા કરવી જે સેવા થઈ શકે તે કરવી. પોતાનાં બંને હાથો વડે કરવી. મંદિરે જઈ મંદિર વાળવું, ધોવું આમ દાસની જેમ વર્તન કરવાથી આદિ અને અંતનું ફળ મળે છે. ભાવયુક્ત સેવા કરવાથી ભગવાન પ્રસન્ન થાય છે.

હે મહાદેવ ! તમે આ આખ્યાન સાંભળો. જેના શ્રવણથી પણ માણસ તરી જાય છે. પૂર્વે બ્રહ્માજીના ત્રીજા કલ્પમાં મરુદેશમાં જન્મેલો રાજા હતો જેનું નામ મરુદ્ધન્વા હતું તથા તે એકદમ સ્વાર્થ પરાયણ રાજા હતો. તે કલ્પના અંતે જ્યારે કળિયુગ શરૂ થઈ ચૂક્યો હતો ત્યારે તે રાજા વિષયોમાં પ્રવૃત્ત થયો તથા તેની પ્રજા પણ રાજાની જેમજ કામલોભાદી દોષોથી પ્રવૃત્ત હતી. પ્રજાનાં ઘણાં બધાં દોષોને કારણે તથા રાજાના પણ દોષોને કારણે તથા પાપોને કારણે તેના રાજ્યમાં વૃષ્ટિ વરસાદ થતો ન હતો.

આમ વરસાદ ન થવાના કારણે આખી પ્રજા પીડાવા લાગી તથા લોકો એકબીજાનાં અને પોતાનાં લોકોનાં વસ્ત્રો, અન્ન વગેરે ચોરવા લાગ્યા. બળજબરીપૂર્વક બધાં બધું એકબીજાનું લૂંટવા લાગ્યા. કોઈ ન્યાય જ કરવાવાળું ન હતું. જેમ જેમ અનાવૃષ્ટિનો સમય પસાર થતો ગયો તેમ તેમ રાજા

પ્રજાની પાસેથી ધન, અન્ન, નારી, ગાયો વગેરે બધું જ બળપૂર્વક હઠથી પોતાની પાસે ખેંચવા લાગ્યો. તે દેશમાં હિંસા, અસત્ય, ચોરી, બળાત્કાર આદી પાપોથી દૂષિત થવાના કારણે પ્રજા ક્ષય પામવા લાગી તથા રાજા પણ નાશ તરફ જવા લાગ્યો તથા તે અતિશય મહાપાપ વારંવાર કરવા લાગ્યો. તેમજ સાત વર્ષ વિત્યા બાદ પણ વરસાદ ન થયો ત્યારે અન્ન વગેરે નહીં મળવાથી રોગ અને અતિ પીડા થવાથી તે રાજાની રાણી મૃત્યુ તરફ જવા લાગી અને પુત્ર પણ રોગાદીથી ત્રાસ્ત હોવાના કારણે મરવા જેવો થઈ ગયો.

ત્યારે રાજા અતિ આક્રોશથી બોલવા લાગ્યો, 'હે પરમાત્મા ! ઉદ્ધાર કર. મેં અતિ પાપ કર્યાં છે તથા પુણ્યનું અર્જન નથી કર્યું. તેનું આ ફળ છે કે જે મને દુઃખ આપે છે તથા મેં જ મારા મસ્તક પર સર્વનાશને ધારણ કર્યો છે. હે માધવ હું હવે કંઈ પણ કરવા સક્ષમ નથી.

હે પ્રભુ ! મને ભૂખરૂપી મહાદુઃખથી તારો તથા આ પ્રાણનાશિની પરિસ્થિતિ સુધારો. આમ કહી તે રાજા રોવા લાગ્યો અને વિલયપૂર્વક હરિનું સ્મરણ કરવા લાગ્યો. ત્યારે આકાશવાણી થઈ - "હે રાજન ! તું રડવાનું બંધ કર. મારું સ્મરણ તથા પશ્ચાતાપ કરવાથી તારા પાપો બળી ગયા છે, લે આ જળ ગ્રહણ કર કે જેનાથી વર્ષા થશે તથા હરિયાળી છવાશે તેમજ તમારા પ્રાણોની રક્ષા થશે ને તમે સુખી થશો તથા આજથી ત્રણ દિવસ આગળ મારી પ્રિય એવી એકાદશી તિથિ છે તેનું તું વ્રત કરજે. જેનાથી તારા રાજ્યમાં સારી એવી વર્ષા થશે તથા ફરીથી તારી પ્રજા રાજ્યમાં વસશે અને સુખની પ્રાપ્તિ કરશે. તારો દેશ તથા તારી પ્રજા તે એકાદશીના વ્રત કરવાથી ધનધાન્યથી યુક્ત બનશે, આ તે વ્રતનું ફળ છે."

આમ આકાશવાણી પૂરી થઈ પછી તેના કહ્યા પ્રમાણે રાજા, રાણી તથા પુત્રએ આ એકાદશીનું નિર્જલા વ્રત કર્યું તથા તે વ્રતના મહાન પુણ્યને કારણે પ્રજા તે દેશમાં ફરી આવી અને વસી તથા અતિ સુખદાત્રી સારી એવી વર્ષા ત્યાં થઈ. રાણી પણ રોગમુક્ત બની. તે રાજાનો પુત્ર પણ સુખી થયો. રાજાએ પોતાની ધૂરા પુત્રને આપી દીધી તથા તે રાજા તથા રાણી એક વર્ષની દરેક એકાદશીના વ્રત કરવા લાગ્યા. એક વર્ષ પૂર્ણ થયા બાદ

આકાશમાર્ગેથી બે વિમાન આવ્યા કે જે રાજા તથા રાણી માટે આવ્યા હતા તથા તે વિમાનમાં એક એક વિમાનચાલકો પણ હતા. તે બંને બોલ્યા કે અમે સ્વર્ગના દૂતો છીએ તથા અમે તમારા કરેલા એકાદશી વ્રતોના પુણ્યને કારણે આવ્યા છીએ કે જે પુણ્ય હજારગણું છે કે જેનાથી આ દેવના ચોથા કલ્પમાં તમે મરુત નામના દેવ થઈ હજારો યુગો સુધી સ્વર્ગ ભોગવશો. માટે જ અમે તમને તમારી પત્ની સાથે સ્વર્ગમાં લઈ જવા આવ્યા છીએ. આમ કહ્યા બાદ રાજા તથા રાણી દેહ છોડી સ્વર્ગે સિધાવ્યા તથા કલ્પના અંતે વારંવાર જન્મ લઈ વ્રતના પ્રભાવે સ્વર્ગે ગયા અને દેવ બની ભક્તિભાવપૂર્વક ભોગ ભોગવ્યા. તથા મહાભાગવત બની સુવર્ણનાં બાજુબંધ પહેરી ભગવાનના દાસ સરખા થઈ હરિને સેવી હરિધામે સિધાવ્યા. માટે જ માગશર માસમાં આવનારી કૃષ્ણપક્ષી એકાદશીનું વ્રત પ્રયત્નપૂર્વક સારી રીતે કરવું કે જેનાથી સ્વર્ગ તથા મોક્ષ મળે.

આમ આ ઉત્પત્તિ એકાદશીના વ્રતથી સદા માટે રાજ્ય, પુત્ર, ધન, લાભો તથા આરોગ્યની પ્રાપ્તિ થાય છે. સકામ કે નિષ્કામ ભાવે આ વ્રત કરવું જ જોઈએ કે જેનાથી ધારેલું બધું જ અને સ્વર્ગ તેમજ મોક્ષ મળે છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "માગશર માસના કૃષ્ણપક્ષમાં આવતી ઉત્પત્તિ એકાદશીનું વ્રત, વિધિ આદિ તથા તેની ફળપ્રાપ્તિ આદિ નિરૂપણ" નામનો બસો આડત્રીસમો અધ્યાય ॥ ૨૩૮ ॥

મોક્ષદા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા – હે દેવોના દેવ ! બધાં જ જીવોને સુખ આપનારા અંતર્યામિ, દરેક કામનાઓનું ફળ આપનારા હું આપને વંદન કરું છું.

હે ભગવાન વિષ્ણુ ! લોકોના કલ્યાણાર્થે હું આપને પૂછું છું કે પાપીઓના પાપનાશ માટે તથા ઈચ્છાવાળા સકામી લોકોને સમૃદ્ધિ મળે તે માટે હે પ્રભુ ! માગશર માસની શુકલપક્ષી એકાદશીનું નામ શું છે ? તથા તેનું ફળ શું છે ? ક્યા દેવ તે એકાદશીના પતિ છે ? હે પ્રભુ ! વિસ્તારપૂર્વક આપ મને યથાર્થ રીતે સમજાવો. આમ સાંભળી શ્રીહરિ કહે, હે દેવી લક્ષ્મી ! સાંભળો. માગશર માસની શુકલપક્ષી એકાદશીના વ્રતના શ્રવણ માત્રથી વાજપેય યજ્ઞનું ફળ મળે છે. દશમીના દિવસે રાત્રે ભોજન ન કરવું તથા જમીન પર સૂવું. બ્રહ્મચારી બની રહી ક્રોધ આદિ દોષોને ત્યજવા. એકાદશીના દિવસે બ્રહ્મમુહૂર્તમાં જાગી મોક્ષદા એકાદશીના પતિ એવા શ્રી દામોદર શ્રીકૃષ્ણનું સ્મરણ કરવું. દરેક પાપને હરનારી, મોક્ષ આપનારી મોક્ષા નામાભિધાન વાળી મોક્ષદા નામથી તે એકાદશી કહી છે કે જે શ્રીકૃષ્ણએ પોતાની ઈચ્છાથી નામ આપ્યું છે. શ્રીકૃષ્ણએ દામોદર સ્વરૂપ દ્વારા તે એકાદશીનું પાણીગ્રહણ કર્યું છે તેથી જ આ એકાદશી સાથે શ્રીદામોદરલાલજીની પણ પૂજા કરવી.

પ્રાતઃકાળે શ્રીહરિ દામોદરનું તથા મોક્ષદા તેમનું સ્મરણ કરી સંકલ્પ કરવો કે હું આજે આ વ્રત મુક્તિ પામવા માટે, સમૃદ્ધિ અર્થે અથવા જે કાંઈ પણ ઈચ્છા હોય તેનાં માટે સર્વસ્વ કામના માટે આચરું છું. આમ સંકલ્પ

કરી ગૃહસ્થે શૌચાદીથી શુદ્ધ થઈ કોઈ તિર્થમાં સ્નાન કરી, આચમન કરી શ્રીહરિ માટે પૂજા-સામગ્રી ભેગી કરવી તથા સાત ધાન્યોથી યુક્ત સર્વતોભદ્રમંડળ કરવું તથા સોના કે ત્રાંબાનો ઘડો તે મંડળ મધ્યે સ્થાપવો કે જે ઘડો પાંચ પાંદડા, વસ્ત્ર, પાંચરત્નો, ફળ તથા જળથી યુક્ત હોય. પછી તલથી ભરેલ પાત્ર તે કળશ ઉપર મૂકી તેમાં અથવા થાળીમાં દામોદરજી અને મોક્ષપ્રદા એકાદશીની મૂર્તિ કે જે સોનાની હોય તેનું સ્થાપન કરવું તથા ૧૬ ઉપચારથી ષોડ્શોપચાર પૂજન દ્વારા તે એકાદશી સહિત કેશવનું તુલસી તથા તેના માંજર, ધૂપ, દીપ વગેરે શુભ દ્રવ્યો અને માલતીના ફૂલોની માળાઓથી પૂજન કરવું તથા મધ્યમાં નારંગીનું ફળ રાખી અર્ઘ્ય અર્પણ કરી, નૈવેદ્યમાં લાડુ ધરવા અને વિશેષફળ પ્રાપ્ત કરવા માટે સાતધાન્યો આપવા. જવ, ઘઉં, તલ, કાંગ તથા ડાંગર, અડદ તથા ચણાની દાળ આમ સાત ધાન્યોનું દાન આપવું. આ શ્રેષ્ઠ દાન ગણ્યા છે જે યથાશક્તિ અર્પણ કરવા.

એકાદશી સહિત શ્રીકેશવ ભગવાનને પ્રાર્થના કરવી કે, મેં આ મોક્ષદા એકાદશીનું વ્રત તમને પ્રાપ્ત કરવા માટે કર્યું છે. હે કેશવ ! મેં મારી શક્તિ મુજબ તમારી પૂજા કરી છે કે જેનાથી આપ પ્રસન્ન થાવ તથા સર્વ સમૃદ્ધિ મને આપો. હે સ્વામી ! સંસારસાગરમાંથી પાર ઉતારવાવાળા આપ મને મોક્ષ અર્પણ કરો. આમ સારી રીતે ભગવાનની સ્તુતિ-પ્રાર્થના કરી નૈવેદ્યો, ફળ તથા પાણી ભગવાનને અર્પણ કરવા. ત્યારબાદ તાંબુલ, મુખવાસ, એલચી, સોપારી, પાન, સુગંધિત અત્તર અથવા પુષ્પ અર્પણ કર્યા બાદ નમસ્કાર કરવા તથા રાત્રીના ઉત્તરકાળમાં પણ વંદન, સ્તવન કરવા તથા પ્રદક્ષિણા કરી દંડવત્ પ્રણામ કરી ભગવાનને પુષ્પાંજલિ અર્પણ કરવી અને ભગવાન સમક્ષ બોલવું કે જેટલાં મારા દ્વારા જ્ઞાનથી-અજ્ઞાનથી પાપો થયા છે તે બધાં તમારું વ્રત તથા પૂજન કરવાથી નાશ પામી જાય. આમ કહી ફરી નમન કરી અને વિસર્જનની ક્રિયા શરૂ કરવી. બપોરે ભોજન તથા મિષ્ટાન્ન ભગવાનને અર્પણ કરવા તથા સંધ્યાકાળે એટલે કે રાત્રી થવાના સૌથી આગળના સમયે સાંજે ષોડ્શોપચારથી પૂજા કરવી તથા ભક્તોએ સારી રીતે જાગરણ કરવું. બારસના પ્રાતઃકાળે નાહી શ્રીકેશવની સારી રીતે

પૂજા કરવી તથા વિસર્જન કરી વિવિધ પ્રકારના દાન અને વધારામાં વધારે દક્ષિણા આદી ગુરુને બ્રાહ્મણને અર્પણ કરવું તથા ભોજન કરાવવું. આ પ્રમાણે વ્રત કરનાર ભુક્તિ-મુક્તિ પામે છે તથા પ્રતાપવાન બને છે તેમજ પોતાના બધાં જ પિતૃઓનો તારક પણ બને છે તથા વંશોના દુઃખનો નાશ કરવાવાળો બને છે.

હે લક્ષ્મી ! આ મોક્ષદા એકાદશીના મોક્ષદાનના ફળ અર્પણને કારણે જે પિતૃઓ નીચ યોનિમાં હતા તે મુક્તિ પામ્યા તેની એક પૂર્વે થયેલી કથા હું તમને સંભળાવું છું સાંભળો. ચંપાપુરી નામની નગરીમાં એક મહાન વૈશ્વાનર નામનો રાજા રહેતો હતો કે જેને પછીથી મહા વૈષ્ણવતા પ્રાપ્ત થઈ અને તે પિતૃઓનો તારક બન્યો. તે રાજા પોતાની પ્રજાને પુત્રની જેમ પાળતો હતો તથા રક્ષા કરતો હતો તથા તે નગરીની પ્રજા પણ વૈષ્ણવો અને બ્રાહ્મણોથી ભરપૂર હતી. ત્યાં સજ્જન લોકો વસતા હતા ત્યાંના લોકો વેદ-વેદાંગ તથા વિજ્ઞાન આદિથી પરાયણ અને સત્કર્મો કરવાવાળા હતા તેમજ બધા જ સમૃદ્ધ અને વૈભવી લોકો હતા.

રાજાએ પૂર્વે કરેલા તપનાં પુણ્યબળના કારણે એવી પ્રજા તેને મળી હતી કે જે સુખપૂર્ણ અને વિસ્તૃત પ્રજા હતી. આમ મહા સમૃદ્ધ રાજ્ય મળવાના કારણે તે રાજા સદા રાજ્યના અભિમાનથી પોતે કદી વ્રત, દાન, વગેરે કરતો ન હતો અને નાસ્તિક બની ગયો હતો. તે શ્રાદ્ધ પણ કરતો ન હતો તથા પિતૃ નિમિત્તે અન્ન કે પાણી આદિ પદાર્થોનું દાન પણ ન કરતો હતો તથા કોઈપણ પ્રકારના પુણ્યપ્રદ કર્મો કરતો ન હતો. તેથી નવું કંઈ પુણ્ય પ્રાપ્ત ન થવાથી તેના પિતૃઓ દુઃખી હતા તે પિતૃઓ અન્ન-જળ વિહોણા થઈ પિતૃલોકમાંથી નીચલોકમાં આવી ગયા. પોતાના વંશમાં જન્મેલો રાજા શ્રાદ્ધ આદિ કર્મો ન કરતો હોવાથી તે પિતૃઓ ખૂબ દુઃખી થયા તથા ઊંડા ગરમ નિઃશ્વાસ નાખવા લાગ્યા હતા. પિતૃઓ દુર્બળ પણ થઈ ગયા હતા તથા રાજાના નાસ્તિકપણાંને કારણે રાજાના બધા જ પિતૃઓ નરકે પડ્યા હતા. તે પિતૃઓ રાત્રે પ્રત્યક્ષ રાજાનાં સ્વપ્નમાં આવ્યા કે જે સ્વપ્નમાં લાંબા નિઃશ્વાસ કાઢતા હતા, અતિ બીમાર તથા ભુખથી પીડાઈ રહ્યા હતા તથા

તેઓના ગળા પાણીની તરસથી સૂકાઈ ગયા હતા અને તેઓનું બળ પણ નષ્ટ થઈ ગયું હતું. તે પિતૃઓ તેજ વગરના તથા સુકાઈ ગયેલા માથાવાળા અને કાળાં મોઢાવાળા બની ગયા હતા. આક્રોશિત તથા અતિ દરિદ્ર જેવા લાગતા હતા. વળી દુઃખી તેમજ ભિખારી જેવા લાગતા હતા. તે પિતૃઓ પરસ્પર એક બીજાને કહેતા હતા કે - 'અહો, આ રાજ્યમાં સ્થિત આપણો જ વંશજ આ રાજા કેવો નાસ્તિકવૃત્તિ વાળો જન્મ્યો છે કે જેનાથી આપણે દુઃખી થઈ અને આવી અસહ્ય પીડા સહન કરવી પડે છે.'

આ રાજા આપણું શ્રાદ્ધ પણ નથી કરતો તથા આપણને પાણી પણ અર્પણ નથી કરતો તથા આપણને સમય આવ્યે ત્યારે પિતૃપક્ષમાં થોડું પણ જળ અર્પણ નથી કરતો. પિંડ કે જળ પણ નથી અર્પણ કરતો તથા તર્પણ કરતો નથી કે કરાવતો પણ નથી. માટે અમે દુઃખી છીએ તથા સંતપ્ત છીએ અને તે દુઃખના કારણે જ અધોગતિ પ્રાપ્ત કરી અમે બધાં નરકમાં પડ્યા છીએ.

આ રાજા નાસ્તિક થઈને કુપુત્ર બન્યો છે, આપણી ઈચ્છા તો આસ્તિક પુત્રની હતી. આપણે નિર્વંશતાની ઈચ્છા રાખી હોત તો સારું હતું. આપણે તો વળી મોક્ષની ઈચ્છા રાખી બેઠા છીએ પણ આ કુપુત્રતાની ઈચ્છા રાખી ન હતી કે જે આપણને અન્ય કંઈ પણ આપી શકતો નથી. તેને આપણે પુત્ર હવે નહીં આપીએ. કેમ ? ક્યાંથી ? ક્યાં ? આપણે અન્ન-જળ પ્રાપ્ત કરીએ ? જો તું અમને પાણી, પિંડ આદિ અર્પણ કરે તો અમે સુખી થઈએ ને ?

આમ કહી તે બધાં પિતૃઓ અંતર્ધ્યાન થઈ ગયા અને રાજા અતિ આશ્ચર્યતા પામ્યો. સવારે રાજા ઊઠી અને સ્વપ્નમાં બનેલી ઘટના બ્રાહ્મણોને બોલાવી કહેવા લાગ્યો - ''મેં મારા પિતૃઓને સ્વપ્નમાં નરકમાં પડેલા જોયા તથા તે લોકો મને કહેતા હતા કે, હે પુત્ર અમને આ અધોગતિમાંથી તાર'' આમ તે પિતૃઓ નિઃશ્વાસ નાખતાં, રડતાં, આક્રોશ કરતા મને બોલ્યા. આમ મેં મારા પિતૃઓને સ્વપ્નમાં જોયા છે ત્યારથી તેઓનું સ્મરણ કરતાં મને સુખ નથી પ્રાપ્ત થતું. તેઓને જોઈને હું દુઃખી છું.

આજે આ સમૃદ્ધ રાજ્ય તથા મારી પત્ની, હાથી, ઘોડા વગેરે મને કશું જ સુખદ લાગતું નથી. મને ભોજન પણ કરવું ગમતું નથી. મને આંતરિક બળતરા થાય છે તથા મારો આ અધમ પુત્ર પણ મને ગમતો નથી. મારું હૃદય આ પિતૃઓની અતૃપ્તિની અગ્નિથી બળે છે. હું શું કરું ? હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! હું તેઓના ઉદ્ધાર માટે ક્યાં જાવ ? કોઈ એવું તપ કે વ્રત બતાવો કે જેથી મારા પિતૃઓ યાતનામાંથી મુક્તિ પામે. કોઈ યોગ, યજ્ઞ અથવા કંઈ પણ કહો. દાન, ઉત્સવ, મોટા દાન જે કંઈ પણ નાનું કે મોટું કર્મ કે જે મારા પિતૃઓને તારે તે આપ મને કહો.

યોગ્ય તથા સમર્થ પુત્ર જીવતો હોય છતાં જો પિતૃઓ ઘોર નરકમાં દુઃખી થતાં હોય તો પછી પુત્રનું ફળ શું ? હે બ્રાહ્મણો તેઓના ઉદ્ધાર માટે જ અહીં આપ મને જે કંઈ હોય તે કહો. જરા પણ સંકોચ વગર કહો, હું સાચું કહું છું. જે કંઈ હશે તે કરીશ.

આમ તે રાજાના સુવચનો સાંભળી બ્રાહ્મણો બોલ્યા કે, બ્રાહ્મણ જ તમારા પિતૃઓને સદ્ગતિ આપી શકશે. હે રાજન ! અમારી વચ્ચે સમર્થ તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાનને જાણનાર મહામુનિ જૈગીષવ્ય છે કે જે બધું જ જાણે છે તથા તે સમાધિ દ્વારા દિવ્ય દૃષ્ટિમાન છે. તમે તેઓને જલ્દીથી નિવેદન કરો. એજ તમને કહેશે કે તમારા પિતૃઓ શા માટે અધોગતિ પામ્યા છે ? રાજાએ અભ્યર્થિ બની જૈગીષવ્ય મુનિને પ્રાર્થના કર્યા બાદ મુનિએ ક્ષણ માત્ર ધ્યાન કરી રાજાને કહ્યું.

હે રાજન ! માત્ર તમારું જ નાસ્તિકત્વ જ કારણ નથી કે જેનાથી તમારા પિતૃઓ અધોગતિ પામ્યા છે. પરંતુ તમારા પિતાનું નાસ્તિકત્વ પણ કારણભૂત છે કે જેનાથી પિતૃઓ યાતના ભોગવી રહ્યા છે. ક્રોધ કર્યા વગર શાંતિપૂર્વક તમારા પિતાનું જે પૂર્વકર્મ છે તે તમે સાંભળો. હું તમને કહી સંભળાવું છું.

સાવધાન થઈ જે હું કહું છું તે સાંભળો, તમારા પિતા જ્યારે આ રાજ્યમાં હતા ત્યારે તે નાસ્તિક ભાવથી દેવોએ આપેલી વૃત્તિનું હરણ કરતાં

હતાં કે જે તમારા પૂર્વજોને દેવોએ અર્પણ કરી હતી. તે શાસ્ત્ર, ધર્મ આદીથી સમ્મત હતી તેની ગણના કરતા ન હતા.

રાજ્યના મદમાં આતુર બની તે એક કુલ્ટામાં પ્રવૃત્ત થયા અને બીજા ગામમાં તે કુલ્ટા સાથે તે રાજા પણ ગયા. તમારી માતાનો જ્યારે ઋતુકાળ ચાલતો હતો ત્યારે પણ તમારા પિતા તમારી માતા પાસે ન આવ્યા તથા ઋતુદાન ન આપ્યું કે જે દાન ધર્મોક્ત છે. આમ, વારંવાર ઋતુદાન ન આપવાના કારણે તે તમારા પિતા પાપલિપ્ત બન્યા તેમજ તેઓએ ધર્મલોભી બની શ્રાદ્ધના સમયે શ્રાદ્ધ પણ ન કર્યું. તેના કારણે પાપના પ્રભાવથી પોતાના પિતૃઓને નરકમાં વાસ મળ્યો તથા નાસ્તિક ભાવપૂર્ણ તમારા પિતાએ તમારી માતાને અંતિમ ઋતુદાન પણ કર્યું નહીં. આમ સમય વિતતા તેઓનું નિધન થયું તથા તે પણ નરકને પામ્યા. પોતાના પાપના કારણે પિતૃઓ સહિત નરકમાં પડ્યા. પોતાની પત્નીને ઋતુદાન ન કર્યું અને કુલ્ટા ગમન કર્યું તથા નાસ્તિકત્વના કારણે શ્રાદ્ધ આદિ કાર્યો કર્યા નહીં તેથી જ સ્વર્ગના મહા સુખથી વંચિત રહ્યા અને નર્કમાં પડ્યા અને તેમના ઉદ્ધાર માટે પુત્રોત્પતિ કરી હતી પરંતુ પુત્ર એટલે કે તમે પણ તમારા પિતાના શુક્રમાંથી જન્મ્યા હોવાથી તમે પણ નાસ્તિક થયા છો.

શુક્રમાં જે વૃત્તિ હોય તેવી જ વૃત્તિ પુત્રમાં હોય છે, નાસ્તિકતા તથા અધાર્મિકતાથી યુક્ત તમારી ઉત્પત્તિ થઈ છે. માટે જ તમે નાસ્તિક થયા છો તથા શ્રાદ્ધ વગેરે કર્મો કરતા નથી તથા દેવોની વૃત્તીનું હરણ તમારા પિતાએ કર્યું હતું તેમની ન પ્રતિક્રિયા તમે કરી રહ્યા છો કે જેનું કોઈ પ્રાયશ્ચિત નથી. કરોડો કલ્પો સુધી કોઈ જ પ્રાયશ્ચિત નથી, દેવોની વૃત્તિનું હરણ કરવાના કારણે જ તેના પાપથી નરકના દુઃખોનો અંત આવતો નથી.

દેવોની વૃત્તિનું હરણ કરવાવાળાના પગની રજ પણ કદાચ કોઈ પર પડી જાય તો તે સાત કલ્પો સુધી નરકવાસી બને છે. આમ કહી રાજાને કહ્યું કે, પહેલાનાં સમયમાં ઈન્દ્ર ચાંડાલ કન્યા સાથે નગરીમાં ગયા હતા એક વખત કોઈક અબળા ચાંડાલ કન્યા સ્મશાનમાં ગામનાં ભૂંડની છાતીનું હાડકું

પોતાના વાળમાં ઉપર ભરાવી અને માણસની ખોપરી કે જે તેના માટે જમવાનું પાત્ર હતું. તેની અંદર કૂતરાનું માંસ રાખી તેની અંદર મદિરા નાખી ચિત્તાની અગ્નિમાં રાંધતી હતી. ત્યારે તેની બાજુમાંથી દેવેન્દ્ર નીકળ્યા, દેવેન્દ્રને જોઈ તે ચાંડાળ કન્યાએ શીઘ્રતાથી પોતાના ચપ્પલથી તે પાત્રને ઢાંકી દીધું. આમ કરતાં ઈન્દ્રએ આ બધું જોયું તથા ઈન્દ્રે શંકાવાન બની તે ચાંડાળ કન્યાને પૂછ્યું કૂતરાનું માંસ, મદિરા, ખોપરી અને ચિતાગ્નિ આ બધું જ અશુદ્ધ થઈ ગયું. ચામડાથી કેમ ઢાંક્યું ? ત્યારે સામો જવાબ આપતા તે ચાંડાળ કન્યા બોલી દેવરાજ સાંભળો.

દેવ, બ્રાહ્મણ અને ગાયની વૃત્તિનું જે હરણ કરે છે તથા કરાવે છે તેના પગની રજથી ડરી અને તે રજ તે પાત્રમાં ન પડે માટે મેં તેને ચામડાંથી ઢાંકી દીધું. જો તમે તેવા છો તેથી આ ભોજન અશુદ્ધ બનશે તથા મારા ખાવા યોગ્ય નહીં રહે કારણ કે તે વૃત્તિ મારનાર ઈન્દ્રના પાપથી પ્રદૂષિત થશે. ત્યારે ઈન્દ્ર બોલ્યા : 'હે સ્ત્રી, કઈ રીતે હું મોટું પાપ કરનાર છું ? ત્યારે ચાંડાળ બોલી, મારા વાક્યનો યથાર્થ બોધ સાંભળો.

દેવો તે પિતા સમાન તથા માતા સમાન કહ્યા છે. સદા દેવો જ વર્ષા કરનારા અને રક્ષક છે. આજીવિકા ચલાવનાર પણ દેવતાઓ છે, આજીવિકા તથા જીવન હરનાર પણ દેવતાઓ જ છે. વૃત્તિ વગર જીવન શક્ય નથી, વૃત્તિ વગર મૃત્યુ નિશ્ચિત છે તેથી જ દેવતાઓ વૃત્તિ હણનારા અને માતા-પિતા વગેરેને મારનારા છે. દેવ, ધર્મ તથા આત્મા અને સ્વર્ગ હણનારા, વરસાદ તથા લોકોને હણનારા છે તેમજ ગાય અને બ્રાહ્મણને હણનારા છે.

આમ દેવ બધું જ હણનારા છે. તેની દેવોની પગ રજ પણ મહા પાપ કરનારી અને મળ સમાન છે. તે પગ રજ મારા આ કૂતરાના માંસમાં પડશે તો તે પણ મળ સમાન મારા ખાવા યોગ્ય નહીં રહે તેથી જ મેં આ પાત્રને ચામડાથી ઢાંકી દીધું. જો તમે દેવ વૃત્તિના હોત તો તમારા પગની ધૂળ દ્વારા આ માંસ પવિત્ર થાત. તેમજ મને ઢાંકવામાં કોઈ ડર ન રહેત. હે પુજ્ય દેવતા આપ જઈ શકો છો. પછી ઈન્દ્ર પણ પોતાની દેવો ઋષિઓ, પિતૃઓ તથા માનવોથી શોભિત સભામાં બોલ્યા કે વૃત્તિ હણનારું કોઈએ

પણ થવું નહીં. કારણ કે, વૃત્તિ હણનારની મુક્તિ ક્યાંય પણ કહી નથી. ત્યારથી માંડી આજ સુધી ત્રિલોકમાં વૃત્તિદાનનું મહિમાગાન થાય છે માટે જ રાજન, તમારા પિતૃઓનો ઉદ્ધાર શક્ય નથી. તેઓનો ઉદ્ધાર શ્રીહરિના સંબંધમાં આવવાથી થશે તથા શ્રીહરિની સાથે સારો સંબંધ વ્રત કરવાથી જ થશે.

શ્રીહરિના પ્રભાવથી મોક્ષદા એકાદશીનું વ્રત મોક્ષ આપનારું છે તથા દુર્ગતી પ્રાપ્ત લોકોને સદ્ગતિ આપનારું છે તથા પાપીઓને મુક્તિ આપનારું કહ્યું છે. આ વ્રત નિર્જળા રહીને કરો તથા તેનું બધું જ ફળ તમારા પિતૃઓને અર્પણ કરો. મોક્ષદા એકાદશીથી તમારા પિતૃઓ સારી રીતે મોક્ષ પામશે. આમ નિશ્ચિત જ થશે. પછી સાધુઓ, બ્રાહ્મણોનું પૂજન કરી બધાં જ પોતાના ઘરે ગયા.

માગશર માસ આવ્યો ત્યારે શુકલ પક્ષની એકાદશીએ રાજાએ ઉપવાસ રાખી વિધિવત્ શ્રીહરિનું પૂજન કર્યું. સર્વત્રોભદ્રમંડળ કરી એકાદશી તથા શ્રીહરિનું વિધિવત્ પૂજન કર્યું, ઘણું બધું દાન આપ્યું. રાત્રી કાળે જાગરણ કરી પ્રાતઃકાળે સ્નાનાદિ કરી વ્રતનું પૂણ્ય પિતૃઓને અર્પણ કર્યું તથા તે વૈશ્વાનર રાજાએ પારણાં કર્યાં ત્યારે મોક્ષદા એકાદશીના પુણ્યદાનથી પિતૃઓ તથા પોતાના પિતા સહિત બધા જ મોક્ષ પામ્યા.

પુણ્યદાનનાં કારણે પિતૃઓ મુક્તિ પામ્યા હોવાથી વિમાનમાં બેઠેલા દેવતાઓએ પુષ્પની વૃષ્ટિ કરી તથા પ્રસન્ન થઈ બોલ્યા, 'હે પુત્ર તારું કલ્યાણ થાઓ, તારું કલ્યાણ થાઓ.' એકાદશીના પુણ્યથી તારા પિતૃઓ તરી ગયા અને મોક્ષ પામ્યા. તારા પિતૃઓ પણ કહે છે કે, અમે મોક્ષને પ્રાપ્ત થયા છીએ. હે પુત્ર ! તારું કલ્યાણ થાઓ, તું સદા સુખી થા તથા દરેક જીવોને સુખ આપનારો થા. શ્રાદ્ધ કરનારો, યજ્ઞ કરનારો તથા દેવપૂજન કરનારો થા. માતા-પિતાની સેવા કરનારો તથા પવિત્ર થા. આસ્તિક લાંબુ જીવનાર તથા પત્નીવ્રત પરાયણ થા. દેવવૃત્તિનું દાન કરનાર થા, તથા બ્રાહ્મણોનો સારી રીતે આદર-સત્કાર કરવાવાળો થા. સંતોની સેવા કરવાવાળો, સતિઓનું વ્રતરક્ષણ કરવાવાળો, ગાય તથા ભૂમિરક્ષક તથા સદા સમૃદ્ધિવાન થા.

આ રીતે મોક્ષદા એકાદશીના વ્રત-પુણ્યના પ્રભાવથી પિતૃઓ તથા દેવોનું પૂજન કરી આશિષ મેળવી દેવતાઓ તથા પિતૃઓ વારંવાર કલ્યાણયુક્ત વચનો બોલી પોતાના લોકમાં સીધાવ્યા. રાજા પણ પાપ નાશ થવાથી મહાભાગવત થયો. તેનું આખું કુટુંબ આસ્તિક તથા યજ્ઞયોગાદિ કરનારું થયું તથા સાધુ-બ્રાહ્મણોનું પૂજન કરનારું થયું. તે રાજા દેવપૂજક ધર્મવાન અને દોષરહિત બન્યો. તેનો પુત્ર પણ મહાન ધાર્મિક અને હવન કરવાવાળો થયો. પોતાનું રાજ્ય પુત્રને સોંપી તે રાજા મોક્ષને પ્રાપ્ત થયો. વૈશ્વાનરનો દિકરો પણ હુતભુક નામથી પ્રસિદ્ધ થયો તથા હુતભુક પ્રાણીઓના જઠરમાં દેવરૂપ મહાન વૈષ્ણવ બની જઠરાગ્નિ રૂપે સ્થિત થયો. મોક્ષદાના વ્રત ઐશ્વર્યથી તે દેવભાવે પૂજાયો.

આમ, હે દેવી લક્ષ્મી ! મોક્ષદા એકાદશીનું આ શુભ વ્રત જે કરે છે તેના પાપનો નાશ થાય છે. મૃત વ્યક્તિ મોક્ષને પામે છે. આનાથી બીજું કાંઈ પર નથી. વજ્ર સમાન પાપનો પણ નાશ થાય છે તથા આ વ્રત મોક્ષ આપનારું છે, નારાયણના પ્રભાવયુક્ત છે. આ વ્રતના પુણ્યની કોઈ સંખ્યા નથી, આ વ્રત મને અતિપ્રિય છે. આ વ્રત ચિંતામણિ સમાન છે કે જે મને અતિપ્રિય છે. આ વ્રતનું પઠન કરવાથી, શ્રવણ કરવાથી વ્રત કર્યા સમાન ફળ મળે છે. તથા હે લક્ષ્મી આ વ્રત પુત્ર, સમૃદ્ધિ આપનારું છે તથા ભુક્તિ-મુક્તિ દાયક છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "માગશર માસના શુક્લપક્ષમાં આવતી મોક્ષદા એકાદશીનું વ્રત, વિધિ, તેની ફળપ્રાપ્તિ આદિ નિરૂપણ" તેમજ વૈશ્વાનર રાજાનું વૃત્તાંત તેમજ તેમના પિતૃઓનો ઉદ્ધાર આદિ નિરૂપણ નામનો બસો ઓગણચાલીસમો અધ્યાય ॥ ૨૩૯ ॥

સફલા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા - પોષ માસની કૃષ્ણપક્ષની એકાદશી ક્યા નામે જાણવી તથા તે વ્રતની વિધિ શું છે ? તેનું ફળ શું છે ? તથા કઈ એકાદશી અને કયા વિષ્ણુ સ્વરૂપની પૂજા કરવી જોઈએ તે આપ કહો.

શ્રી નારાયણ બોલ્યા - હે દેવી લક્ષ્મી ! તમે સાંભળો. હું તમને પોષ કૃષ્ણપક્ષી એકાદશીનું વ્રત કહું છું, આ એકાદશીના વ્રતથી હું સર્વથા પ્રસન્ન થાવ છું. પોષ માસની કૃષ્ણપક્ષી એકાદશી સફલા એકાદશીના નામથી ઓળખાય છે તથા તેના સ્વામી પ્રભુ શ્રીનારાયણ 'સંકર્ષણ' નામથી ઓળખાય છે કે જે દેવની પત્ની સુનંદા છે, તે બંનેની ભાવનાપૂર્વક પૂજા કરવી તથા પૂજામાં અગસ્તના વૃક્ષનાં ફૂલો વાપરવા. તથા નૈવેદ્યમાં ગોળના લાડું ધરાવવા તથા અર્ઘ્યમાં અમૃતફળ (નાસપતિ) રાખી અર્ઘ્ય આપવું. તેમજ સોનાનું દાન કરવું. પૂર્વ કહેલ વિધિ પ્રમાણે જ પૂજનાદી કરી દશમી તથા એકાદશી કરવી તથા બારસે પારણાં વિધાનપૂર્વક કરવા. વ્રતના દિવસે પ્રાતઃકાળે સર્વતોભદ્ર મંડળ કરવું. ઘડો સ્થાપી શ્રીહરિનું વિવિધ ફળોથી વ્રતીએ પૂજા કરવી. નારિયેળથી તથા અમુક બીજોવાળા ફળોથી પણ પૂજા કરવી.

લીંબુ, દાડમ, આમળાં, લવિંગ, બોર તથા કેરી વગેરે શુભફળોથી પૂજા કરવી. જ્યાં જે ફળ મળે ત્યાં તે તે ફળો ભગવાનને ધરાવવા તથા ષોડ્શોપચારથી ભગવાનનું મહાન પૂજન કરવું. વિશેષ રીતે સફલા એકાદશીના દિવસે દિપદાન કરવું. ધાન્ય, વસ્ત્ર, સુવર્ણ તથા ગૌદાન પણ કરવા. રાત્રે વૈષ્ણવો સાથે મળી જાગરણ કરવું. ક્ષણમાત્ર પણ જે જાગરણ કરે છે તો તેને

યજ્ઞથી અધિક તથા બધા જ તિર્થોનાં જળપાનનું ફળ તથા હજાર વર્ષોનાં તપથી અધિક ફળ મળે છે.

હે લક્ષ્મી ! 'હવે કથા સાંભળો... પૂર્વના કાળમાં એક શુભ માહિષ્મતી નામની એક નગરી હતી. તે નગરીનો રાજા માહિષ્મત હતો. તે નગરી નર્મદાના તટે જંગલોમાં પર્વતો આગળ ભૂતળ પર ભારત દેશના દક્ષિણ-મધ્ય ભાગમાં આવેલી હતી. ત્યાં માહિષ્મત રાજાનું મોટું રાજ્ય આવેલું હતું. તે રાજાને પાંચ સૌમ્ય સ્વભાવવાળા પુત્રો હતા. જે કુમારાવસ્થામાં હતાં. તે પાંચેયના નામ ધીમાન, શ્રીમાન, ધૃતિમાન, કીર્તિમાન તથા શક્તિમાન હતાં. તેમાં સૌથી મોટો દિકરો ધીમાન પાપમાં રત થયો હતો. તે યુવાનીમાં મદિરા આદિ પીતો તથા માંસ ખાતો અને વૈશ્યાગામી હોવાની સાથે પરસ્ત્રી સાથે પણ વ્યાભિચાર કરતો. બીજાના રાજ્યમાં બળપૂર્વક ચોરી કરતો તથા પોતાના પાપોનું અતિઘોર રીતે આચરણ કરતો. જુગાર, મદીરાપાન, શિકાર કરવો, આળસ તથા માંસ આદિ પોતાના દોષોનું તે પાલન પોષણ કરતો તથા પિતાના ધનનો નાશ કરતો. પોતાને ગમતી વસ્તુ મણિ, રત્નો, સુવર્ણ આદિ પાપકર્મોમાં તે વાપરતો. તથા તે વેદની નિંદા કરતો સદા મલીન જ હતો. બ્રાહ્મણોનો તિરસ્કાર કરતો તથા સનાતન ધર્મનો નિંદક હતો, વળી વૈષ્ણવોનો તથા દેવોનો વિશેષ નિંદક હતો.

તે નિત્ય પ્રજામાં પિશાચની જેમ ઉપદ્રવ ફેલાવતો હોવાથી તે લંપટ કામીને એકવાર રાજાએ બોલાવ્યો તથા પિતા અને ભાઈઓએ તે લંપટ ને ત્યજી દઈ રાષ્ટ્રની બહાર પ્રજાજનોનો માર ખવડાવી કાઢી મૂક્યો. તે લંપટ જ્યાં જતો ત્યાંથી તેને તિરસ્કાર જ મળતો તેને ક્યાંયથી પણ સુખ ન મળતું હતું તથા કોઈ પણ તેને સ્વીકારતું ન હતું. તે નિર્ધનીક તથા વૈશ્યા દ્વારા પણ નિષ્કાસિત પોતે વનોમાં ભુખ-તરસથી પીડાતો ફરવા લાગ્યો. તે હવે દુઃખને ઘોર તપની જેમ સહન કરતો હતો તથા તેણે પોતે કરેલા કુકર્મોનો પશ્ચાતાપ કરતો હતો કે, હું ભાઈઓ, પિતા તથા વૈશ્યાઓ દ્વારા ત્યજેલો તથા રાજ્યમાંથી અને બધાં દ્વારા તિરસ્કાર પામેલો છું. અત્યારે વનવાસી છું, છતાં મારું વેર દબાતું નથી, વેરને વાળવા હું વેરી બની વેરીઓને મારી નાખીશ. પિતાને

તથા તેના નગરને બધું હું નષ્ટ કરી નાખીશ. રાજાના મહેલોને તોડી નાખીશ તથા ધન વગેરે બધું જ ચોરી લઈશ. ધીમે ધીમે હું ધનની ચોરી કરતો જઈશ અને વનમાં ગુપ્ત રીતે વાસ કરીશ અને કોઈના હાથમાં નહીં આવું. આમ પાપ બુદ્ધિ કરી તે ઘનઘોર જંગલમાં જીવોની હત્યા કરતો રહેતો તથા ચોરી, હિંસા, આદિ નિષ્ઠુર કર્મ કરતો.

તે એક વખત રાત્રે નગરીમાં આવ્યો તથા ત્યાં વસતા ઘણાં લોકોને શસ્ત્ર વડે મારી નાખી ધન, ધાન્ય, વસ્ત્રાદીની ચોરી કરી. પછી તે ઘનઘોર જંગલમાં આવ્યો તથા ખાતો ખાતો આનંદ પામવા લાગ્યો. આમ તે વારંવાર નગરને પોતાની પાપવૃત્તિ દ્વારા લૂંટતો. આમ આખું નગર તેણે લૂંટી લીધું. તેથી પ્રજામાં મહા ત્રાસ થવા લાગ્યો નિરંતર આકસ્મિક ધન ચોરાય જતું તથા શેઠો બળપૂર્વક લૂંટાઈ જતા હતાં. કોઈકને તે મારી નાખતો તથા કોઈકને જીવતો મૂકી દેતો. એકવાર તે રાજમંત્રીના ઘરમાં પ્રવેશ્યો તથા તેણે ઘણું બધું ધન ચોર્યું અને ખાવાનું ખાધું તથા સ્ત્રીઓને ભોગવી અને બાળકોને માર્યાં, ઘર સળગાવ્યું અને ત્યાં મહા ઉપદ્રવ કર્યો. ત્યાં સુધીમાં ત્યાં રાજ ચોકીદારો આવ્યા કે જે રાત્રે ચોકી કરતાં હતાં. તેને તે દુષ્ટને પકડી સાંકળથી બાંધી દોરડાઓથી હાથ બાંધી પકડ્યો. ત્યારે તે બોલ્યો કે 'હું માહિષ્મત રાજાનો પુત્ર છું.' મને છોડી દો, નહીં તો તમારું સારું નહીં થાય. શસ્ત્ર વડે હું તમારા બધાનાં પ્રાણ લઈશ. હું તમારા ધન, પત્ની તથા ઘરવાસીઓનો નાશ કરી નાખીશ. સુખની ઈચ્છા હોય તો રાજાના દિકરાને કદી પકડવો નહીં. બ્રાહ્મણ કે ક્ષત્રિય રૂપી સર્પને કદી છંછેડવો નહીં તે હંમેશા વિનાશનું જ ફળ આપે છે તથા નત મસ્તક રહેવાવાળાને રક્ષણ આપે છે.

આમ સાંભળી તે લોકોએ તેને છોડી મૂક્યો તથા તે ફરી જંગલમાં ચાલ્યો ગયો ત્યાં તે રોજ માંસ અને વૃક્ષના ફળો ખાતો અને પ્રાણ બચાવવા માટે કંદ વગેરે ખાતો અને ચોરી કરી પોતે નિર્વહન કરતો તથા જંગલમાં રહેતો. ત્યાં વનમાં એક નિર્જન જીર્ણ બનેલું વિષ્ણુનું મંદિર હતું જે પીપળાની નીચે મૂળથી દીવાલ તૂટેલી હતી. તે મંદિરનો દ્વાર, શાળા, છત બધું તૂટેલું અને નિરાશ્રીત હતું ત્યાં આ દુષ્ટ આવ્યો કે જ્યાં ભગવાન વિષ્ણુની મૂર્તિ

તથા વેદી તૂટેલી હતી. ત્યાં આશ્રય પામવા તેણે તે જગ્યાનો સ્વીકાર કર્યો તથા ત્યાં અદ્‌ભૂત વિશ્રામ મેળવવા લાગ્યો. પીપળો પણ ઘણો જીર્ણ તથા ઘેઘૂર ઘણાં વર્ષો જૂનો હતો. પરંતુ તે દેવભાવયુક્ત વૃક્ષ વિષ્ણુના યોગથી જ હજુ સુધી હશે તેવું તે માનવા લાગ્યો અને દેવસ્થાનનાં પ્રભાવથી તે લંપટ ત્યાં જ રહેવા લાગ્યો. તેની બુદ્ધિ સાત્ત્વિક બની ગઈ અને તે વિચારવા લાગ્યો કે - 'અહીં મેં કરેલા પાપોની કોઈ પણ પ્રકારે મુક્તિ નથી.' હવેથી હું આ હિંસારૂપી પ્રાણઘાતકનું કામ નહીં કરું. કંદ વગેરે ખાઈ અને આ પીપળાનો આશ્રય કરીશ. અહિંયા વિષ્ણુ વસે જ છે. અને આ પીપળામાં તથા મૂર્તિમાં વિષ્ણુ છે જ. તે જ મારું મંગળ કરશે અને મારા બધા પાપો બાળી નાખશે. આમ તે પોતાની બુદ્ધિને સાત્ત્વિક રસ્તે વાળી શિયાળામાં પણ પીપળાની છાયા નીચે અતિ કષ્ટથી રાત્રી વીતાવવા લાગ્યો. એટલામાં ત્યાં ચોરો તથા બીજા વનવાસીઓ આવ્યા તથા તે લંપટના વસ્ત્રો આદિ બધું હરી ગયા. તે દિવસે પોષ માસ હતો.

પોષ માસની કૃષ્ણપક્ષી દશમીએ તેણે સવારથી જ ફલાહાર ખાતા દિવસ વિતાવ્યો તથા રાત્રે આકસ્મિક જ શિયાળામાં હિમવર્ષા થવા લાગી કે જે વર્ષા સુધી અગ્નિ તાપવાથી પણ રક્ષણ ન થઈ શકે. તેથી શીતપ્રવાહના કારણે તે ભૂખ્યો થયો હતો તથા તે વસ્ત્ર વગરનો હતો અને તેની આંખો ચકરાવે ચડી ગઈ હતી. તેનું મુખ જડની જેમ બંધ થઈ ગયું હતું. નિંદ્રાનું સુખ નષ્ટ થઈ ગયું હતું તથા જાણે પ્રાણ ચાલ્યા ગયા છે તેવો તે દાંત અને જીભ કકળાવતો હતો તથા હાથ-પગ ઠંડીથી જડ જેવા થઈ ગયા હતા. તે શબની જેમ થઈ ગયો હતો. માત્ર ઠંડીથી પીડાવાના લીધે તેની ચેષ્ટાઓ બંધ થઈ ગઈ હતી. તે અંદરથી હે વિષ્ણુ મારું રક્ષણ કરો તેમ વારંવાર સ્મરણ કરતો હતો.

સવારે સફલા એકાદશીનો સૂર્યોદય થયો છતાં પણ તે ઠંડીથી ભીંજાયેલો હતો તેથી તેને ચેતના પ્રાપ્ત ન થઈ. પછી સૂર્ય જ્યારે પોતાના પત્ની સંજ્ઞા સાથે મધ્યાહ્નમાં આવ્યા ત્યારે તેને લંપટને થોડું ચેતન આવ્યું. કોઈકે 'લંપટ' કહી બોલાવ્યો ત્યારે તે આમ તેમ જોઈને ઊભો થયો તથા

વિષ્ણુ, વૃક્ષ તથા સૂર્યને નમસ્કાર કરી પડતો-આખડતો વનમાં ગયો. તે ધીમે ધીમે ચાલવા લાગ્યો તથા તે શક્તિહીન ધ્રુજતો, અથડાતો સારાં ફળો લઈ આવ્યો. તે વિચારવા લાગ્યો કે, આ ફળો હું વિષ્ણુને અર્પણ કરીશ પછી હું ખાઈશ. આમ વિચારી તે વૃક્ષનાં મૂળ પાસે આવ્યો તથા ફળો ત્યાં રાખ્યા. જ્યાં સુધી તે વૃક્ષ નીચે ઊભો રહ્યો ત્યાં સુધી સૂર્યાસ્ત થઈ ચૂક્યો હતો. તે દુઃખી થઈ આંસુ લૂછવા લાગ્યો અને વિચારવા લાગ્યો કે, મારી દશા શું થશે ? ફરી ઠંડી મને હાનિ પહોંચાડશે અને પાંદડાં માત્રથી મારું રક્ષણ સારી રીતે નહીં થાય.

ઠંડીથી રક્ષણ થાય તે માટે મારી પાસે વલ્કલ પણ નથી કે ગુફા, તૃણનું બનેલું વસ્ત્ર ને ચટ્ટાઈ પણ મારી પાસે નથી તો પણ હું ઘાસના ઢગલાંનો આશ્રય લઈશ અને ઊંઘીશ. આમ વિચારી તે ઘાંસ પાસે લાવવા લાગ્યો. ફળો વિષ્ણુની મૂર્તિ પાસે લાવી રાખ્યા અને બોલ્યો - હે લક્ષ્મીપતિ આ ફળો સ્વીકારી પ્રસન્ન થાવ. આમ તે ઘાસ લેવા માટે અતિ નિકટ ગયો. પણ તે બળ વગરનો બની ચૂક્યો હોવાથી વેદિ પાસે જ મૂર્છા પામ્યો. ફરીથી તે વિષ્ણુ સ્મરણ કરતો ક્ષણમાં ઊભો થઈ ઘાસ લાવી પીપળે જ્યાં સુધી આવ્યો ત્યાં સુધીમાં ફરી તે મૂર્છા પામ્યો અને ફરી ચેતનવાન બન્યો.

વિષ્ણુનું સ્મરણ કરતા તેને શાંતિયુક્ત નિંદ્રા ન મળી. સવારે ફળો ખાઈશ આમ તેણે રાત્રે વિચાર્યું. આમ વિવશતાથી તેણે વ્રતના દિવસે ઠંડીના કારણે ઉપવાસ, જાગરણ કર્યું. તે ફળોથી પૂજન કર્યું. રાત્રી જાગરણ વિષ્ણુએ માન્ય ગણ્યું. તથા તેનું વ્રત પણ માન્ય ગણ્યું. સફલા એકાદશીના વ્રતના તપથી વિષ્ણુ કે જે દયાળું તથા દીનવત્સલ છે તે પ્રસન્ન થયા.

લંપટનું ભાગ્ય પુણ્યનાં ભંડારથી શુભ અને શાશ્વત કર્યું. તેણે અકસ્માતથી જ આ વ્રત કર્યું છે. આમ વિષ્ણુએ માન્યું. બારસના દિવસે સવારે શ્રીહરિ પાસે આવી ફળો ખાઈ તે સ્તુતિ કરવા લાગ્યો. હે પ્રભુ સંસારથી મારી રક્ષા કરો. જ્યાં સુધી સૂર્યોદય થયો ત્યાં સુધી શ્રીવિષ્ણુ, ચતુર્ભુજ સંકર્ષણ સ્વરૂપે પ્રગટ થયા. તે સ્વરૂપ દિવ્યઅંગોથી શોભાયમાન, દિવ્ય વસ્ત્રાભૂષણોથી યુક્ત તથા દિવ્ય મંદ પ્રસન્ન હાસ્યથી શોભતું હતું.

જમણાં હાથેથી તે લંપટના માથાને સ્પર્શી બોલ્યા, અરે ભક્ત તું તો સફલા એકાદશી વ્રતના પ્રભાવથી રાજ્યપ્રાપ્ત કરનારો થયો છે. તું તારા નગરમાં પાછો જા. ત્યાં તારા પિતાનું નિધન થયું છે તથા તારા ભાઈઓ પરસ્પર રાજ્યાભિષેક માટે વિરોધી થયા છે. પરસ્પર વિરોધી તે લોકો રાજમુકુટ માટે ઝઘડી રહ્યા છે તથા તેઓને રાજ્ય મળતું નથી કારણ કે મંત્રી તથા પ્રજા તેઓને સ્વીકારતી જ નથી. તારા આગમનની પ્રજા પ્રતિક્ષા કરે છે. તારા ભાગ્યવર્ધનને કારણે તારો સમય ફરી આવ્યો છે તથા તે કરેલા એકાદશીવ્રતના ફળનો ઉદય થયો છે. જે પૂર્વે તારો તિરસ્કાર કરતા હતા તે ફરી તને પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે છે. અહો આ સમય ખૂબ બળવાન છે. ભાગ્યની હાનિ કષ્ટદાયક છે. આજે વ્રતના કારણે તારો ભાગ્યોદય થયો છે. માટે જ તું જા હવે વાર ન લગાડ અને રાજ્ય સંભાળ. આમ કહી વિષ્ણુ ત્યાંથી અંતર્ધ્યાન થયા.

લંપટ શ્રીવિષ્ણુને પીપળાને નમન કરી તેજોમય બની દિવ્યસ્વરૂપને ધારણ કરી પોતાની નગરી તરફ ગયો. ત્યાં મંત્રી, પ્રજા આદીથી સન્માન પામી તે સ્વાગતયુક્ત થઈ દિવ્ય વસ્ત્રાલંકાર ધારણ કરી વેષ્ણવ જેવો લાગવા લાગ્યો. તેનો ત્યાં પિતૃ પરંપરા અનુસાર રાજ્યાભિષેક થયો તથા શ્રીહરિ અને સફલા એકાદશીના ફળને કારણે આ બધું તે પ્રાપ્ત કરી શક્યો. ભાગ્યોદયના કારણે તે રાજા અકંટક રાજ્ય ચલાવવા લાગ્યો તથા પ્રજાનું રક્ષણ પાલન વિધાનપૂર્વક કરવા લાગ્યો.

૧૦૦ વર્ષ સુધી રાજ્ય ભોગવી તેણે વિષ્ણુ આરાધના કરી. પછી તેણે પોતાના પુત્ર માનજિતને બોલાવી તેનો રાજ્યાભિષેક કર્યો તથા પોતે ફરી જ્યાં વનમાં વિષ્ણુ મંદિર હતું ત્યાં આવ્યો તથા તે મંદિરની પ્રતિષ્ઠા કરી અને ત્યાં જ હરિપૂજન, આરાધના કરતો તપ તથા યોગથી ત્યાં જ મૃત્યુ પામ્યો. શ્રીહરિના પાર્ષદો તેને વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા હતા. એ લંપટ રાજા ત્યાં ગયો કે જેને ગોલોકધામ કહેવામાં આવે છે કે જ્યાં જવાનો વિચાર પણ કરી ન શકાય ત્યાં તે ગયો. અને નિત્ય પાર્ષદો સાથે શ્રીકૃષ્ણનો પૂજક થયો.

આ સફલા એકાદશીનું વ્રત જે કરે છે તે આ લોકમાં સુખ ભોગવી મરણ બાદ મોક્ષ પ્રાપ્ત કરે છે. તે લોકો ધન્ય છે કે જે આ સફલા એકાદશીનું વ્રત કરે છે. તેઓનું ધન વગેરે બધું જ સફળ છે. તેઓનો જન્મ સફળ છે કે જેઓએ ભાવપૂર્વક આ સફલા એકાદશીનું વ્રત કર્યું.

સફલા એકાદશી રાજ્ય લક્ષ્મીરૂપ ફળ આપનારી છે તથા મુક્તિ આપનારી છે. ભુક્તિ-મુક્તિની ઈચ્છાવાળા મનુષ્યોએ આ એકાદશી કરવી જોઈએ. આ વ્રતનું પઠન તથા શ્રવણ કરવાથી અને આ વ્રત કરવાથી રાજસૂય યજ્ઞનું ફળ માનવને મળે છે. આ વ્રત કરનાર પુત્રો, પૌત્રો, ધન, સમૃદ્ધિ, સંપદા, રાજ્ય તથા વિદ્યા, પુષ્ટિ અને આરોગ્ય તથા મુક્તિ પ્રાપ્ત કરે છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "પોષ માસના કૃષ્ણપક્ષમાં આવતી સફલા એકાદશીનું વ્રત, વિધિ તેની ફળપ્રાપ્તિ આદિ નિરૂપણ તેમજ પાપી લુંભક રાજાના પુત્રને રાજ્ય પ્રાપ્તિનું આખ્યાન આદિ નિરૂપણ" નામનો બસો ચાલીસમો અધ્યાય ॥ ૨૪૦ ॥

પુત્રદા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા – હે નારાયણ ! તમને નમસ્કાર. હે પુરુષોત્તમ નારાયણ જીવોનું મોક્ષપદ તથા વ્રતનું શુભ ફળ આપ જ છો. હવે આપ તે એકાદશીની કથા સંભળાવો કે જે પોષના શુકલ પક્ષમાં આવે છે તથા જેનાથી પાપનો નાશ થાય છે. તમારી કૃપાથી કયું ફળ વ્રત કરનારને પ્રાપ્ત થાય છે તથા તે એકાદશીની વિધિ, નામ તેમજ તેના કયા દેવ પૂજ્ય છે તે કહો...

શ્રી નારાયણ બોલ્યા – લોકોનાં હિત તથા લાભ માટે હે પ્રિયા ! હું તમને કહું છું તે સાંભળો. પોષના શુકલપક્ષે આવતી એકાદશીનું નામ 'પુત્રદા એકાદશી' છે. દરેક પાપ હરનારી આ એકાદશી ભક્તોએ પ્રયત્નપૂર્વક કરવી જોઈએ કે જેને સાનન્દા એકાદશી પણ કહેવાય છે કારણ કે તે પુત્ર આનંદ આપવાવાળી છે માટે 'નારાયણ' તે એકાદશીના દિવસે પૂજ્ય ગણાય છે. તેમને પદ્મા લક્ષ્મી સાથે પૂજવા. જે દેવ પુત્રકામનાને પૂર્ણ કરનારા છે.

ગુગળના ફૂલ તથા અન્ય ઋતુ પ્રમાણે ખીલેલાં ફૂલોથી ભગવાનનું પૂજન કરવું તથા નૈવેદ્યમાં ચૂરમાના લાડું ધરવા. અર્ઘ્યમાં દાડમનું ફળ તથા અન્ય ફળો અર્પણ કરવા. ઘીથી ભરેલો ઘડો શ્રીપદ્માપતિને અર્પણ કરવો. દક્ષિણા સોનાની આપવી તથા દશમીએ રાત્રે જ ભોજન કરી વ્રતીએ જમીન પર ઊંઘવું. એકાદશીએ બ્રહ્મ મુહૂર્તમાં ઊઠી સ્નાન કરી પૂજા-સામગ્રી એકઠી કરી પૂજન કરવું. સારા પાત્રમાં ભગવાનને સ્થાપી પંચામૃત તથા પાણીથી ભગવાનને નવડાવવા તથા વસ્ત્રાભૂષણ પહેરાવવા. ગંધાદિ લેપન કરી પુષ્પહારથી શોભિત કરવા તથા શ્રીહરિને ધૂપ, દીપ, અક્ષત, પુષ્પ વગેરે

સામગ્રીથી પૂજવા. નૈવેદ્ય મિષ્ટાન્ન ભોજન પાણી આદી આપી આરતી, સ્તુતિ તથા પ્રદક્ષિણા વગેરે કરવી.

વ્રત માટે શ્રીનારાયણને વારંવાર પ્રાર્થના કરી કહેવું... 'આ મારું પુત્રદા એકાદશીનું વ્રત યોગ્ય રીતે પૂર્ણ થાય.' આમ પ્રાર્થના કરી ત્યાં સાત ધાન્યો વડે સર્વતોભદ્રમંડળ કરી ઘડો સ્થાપવો. તે ઘડામાં પાંદડા આદિ પધરાવી તેની પર તલપૂર્ણ પાત્ર રાખી ભગવાનની શુભ મૂર્તિ સ્થાપવી. ષોડ્શોપચાર પૂજન કરી ભગવાનની આરતી કરી મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી પ્રાર્થના કરવી તથા દાન આપી બપોરે ફરી પૂજા કરી ભગવાનને નૈવેદ્યાદિ સમર્પણ કરવું.

સાંજે ભગવાનનું વિશિષ્ટ રીતે ઉત્તર પૂજન કરવું તથા જાગરણ કરી બારસના દિવસે પણ તે જ પ્રમાણે પૂજન કરવું અને વસ્તુઓનું દાન કરી ગરીબોને સંતોષવા તથા બ્રાહ્મણો, સાધુઓ અને સાધ્વીને જમાડી વ્રતનાં પારણાં કરવાં. આમ આ વ્રત પૂર્ણ કરવું કે જેનું ફળ મોક્ષાદિ આપનારું છે. પુત્રદાનું વ્રત જે કોઈપણ ભક્તિપૂર્વક કરે છે તે શ્રીહરિની કૃપાથી પુત્ર, પુત્રી, હાથી, ગાય, અશ્વ, ધાન્ય ખેતર વગેરે પ્રાપ્ત કરે છે તથા તે મુક્તિ મેળવે છે.

અહીં હે લક્ષ્મી ! હું તમને તેની કથા કહું છું કે, જેનાથી આત્મ સમૃદ્ધિ અને સુખ પ્રાપ્ત થાય છે. તે તમે સાંભળો. પહેલાનાં યુગમાં સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં ભદ્રાવતી નામની નગરી હતી. જેનો રાજા કેતુમાન અને તેની રાણી ચંપા હતી. તે રાણીના અતિ નિકટ જવાથી પણ તે રાજાને કોઈ પુત્ર ન હતો. અપુત્ર હોવાથી તે રાજા રોજ વિચારતો કે 'સમય ચાલ્યો જાય છે પણ મારી પત્ની પુત્રથી સુખી થતી નથી.' બંને ચિંતા કરતા હતા તથા પુત્ર પ્રાપ્તિ માટે વ્રતદાન પૂજનાદિ કરતાં હતાં.

જેવી રીતે બ્રાહ્મણોએ દર્શાવ્યું તે રીતે બધાં જ સત્કર્મો કર્યાં તો પણ રાજાને પુત્ર પ્રાપ્ત ન થયો કે જે વંશની વૃદ્ધિ કરે. તે રાજા વિચારવા લાગ્યો કે હું શું કરું ? ક્યાં જાવ ? મને વાંજિયાપણું દેખાઈ રહ્યું છે. કદાચ મારા અંતકાળે પણ જો પુત્ર પ્રાપ્તિ થતી હોય તો હું તે ઉપાય પણ નિશ્ચિત જ કરીશ. ઘણાં બધાં પ્રખ્યાત સ્થળોએ તે જતો અને સામર્થ્યવાન સત્પુરુષોના આશીર્વાદ મેળવતો પણ તે બધા જ વિફળ બની જતા હતા.

રાષ્ટ્ર કે રાજ્યનું સુખ તે કેતુમાન પ્રાપ્ત ન કરતો હતો, વળી રાણી પણ સાધ્વી જેવી હોવા છતાં દુઃખ પ્રાપ્ત કરતી હતી. ચિંતા શોકથી યુક્ત તે બંનેએ પિતૃઓનું શ્રાદ્ધ કરી જળ અર્પણ કર્યું પરંતુ પિતૃઓ પણ અતૃપ્ત રહ્યા. કેતુમાનનાં મરણ બાદ પિતૃઓ પોતાના વંશમાં એવું કોઈને જોઈ નહોતા શકતા કે જે તેઓને જળ આપી શકે. આમ તે પિતૃઓ દુઃખી થઈ ચાલ્યા ગયા. બંધુજન, મિત્રજન કે અમાત્ય મંત્રી કંઈ પણ રાજાને પ્રિય લાગતું ન હતું. સુહૃદો, પ્રજા, દાસ-દાસીઓ, સમૃદ્ધિ, હાથીઓ વગેરે કંઈ પણ ગમતું ન હતું. સ્વપ્ન પણ દુઃખદાયક જ આવતા હતા. નિત્ય તેઓનું મન અસ્વસ્થ અને નિરાશાયુક્ત રહેતું, જે પુત્ર જન્મ્યો નથી તેનું દુઃખ રાજાને રંજાડતું હતું.

આ સમૃદ્ધ રાજ્યના સ્વામી તરીકે કોઈપણ ફળ જન્મશે નહીં. અપુત્રનું તો ઘર, પત્ની, સમૃદ્ધિ બધું જ શૂન્ય લાગે છે. પુત્ર વગર પિતૃઓ, દેવો તથા ઋષિઓનું ઋણ નથી ઉતરતું તથા દત્તક પુત્ર લઉં તો અપુરૂષત્વ સિદ્ધ થાય છે. પરલોકમાં શુભગતિ તથા આ લોકમાં યશ પ્રાપ્તિ માટે જ તો લોકો પુત્રોપ્તિ કરતાં હોય છે. પુણ્ય કરનારાઓને તો સદા સુખ આપનાર પુત્ર થાય છે કે જે આયુષ્ય આરોગ્ય સંપત્તિ, ધન ધાન્યાદિની વૃદ્ધિ કરનારો બને છે.

શ્રીહરિની કૃપા તથા પુણ્ય વગર પુત્ર પ્રાપ્તિ શક્ય નથી તથા પુત્ર વગર પુણ્યલોકોની પ્રાપ્તિ થતી નથી. પુત્ર જ ધન તથા સંપત્તિ કહી છે તથા લોકો જ કહે છે કે પુત્ર જ ઘરનો સંબંધ છે. પુત્ર વગર સંબંધ બંધાતો નથી તથા સંબંધ વગર કુટુંબ નથી બનતું અને કુટુંબ વગર આ લોકમાં યશ નથી મળતો અને યશ વગર તો માણસનું અસ્તિત્વ જ નથી.

રાત-દિવસ તે રાજા ચિંતા કરવા લાગ્યો છતાં શાંતિ ન મળતાં તેણે નિશ્ચય કર્યો કે, હું આત્મઘાત કરીશ અને અતિ દુર્ગતિને પ્રાપ્ત કરીશ. પરંતુ આમ કરીશ તો પ્રજા અનશન કરશે અને હાહાકાર મચી જશે તો હું શું કરું ? આમ દિન-રાત વિચારવા લાગ્યો. હું તપસ્યા કરી દેહનો નાશ કરીશ. આમ વિચારી રાત્રે એકલો ઘોડા પર સવાર થઈ અઘોર વનમાં ચાલ્યો ગયો.

પ્રજા, પત્ની, ઘરનું કોઈ પણ તે જાણી ન શક્યું કે આ રાજા ક્યાં ચાલ્યો ગયો. બધાં ચિંતિત થઈ ગયા. ચિંતા પરાયણ થયે તે બધાં ઘોડાના

પદચિન્હો જ્યાં હતા તે માર્ગે માર્ગે વન તરફ ગયા. હરિયાળી વાળા પ્રદેશમાં જ્યારે તે લોકોએ ઘોડાનાં પદચિન્હો ન જોયા ત્યારે તે લોકો ફરી પોતાની નગરી તરફ આવી ગયા તથા તે લોકો દુઃખી થયા, રાજા વગરના તે લોકો વનથી વન ભટકી દેવોને દોષ આપતા હતા. વન થી વન ઘેઘૂર જંગલમાં રાજા ચાલ્યો ગયો કે જ્યાં દૂર સિંહ, હાથી વગેરેથી સેવિત ઘનઘોર જંગલ ભાગ્યયોગને કારણે કોઈપણ પ્રાણીઓએ રાજાને ઈજા ન પહોંચાડી તથા દેવયોગે તેનો ઘોડો પણ મર્યો ન હતો જીવીત હતો.

તે રાજા જંગલી વૃક્ષો, વડલા, બિલિ, કદંબ, પનસા, અન્ધવા, ખજૂરી, પીપળા, સ્વર્ણચંપા આદિ વૃક્ષોને જોતો હતો. તે વૃક્ષોમાં તાડી, શાલ, તમાલ, તલ, વડ, બાવળ, સપ્તપર્ણી, તિન્તિડી વગેરે જોતો હતો તથા ગુંદા, બોરડી, જાંબુડી, કરમર્દક, વાંસ, અશોક, કેળ, નારંગી, નારિયેળી વગેરે વૃક્ષો જોતો જોતો તે ચાલ્યો જાતો હતો. તે અઘોર જંગલમાં તેણે સિંહો, હરણાઓ, પક્ષીઓ, જંગલી જાનવરો, હંસો, કારંડવો, બગલાઓ, દૈવી ગાયો, સસલાઓ, વાઘો અને રીંછો, ગેંડાઓ, શાબરો, હાથીઓ, જંગલી ભેંસો તથા સાપોને આવા વિવિધ દેહધારીઓને જોઈ આશ્ચર્ય પામ્યો તથા ઘૂવડ વગેરે પક્ષીઓનો ધ્વનિ પણ સાંભળવા મળ્યો.

વનનાં ફળો ખાઈ તે રાજા ચાલવા લાગ્યો. ત્યાં તે વિચારતો વિચારતો તરસથી આતુર બન્યો અને ગળું સુકાવા લાગ્યું. માર્ગમાં એક દિવ્ય જળયુક્ત સરોવર જોઈ તે રાજા પોતાના સ્વભાવ પ્રમાણે ફરી આશ્ચર્ય પામ્યો. તે સરોવરનું નામ 'અશ્વપટ' હતું કે જે ગિરનારના આગલા ભાગમાં આવેલું હતું તથા ત્યાં માછલા, મગર આદિથી સેવાયેલું સુંદર સરોવર હતું. હંસો, કારંડવો, ચક્રવાકો વગેરે પક્ષીઓથી શોભિત તે સરોવર જોઈ આનંદિત થઈ ઉતાવળ કરતો તે તરસયુક્ત રાજા ઉત્સુક બની ત્યાં નજીક જવા લાગ્યો ત્યારે તે રાજાની જમણિ આંખ, હાથ, વક્ષઃસ્થળ વગેરે શુભ અંગો ફરકવા લાગ્યા. તેણે તે સરોવર પાસે જળમાં સ્નાન કરવા આવેલ દિવ્ય દેવોને જોયા તથા ઘોડા પરથી ઉતરી બધા દેવોને નમન કર્યાં.

રાજા મુનિના વેશમાં આવેલ દેવોને અલગ અલગ નમન કરવા લાગ્યો. તે દેવો શ્રીહરિના જપ કરતા હતાં તથા કોઈ વ્રત કરતા હોય તેમ તેઓના વિગ્રહ પરથી જણાતું હતું. તે રાજા હાથ જોડી ગદ્ ગદ્ થયો અને દંડવત્ કર્યાં આશીર્વાદયુક્ત બની તે રાજાએ તે દેવોને પૂછ્યું. તમે કોણ છો ? આ અઘોર જંગલમાં કે જ્યાં કોઈ રહેતું નથી ત્યાં શા માટે આવ્યા છો ? યથા તથ્ય આપ મને જણાવો કે જેનાથી મારું શુભ થાય. દુઃખીઓના દુઃખ નાશ કરવા માટે જ સંતોના દર્શન થાય છે એવો શાસ્ત્રનો મત કહ્યો છે.

આમ પૂછવાથી દેવોએ તે રાજાને જવાબ આપતાં કહ્યું, અમે વિશ્વદેવો છીએ. હે રાજન ! અમે સ્વર્ગવાસી દેવતાઓ છીએ. મુનિ સ્વરૂપે અમે અહીં સ્નાન કરવા આવ્યા હતા. આજે અમારે પુત્રદા એકાદશીનું વ્રત છે. સ્નાન કરવા માટે અમે ગિરનાર પર્વત પરથી આ તિર્થે આવ્યાં હતાં. હવે સ્નાન કરી અમે સ્વર્ગે જઈશું. આજે મોટું વ્રત છે. પણ તમે આ નિર્જન વનમાં શા માટે આવ્યા છો ? આમ સાંભળી રાજા અતિ દુઃખી થયો. સાનુકૂળ સુખ માની તે રાજાએ પાણી પીધું નહીં તથા તે માનવા લાગ્યો કે કદાચ આ વ્રત પુત્ર આપનારું બને.

આમ વિચારી તે રાજા મુનિઓ સમક્ષ બોલ્યા કે, હું પુત્ર વગરનો છું. પુત્રેચ્છાથી ઘણાં પુણ્યો કર્યાં તો પણ મને પુત્ર પ્રાપ્તિ ન થઈ માટે હું તપ કરવા અહીં આવ્યો છું અને પુત્ર મેળવવાની ઈચ્છા રાખી તપ કરવા હું અહીં આવ્યો છું. ત્યારે મુનિઓએ તે રાજાને કહ્યું કે, આ પુત્રદા એકાદશીના વ્રત દ્વારા પુત્ર પ્રાપ્તિ થશે માટે તપ કરવાની જરૂર નથી. રાત્રે જાગરણ કરજો સવારે શ્રીહરિને પૂજજો પછી પાણીથી પારણાં કરી પત્ર પુષ્પ ખાઈ લેજો. જાવ તમને દેવયોગથી તથા આ વ્રત કરવાથી હે રાજન તમને પુત્ર થશે, હવે ઘરે જાવ.

આ રીતે આશીર્વાદ લઈ તે રાજા ઘરે આવ્યો. સમયાંતરે રાણીને ગર્ભ રહ્યો અને અતિ ભાગ્યવાન પુત્રનો જન્મ થયો. તે દીર્ઘજીવી, પ્રજાપાલક રાજા થયો. તેના કંકુમાન નામ પરથી સૌરાષ્ટ્રને કંક એમ નવું નામ મળ્યું. આ રાજ્ય પ્રખ્યાત બન્યું તેનો વંશ પણ વૈષ્ણવ થયો. તેથી જ હે દેવી

લક્ષ્મી ! પુત્રદાનું વ્રત કરવું. આમ લોકોના હિત માટે મેં તમને આ વ્રત કહ્યું છે. જે લોકો આ વ્રત કરશે તે આ લોકમાં પુત્ર પ્રાપ્ત કરી અને મરણ પામ્યા બાદ સ્વર્ગે સીધાવશે તથા ધન, ધાન્ય પશુઓ, પુત્રો અને દીર્ઘ આયુષ્ય તથા સારી પત્ની, સૌમ્ય પતિ, ખેતર અને મોટી સમૃદ્ધિ પ્રાપ્ત કરશે અને અવશ્ય જ આ વ્રત કરનારા લોકોને બધું જ પ્રાપ્ત થશે.

આ કથાનું પઠન કરવાથી તથા શ્રવણ તેમજ સ્મરણ કરવાથી હે લક્ષ્મી ! પુત્ર પ્રાપ્તિ તથા અગ્નિષ્ટોમ ફળની પ્રાપ્તિ થાય છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "પોષ માસના શુક્લપક્ષમાં આવતી પુત્રદા એકાદશીનું વ્રત, વિધિ, તેની ફળપ્રાપ્તિ આદિ નિરૂપણ તેમજ કેતુમાન રાજાને પુત્ર લાભ નિરૂપણ" નામનો બસો એકતાલીસમો અધ્યાય ॥ ૨૪૧ ॥

ષટ્તિલા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા – હે મહાવિષ્ણુ, હરિ, વાસુદેવ, લક્ષ્મીપતિ મારા પર પરમ અનુગ્રહ કરી મહા માસની કૃષ્ણપક્ષી એકાદશીનું નામ તથા તેના અધિશ્વર, વિધિ, ફળ અને દાનો કઈ રીતે થાય છે તે આપ મને કહો.

શ્રી નારાયણ બોલ્યા – હે લક્ષ્મી ! સાંભળો. માઘ માસની કૃષ્ણપક્ષી એકાદશીનું નામ 'ષટ્તિલા એકાદશી' છે તથા તેના પતિ વાસુદેવ છે. તેઓની પૂજા ગુલાબના પુષ્પથી કરવી તથા નૈવેદ્યમાં ઘી, સાકર અને દૂધ મિશ્રિત વાનગી ભગવાનને ધરાવવી તથા અર્ધ્યમાં સાથે દ્રાક્ષ અર્પણ કરવી. ઊનનાં વસ્ત્રો, કામળા ભાવથી અર્પણ કરવા તથા મેથીનો પાક અને અન્ય પુષ્ટિકર દ્રવ્યો તથા ઠંડી ન લાગે તેવા વસ્ત્રનું દાન પૂજા કરતી વખતે કરવું. તિલદા નામથી પણ ઓળખાતી આ એકાદશીનું વ્રત-વિધાન પૂર્વે દાલ્ભ્ય ઋષિને પુલસ્ત્ય મુનિ એ કહ્યું હતું.

મનુષ્યો કે જે યુવાનો છે તથા દુઃખ-દરિદ્રાયુક્ત છે અને આજીવિકા માટે બધાં જ પાપો કરે છે. બ્રહ્મહત્યા, બાળહત્યા, સ્ત્રી, ગાય હત્યાદિ, હિંસક કર્મો, ચોરી, વ્યસનો, પોતાની પત્નીમાં ઋચી ન કરવી, બીજાની સમૃદ્ધિનો નાશ કરવો, બળપૂર્વક કાર્ય કરવું, અસત્ય બોલવું તથા પરનિંદા કરવી. દુષ્કર્મ કરનાર, કન્યા વેચનાર તથા વિશ્વાસઘાત છેતરપિંડી વગેરે આવા પાપો રાગથી મનુષ્યો કરે છે તેના નાશ માટે આ વ્રત ઉત્તમ છે.

તિલદા એકાદશી પાપોને બાળનારી છે તથા આ વ્રત મહા માસમાં કૃષ્ણપક્ષે કરવું. અંતરના જીવને શુદ્ધ કરનારું, પાપોને ધોનારું આના જેવું

બીજું કોઈ વ્રત નથી. વ્રતીને માઘમાસે કૃષ્ણપક્ષી દશમીના દિવસે એક સમય જમવું અને રાત્રે જમીન પર ઊંઘવું. બ્રહ્મચર્ય વ્રત પાલન કરી બ્રહ્મમુહૂર્તમાં ઊઠી હૃદયમાં શ્રીહરિનું સ્મરણ કરવું. વરિષ્ઠ, વડીલોને બોલાવી સંતો-ભક્તો સાથે ભજન કીર્તન કરવા. તાળી પાડી ભગવાનની મૂર્તિનું વારંવાર સ્મરણ કરતાં કરતાં હરે રામ, ઘનશ્યામ, સ્વામિનારાયણ, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ તમારી જ નિત્યદા ભક્તિ મળે કે જે મોક્ષપ્રદા છે, આમ સ્તુતિ કરી બહાર જવું અને વ્રતીએ માટી લગાડી જળથી શુદ્ધ થવું તથા વારંવાર કોગળા કરી તલના ચૂર્ણથી શરીરે અત્તર લગાવવું. તલથી યુક્ત પાણીથી સ્નાન કરી હરિગુણ ગાવા અને હરિનામથી તલનો હોમ કરવો. તલનું દાન, તલનું જ ભોજન કરવું, તલથી નહાવું, અત્તર લગાવવું, હોમ કરવો અને પાણી પણ તલવાળું જ પીવું.

આમ આ ષટ્તિલા પાપનાશીની છે. તેના વ્રતથી તલના છોડમાં જેટલી ડાળીએ તલ થાય છે તેટલા હજાર વર્ષ સ્વર્ગ પ્રાપ્તિ મળે છે. કાળા તલનો ઉપયોગ સ્નાન, દાન અને પૂજનમાં કરવો આમ મત છે. આમ તિલદા એકાદશીના દિવસે વ્રતીએ સ્નાન કરી વાસુદેવ સહિત લક્ષ્મી (એકાદશી)નું નવી ૧૬ વસ્તુઓથી પૂજન કરવું. પુષ્પાંજલિ પ્રદાન કરી પ્રાર્થના કરવી કે, આ ષટ્તિલાનું વ્રત નિર્વિઘ્ન પણે પૂર્ણ થાય તથા ફળ આપનારું બને. કણ સમાન પણ તમારી કૃપા થવાથી વ્રત સંપૂર્ણ થાય છે તથા કામ, ક્રોધ, લોભ, અહંકાર આદી પ્રવેશ કરતાં નથી.

આમ પ્રાર્થના કરી ગુરુને નમન કરી શ્રીહરિનું સ્મરણ કરીને પ્રાતઃકાળે સર્વતોભદ્રમંડળ કરી તેની વચ્ચે સોનાનો અથવા ત્રાંબાનો ઘડો સ્થાપી તેને પાંચ પાન, રત્ન, પાણી, વસ્ત્ર આદિથી સુશોભિત કરવો. સ્થાપન કરી વસ્ત્ર લપેટવું તથા તેની ઉપર કાળા તલનું ભરેલું પાત્ર મૂકી શ્રીવાસુદેવ તથા ષટ્તિલા દેવી લક્ષ્મીની સોનાની મૂર્તિનું પાત્રમાં સ્થાપન કરવું. પછી પંચામૃત અને જળથી અભિષેક કરી વસ્ત્રાભૂષણ ભગવાનને અર્પણ કરવા. અબીલ, ગુલાલ, કંકુ આદી સૌભાગ્ય દ્રવ્યો ભગવાનને છાંટવા. ધૂપ, દીપ, નૈવેદ્યાદિ અર્પણ કરવા. કોળુ, નારિયેળ આદિ બીજપૂર્ણ ફળો અર્પણ કરવા. પ્રદક્ષિણા,

દંડવત્ નમસ્કરાદિ કરવા.

પૂજન કરી શ્રીવાસુદેવને ક્ષમાપ્રાર્થના કરવી તથા નૈવેદ્ય ભોજન, મિષ્ટાન્ન અને પાણી અર્પણ કરવા, તામ્બુલ, કપૂરગંધ, લવિંગ આદી મુખવાસ અર્પણ કરવા, પલંગ, અરીસો, પંખો તથા ચામર, ગુલદસ્તો વગેરે ભક્તિભાવપુર્વક અર્પણ કરવા તથા નવ વખત આરતી ઉતારી ભગવાનને નમન કરવા. પોતાના વ્યવહાર મુજબ યથાયોગ્ય દાન કરવું તથા બપોરે ભગવાનને મિષ્ટાન્નયુક્ત ભોજન કરાવવું. જળ, ફળ, મુખવાસ, અત્તર, ગુલાબ જળ વગેરે પ્રભુને અર્પણ કરવા. સાંજે ફરી વ્રતીએ પૂજન કરવું, આરતી કરવી અને ભોજન કરાવવું.

વ્રતીએ દસ દિવસ પહેલાં સ્નાન કરી જમીન પર પડેલું ગાયનું છાણ લાવી, તલ, કપાસ નાંખી ૧૦૮ પિંડીયા બનાવવા અને સુકાવા દેવા. પછી એકાદશીના દિવસે મૂળ કે આર્દ્રા નક્ષત્ર હોય તો રાત્રે શ્રીહરિના નામનો તે સૂકાયેલા પિંડીયાનો હોમ કરવો. રાત્રે જાગરણ કરી હરિભજન ગાવા. પ્રાતઃ સ્નાન કરી બારસના દિવસે ષોડ્શોપચારથી પૂજન કરવું તથા ગુરુને બ્રાહ્મણને, કુટુંબીને દાન કરવું. દાનમાં કુંભ, સોનાની મૂર્તિ, સોનાની કે ચાંદીની વીંટી, તલનું પાત્ર, શય્યા, વસ્ત્રો, ધાન્યો, છત્ર, ચપ્પલ, વાસણ વગેરે અર્પણ કરવા. કાળી ગાય આપવી તથા તલ ભરેલું પાત્ર આપવું.

તલનું દાન કરવાથી સ્વર્ગ, અન્ન, જળ, મોક્ષ શાશ્વતી તૃપ્તિ તથા મુક્તિ મળે છે. તલ, અન્ન વગેરે બધું જ દાન કરવું. જે જે આપવું જોઈએ જરૂર હોય તે બધું જ આપવું. સ્ત્રી, પુત્ર, ઘર, બગીચો, ઉપવન, ગાય, ભેંસ, હાથી, અશ્વ, વાહનો, વિમાનો, ઘરવખરીની વસ્તુઓ વગેરે આપવી.

ધર્મ, અર્થ, કામ, મોક્ષ માટે શારીરિક સાધનો, સોનાના ઘરેણાં, ભોજન, સાંભળવાના સાધન, મનોરંજનના સાધન વગેરે અન્ય દાન આપવા. જેવું આપીશું તેવું લાખગણું તેને મળશે. માટે જ એકાદશી વ્રત કરનારે આવું વિશેષ દાન કરવું.

સાંભળો આ પ્રાચીન કથા છે. પૂર્વે સત્યુગમાં કપિલા નામની બ્રાહ્મણી સતી હતી. તે વિદ્યાવતી, કુમારી અને બ્રહ્મચર્યપરાયણ હતી, આત્મજ્ઞાની દેવપૂજામાં પ્રીતિ રાખનારી હતી. સ્વર્ગાદિ ફળની ઈચ્છાથી તે અપરિગ્રહ કરનારી શરીરથી દુઃખી એવી વ્રતથી પોષણ પામેલી હતી. જેમ-જેમ તે વિદ્યા ઉપાર્જન કરતી તેમ-તેમ સત્પાત્રે દાન કરતી જતી. દેવોનાં, બ્રાહ્મણોનાં, કુમારીઓનાં, સંતો તથા સાધ્વીઓનાં બ્રહ્મનિષ્ઠોનાં ઘરે દાન કરતી.

અન્ય ઉપકરણોનું પણ તે મહાસતિ દાન કરતી અને સર્વદા સુખ માટે દેવપૂજક બની રહેતી. અતિ તૃષ્ણા અને મોહ તેને નારી સ્વભાવના કારણે થયો હતો. તે આત્મજ્ઞાન કરતી પણ સુખેચ્છા મારી નહોતી શકતી. અન્ન તો સુલભ છે. એમ માની તે અન્નનું દાન ભિક્ષુકોને કરતી નહીં. સાધુઓ, બાળકો વગેરેને તે ભોજન ન કરાવતી. બીજું બધું દાન આપ્યું પરંતુ અન્નનું અણુ માત્ર પણ દાન ન કર્યું. કેવળ અજ્ઞાનતાને લીધે ભિક્ષુકોને અન્નદાન ન કર્યું.

એકવાર તે મારું ચિંતન કરતી હતી. શુદ્ધ મતિથી તે શરીરથી વ્રત કરતી હતી. ઘણી વસ્તુઓથી શ્રીહરિનું પૂજન કર્યું, તથા કાયાના કલેશના કારણે બધું જ સકામ રહી કર્યું. આ શુભ સકામનાને કારણે સ્વર્ગ જાણે તેના માટે જ છે તેવું થયું પણ અહીંયા આનાથી ભૂલ થઈ. અન્ન દાન ન કર્યું. તેની દરકાર ન કરી તેથી તેના માટે સ્વર્ગલોકમાં અન્ન ઉપસ્થિત ન થયું. અન્નદાન કરવાથી સ્વર્ગમાં ભોજન પ્રાપ્ત કરી શકાય છે તથા જે આપ્યું હોય તેવું જ મળે છે. તેથી જ મેં તે બ્રાહ્મણીના સુખ માટે ભિક્ષુકનો વેશ ધારણ કર્યો અને ભોજનની યાચના કરવા ત્યાં ગયો કે જ્યાં તે બ્રાહ્મણી રહેતી હતી. તે મને અન્નનું દાન કરશે તથા સ્વર્ગમાં તેજ અન્ન પોતે મેળવશે. હે લક્ષ્મી ! આમ વિચારી હું પૃથ્વીલોકે ગયો.

કપિલ સ્વામીનું રૂપ ધારણ કરી હું ભિક્ષા માગવા લાગ્યો, ત્યારે તે બ્રાહ્મણી મારી મૂર્તિની પૂજામાં વ્યસ્ત હતી. ત્યારે તે બ્રાહ્મણીએ ભિક્ષુકનો સાદ સાંભળ્યો. પૂજામાં વિઘ્ન નાખે છે એવું જાણી તે બ્રાહ્મણીએ કંઈ જવાબ આપ્યો નહીં. રોષના આવેગથી તે કંઈ બોલી નહીં ત્યારે તે ભિક્ષુકે ફરી

ભિક્ષા માટે યાચના કરી હે સુંદરી ! ભિક્ષા આપો. પૂજામાં આસક્ત હોવાથી તે બ્રાહ્મણીએ તુલસીનાં છોડની માટી પાણીથી ભિની કરી પિંડ બનાવ્યો. તથા કોપથી તેને એક મોટો માટીનો પિંડ બનાવી ત્રાંબાના પાત્રમાં લઈ બહાર આવી અને મારા પાત્રમાં તે માટીનો પિંડ નાખ્યો તથા અન્નનો અણુ પણ ન આપ્યો.

મેં વારંવાર કહ્યું કે, મને અન્ન આપો પરંતુ તેણે મને અપશબ્દો કહી ત્યાંથી કાઢી મૂક્યો. પછી હું ત્યાંથી નીકળી ગયો. સમય વિતતા તે બ્રાહ્મણી મરણ પામી. બ્રહ્મચર્યના પાલન તથા વરદાન પ્રાપ્ત કર્યા હોવાના કારણે તે દેવી બની અને સ્વર્ગે સીધાવી. ત્યાં દેવીઓએ તે બ્રાહ્મણ દેવીનો સત્કાર કર્યો, તેણીએ માટીના પિંડનું દાન કર્યું હોવાથી તેને સ્વર્ગમાં પણ એક સુંદર ઘર પ્રાપ્ત થયું. તે ઘર દરેક સમૃદ્ધિથી યુક્ત હતું પરંતુ ત્યાં ધાન્યની ખોટ હતી. તેણે દિવ્ય ઘરને જોયું પણ ક્યાંય ખાવાની વસ્તુ ન જોઈ. તે બ્રાહ્મણી તે સુંદર ઘરમાંથી નીકળી અને મારા મંદિરે કે જ્યાં જળની ઉપર બીજું વૈકુંઠ હતું ત્યાં આવી.

બ્રહ્મચર્યના પ્રભાવથી તે 'કપિલા' સૂર્ય જેવી તેજોમય હતી. ક્રોધમાં આવી મને ખીજાવા લાગી - 'મારા ઘરે અન્ન આદિ કેમ નથી ?' અન્ન વગરનું સર્વ સુખથી સંપન્ન આ ઘર મળ્યું પરંતુ જ્યાં અમૃતરૂપી અન્ન-જળ મળતું નથી તેનું શું કામ ? આ ભોગ સ્થળ સ્વર્ગમાં મારે કઈ રીતે જીવવું ? હે મહાપ્રભુ ! તેથી આપ મને તમારા ભક્તને ભોજન આપો. અન્યથા મારે આ સ્મશાન જેવા ઘરમાં નથી રહેવું. ત્યારે મેં તેને કહ્યું કે, તે પણ અન્નદાન ક્યારેય કર્યું નથી. બ્રાહ્મણો, સારા લોકો તથા સાધ્વીઓને પણ ક્યારેય અન્નદાન કર્યું નથી તથા હું ભિક્ષાર્થી થઈ તારા ઘરે આવ્યો હતો તો તે મને પણ માટીનો પિંડ જ આપ્યો હતો. તો મારે પણ તને હે સાધ્વી ! તેનું ફળ તો આપવું જોઈએ ને. કર્મભૂમિએ કરેલું, આપેલું જ ફળ સ્વર્ગમાં મળે છે. તે અન્ન ન આપ્યું તો સ્વર્ગમાં તને કઈ રીતે મળે ? તો પણ તે મારા અનુગ્રહને કારણે તથા માટીના દાનના કારણે તે મને જે ભિક્ષા આપી તે અન્ન સ્વરૂપ બને તથા અમૃતરૂપી તને તેનું ફળ મળે. તેમજ તે વ્રતો તથા

કઠોર ઉપવાસ કર્યાં છે તથા પૂજા વગેરેથી મારું અર્ચન કર્યું છે તેનું ફળ તારા ઘરે અમૃતરૂપે પરિવર્તિત થાઓ.

હે મારી પ્રિયા ! તારું ઘર કદી પણ શૂન્ય ન થાય, ખાલી ન રહે. હવે તું સ્વર્ગે જા ત્યાં તને મોટું કૂતુહલ પ્રાપ્ત થશે. ત્યાં તારા ઘરે ષટ્તિલા એકાદશીનું વ્રત કરનારી દેવીઓ આવશે, તું ઘરનું બારણું ખોલતી નહીં. જો તે દેવીઓ તારા દર્શનનો આગ્રહ રાખતી હોય તો તારે તેને દર્શન ન કરાવવા, બારણું બંધ જ રાખવું તથા તારે તેઓને કહેવું કે, તમે જો હરિની પ્રિયા એવી હું અને મારું દર્શન કરવા આવ્યા હોવ તો તમે મને તમારું પહેલાં કરેલું ષટ્તિલા એકાદશીનું પુણ્ય અર્પણ કરો. ત્યારે તે દેવીઓને ષટ્તિલા એકાદશીનું પુણ્ય તે બ્રાહ્મણીને અર્પણ કર્યું. ત્યારે તેણે દ્વારા ઉઘાડ્યા અને તે હરિપ્રિયાને દેવીઓએ જોઈ. તે કપિલા જેવી સ્વર્ગમાં બીજી કોઈ પણ દેવી, ગાંધર્વી, અસૂરી કે નાગકન્યા ન હતી. તેવી તે દિવ્ય હતી.

હરિના સંયોગથી તે બ્રાહ્મણી હે મહાલક્ષ્મી ! એકદમ તમારા જેવી જ રૂપકાંતિવાળી મારી પત્ની બની ગઈ. ષટ્તિલાના ફળના કારણે તેનું ભવન પણ અન્નરૂપી અમૃતથી યુક્ત બની ગયું. તરત જ તે ભવન ધાન્યપૂર્ણ થઈ ગયું. તેનું ભવન ષટ્તિલાના પુણ્યના લાભથી ધન, ધાન્ય, સારાં વસ્ત્રો, સોના-ચાંદી આદિથી પરિપૂર્ણ બન્યું. આ બધું તેણીએ કલ્પસુધી ભોગવ્યું તથા તે કપિલા નિત્ય માટે મારા મંદિરે આવી લય પામી તથા તે ચારભૂજાઓ વાળી રમા રૂપા થઈ મારી પ્રિયા બની. મારી સેવા અને ભજન કરવાથી તે મારી સખી બની ગઈ માટે જેણે-જેણે આ સાક્ષાત્ ષટ્તિલા વ્રત કર્યું છે તેને શું શું નથી મળ્યું ? તેને તો બધું જ પ્રાપ્ત કર્યું છે.

મારા યોગથી વ્રતી ભુક્તિ-મુક્તિ બધું પ્રાપ્ત કરે છે. વ્રતીએ દક્ષિણા આપવામાં કપટ ન કરવું કે વળી લોભ પણ ન કરવો. દરેક પ્રકારનું દાન આપવું કે જેનાથી સ્વર્ગમાં પણ બધું જ મળે. પોતાની શક્તિ અનુસાર પૈસા મુજબ તેલ તથા અન્ય ધાન્યોનું દાન કરવું. વસ્ત્ર, ધાન્ય, અન્ન, વાહન વગેરે બધું જ આપવું જેનાથી નિરોગીતાને પ્રાપ્ત થવાય છે. ષટ્તિલાના ઉપવાસના કારણે ભક્ત દરિદ્ર, કષ્ટયુક્ત, દુર્ભાગી કે શૂન્યતાને કે ભિન્નતાને પ્રાપ્ત થતો

નથી. તેથી જ વ્રત અને તલનું દાન વિધાનપૂર્વક કરવું કે જેથી પાપી મુક્ત બની અને ભુક્તિ-મુક્તિ પ્રાપ્ત કરે છે.

હે પ્રિયા ! જે આ વ્રત-કથા સાંભળે છે તથા વાંચે છે તેનું પુણ્ય ષટ્તિલાના ઉપવાસ જેટલું જ મળે છે. કોઈનું કંઈ પણ અશુભ થતું નથી તથા બ્રાહ્મણ આત્મપુણ્યને અને ક્ષત્રિય વિજયને પ્રાપ્ત કરે છે. વણિક ધન તથા અન્ય લોકો સુખને પ્રાપ્ત કરે છે. ધર્મોથી ધર્મ તથા કામોથી સ્ત્રીને પ્રાપ્ત કરે છે. ધનાર્થી ધન તથા પુત્રાર્થી પુત્ર પ્રાપ્ત કરે છે તથા જ્ઞાતિમાં અગ્રણી અને યશવાન બને છે. વ્રતી અચળ લક્ષ્મી અને અભયતા તથા તેજ, વીર્ય-પરાક્રમ પ્રાપ્ત કરે છે.

ષટ્તિલા વ્રતથી સ્ત્રીઓ પ્રિયપતિ તથા પુત્ર, પૌત્ર, ધન, ધાન્ય, અખંડ સૌભાગ્યને પ્રાપ્ત કરે છે તથા અહીંયા તો કામ સુખ મેળવે જ છે પરંતુ સ્વર્ગમાં જઈ વૈષ્ણવી, રમા થઈ અને શ્રીહરિની શય્યાનું સુખ ભોગવે છે. તેમજ વૈકુંઠ તથા ગોલોકમાં યૌવનસુખ માટે સદા સર્વદા શ્રીકૃષ્ણ, વિષ્ણુની સાથે જ રહે છે. ષટ્તિલા વ્રત સમાન બીજું કોઈ વ્રત સુખ આપનાર નથી. જે પદ્માએ આ વ્રત કર્યું, તે આપ જ લક્ષ્મી મારા પ્રિય છો.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "મહા માસના કૃષ્ણપક્ષમાં આવતી ષટ્તિલા એકાદશીનું વ્રત, વિધિ, તેની ફળપ્રાપ્તિ આદિ નિરૂપણ તેમજ કપિલા નારીને દેવીત્વ અને લક્ષ્મીત્વ પ્રાપ્ત થયું આદિ નિરૂપણ" નામનો બસો બેતાલીસમો અધ્યાય ॥ ૨૪૨ ॥

જયા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા – હે શ્રીહરિ, હે કૃપાસિંધુ, હે જગતના ઉદ્ધારક આપ મને માઘ માસની શુકલપક્ષી એકાદશીની કથા સંભળાવો.

આ વ્રત કરનારને ભુક્તિ-મુક્તિ પ્રદાન થાય છે. તે વ્રતની વિધિ તથા આ એકાદશીના અધિદેવતા કોણ છે ? તથા આ વ્રતનું ફળ શું છે ? તેમજ કેવી રીતે આ વ્રતનું ઉદ્યાપન કરવું તે કહો.

શ્રી નારાયણ બોલ્યા – હે લક્ષ્મી, સાંભળો આ માઘ માસની શુકલ એકાદશી કે જે પુણ્ય, મોક્ષ, કામ તથા સુખ આપનારી અને પાપ હરનારી છે તે એકાદશીનું નામ 'જયા' એકાદશી છે. આ એકાદશી વ્રતીના બ્રહ્મહત્યાદિ પાપો બાળનારી તથા પિશાચાદિ તત્ત્વનો નાશ કરનારી પણ છે.

આ એકાદશી દરેક પ્રકારની સંપત્તિ આપનારી તથા યુદ્ધમાં રાજાઓને વિજય અપાવવા વાળી છે તેમજ આ લોકમાં, વ્યવહારમાં તથા સ્વર્ગમાં જય આપનારી છે. કોઈ પણ કાર્ય કરો તો તેમાં આ એકાદશી તે કાર્ય પૂર્ણ કરનારી છે. માટે આ એકાદશીને ત્રણેય લોકમાં 'જયદા'ના નામે પણ ઓળખવામાં આવે છે. તેથી જ હે લક્ષ્મી ! આ એકાદશી અવશ્ય કરવી. દશમીના દિને અથવા રાત્રે એક જ સમયે જમી અને રાત્રે જમીન પર ઊંઘવું તથા પ્રાતઃકાળે જાગી શ્રીહરિનું સ્મરણ કરવું. શૌચ, સ્નાનાદિથી પરવારી સંધ્યા-વંદન કરવા તેમજ ગાયત્રી જપવી અને હરિપૂજા પ્રારંભવી.

દેવી નિત્યાની સાથે શ્રીમાધવ સ્વરૂપનું કે જે આ એકાદશીના પતિ છે. તેઓનું પૂજન કરવું તથા પંચામૃત વડે ભગવાનનો અભિષેક કરવો તથા

જળ વડે પણ કરવો. ત્યારબાદ તિર્થના જળથી ભગવાનને સ્નાન કરાવી, સ્થાપન કરી ચંદન, સુગંધિત અત્તર, ઉત્તમ તેલ આદિનું લેપન કરવું. ત્યારબાદ ફરી ભગવાનને તિર્થના જળથી સ્નાન કરાવી વસ્ત્રો ધારણ કરાવવા તથા મુકુટ, કુંડળ, હાર, બાજુબંધ, વીંટી, કંદોરો કે જેમાં રત્ન, હીરા આદિ જડેલા હોય તેવા બધા જ આભૂષણો ભગવાનને ધારણ કરાવવા. ગુલાલ, ચોખા તથા અબિલથી ભગવાનનું પૂજન કરવું તથા ધૂપ, દીપ અને ફૂલો વડે ભગવાનનું પૂજન કરવું.

તત્કાળ ખીલેલા કમળો તથા ગુલાબના શ્રૃંગારિત હાર બનાવી અને બીજા સારા પાંદડા હારમાં પરોવવા તથા માંજર સહિત તુલસીથી ભગવાનનું પૂજન કરવું તથા ચંદન વગેરે સુગંધિત વસ્તુઓથી પૂજન કરવું તથા મિષ્ટાન્ન વગેરે નૈવેદ્ય ધરવું અને બીજવાળા ફળો અર્પણ કરવા. મગસના લાડું, મેસુબ તથા મોતિચુરના લાડું, કેસરવાળો દૂધપાક વગેરે શ્રીહરિને ધરાવવું. દાડમ, નારંગી, દ્રાક્ષ, કેળાં તથા નારિયેળ, ફળો ભગવાનને અર્પણ કરવા. આરતી કરી ભગવાનની પ્રદક્ષિણા કરવી તથા પુષ્પાંજલિ ભરી ભગવાનની ક્ષમા-પ્રાર્થના કરવી કે, આજે હું આ જયા એકાદશીનું વ્રત હે પ્રભુ કૃષ્ણ ! તમારી પ્રસન્નતા માટે કરું છું. આ વ્રત મારું સારી રીતે પરિપૂર્ણ થાય, તમારી કૃપા રહે. આમ પ્રાર્થના કરી દેવોના દેવ માધવને નમન કરી સાત ધાન્યોયુક્ત સર્વતોભદ્રમંડળ કરવું તથા મધ્યમાં સોના કે ત્રાંબાનો ઘડો સ્થાપવો, તે ઘડો પાંચ રત્નો, પાંચ પાંદડાઓ, જળ, વસ્ત્ર, આદિથી યુક્ત કરી તે ઘડા પર તલ ભરેલું પાત્ર રાખી પાત્ર પર નારિયેળ મૂકવું.

ત્યારબાદ તે ઘડામાં દરેક તિર્થોનું આવાહ્ન કરી ઘડાનું પૂજન કરવું તથા જયા લક્ષ્મી અને શ્રીમાધવ સ્વરૂપ ભગવાનની સોનાની મૂર્તિની નિત્યા પત્ની સહિત સ્થાપના કરવી અને આવાહ્ન આદિ ક્રમ અનુસાર પૂજા કરવી તથા ભગવાનને નવડાવવા અને પુષ્પોથી ભગવાનને શણગારી ભોજન આદિ અર્પણ કરવું તથા આમ ભાવપૂર્વક ષોડ્શોપચારથી પૂજન કરવું. પીવા માટે જળ ધરવું પછી ભગવાનની આરતી કરવી અને મુખવાસ અર્પણ કરી અપરાધોની ક્ષમા માગવી.

ત્યારબાદ વ્રત માટે પ્રાર્થના કરવી અને કહેવું કે, હે પ્રભુ ! મારું વ્રત યોગ્ય રીતે પૂર્ણ કરજો. પછી ગાયનું પૂજન કરવું તથા ગોદાન કરવું. ભૂમિ, વસ્ત્ર તથા સોનાનું દાન કરવું. બીજા દિવસે બારસે વ્રત સમાપનની પૂજા કરવી તથા બપોરે ખાવા, ચાટવા, ચુસવા, પીવા યોગ્ય ચાર પ્રકારના ભોજન શ્રીમાધવને અર્પણ કરવા. સાંજે તથા રાત્રે શ્રીકૃષ્ણની પૂજા માટે એક મોટો વિશાળ મંડપ બાંધવો અને શ્રીહરિનું પૂજન કરવું, આરતી કરવી તથા નૈવેદ્ય અર્પણ કરી ક્ષમા-પ્રાર્થના કરવી.

મંડપ નીચે શ્રીહરિના પદો ગાવા તથા રાસ રમાડવો અને ભગવાનનું મનોરંજન કરવું, રાત્રે જાગરણ કરવું. ભક્તો સાથે જાગરણમાં કિર્તન, વાદન અને નર્તન કરવું તથા પ્રાતઃકાળે શ્રીમાધવપ્રભુને સ્નાન કરાવી અર્ચન કરવું અને યથાશક્તિ વિવિધ પ્રકારના દાન કરવા. સાધુઓ, સાધ્વીઓ તથા બ્રાહ્મણોને ભોજન જમાડવા. ત્યારબાદ વ્રતના પારણાં કરવા. જેનાથી પૂર્ણ ફળની પ્રાપ્તિ થાય તથા વિજયની સર્વથા પ્રાપ્તિ થાય.

હે લક્ષ્મી ! સાંભળો. હવે હું તમને આ વ્રતની કથા કહું છું. પૂર્વે સ્વર્ગલોકમાં ઈન્દ્ર શાસન કરતા હતાં. દેવતાઓ ત્યાં સુખેથી વાસ કરતાં અને બધા જ અમૃતથી પોષણ પામેલા તથા અપ્સરાઓ, દેવીઓ વગેરેથી સારી રીતે પૂજન, અર્ચન પામેલા હતા. તે દેવો નંદન વનમાં વિહાર કરતા તથા દેવીઓ સાથે રમણ કરતા અને અપ્સરાઓથી તે નૃત્ય, કીર્તિગાન પામતા.

નંદન નામના વનમાં સ્વર્ગની ગંગાનું જળ ભરેલું નાનું સરોપત હતું તથા તે બગીચો પુષ્પોથી શોભિત તથા સુગંધીત પવનથી સેવિત હતો તથા ત્યાં ઈન્દ્રની પ્રસન્નતા માટે અપ્સરાઓ નૃત્ય કરતી હતી અને ગંધર્વો ગાન કરતા હતા તથા ગંધર્વો વાદન પણ તાલપૂર્વક કરતા હતા જેના તાલ પર અપ્સરાઓ નૃત્ય કરતી હતી. આમ ગાયન અને નૃત્યમાં આનંદથી પ્રવૃત્ત ઈન્દ્ર આ બધું જોતાં હતાં તથા તે પોતાની ઈચ્છાથી જ રંગભૂમિમાં ઉપસ્થિત થઈ આનંદિત થઈ સાથે નાચવા લાગ્યા.

ગંધર્વોની સાથે પુષ્પદંત સુસ્વરે ગાન કરતા હતા તથા ચિત્રસેન નામના ગંધર્વ પોતાની પત્ની પુષ્પવતી સાથે ગાયન કરતાં હતાં. ત્યારે પુષ્પદંત ગંધર્વરાજનો પુત્ર માલ્યવાન પુષ્પવતીના સ્વરૂપને જોઈ મોહિત થયો. માલ્યવાન પુષ્પવતીના કટાક્ષથી તેના વશમાં થઈ ગયો. પુષ્પવતી અને માલ્યવાન ઈન્દ્રને સંતુષ્ટ કરવા નૃત્ય કરવા લાગ્યા અને કામી બન્યા તથા એકબીજાને આલિંગન કરવા લાગ્યા. તે બંનેનાં ચિત્ત કામદેવનું બાણ લાગવાને કારણે ભ્રમિત થઈ ગયા હતા તથા બંને રાગાવેષ થયા હોવાને કારણે એકબીજાને જોતા રહ્યા તથા શુદ્ધગાન કરતા ન હતા. તે નર્તન તો કરી રહ્યા હતા. પરંતુ નૃત્ય અનુસાર ગાન થતું ન હતું. એ બંનેની ભુલ થવાને કારણે તાલ ચૂકાય જવાતો હતો. આમ તાલનું માનભંગ થયું છે તેમ વિચારી ઈન્દ્રએ તે બંનેનાં મન જાણી લીધા તથા તાલ, ગાન અને સમ્માન બધાનો ક્રમ ચૂકાઈ જતો હોવાથી ઈન્દ્ર આ બધું જોઈ અને પોતાની અવજ્ઞા માની ક્રોધાયમાન થયા તથા તે બંનેને શાપ આપતા બોલ્યા કે, 'ધિક્કાર છે, તમારી યુવાનીને, અરે મૂઢ લોકો ! મારા માનનું અપમાન કરનારા, સ્વર્ગમાં સદા ભોગ ભોગવવાનો ખજાનો છે તેનો તમે ભોગ પણ કરો છો, તે છતાં તમને તૃપ્તિ નથી થતી, મોટાનું માન જાળવવાની, મર્યાદા જાળવવાની ભાન નથી, મારી પ્રધાનતામાં આ નૃત્ય થતું હતું તે સમયે તમે બંને કામાતુર થયા. સભા વચ્ચે મને અગણ્ય માની બંને નૃત્ય કરતાં કરતાં મોહિત થયા તેથી તમે બંને પિશાચ દંપતી બની જાવ. તમે બંને ગંધર્વ થવાને લાયક નથી. હે અપમાન કરનારાઓ મૃત્યુલોકને પ્રાપ્ત થાવ અને તમારા કરેલા કર્મનું ફળ ભોગવો. દુઃખી તથા લાંબા સમય સુધી આ પિશાચી યાતના ભોગવવાવાળા જ બની રહો.'

આમ ઈન્દ્રના શાપને કારણે તે બંને હિમાલય પર્વત પર અતિ દારૂણ પિશાચતાને પ્રાપ્ત થયા તથા બંને દુઃખી થઈ બળવા લાગ્યા. શાંતિ વગરના થઈ ગયા. બરફના વરસાદ પડવાથી તે ઠંડીથી બંને એટલા પીડાવા લાગ્યા કે પોતાનું ગાંધર્વપણું તથા અપ્સરાપણું ભૂલી ગયા. બંનેના ઠંડીથી દાંત કકડાવવા લાગ્યા તથા પરસ્પર કહેવા લાગ્યા - પિશાચ પોતાની પ્રિય પત્ની પિશાચણીને કહેવા લાગ્યો કે, 'અહો ! આ નાનકડાં અપરાધનું મોટા દુઃખ

સમું ફળ મળ્યું. આ પિશાચરૂપ તો નરક જેવું કઠીન છે. ક્યારે આ પિશાચતાનો અંત આવશે તથા ક્યારે શાંતિ પ્રાપ્ત થશે ? અહીંયા અધિક પ્રમાણમાં ઠંડી હોવાથી અતિ પીડા થાય છે. આમ તે બંનેએ ચિંતાયુક્ત થઈ, ભુખના દુઃખથી પીડાતા દેવવૃક્ષ પીપળાની નીચે વાસ કર્યો તથા બરફ પડતો હોવાથી દશમીની રાત્રે, એકાદશીના આખો દિવસ અને રાત સુધી બરફ અને પવન ફૂંકાતો રહ્યો તેથી આમ દશમ, એકાદશીની રાત સુધી તે બંને ભોજન માટે પોતાના નિવાસ પીપળાને છોડી અને ક્યાંય પણ ગયા નહીં તથા દેવયોગથી તે એકાદશીનો દિવસ જયા એકાદશીનો હતો કે જે માઘ માસની શુકલપક્ષીના અગિયારમાં દિવસે આવે છે.

તે બંનેએ તે રાત્રી સુધી ઉપવાસ કર્યો તથા જાગરણ પણ કર્યું તથા બંને તે દિવસે અને રાત્રે અન્ન-જળ વગરના રહ્યા. કારણ કે ઠંડી બહુ હતી તેથી બંને ભોજન કે પાણી પીવા માટે પોતાના પીપળાને મૂકી ક્યાંય ગયા જ નહીં. બરફના પવનથી તે બંને કષ્ટયુક્ત બની કશું ખાધું નહીં તથા કોઈ જીવને માર્યો નહીં અને ખાવા માટેના ફળ પણ ન ખાધાં, પાણી પણ ન પીધું કે ઈન્દ્રીયોને પણ બેકાબુ ન રાખી. આમ કોઈ પણ સુખની આશા રાખ્યા વગરના તે બંનેએ નિંદ્રા પણ ન કરી.

આમ બંનેને દુઃખી થઈ આખી રાત જાગવું પડ્યું તથા બારસના પ્રાતઃકાળે તેઓએ મને શ્રીહરિને પ્રાપ્ત કર્યા. પીપળાના વૃક્ષરૂપી મને પ્રાપ્ત કરી, બંનેએ હૃદયમાં મારી ભક્તિ ધારણ કરી. કારણ કે વૃક્ષોમાં હું શ્રીહરિ પીપળો છું તો હું તેઓ સમક્ષ મૂર્તિમાન થયો.

તે દિવસે જયા એકાદશીની તિથિના કારણે બંનેએ જાગરણ સહિત બારસે મારું પીપળાનાં વૃક્ષનું શરણ લીધું. તેથી મેં તેઓને વ્રતનું ફળ આપ્યું. તેથી તે વ્રતના ફળથી બંનેનું પિશાચપણું જતું રહ્યું અને બંને પૂર્વની જેમ જ દિવ્યરૂપ ધારણ કરનારા ગંધર્વો થયા. જૂના પ્રેમથી યુક્ત તથા પહેલાની જેમ જ અલંકારોથી શોભિત તે બંને પુષ્પાવતી તથા માલ્યવાન માટે સુંદર વિમાનો ત્યાં આવ્યા. તે બંને વિમાનમાં બેસી સ્વર્ગે ગયા અને દેવેન્દ્રને હર્ષથી પ્રણામ કર્યા. ત્યારે ઈન્દ્ર વિસ્મિત બની તે બંનેને ગંધર્વરૂપે જોઈ અને બોલ્યા : ક્યાં

પુણ્યથી તમારી પિશાચતા નષ્ટ થઈ ? ક્યાં મુનિએ તમને મારા શાપમાંથી મુક્ત કરાવ્યા ? ત્યારે તે બંને ''દેવયોગથી આમ બન્યું'' એમ બોલ્યા અને કહ્યું- 'હે દેવરાજ ! શ્રીવાસુદેવની કૃપા તથા જયા એકાદશીના વ્રતથી, અમારું પિશાચત્વ નષ્ટ થયું. દેવેન્દ્ર આપની જ સેવા કર્યાનો આ પ્રભાવ છે. આમ સાંભળી ઈન્દ્રએ તેઓને ફરીથી આદરપૂર્વક બોલાવ્યા અને કહ્યું કે, તમે બંને શ્રીહરિની કૃપાને પાત્ર થયા છો તથા વ્રતયુક્ત બન્યા છો. તેથી તે વ્રતના પુણ્યને કારણે જ તમે બંને મારા માટે પૂજ્ય છો.

સદા માટે તમે સ્વર્ગના સુખ ભોગવો તથા અમૃતપાન કરો અને તમારી ઈચ્છાનુસાર બંને એકબીજાનાં પ્રિયપાત્ર બનો. હરિવ્રત કરનારાઓ, હરિની ભક્તિથી પરાયણ રહેવાવાળા દેવો કે માનવો કે પછી કોઈ પણ લોકો હોય તે સદા માટે પૂજ્ય જ ગણાય છે.

હે લક્ષ્મી ! આમ તે બંને પિશાચતામાંથી મુક્ત થઈ ગંધર્વી અને ગંધર્વ થયા તથા જયા એકાદશીના પ્રભાવથી ફરી તેમનો સ્વર્ગમાં વાસ થયો.

આથી જ હે લક્ષ્મી ! આ જયા એકાદશીનું વ્રત કરવું. જયા એકાદશી પાપ હરનારી, પુણ્ય આપનારી અને સ્વર્ગ આપનારી છે. બ્રહ્મહત્યાદી પાપોનો નાશ કરવાવાળી તથા મોક્ષ આપનારી છે. જેણે આ વ્રત કર્યું હોય તેણે દરેક પ્રકારનું દાન હું કરું છું. આ વ્રત જે કરે છે તેણે બધા જ પરોપકાર કર્યા ગણાય છે.

માઘ શુકલપક્ષી આ જયા એકાદશીના વ્રતથી ધન, ધાન્ય, પુત્ર, પત્ની, ઘર, ગાય, ઘોડા, સારો પતિ પ્રાપ્ત થાય છે. અહીંયા કે બીજે ક્યાંય પણ આ વ્રત દુર્લભ નથી. શ્રીહરિની કૃપાથી હરિના યોગથી આ વ્રત સુલભ જ છે. તેથી જ દરેક પ્રકારે આ જયા એકાદશીનું વ્રત કરવું કે જેથી વ્રત કરનાર એક કરોડ કલ્પ સુધી નિશ્ચિતપણે વૈકુંઠમાં આનંદ કરે છે.

આ વ્રતની કથા કરવાથી તથા શ્રવણ કે વાંચન કરવાથી પણ અગ્નિષ્ટોમનું ફળ અને ભુક્તિ-મુક્તિ પ્રાપ્ત થાય છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા
“મહા માસના શુક્લપક્ષમાં આવતી જયા એકાદશીનું વ્રત, વિધિ,
તેની ફળપ્રાપ્તિ આદિ નિરૂપણ તેમજ પિશાચત્વને પ્રાપ્ત થયેલા
પુષ્પાવતી અને માલ્યવાન નામના ગંધર્વોનું વ્રતના પ્રભાવથી
પિશાચત્વમાંથી મુક્તિ આદિ નિરૂપણ” નામનો
બસો તેતાલીસમો અધ્યાય ॥ ૨૪૩ ॥

વિજયા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા – હે ભક્તોના સ્વામી, ભક્તોના ઈશ્વર, રમાના પતિ આપ મારું સર્વસ્વ છો. હે ગોપાલ, હે લક્ષ્મીના પાલક, હે દયાનિધિ, હે ધર્મનું પાલન કરનારા ! સદાચારનાં પ્રવર્તક તથા હે દેવોથી પૂજિત ફાગણ માસની કૃષ્ણપક્ષી એકાદશી નું શું નામ છે તથા તેની શું કથા છે ? તથા તે એકાદશીના કયા દેવ છે અને તેનું વ્રત કઈ રીતે કરવું ? તથા તે દિવસે વિશેષ રીતે શેનું દાન કરવું ? હે હરિ ! આપ બધું જ મને કહી સંભળાવો.

શ્રી નારાયણ બોલ્યા – હે પ્રિયા ! ફાગણ માસની કૃષ્ણપક્ષી એકાદશીનું નામ વિજ્યા એકાદશી છે તથા તે દરેક પાપોનો ક્ષય કરનારી છે. તે દિવસે વ્રતીએ દેવી ધિયા (એકાદશી) તથા ભગવાનનાં પ્રદ્યુમ્નરૂપનું પૂજન કરવું તથા તુલસી અને સરબતી લીંબુ ફળ રૂપે અર્પણ કરવા તથા નૈવેદ્યમાં ભગવાનને ભોજન કરાવવું તથા તે દિવસે મુખ્ય પગરખાંનું દાન કરવું તથા યથા શ્રદ્ધા ધન વગેરે પણ દાન કરી શકાય.

તે દિવસે વિષ્ણુ પરાયણ થઈ વ્રત કરનાર ભક્તે શ્રદ્ધાપૂર્વક, આદરપૂર્વક ઉત્સવ કરવો તથા પ્રભુપરાયણ બનવું. તે દિવસે પ્રયત્નપૂર્વક ઉપવાસ કરવો કે જેનાથી દરેક જગ્યાએ વિજય મળે છે તથા તે દિવસે જળ, દૂધ જો ન પીવાય એમ હોય તો ન પીવા (બીમારી અથવા આપાત્તકાળે પી શકાય) તથા તે દિવસે કામવશ બની મૈથુન ન કરવું. તે દિવસે ક્રોધ, કલેશ, કોઈને પીડા આપવી તથા ચોરી કરવી વગેરે પાપો કરવાથી ઉપવાસનું ફળ મળતું નથી. તે દિવસે દાન, આત્મચિંતન, ધ્યાન, જપ, હોમ વગેરે કરવા.

વ્રતીએ આમ પુણ્યકાર્યો પ્રયત્નપૂર્વક કરવા તથા ફળની ઈચ્છા કરનાર મનુષ્યે તે એકાદશીની કથા સાંભળવી તથા જપ કરવા. તે દિવસે વ્રતીએ ઉપવાસનો વિરોધ કરનાર, અન્નને જોનાર કે અન્નને અડનાર વ્યક્તિનો સ્પર્શ કરવો નહીં. તે દિવસે કોઈને પણ અડકવું નહીં તથા હે પ્રિયા તે વ્રતના દિવસે ઉપવાસ જ કરવો. ઉપવાસ કરવા સમર્થ ન હોય તેણે આ દિવસે વ્રતનું ફળ પ્રાપ્ત કરવા ફળ, કંદમૂળ, દૂધ, પાણીનું જ સેવન કરવું તે શુભ જ છે.

અશક્ત વ્યક્તિએ વ્રતના દિવસે રાત્રે હોમમાં વપરાતું દ્રવ્ય એટલે કે ચોખા, ફળ, તલ, ઘી, ખીર, પાણી આટલી વસ્તુઓ ખાય-પી શકાય. તે દિવસે વ્રતીએ સુગંધિત દ્રવ્યો, કોઈપણ પ્રકારનો મુખવાસ તથા ભોગ વિગેરેનો ત્યાગ કરવો. આ દિવસે જાગરણ કે હરિપૂજન ન કરવાથી વ્રતનું અડધું જ ફળ પ્રાપ્ત થાય છે. હરિપૂજન તથા જાગરણ કરવાથી વ્રતીને વ્રતનું પૂર્ણ ફળ પ્રાપ્ત થાય છે.

હે લક્ષ્મી ! હવે સાંભળો હું તમને વિજય આપનારું એવું એક વૃત્તાંત સંભળાવું.

સત્યુગના ઉત્તરકાળમાં એક જમદગ્નિ નામક ઋષિ થયા હતા કે જે કૌશિકી નદીના તટે આવેલા જંગલમાં ધાર્મિકવૃત્તિથી નિવાસ કરતા હતા. તે ઋષિ સદા સ્નાન સંધ્યાદિ સત્કર્મો કરતા તથા અંતઃકરણથી શુદ્ધ રહેતા. તે ઋષિ દયા, દાક્ષિણ્ય, મૌન, શાંતિ આદિ ગુણોથી યુક્ત હતા તથા તે યજ્ઞયાગાદિ કાર્યોમાં નિપુણ હતા તેમજ દેવસેવા પરાયણ હતા. તેઓની કુટિરમાં સ્વયં મૂર્તિમાન અગ્નિ હોમેલું દ્રવ્ય સ્વીકારતો હતો. તેથી જ તે ઋષિનું નામ જમદગ્નિ એમ વિખ્યાત હતું. એકવાર તેઓ ચાંદ્રાયણ વ્રત કરવા માટે નર્મદાના તટ પર નિવાસ કરવા આવ્યા અને ત્યાં શ્રી માધવની આરાધના કરતા હતા. તેમની પત્નીનું નામ રેણુકા હતું. તે દેવી પણ પતિવ્રતા તથા ધર્મપરાયણ સાધ્વી હતા તથા નિત્ય પતિની સારી રીતે સેવા કરતા.

પતિ દ્વારા દરેક લાભ તથા સંતોષ પામવા છતાં બંનેને ત્યાં કોઈ સંતાન ન હતું. એકવાર દેવી રેણુકા સ્નાન કરી શ્રીહરિનું પૂજન કરતા પહેલાં

તે રોજ પોતાના પતિનું પૂજન કરતી હતી ત્યારે તેને વિચાર આવ્યો : 'પુત્ર છે તે પતિ જેવો જ થાય છે એમ સાંભળ્યું છે જેમ મારા પતિ છે તેમ જ મારો પુત્ર થાય તો કેવું સારું !'

મારા પતિ નવી સૃષ્ટિનું સર્જન, પોષણ અને ત્રિદેવોની જેમ નાશ પણ કરી શકવા સમર્થ છે તથા દેવો પણ જેના દરેક કાર્યો સન્મુખ આવી અને કરે છે તથા મારા પતિની ઈચ્છાપૂર્ણ કરે છે. તેવો જ સામર્થ્યવાન મારો પુત્ર પણ થાય. કે જે કલ્પવૃક્ષ અને કામધેનુ જેવો શક્તિશાળી, મારા પતિની જેમ દેવ સમાન હોય. તેવો મારે પુત્ર જન્મે જેના સંકલ્પમાં સ્વર્ગસમાન ભવનો, વૈકુંઠની સમૃદ્ધિઓ, ગોલોકના રસો વગેરેનો વાસ હોય. સંકલ્પ માત્રથી આ બધું તે મેળવી શકે, તેવો મારો પુત્ર થાય. જેના સાનિધ્યમાં ભોગો, સત્ય, કામ તથા લક્ષ્મી અને અમૃત વસે તથા જેના હાથમાં જ મુક્તિ રહે તેમજ જેના દેહમાં વેદવિદ્યા, કળા, દાક્ષ્યતા વસે તથા જેના હૃદયમાં બ્રહ્મચર્ય આદિ ધર્મો વસેલા હોય, આ બધું જ સામર્થ્ય મારા પતિ જમદગ્નિ ઋષિમાં રહેલું છે. તેવો જ સામર્થ્યશાળી મારો પુત્ર થાય. દેવોના આશીર્વાદ પ્રાપ્ત થાય તો હું આવા પુત્રની કામના કરું છું.

આમ મનમાં વિચારી પોતાના પતિનું પૂજન કરી શ્રીવિષ્ણુનું સ્મરણ કરી પતિના જમણાં પગનાં અંગૂઠાનું ચરણામૃત પીધું. ત્યારે ત્યાં આકાશવાણી થઈ, ''હે દેવી ! તમારી પતિસેવાથી હું પ્રસન્ન થયો છું, હું પતિનાં રૂપમાં સાક્ષાત્ વિષ્ણુ જ છું તથા તમારી સેવા ગ્રહણ કરું છું અને તમને વચન આપું છું કે તમારા ગર્ભમાંથી જન્મનાર પુત્ર સ્વયં હું જ બનીશ તથા તમારા પતિ જેવો જ સામર્થ્યવાન થઈશ. સ્ત્રીઓ માટે હું પતિ નામથી જ વિખ્યાત છું, બીજો કોઈ જ નથી. તેથી જ પતિ તે કલ્પવૃક્ષ સમાન ફળ આપનારા છે. માટે પતિવ્રતાઓએ સારી રીતે આ વ્રત કરવું.

હે માતા ! સાંભળો. આ વ્રત સુફળ, પુત્ર તથા આ લોકમાં ખ્યાતિ અને મોક્ષનું સાધન અપાવનારું છે. વિજયા એકાદશીના વ્રતથી તમારા દરેક સંકલ્પો પૂર્ણ થશે તથા આ વ્રત કરવાથી પુત્ર પ્રાપ્તિ તેમજ વિજય તમોને યુગે-યુગે પ્રાપ્ત થશે. આમ કહી તે આકાશવાણી વિરામ પામી પછી દેવી

રેણુકાએ ફાગણ માસની કૃષ્ણપક્ષી એકાદશીની તિથિનું વ્રત કર્યું.

ભગવાન વિષ્ણુની પ્રસન્નતા માટે તે દિવસે ઘણાં પ્રકારનાં દાનો આપ્યા. શ્રીવિષ્ણુની કૃપાથી દેવી રેણુકાને ત્યાં પુત્ર જન્મ થયો. તેનું નામ પરશુરામ રાખ્યું, કે જે વિષ્ણુનો અંશ હતો. પુત્ર જન્મ પહેલાં શ્રીહરિએ ચતુર્ભુજ રૂપે માતા રેણુકાને સ્વપ્નમાં કરાવ્યા હતા. આમ પ્રભુના દિવ્યરૂપના દર્શન કર્યા બાદ તે રેણુકાદેવી પુત્રવતી થયા હતા.

હે પ્રિયા લક્ષ્મી ! સાંભળો. જન્મ બાદ તે બાળક જમદગ્નિ પુત્ર તે પિતાની જેમ જ મુનિધર્મ પરાયણ થયો. તે બ્રાહ્મણ ધર્મનું પાલન કરતો તથા ઋષિઓ અને દેવતાઓનો માનિતો હતો. જ્યારથી તેને યજ્ઞોપવિત્ અર્પણ કરાવી હતી ત્યારથી જ તે નિત્ય વિષ્ણુ પૂજન કરતો. તે પોતાના પિતાની સાથે રહીને જ વેદાધ્યયન કરતાં તે શિક્ષિત બન્યો. વિદ્યાના તેજથી તે બીજા સૂર્ય સમાન તેજસ્વી બન્યો હતો.

બાલ્યકાળથી જ તે પોતાના મહાન પરાક્રમી પિતાના પરાક્રમને તો માત્ર નાનું અમથું પરાક્રમ સમાન ગણતો. તેનો ત્રણેય લોકમાં કોઈ માર્ગ રોકી શકે તેમ ન હતું. તે બ્રાહ્મણ બાળક બ્રહ્મમાં સ્થિત રહેવાવાળો બ્રહ્મચર્યનું પાલન કરનારો હતો જેના દર્શન કરવા માત્રથી માનવો મુક્તિ પામતા તથા તેના સેવનથી દેવોએ દેવત્વ અને સ્વર્ગની સંપત્તિ મેળવી હતી. તે આ ભિક્ષુક કુટિરમાં અને ભૂમિ પર જંગલમાં રહેતા હતા. આ તો નારાયણની જ લીલા છે કે જે લીલા ભાવુકોને મોક્ષ આપનારી છે.

હે લક્ષ્મી ! સાંભળો. એકવાર ક્ષત્રિઓનો એવો સમૂહ બન્યો હતો કે જે અરણ્યવાસી બ્રાહ્મણોને પોતાના પૂજ્ય ગણતો હતો. તે જ સમાજનો રાજા એટલે ચંદ્રવંશી કૃતવીર્યનો દિકરો સહસ્ત્રાર્જુન હતો તથા તે માહિષ્મતી નગરીનો રાજા હતો. તેણે નારાયણાવતાર દત્તાત્રેયને તપથી પ્રસન્ન કરી સેવા દ્વારા હજાર હાથ પ્રાપ્ત કર્યા હતા તથા શ્રીદત્ત પાસેથી યોગના પ્રભાવથી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. એકવાર તે પોતાની ઈચ્છાથી શિકાર કરવા ગહન જંગલમાં ગયો.

પોતાના વિશાળ સૈન્ય સહિત તે વનમાં આવ્યો. ફરતો ફરતો તે આશ્રમમાં જમદગ્નિ મહામુનિ પાસે આવ્યો. તે રાજાને પોતાના સૈન્ય તથા મંત્રીઓ સહિત ઋષિએ માન-સમ્માન, પૂજા-સત્કાર કર્યા તથા પોતાના યોગબળથી ઘણું બધું સુખ સત્કારથી આપ્યું.

ઋષિએ તેની કામધેનુની પૂજા કરી. કામધેનુની કૃપાથી સ્વર્ગથી પણ અધિક વૈભવ પ્રગટ કરવી. રાજાએ આ બધું જોયું તથા મુનિના વૈભવને જોઈ તે વિસ્મય પામ્યો તથા પોતાનાથી અધિક ઐશ્વર્ય તે રાજાએ ક્યાંય જોયું કે સાંભળ્યુ ન હતું. દરેક પ્રકારની વિભૂતિઓ તથા પરાક્રમ જોઈ અને તે કામધેનુને હરી ગયો. ઋષિએ ના પાડવા છતાં બળપૂર્વક લઈ ગયો. રડતાં વાછરડા સહિત તે સહસ્ત્રાર્જુન કામધેનુને પોતાની નગરીમાં લઈ ગયો ત્યારે પરશુરામ ઘરની બહાર ગયા હતા. આશ્રમે આવ્યા ત્યારે તેણે પોતાની માતાને રડતાં જોયાં તથા સાંભળ્યું કે તે રાજાએ આવું દુષ્કર્મ કર્યું છે. આમ વૃત્તાંત જાણી તે ક્રોધાયમાન થયા.

પરશુરામ કહે, હે માતા ! હું શું કરી બતાવું. બોલો, રસ્તો દેખાડો, શિક્ષા આપો. હું ક્રોધથી તે ક્ષત્રિયોનું ઉત્થાપન કરી નાખીશ.

હે માતા ! તમે મારા માર્ગદર્શક બનો. માતાએ કહ્યું કે : 'હે પુત્ર ! તારા સારી રીતે વિજય થાય તેવું કર. તું તે જ કર કે જે મેં પૂર્વે વિજ્યા એકાદશીનું વ્રત કર્યું હતું. તેથી શ્રીહરિ મારી ઉપર પ્રસન્ન થયા હતા તથા મારી કૂખેથી પરશુરામ તારા રૂપે પ્રભુ પ્રગટ થયા હતા. તું જ શ્રીહરિ છો. જો તારા હાથમાં ધનુષ, પરશુ અને ધજાનું રેખારૂપી ચિન્હ છે. તું વિજ્યા એકાદશી વ્રત કર જેનાથી બધું શુભ થશે, તારો સદા વિજય થશે. ક્ષત્રિયો સાથે યુદ્ધમાં વિજય મેળવવા અને ક્ષત્રિઓને શિક્ષા આપવા માટે તું આ વ્રત કર. દંડપ્રદાન કરવામાં તારો વિજય થશે. પરશુરામે વિજ્યા એકાદશીનું વ્રત કર્યું. ફાગણના કૃષ્ણપક્ષી એકાદશી તિથિના દિવસે માતાના વચનો અનુસાર પરશુરામે વ્રત કર્યું. દશમીએ રાત્રી ભોજન તથા ભૂમિશયન કરી વ્રત આચર્યું. પ્રાતઃકાળે સ્નાન કરી શ્રી પ્રદ્યુમ્ન અને ધીય દેવીનું પૂજન કર્યું તથા સર્વતોભદ્રમંડળ કરી કળશમાં રત્નો, પાંચ પાંદડા, વસ્ત્ર, જળ, ગંધ, આદિ

પધરાવ્યું. ઘડો સ્થાપી તેની ઉપર તલ ભરેલું શુભપાત્ર મૂકી તેમાં સોનાની મૂર્તિઓનું સ્થાપન કર્યું.

પ્રદ્યુમ્ન તથા ધિયા દેવીનું ઘણી વસ્તુઓથી દ્રવ્યોથી પૂજન કર્યું અને પંચામૃત તથા જળથી સ્નાન કરાવી યજ્ઞોપવિત અર્પણ કરી વસ્ત્રાલંકાર ધરાવી ભગવાનની ચંદન આદિ સુગંધીત દ્રવ્યોથી પૂજન કરી પુષ્પો ચડાવ્યા. ફળો અર્પણ કર્યાં તથા તુલસીદલ અને માંજરથી પૂજા કરી અને ધૂપ, દીપ કરી પ્રદક્ષિણા સ્તુતિઓથી ભગવાનને સંતુષ્ટ કરી મધ્યાહ્ને પણ પૂજન કરી ભોજન તથા જળ પ્રભુને અર્પણ કર્યાં. આરતી તથા ક્ષમાપન કરી સારી રીતે પૂજી પરશુરામે વેદાખ્યાન, કથાઓ કરી જાગરણ કર્યું. જ્યાં સુધી બ્રહ્મમુહૂર્ત થવા આવ્યું ત્યાં સુધીમાં તો તે ફરી સ્નાન કરી દેવનું પૂજન કરવા લાગ્યા અને પ્રાર્થના કરી - 'હે દેવ ! બ્રાહ્મણ કે જે અશક્ત, મૃદુલ સ્વભાવી હોય છે. તે ક્ષત્રિયો સામે વિજય મેળવવા સશક્ત નથી. તેથી તેઓ સાથે યુદ્ધ કરવા માટે હે કૃષ્ણ તમારા જ અર્ચનથી, સેવનથી હું કુમાર્ગે ગયેલા ક્ષત્રિયોને શિક્ષા આપવા માટે યમ સમાન બનું તથા હે પ્રભુ મારા વિજય દ્વારા આપ સ્વયં વિજયી બનો. જ્યાં સુધી આમ પ્રાર્થના કરતા હતા ત્યાં તો ભગવાન ચતુર્ભુજ પ્રગટ થયા અને બોલ્યા તમારો સદા વિજય થાઓ. હે દ્વિજોત્તમ વિજયાવ્રતના પ્રભાવથી હું પ્રસન્ન થયો છું. આપ મારું જ રૂપ છો તથા નારાયણના જ અંશ છો. વિજયા એકાદશીના ફળને કારણે તમારો વિજય થશે. તમને નિમિત્ત કરીને ક્ષત્રિયો, રાજાઓને શિક્ષિત કરવા છે. ક્ષત્રિઓની તથા શસ્ત્રધારીઓની કુમાર્ગે ગતિ થાય છે ત્યારે તેઓને સારી રીતે શિક્ષા કરવા માટે જ મેં બ્રાહ્મણોની રચના કરી છે. ક્ષત્રિઓનું બળ ધર્મથી તથા બ્રાહ્મણોનું બળ બ્રહ્મમાંથી જન્મેલ સુશાસન અને શિક્ષા છે માટે કુમાર્ગે ગયેલા અધાર્મિક લોકોને શિક્ષા કરી શાસન બ્રાહ્મણોને માટે જ સર્જાયેલું છે. તેથી જ હે બ્રાહ્મણોના ઈન્દ્ર ક્ષત્રધર્મને ગર્વ વગરનો બનાવવા વિજયાના વ્રતથી તમારો વિજય જ છે. મને છોડી ત્રણેય લોકમાં તારો વિજય થાય આમ કહી વિષ્ણુ ત્યાંથી અંતર્ધ્યાન થઈ ગયા.

પરશુરામ પણ તિક્ષ્ણધાર વાળું ફરસી, ધનુષ, બાણ, ખડગ, ઢાલ, ચક્ર લઈ ત્યાંથી ચાલ્યા અને ત્યાં ગયા કે જ્યાં કૃતવીર્યનો દિકરો કાર્તવીર્ય એટલે કે સહસ્ત્રાર્જુન નામધારી હતો કે જે માહિષ્મતીનો રાજા હતો તથા હજાર હાથથી શોભિત હતો.

સહસ્ત્રાર્જુન પોતાના ભવનમાં હતો ત્યાં જ તેને પછાડી પરશુરામ બોલ્યા, 'અરે, મહાદુષ્ટ, કામધેનુનું હરણ કરનાર ! પ્રાણ હણાવા માટે બહાર નીકળ અને તારા કુકર્મનું આસ્વાદન કર. તારા પ્રાણ આપ, વિજય આપ અને કામધેનુ પણ આપ. હું તને પરાજય આપીશ. આ પરશુરામનું શાશ્વત વાક્ય છે.

આમ સાંભળી સહસ્ત્રાર્જુન ક્રોધાયમાન થઈ યુદ્ધ કરવા માટે આવ્યો તથા યુદ્ધ કરવા લાગ્યો. પણ પરશુરામે તેના હજાર હાથને પોતાના દિવ્ય પરશુની ધાર વડે મૂળથી જ કાપી નાખ્યા. પછી પરશુરામે તેની અક્ષૌહિણી સેનાને હણી નાખી અને સહસ્ત્રાર્જુનના પુત્રો તથા સ્વયં સહસ્ત્રાર્જુનને પણ મારી નાખ્યો પછી કામધેનુને પાછી મેળવી અને પોતે સ્વયં સ્વર્ગે ગયા.

ક્ષત્રિયોના વિનાશ માટે તે પરશુરામે પૃથ્વી પર વિચરણ કર્યું તથા તેઓએ ૨૧ વખત આ પૃથ્વી પરથી ક્ષત્રિયોનો વિનાશ કર્યો તથા વિજ્યા એકાદશી વ્રતના બળથી તે પૃથ્વી પર વિજયી થયા. આમ તે બ્રાહ્મણવર્ય પરશુરામ કે જેની આંખો કમળ જેવી છે. તેઓએ કામધેનુ મેળવી, ક્ષત્રિયોને પણ જીત્યા અને સહસ્ત્રાર્જુનને પણ રણમાં માર્યો.

આ રીતે આ લોકમાં પરશુરામે વિજ્યાના વ્રતથી વિજય મેળવ્યો. વિષ્ણુના સુદર્શન ચક્રનો અવતાર તે સહસ્ત્રાર્જુન હતો તો પણ પરશુરામે તે કુમાર્ગગામીને હણ્યો. આ વ્રતની કથા-વાંચવા અને સાંભળવાથી પણ વાજપેય યજ્ઞનું ફળ મળે છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "ફાગણ માસના કૃષ્ણપક્ષમાં આવતી વિજ્યા એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા સહસ્ત્રાર્જુનના નાશ માટે પરશુરામનું તપ તથા વિજ્ય આદિનું નિરૂપણ" નામનો બસો ચુમ્માલીસમો અધ્યાય ॥ ૨૪૪ ॥

આમલકી એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા – હે પ્રભુ ! લોકોનાં સંરક્ષણ માટે અવતાર ધારણ કરી આપ પોતે જ પોતાનું વ્રત કરો છો તથા લોકોને શિક્ષા પણ કરો છો.

હે કૃષ્ણ ! હવે આપ મને એ તમારું વ્રત કહો કે જે વ્રતના પ્રતાપથી મુક્તિ હસ્તગત થઈ જાય અને લોકો પણ તે વ્રત કરી ફળ મેળવી શકે એવી ફાગણ માસના શુકલપક્ષની એકાદશીનું વ્રત કેવું છે ? તેનું નામ શું છે ? વ્રતનું વૃત્તાંત શું છે ? આમ પૂછ્યા બાદ શ્રીહરિ વિષ્ણુ પોતાના પ્રિય લક્ષ્મીજીને કહેવા લાગ્યા.

શ્રી નારાયણ બોલ્યા – હે લક્ષ્મી ! હે કલ્યાણ કરનારી દેવી ! હે દરેક સંપત્તિની જનની ! મારી પ્રિયા ! જે વ્રત કરવાથી લોકો પાસે સમૃદ્ધિ આવી જાય છે તે હું તમને કહી સંભળાવું છું સાંભળો.

આ વ્રત કરવાથી લક્ષ્મી તથા સંપત્તિ વધે છે તથા મહામુક્તિ વ્રતના સંકલ્પ માત્રથી મળી જાય છે. ફાગણ માસની શુકલપક્ષમાં જે એકાદશી આવે છે તેનું નામ આમલકી એકાદશી એવું છે કે જે એકાદશી વૈકુંઠ રૂપી ફળ આપનારી છે.

વૈકુંઠમાં એક વખત શ્રીહરિએ લક્ષ્મીજીને પૂછ્યું : 'હે લક્ષ્મી ! તમારે શું જોઈએ છે ? શેની ઈચ્છા છે ? તમે જે કહેશો તે હું આપીશ. જે પ્રાપ્ત છે તે અથવા જે અપ્રાપ્ય છે તે પણ હે બ્રહ્મરૂપીણી હું તમને આપીશ. જે મારું છે તે તમારું જ છે, તમારા માટે જ છે. તેથી હે દેવી ! તમારું કલ્યાણ થાઓ. જે જોઈએ તે કહો સંકોચ ન કરો.

આમ લક્ષ્મી એ શ્રીહરિના વચન સાંભળી દેવી લક્ષ્મી બોલ્યા, 'હે ભગવાન મારા કપાળને સુશોભિત કરવા માટે મને એક સુંદર આભૂષણની ઈચ્છા છે. તમે તે મને આપો. ત્યારે શ્રીહરિએ સંકલ્પ માત્રથી આભૂષણ માટે નવા અને શુભ સોના જેવા વર્ણનું સરસ શુદ્ધ દિવ્ય ચંદ્ર જેવા ગુણોવાળું આભૂષણ પોતાના કપાળમાંથી બિંદુરૂપે પ્રગટ કર્યું. તે બિંદુ ફળ શ્રેષ્ઠ મણિ જેવું પ્રભાવશાળી હતું. તે તૂટ્યા વગરનું અક્ષત ગોળ અને સૌમ્ય સોનાનાં મણિ જેવું હતું.

તે બિન્દુમાંથી જ બીજા અનેક મણિઓ થયા અને તેનો સુંદર સાંકળવાળો હાર શ્રીહરિએ બનાવ્યો. જે અતિ શોભાયમાન હતો. તે હાર દામણિ દેખાવમાં સૂર્ય જેવો તેજસ્વી તથા ગુણમાં ચંદ્ર જેવો ઠંડા ગુણોનો હતો. તે મણિમય હાર કૌસ્તુભ જેવો હતો તથા જીણાતારોથી યુક્ત હતો.

ધારણ કરવામાં તે ચૂડામણિ જેવો, અડવામાં કોમળ પુણ્ય શાલિગ્રામ જેવો અને તેને ધારણ કરતાં ચંદન જેવો શીતળ હતો. તેમાંથી દિવ્ય સુગંધ આવતી હતી તથા તે પુષ્ટ સ્તન જેવો હતો તથા તે શાશ્વત એવા શ્રીહરિના કપાળમાંના બિંદુમાંથી નીકળ્યો હતો.

તે તંતુઓથી શોભતો નવો હાર કે જેમાં વચ્ચે સાત ફળ જેવા મણિ હતા તથા તે શ્રીહરિએ પોતાના સંકલ્પથી બનાવ્યો હતો. જેમાં ૪૧ ફળ જેવા મણિઓ હતા તથા તે વચ્ચેના સાત મણિઓની બાજુઓમાં બે સર હતી તે સરમાં ૨૮ બીજા મણિઓ જડેલા હતા તથા તે હારની અંદર છ ફળ જેવા મણિઓ જડેલા હતા.

આવી સુંદર હાર જેવી દામણિ શ્રીહરિએ દેવી મહાલક્ષ્મીને અર્પણ કરી તે સૂર્ય જેવી તેજસ્વી તથા ચંદ્ર જેવી શીતળ દામણિ મેળવી લક્ષ્મીજીના આનંદનો કોઈ પાર ન રહ્યો. તે હાર સરસ શાશ્વત હતો તેથી તેને મેળવી દેવી ખૂબ જ હર્ષિત થયા. લક્ષ્મીજી તે મણિમય હારને સુંઘવા, અડવા તથા તેને જોવા લાગ્યા. વારંવાર પોતાના કપાળે ધારણ કરતાં અને પોતાને વારંવાર કાચમાં જોતા. તે સુંદર નવો સોનાથી પ્રસિદ્ધ સુગંધયુક્ત હાર કપાળમાં પહેરવાથી શાંતિ આપનારો તથા અડવાથી થોડો સ્નિગ્ધ અને રેખાઓથી

યુક્ત હતો. શ્રીહરિએ પોતાની લક્ષ્મી માટે જ બનાવ્યો છે આમ જાણી તે દામણિને જોઈ લક્ષ્મીજી અતિ આનંદિત થયા.

લક્ષ્મીજી તે દામણિના વારંવાર વખાણ કરવા લાગ્યા તથા તે વારંવાર હાથમાં લેવા લાગ્યા અને તેઓ તે દામણિને વારંવાર પોતાની સખીઓને બતાવતા અને પ્રસન્ન થતાં. નારાયણે પણ આ ફળને કે જે નિર્મળ છે તેને જોઈ જેવા તે મણિના ગુણ હતા તેવું તેનું નામ પાડ્યું.

આ ફળના તંતુઓ આમળામાંથી થયા છે. એમ જાણી તથા લક્ષ્મી તેને કપાળે બાંધી અધિક શોભાયમાન થયા છે. તેથી તેનું નામ આમલક ફળ (આમળાંનું ફળ) એમ રાખ્યું. જેમ સ્વર્ગમાં અનેક ચંદ્રની પંક્તિ કરી હોય તેમ તે દામણિ અને તે બિન્દુમાંથી ઉત્પન્ન ફળ શોભતું હતું કે જે ધારણ કરવાથી લક્ષ્મીજી શોભતા હતા. આમ મહાઆનંદ થયો તથા બ્રહ્માજીએ પણ તે ફળની રચના કરી અને કલ્પો પહેલાં પ્રાકૃત થયેલું તે ફળ સ્થાવર જંગમરૂપે થયું.

લક્ષ્મી સહીત શ્રીહરિએ ભૂમિ પર આવી ત્યાં આદરપૂર્વક તેઓએ લક્ષ્મીજીના કપાળમાંથી તંતુઓનું શુભ ફળ તત્ત્વસિદ્ધિ માટે પૃથ્વી પર પાડી દીધું. તે ફળમાંથી ઉત્પન્ન થયેલું ફળના ભાર જેવું જ તે જ નામવાળું શાખાઓ, ડાળીઓવાળું, મોટું ધાત્રીવૃક્ષ થયું. તે વૃક્ષ બધા જ વૃક્ષોમાં શ્રેષ્ઠ કીર્તિ મેળવનારું તથા સોના જેવા ફળ આપનારું તે વૃક્ષ લક્ષ્મીપ્રિય બન્યું. તે વૃક્ષ નારાયણના કપાળમાનું જ અને નારાયણને પ્રિય તથા નારાયણ સ્વરૂપ જ છે તથા તેનું નિર્માણ નારાયણ દ્વારા જ થયું છે.

નારાયણે તે ભુક્તિ-મુક્તિ આપનારું વૃક્ષ સર્વપ્રથમ બદ્રિકાશ્રમે પ્રગટ કર્યું. તેમાંથી ગિરનાર પર્વત પર તે વૃક્ષ આવી ગયું. તે મુક્તિ આપનારા વૃક્ષોને આમળાના વૃક્ષ તરીકે ઓળખવામાં આવે છે. જે દિવસે શ્રીહરિએ આ વૃક્ષ પ્રગટ કર્યું હતું તે દિવસ પણ એકાદશી સમાન જ ગણાય છે. તેથી આમળાના વૃક્ષની ઉત્પત્તિથી તે એકાદશી તિથિ આમલકી નામની દેવર્ષિ નારદે કરી.

કિન્નરો, માનવો, ઋષિઓ, નાગો, મુનિઓ, વિદ્યાધરો, કિંપુરૂષો અને યોગીઓ અને બ્રાહ્મણો તથા દેવો, દાનવો, ગંધર્વો, યક્ષો, નાગો, યતિઓ, સંન્યાસિઓ, સાધ્વીઓ, બ્રહ્મચારીઓ સારી દૃષ્ટિવાળા બીજા જે થયા છે કે જેને બ્રહ્માજીએ બનાવ્યા છે. તે બધા પણ આ આમળાના વૃક્ષની ઉત્પત્તિ સાંભળી પરમ આશ્ચર્ય સાથે તે આમળાના વૃક્ષનું ચિંતન કરવા લાગ્યા અને આમળાના ફળની પ્રશંસા કરવા લાગ્યા પછી તે ત્યાં આવ્યા કે જ્યાં આ ધાત્રી શ્રીહરિપ્રિયા આમળાનું વૃક્ષ હતું. તેને જોઈ તે લોકો વિસ્મયી બન્યા.

વિષ્ણુએ તે લોકો સમક્ષ બોલતા કહ્યું કે, આ વૃક્ષ પરમ વૈષ્ણવ છે કે જેના સ્મરણથી ગોદાનનુ ફળ તથા તે વૃક્ષને અડવાથી બમણું પુણ્ય તથા તેના ફળ ખાવાથી ત્રણગણું ફળ મળે છે તથા આમળાને કપાળે, કાનમાં, ગળામાં અને હાથમાં જે ધારણ કરે છે તે વૈકુંઠમાં સદા વસે છે. તે આમળાનું વૃક્ષ મારામાંથી ઉત્પન્ન થયું છે તથા સર્વ પાપો હરનારું છે તથા મને પ્રિય પણ છે. જેનું ભક્ષણ કરવાથી પાપ ધોવાય છે તથા વૈષ્ણવતા અને વિષ્ણુ બંને મળે છે. તેથી જ પ્રયત્નપૂર્વક લોકોએ આ આમળાના વૃક્ષનું સેવન કરવું. ત્યારે દેવોએ ભગવાનને તે આમળાના ફળો આપવાનું કહ્યું. એટલે ત્યાં શ્રીહરિએ અસંખ્ય આમળાનાં ફળો ઉત્પન્ન કર્યા તથા તે દેવોને અર્પણ કર્યાં.

તે દેવોએ ત્યાં જ તે આમળાના આભૂષણો બનાવી અને કપાળે, કંઠે, હાથે તથા કાને આદિ અંગો પર ધારણ કર્યાં. ત્યારે જે જગત્ગુરુ છે તેવા નારાયણ સહિત દેવો અતિ હર્ષ પામ્યા અને શ્રી નારાયણને કહેવા લાગ્યા - 'હે વિષ્ણુ ! અમોને આ વૃક્ષ ખૂબ જ ગમે છે. અમોને તે વૃક્ષમાં વાસ આપો. જેમાં વાસ કરવાથી પરમ કલ્યાણ થાય. ત્યારે શ્રીહરિએ દેવોને કહ્યું, તમે યોગ્ય જ માંગણી કરી છે. જે જે સ્થળ તમને પસંદ હોય તે તે સ્થળમાં તમે બિરાજમાન થઈ જાઓ. આમ શ્રીહરિનું વાક્ય સાંભળી દેવો પોતાની પસંદગી પ્રમાણે આમળાનાં વૃક્ષમાં પ્રવેશ્યા અને તેમાં નિત્ય નિવાસ કર્યો. તે વૃક્ષના મૂળમાં વિષ્ણુ, ઉપરના ભાગે બ્રહ્મા, ખભાના ભાગે ભગવાન શંકર, ડાળીઓમાં મુનિઓ સ્થિત થયા તથા અન્ય દેવો ડાળીઓમાંથી નીકળતી

ડાળીઓમાં અને પાંદડાઓમાં વસુઓ સ્થિત થયા. પુષ્પોમાં પવન તથા ફળોમાં પ્રજાપતિઓ, પાંદડાની સળીઓમાં સ્વર્ગના ઋષિઓ તથા તેની છાલમાં સ્વયં બ્રહ્મતત્ત્વ સ્થિત થયું. તેના રસમાં બ્રહ્મરસ તૃપ્તી રૂપે સ્થિત થયો તથા તેની સુગંધમાં બ્રહ્મ સાયુજ્ય અને સ્પર્શમાં મુક્તિ સ્થિત થઈ. તે ફળમાં અને તંતુમાં મુક્ત લોકો અને બીજમાં શ્રીપતિ વિષ્ણુ સ્થિત થયા. આ આમળાનું વૃક્ષ લક્ષ્મી આપનારું છે તથા રમાએ આનું સેવન કર્યું છે અને આ સંપત્તિ આપનારું છે. તેથી જ આ પૂજ્ય અને દરેક ભક્તિથી યુક્ત છે.

ફાગણ માસની આમલકી એકાદશીનું વ્રત કરનાર માનવે વ્રત અને જાગરણ ત્યાં આમળાના વૃક્ષ પાસે કરવું. જ્યાં આમળાની છાયા નીચે બેસી શકાય ત્યાં ભજન આદિ કરવું. જાગરણ અને બારસે પારણાં પણ ત્યાં વૃક્ષ નીચે જ કરવા. તે વ્રતનું શાશ્વત ફળ મારા સંબંધથી દેવને મેં કહ્યું છે. કાર્તકે અને ફાગણે પણ આમળાના વૃક્ષ નીચે જ વ્રત કરવું. ભોજન આદિ પણ ત્યાં જ કરવું જેનું શાશ્વત ફળ મળે છે. આમળાના ફળથી અંગ લેપવું તથા આ ફળથી જ આભૂષણ બનાવી પહેરવા અને આહારમાં પણ તે દિવસે આમળા જ જેમ તે માનવ મોક્ષને પ્રાપ્ત કરે છે.

હે પ્રિયા લક્ષ્મી ! તે વૃક્ષના પુષ્પે પુષ્પે રાજસૂય યજ્ઞનું ફળ રહેલું છે. તેથી શ્રીહરિકૃષ્ણનું તે વૃક્ષની નીચે જ તેના ફૂલોથી પૂજન-અર્ચન કરવું. તે વૃક્ષ નીચે બ્રાહ્મણોને તથા સાધુઓને જમાડવાથી વૈકુંઠ પ્રાપ્ત થાય છે તથા તે વૃક્ષ નીચે દાન આપવાથી સ્વર્ગ પ્રાપ્તી થાય છે. આ ફળના રસના આસ્વાદનથી માણસ નિર્ગુણ બની જાય છે અને આમળા ખાવાથી દિવ્ય મુક્તિ તરફ તે ચાલ્યો જાય છે. જે મરણ પામતી વખતે આમળાના ફળને વારંવાર યાદ કરે છે, તો લક્ષ્મીજી દોડતાં દોડતાં નારાયણ સહિત આવી તે જીવને હરિના ધામે લઈ જાય છે કે જે ધામ દિવ્ય પરમધામ છે. આ વ્રત મુક્તિ આપનારું છે તથા તે દિવસનું વ્રત ધન ધાન્ય પુણ્ય આપનારું અને આત્મ સંતોષકારક છે.

આ નાનકડો પ્રયત્ન વ્રત કરવાનો કે જેનાથી બહુ ફળ મળે છે. આ વ્રત વ્રતોમાં ઉત્તમ છે. જે માણસ આ વ્રત કરે છે તે વૈકુંઠમાં જાય છે.

ફાગણ માસના શુકલ પક્ષમાં આવતી બારસે જો પુષ્ય નક્ષત્ર હોય તો તે એકાદશી કરવાથી મહા પાપોનો નાશ થાય છે. વ્રતી આ પ્રકારે વ્રત કરવાથી ભુક્તિ-મુક્તિ પ્રાપ્ત કરે છે. દશમીએ રાત્રી ભોજન કરી ભૂમિ પર શયન કરવું તથા વ્રતીએ બ્રહ્મચર્યનું પાલન કરવું અને એકાદશીએ બ્રહ્મમુહૂર્તે ઊઠી અંતરમાં હરિનું સ્મરણ કરવું અને ધ્યાન કરી તિર્થ સ્થળે સ્નાન કરવું પછી શ્રીહરિ સમક્ષ જઈ વ્રતનો સંકલ્પ કરવો કે - 'હે પ્રભુ ! આજે તમારી કૃપાથી હું નિર્જળા વ્રત કરીશ તે નિર્વિઘ્નપણે પૂર્ણ થાય.'

આમ પ્રાર્થના કરી આચમન કરવું અને સંધ્યા આદિ કરવું. પૂજા કરવી તથા વિષ્ણુનું પૂજન કરવું. ત્યારબાદ સર્વતોભદ્રમંડળ કરવું અને મધ્યમાં સોના કે ત્રાંબાનો પાંચ રત્નો, પાંચ પાન, વસ્ત્ર, પાણી, આમળાનું ફળ તથા નાળિયેર યુક્ત ઘડો મૂકવો તથા તલથી ભરેલી થાળી તેની પર મૂકી તેમાં આમલકી એકાદશીના અધિપતિ શ્રીગોવિંદની ચંદ્રાવતી પત્ની સહિતની સોનાની મૂર્તિ સ્થાપવી અને તેનું પૂજન કરવું. આવાહનથી માંડી પુષ્પાંજલિ સહિત દિવ્ય વસ્તુઓ વડે વ્રતીએ ભગવાનનું પૂજન કરવું.

આમ ષોડ્શોપચાર કે અન્ય ઉપચારોથી પણ ભગવાનનું પૂજન કરવું. આરતી, સ્તુતિ, જળ, તાંબુલ વગેરે વસ્તુઓ અર્પણ કરવી. ગુલાબ અને કમળના પુષ્પોથી તેમજ બીજા પુષ્પોથી પણ પૂજન કરવું તથા ચોખા ચડાવવા તથા કંકુ-ચંદન વડે પૂજન કરવું. નૈવેદ્યમાં વિશેષ કંસાર તથા પુરીઓ ભગવાનને અર્પણ કરવી તથા અખરોટ પણ પૂજામાં ભગવાનને અર્પણ કરવા. તલથી ભરેલું પાત્ર તથા સોના વગેરેનું દાન કરવું.

આમ આવી જ રીતે બીજે દિવસે પ્રાતઃકાળે ભક્તિભાવપૂર્વક ભગવાનની પૂજા કરવી. આ દિવસે મધ્યાહ્ને પૂજાનું વિશેષ મહત્ત્વ છે. એમ માનવામાં આવ્યું છે. નદી, તળાવ, કૂવા પાસે અથવા ઘરે લાવેલી માટીથી શરીરે લેપન કરી સ્નાન કરવું અને બોલવું કે, દરેક તિર્થો અહીં પધારો હું સ્નાન કરી રહ્યો છું.

આમ સ્નાન કરી શુદ્ધ વસ્ત્રો ધારણ કરી ઊર્ધ્વપુંડ્ર તિલક ચંદ્રયુક્ત કરી આમળાના વૃક્ષ પાસે જવું તથા દરેક પ્રકારની પૂજા-સામગ્રી લઈને જ ત્યાં જવું અને તે વૃક્ષની છાયા નીચે સફાઈ કરીને સર્વતોભદ્રમંડળ રચવું કે જે મંડળ સાત ધાન્યોથી રચવામાં આવે છે. તે મંડળની મધ્યમાં સોના કે ત્રાંબાનો કળશ મૂકવો. તે કળશને પાંચ રત્નો, પાંચ પાંદડાથી યુક્ત દિવ્ય ગંધથી યુક્ત, છત્રી, વસ્ત્રયુક્ત અને ઠંડા ચંદનથી અર્ચિત કરાવો.

તે કળશ માળાઓથી સુશોભિત તથા ધૂપથી ધૂપિત અને ફરતે દિપમાળાથી યુક્ત કરવો તથા બધી બાજુથી તે કળશ મનોહર લાગે તેમ શણગારવો તથા તે કળશ ઉપર ડાંગર ભરેલું પાત્ર મૂકવું તથા તલથી ભરેલું પાત્ર મૂકવું અને તેમાં ચંદ્રાવતીની અને શ્રી જમદગ્નિ પરશુરામની પરશુ સહિતની પ્રતિમા સોનાની નિર્માણ કરવી અને તે ધાત્રીની નીચે સ્થાપવી તથા જળથી આવાહ્ન, આસન, પાદ્ય અને અર્ધ્ય અર્પણ કરવા, આચમન કરાવવું અને પંચામૃતથી સ્નાન કરાવવું. પછી તિર્થના જળથી દેવને સ્નાન કરાવવું અને દેવને માર્જન કરાવવું. પછી વસ્ત્ર તથા યજ્ઞોપવિત અર્પણ કરવા. તથા દરેક પ્રકારના મણિઓ યુક્ત અલંકારો મુકુટ આદિ પહેરાવવા તથા સુગંધિત દ્રવ્યો, ચંદન, તેલ, અત્તર વગેરે અર્પણ કરવું અને અબિલ, ગુલાલ, કંકુ, ચોખા વિવિધ પુષ્પો ધૂપ-દિપ, નૈવેદ્ય અર્પણ કરવા. આરતી, જળ, તાંબુલ, ફળ, દંડવત્, સ્તુતિ ક્ષમા-પ્રાર્થના કરવી તથા ત્યાં વૃક્ષ નીચે જ પ્રદક્ષિણા, દક્ષિણા દાન વગેરે કરવું અને ભગવાનને પુષ્પાંજલિ અર્પણ કરી દેવની અંગ પૂજા કરવી. ભગવાનનાં સૌમ્ય રૂપનું ધ્યાન કરી બંને પગ પૂજવા.

શ્રીવિશ્વરૂપનું ધ્યાન કરી સાથળની બહારનો ભાગ પૂજવો અને શ્રી દામોદરાય નમઃ બોલી કમરની નીચે પૂજા કરવી. શ્રી પદ્મનાભાય નમઃ બોલી ઉદર પૂજવું અને શ્રી વત્સયુતાય નમઃ બોલી વક્ષઃસ્થળ છાતીનું પૂજન કરવું. શ્રી ચક્રિણે નમઃ બોલી ડાબા હાથનું પૂજન કરવું તથા શ્રીગદિને નમઃ બોલી જમણાં હાથનું પૂજન કરવું. શ્રી વૈકુંઠાય નમઃ બોલી ભગવાનનાં કંઠનું પૂજન કરવું. શ્રી યજ્ઞમુખાય નમઃ બોલી મુખનું પૂજન કરવું તથા

શ્રી સુખસાગરાય નમઃ બોલી નાકનું પૂજન કરવું, શ્રી વાસુદેવાય નમઃ બોલી કપાળનું પૂજન કરવું, શ્રી સર્વાત્મને નમઃ બોલી મસ્તકનું પૂજન કરવું તથા પ્રાર્થના કરવી કે, હે જમદગ્નિપુત્ર દેવોના દેવ તમને નમસ્કાર હજો તથા મેં આ આમળા સહિત કરેલી પૂજાનો તમે સ્વીકાર કરો અને ભુક્તિ-મુક્તિ પ્રદાન કરો. આ પ્રકારે પ્રાર્થના કરી ભોજન આદિનો આરંભ કરાવવો તથા ગાય તથા અન્ય નાના જીવ - પ્રાણીઓને કંઈક આહાર આપવો અને તે વૃક્ષનાં મૂળમાં પણ પ્રસાદ મૂક્યો હોય તે દેવભાવથી અર્પણ કરવો.

આમળાના વૃક્ષને પાણી પાવું તથા ત્યાં વૃક્ષ નીચે જ પિતૃતર્પણ કરવું અને પિતૃઓને ઉદ્દેશી સૂર્યને પણ જળ અર્પણ કરવું. ભૂતોને પણ પ્રસાદનો અંશ આપવો તથા બાળકોને પણ આપવો. પછી વધેલો પ્રસાદ પોતાના ઘરે લઈ જઈ સાચવી રાખવો. બારસના દિવસે ફળ, પાણી અને તે વધેલો પ્રસાદ ખાવો જો વ્રતી તે દિવસે પ્રસાદ ખાય છે તો તેનાથી વ્રત તૂટતું નથી.

આમ કરી મણિમય સુવર્ણના દાન આપવા તથા આભૂષણો, વસ્ત્રો વગેરેનું દાન આપવું તથા ભૂમિનું પણ દાન કરવું. ગાય, ભેંસ, ઘર, બગીચો, વાહન વગેરે એકદમ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ રત્નો, મીઠાઈઓ, આમળાના ફળ કે જે બ્રહ્મફળ છે. આ બધું જ દાનમાં આપવું, આમળાનું દાન કરવાથી અક્ષય સ્વર્ગ મળે છે. આ પ્રમાણે વ્રતનું દાન એ વ્રતના દિવસે કરવાથી સ્વર્ગ મોક્ષ પ્રાપ્ત થાય છે. બધાને જળ તથા અન્ન, વસ્ત્રનું દાન આપવું.

આમ શ્રીહરિને નમસ્કાર કરી બધું જ બ્રાહ્મણને અર્પણ કરી ત્યાંથી ઘરે આવવું. દિવસ આથમવાનો બાકી હોય તો તે સમય સુધી હરિકિર્તન કરવું અને રાત્રે વિધિવત્ પૂજન કરી આરતી આદિ કરવું અને નૈવેદ્ય, જળ, સુગંધિત દ્રવ્ય, મુખવાસ વગેરે અર્પણ કરવું અને પ્રભુ શ્રીહરિને હિંડોળામાં પધરાવવા અને ઝુલાવવા અને ભગવાન પાસે જાગરણ કરવું. જાગરણમાં નૃત્ય, ગીત, વાદન, કથાઓ, ધર્માખ્યાનો કરવા તથા શ્રીકૃષ્ણના શ્રૃંગારિક પદોનું ગાન કરવું.

વ્રતીએ ઘરે, મંદિરે અથવા આમળાનાં વૃક્ષ નીચે ભગવાન શ્રી પરશુરામની મૂર્તિ દિવસે અને રાત્રે પણ સ્થાપવી તથા પૂજન, વ્રત અને જાગરણ તે વૃક્ષ નીચે કરવું. વિષ્ણુના આખ્યાનો ગાતા, સાંભળતા રાત્રી વિતાવવી તથા વિષ્ણુનું નામ ઉચ્ચારણ કરતાં કરતાં તે આમળાનાં વૃક્ષની ૧૦૮ અથવા ૨૮ પ્રદક્ષિણા કરવી.

આમ તે આમળાના વૃક્ષને જ શ્રીહરિ જાણી પ્રાતઃકાળે પૂજન કરવું અને નાહીને આરતી કરી બ્રાહ્મણોનું પૂજન કર્યા બાદ પૂજા કરાવનાર આચાર્યને અથવા ગુરુને સારી રીતે પૂજી તેઓને તે પરશુરામની મૂર્તિ, ઘડો, બે વસ્ત્ર, ચપ્પલો બધું જ તે ગુરુ કે આચાર્યને પરશુરામ જ જાણી અને અર્પણ કરવું તથા આમળાં વૃક્ષની પ્રદક્ષિણા કરી તે વૃક્ષને સ્પર્શ કરી બોલવું કે, પરશુરામ સ્વરૂપે હે કેશવ ! તમે મારા પ્રિય બનો.

ત્યારબાદ ભક્તોને પ્રસાદ અર્પણ કરવો. આમ આશ્રિતોને વિધાનપૂર્વક અન્ન-જળ આપવા તથા બ્રાહ્મણો, સાધુઓ, બાળકો, બાળકીઓ, સાધ્વીઓને જમાડવા. પછી કુટુંબીઓની સાથે વ્રતીએ જમી લેવું. આમ બધું કરવાથી પુણ્ય અને શાશ્વત મોક્ષ મળે છે. બધા તિર્થોનું જે પુણ્ય છે, બધાં દાનોનું જે ફળ છે, બધા જ યજ્ઞોનું જે ફળ છે તે બધું ફળ વ્રતીને મળે છે.

આમ આ આમલકી એકાદશીનું વ્રત કરનાર બધા પાપોમાંથી મુક્ત થાય છે તથા મુક્તિ મેળવે છે અને વિષ્ણુલોકમાં તેનો અચળ વાસ થાય છે. આ મેં તમને આ વ્રત કહ્યું કે જે વ્રતોમાં ઉત્તમ વ્રત ગણાયું છે અને જે વ્રત પુત્ર, જય, કાન્તિ, મોક્ષ આપનારું છે.

આ વ્રતથી જલ્દીથી સ્વર્ગ, મુક્તિ તથા સિદ્ધિ મળે છે તથા આ વ્રત દરેક સંકલ્પનું ફળ આપનારું અને લક્ષ્મીજીને પ્રસન્નતા આપનારું છે. આ વ્રત યાન, વાહન, સારા વસ્ત્રો, અલંકારો તથા બીજા ઉપકરણો આપનારું અને બધા જ પાપોમાંથી મુક્તિ આપનારું છે.

નારીઓને લક્ષ્મી સ્વરૂપ આપનારું આ વ્રત છે તથા નરોને ચતુર્ભુજ શ્રીવિષ્ણુનું રૂપ આપનારું આ વ્રત છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા
“ફાગણ માસના શુક્લપક્ષમાં આવતી આમલકી નામની એકાદશીનું
વ્રત માહાત્મ્ય તથા શ્રી લક્ષ્મીજીના લલાટના આભૂષણ માટે
આમળાનો પ્રાદુર્ભાવ અને તેનું વૃક્ષરૂપ, પૃથ્વી પર એકાદશીના વ્રત
દિવસે પૂજનનું માહાત્મ્ય આદિનું નિરૂપણ” નામનો
બસો પિસ્તાલીસમો અધ્યાય ॥ ૨૪૫ ॥

પાપમોચની એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા – હે કેશવ ! અહો મારું ચિત્ત અતિ હર્ષિત થયું છે. આમલકીનું વ્રત સાંભળી તથા આમળાના વૃક્ષનું માહાત્મ્ય સાંભળી હું આનંદિત થઈ છું.

હે પ્રભુ ! ચૈત્ર માસની કૃષ્ણપક્ષી એકાદશીનું શું નામ છે ? તથા તેના દેવતા ક્યા છે ? અને તે દેવના પત્ની કોણ છે ? એનું શું ફળ છે ? તથા વિધાન શું છે ? અને ક્યા દાનનું માહાત્મ્ય છે ? તથા તેની પૂજા કઈ રીતે કરવી તે પણ જણાવો. આમ સાંભળી શ્રીકૃષ્ણ નારાયણે લક્ષ્મીજીને જવાબ આપતા કહ્યું.

શ્રી નારાયણ બોલ્યા – હે લક્ષ્મી ! સાંભળો. હું તમને ચૈત્ર માસના કૃષ્ણપક્ષી એકાદશી એટલે કે જે પાપમોચનિકા નામ ધારિણી છે તેની વાત કહું છું તથા તે મહા ફળ આપનારી છે. તે એકાદશી કામનાઓ પૂરનારી, સિદ્ધિ આપનારી અને ધર્મનું વર્ધન કરનારી છે તથા જે આ વ્રત નિર્જળા કરે છે તે બ્રહ્મને પ્રાપ્ત કરી લે છે.

દશમીએ રાત્રે જ જમી ભૂમિ પર ઊંઘવું તથા બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું અને વ્રતીએ પ્રાતઃકાળે જાગી ભગવાનનાં અનિરૂદ્ધ સ્વરૂપનું સ્મરણ કરવું તથા દેવી સુશિલા સહિત દેવનું પાપમોચનિકા સહિત પૂજન કરવું. જેમાં મોગરાના ફૂલથી ભગવાનનું અર્ચન કરવું. નૈવેદ્યમાં ભગવાનને સેવ અર્પણ કરવી તથા બોરના ફળથી અર્ધ્ય અર્પણ કરવું તેમજ બીજા ફળો અને મીઠાઈઓ અર્પણ કરવી.

અનિરૂદ્ધ ભગવાનને સફેદ તલ અર્પણ કરવા. પ્રાતઃકાળે ઉઠી શ્રીહરિનું મનમાં ધ્યાન કરવું. નાહી ભગવાન અનિરુદ્ધનું માનસિક પૂજન કરવું જેમાં માનસિક રીતે દરેક ઉપકરણો ભગવાનને અર્પણ કર્યાનો ભાવ કરી માનસિક ષોડ્શોપચાર પૂજન કરવું. ત્યારબાદ વ્રતીએ બાહ્યપૂજા આરંભીને શ્રી અનિરુદ્ધનું સુશિલાદેવી સહિત આવાહ્ન કરવું. બંનેની સોનાની મૂર્તિ બનાવી તેમાં આવાહ્ન કરી ભગવાનને મોટું આસન અર્પણ કરવું તથા જળ વડે પાદ્ય, અર્ઘ્ય અને આચમન કરાવવું. ત્યારબાદ ભગવાનને પંચામૃતથી સ્નાન કરાવી અભિષેક કરવો તથા વસ્ત્રથી ભગવાનને લૂછવા તથા ભગવાનને સફેદ વસ્ત્ર અને ઉપવસ્ત્ર અર્પણ કરવા. બીજા પણ નાના નાના વસ્ત્રો ભગવાનને અર્પણ કરવા.

યજ્ઞોપવિત્ અર્પણ કરવી. મણિરત્નો અર્પણ કરવા તથા વાળ ધોવાના દ્રવ્ય, દાતણ, તેલ, દર્પણ અર્પણ કરવા. ત્યારબાદ શ્રીહરિને ઘણાં આભૂષણો, કાજળ, કંકુ, અબિલ-ગુલાલ, ચોખા, ચંદન, અર્પણ કરવા. પુષ્પો, તુલસીદળ, ફળો તથા ધૂપ-દીપ, નૈવેદ્ય અર્પણ કરવા. વિવિધ પ્રકારના ભોજન, સાકરવાળું દૂધ, પાણી, ફળ, મુખવાસ, પાન-સોપારી, લવિંગ-એલચી, સુગંધીત ચૂર્ણ અર્પણ કરવા. તેલ, અત્તરવાળું સુગંધિત અર્ઘ્ય અર્પણ કરવું અને આરતી કરી, નમન કરી, સ્તુતિ પ્રાર્થના અને ક્ષમાપન કરવું. બાદમાં વ્રતીએ પ્રદક્ષિણા, દંડવત્ નમસ્કાર, પુષ્પાંજલિ અને દક્ષિણા અર્પણ કરવી અને વ્રત માટે આ પ્રમાણે પ્રાર્થના કરવી કે -

"હે પ્રભુ ! આજે પાપમોચનિકા નામની એકાદશી છે. તેનું મેં વ્રત કર્યું છે. તે નિર્વિઘ્નતાથી પરિપૂર્ણ થાય." હે કેશવ મારી પર પ્રસન્ન થાઓ, હે સુશિલાના અધિપતિ કૃપા કરો.

આમ પ્રાર્થના-પૂજન કરી સાત ધાન્યયુક્ત સર્વતોભદ્રમંડળ કરવું તથા ત્યાં સોના કે ત્રાંબાનો કળશ સ્થાપવો. કળશમાં પાંચ રત્ન, પાંચ પાંદડા, જળ પધરાવી વસ્ત્ર વિંટવું. તે કળશ ઉપર તલ ભરેલું પાત્ર મૂકવું તથા ત્યાં પાત્રમાં સુશિલા સહિત પ્રભુ અનિરુદ્ધની મૂર્તિ સ્થાપવી અને ષોડ્શોપચાર વડે પૂજન કરવું. આરતી તથા નમસ્કાર આદિ કરવા. પલંગ, ઓશિકું, દડો,

સુવા માટે તકિયો તથા તેની બાજુમાં છત્રી લોટો, વાટકી તથા વિંઝણો, કાચ, ચામર, લાકડી, પાદુકા-ભરત ભરેલી મોજડી, સાડી, બ્લાઉઝ, ચંદ્ર ચિતરેલી ઘાઘરી આ બધું જ ભગવાનને અર્પણ કરવું.

વ્રતીએ ઘડો કે જેમાં ઠંડુ જળ ભરેલું હોય તથા ઘડામાં ચંદનની સુગંધ નાખેલી હોય તે ઘડો અને યજ્ઞોપવિત પ્રભુ અનિરુદ્ધને અર્પણ કરવા. પછી ત્યાં ભગવાનને ખાટા તથા મીઠા ફળો, સાકરના લાડુ અર્પણ કરવા તથા ત્યાં સર્વતોભદ્રમંડળમાં પ્રભુ અનિરુદ્ધની પાસે એક ઘીનો અખંડ દીવો કરવો. આમ પૂજા કરી પોતાનું કાર્ય આરંભવું. બપોરે ફરી સ્નાન કરી વ્રતીએ ભગવાનની વિધિવત્ પૂજા કરવી. નૈવેદ્ય, વિવિધ મિષ્ટાન્ન, પાણી બધું જ પ્રભુને અર્પણ કરવું. પછી વ્રતીએ મુખવાસ, એલચી, લવિંગ, તાંબુલ, નાગરવેલનું પાન, ફળ, સોપારી પણ શ્રીહરિને અર્પણ કરવી.

સાંજે કેળના સ્તંભનો શુભ મંડપ કરવો કે જે મંડપ ચંદરવા બાંધેલો, કળશયુક્ત અને લીલા તોરણ બાંધેલો હોય તે મંડપ વચ્ચે વેદિકા બનાવી તેમાં ત્રણેય બાજુથી બંધ ઝૂલો બાંધી તેમાં શ્રી મુરલીધરને બિરાજાવી વ્રતીએ ઝૂલા ઝુલાવવા અને આરતી, ધૂપ, દીપ અર્પણ કરી, નૈવેદ્ય ધરવું તથા અર્ચન કરવું અને જળ તથા મુખવાસ પ્રભુને અર્પણ કરી હરિગુણ ગાવા, કિર્તિગાન કરવું.

રાત્રે જાગરણમાં નૃત્ય, ગીત વાદન કરવું તથા પ્રાતઃકાળે પૂજન કરવું અને દાન આપવા. યથાશક્તિ જેટલી વસ્તુ લઈ શકાય તેટલી બધી જ ગુરુને, બ્રાહ્મણ આચાર્યને અર્પણ કરવી તથા વ્રતનું સમાપન કરવું. પછી વ્રતીએ સાધુ, સાધ્વીઓ, બ્રાહ્મણો, ગરીબો, આંધળાઓ, દુઃખીજનો વગેરેને તથા બાળકોને વિવિધ પ્રકારનું ભોજન કરાવવું. પછી પોતાની દિકરીઓને જમાડી જે વ્રતી પારણાં કરે છે તે ભુક્તિ-મુક્તિ તરફ જાય છે.

હે લક્ષ્મી ! સાંભળો. એક આશ્ચર્યયુક્ત કથા છે. આ પાપનાશીની વ્રતનું વૃત્તાંત છે. પૂર્વે હિમાલયના જંગલ વચ્ચે ચૈત્રરથ નામનો બગીચો હતો. તે બગીચો લીલોછમ, ફળયુક્ત વૃક્ષોવાળો, વનદેવીથી આશ્રિત અને અપ્સરાઓથી સેવિત હતો. તે બગીચામાં વસંતના સમયે ભમરાઓ ગુંજન

કરતા, કોયલો ટહુકાર કરતી. તે બગીચો મનને પુષ્ટ કરનારો હતો. તે બગીચામાં ગંધર્વ કન્યાઓ તથા કિન્નરો વાદ્ય સાથે આનંદ કરતા અને ઈન્દ્ર પણ ત્યાં વિચરણ કરતાં, દેવો પણ ત્યાં આનંદથી કિલ્લોલ કરતા.

તે જંગલમાં ઋષિઓ, મુનિઓ બહું તપ કરતા તથા સાધુઓ, યોગીઓ, સાધ્વીઓ, સતિઓ, યોગિનીઓ પણ તપ કરતા. જ્યાં બ્રહ્મલાભ મેળવવા માટે તથા શીલવ્રત સ્થિર રાખવા માટે આ બધા સિદ્ધ લોકો વસતા હતા ત્યાં તે ચૈત્રરથ વનથી સુખદ બીજું કંઈ જ ન હતું.

ત્રણેય લોકના વાસીઓ પરિશ્રમ કર્યા બાદ ત્યાં સાંજે નિત્ય આવતા અને પોતપોતાનો સમય વિતાવતા. ત્યાં અપ્સરાઓ સુંદર કિલકારીઓ કરતી અને તે વનવાસિની અપ્સરાઓ પ્રેમપૂર્વક મુનિઓની દિન-રાત સેવા કરતી. તે અપ્સરાઓ મોક્ષ મેળવવાની ઈચ્છાથી મુનિઓની સેવા કરતી હતી. તે ખરાબવૃત્તિથી સેવા કરતી ન હતી પરંતુ શુદ્ધ ચિત્તથી સેવા કરતી હતી.

આમ નિત્ય એક મંજુઘોષા નામની અપ્સરા મુનિઓના આશ્રમમાં નિવાસ કરતી. એક દિવસે મેઘાવી નામના ઋષિ થોડીવાર માટે તે શુભવનમાં સ્થિત થયા. તે ઋષિ તપયુક્ત બ્રહ્મચર્ય પરાયણ તથા પુષ્ટિશાળી યૌવનયુક્ત હતા. તેઓ સ્વરૂપવાન, સુઘડ હતા તથા તેઓની જટા સુવર્ણતંતુ જેવી હતી. તેમનું શરીર કોમળ હતું તથા તેઓના હોઠ લાલ હતા અને તેઓ ગોળમુખ વાળા હતા. કમળ જેવા તે ઋષિના નેત્ર તથા કમળ જેવું શરીર હતું. તેઓ પ્રસન્નતાયુક્ત કાંતિમાન હતા તથા તેઓના ખભા પહોળા અને પુષ્ટ હતા. તેઓના નખ જાણે નાના-નાના ચંદ્ર જેવા હતા. આમ આવા ઋષિની વાત સાંભળી ગુણો સાંભળી તે મંજુઘોષા ઋષિ પાસે રાજસભાવથી સેવા કરવા માટે ઋષિની નજીક ગઈ.

સૌ પ્રથમ તો તે મંજુઘોષા તે ઋષિથી ડરી અને આશ્રમથી થોડે દૂર ઊભી રહી તથા તે મધુર વચનો બોલતી બોલતી આશ્રમની સફાઈ કરવા લાગી તથા આદરપૂર્વક વીણા વગાડવા લાગી તથા તે ઋષિને સેવવા માટે કુટિરમાં પ્રવેશી તથા ઉતાવળથી પ્રવેશી અને ધીમે ધીમે ઋષિને જોઈ અને

તેઓનો સ્પર્શ કરવા લાગી. તે અપ્સરા પુષ્પની સુંગંધ, કેસર, કસ્તૂરી, ચંદનથી ચર્ચિત હતી. આમ તે સેવાની બુદ્ધિથી પોતાના વિલાસી હાવભાવ દેખાડવા લાગી.

મેઘાવી ઋષિની નિકટ આવી તે નૃત્ય કરવા લાગી તથા ઋષિ પાસે આંખોના ઈશારાથી સ્વીકૃતિ લઈ નમસ્કાર કર્યાં. તે ભક્તિયુક્તા તે ઋષિને નિવેદન કરવા લાગી તથા ઋષિનો હાથ પકડી લીધો અને તેણે વિચાર્યું કે, હવે સેવાનો લાભ મને થશે. તે યુવાન, સુરુપી તેજસ્વી ઋષિને પ્રાપ્ત કરી તે મંજુઘોષા અતિહર્ષિત થઈને રાજસી રજોગુણથી વ્યાપ્ત થઈ અને મુનિને આલિંગન આપવા લાગી તથા તેની માનસિક સ્થિતિ વિચલીત બની ગઈ.

તેના શરીર સાથે સહવાસ કરવાનું મન કરી ઋષિ તેના પર વિજય મેળવવાની ઈચ્છાયુક્ત બની મેઘાવીએ તેની સાથે શ્રૃંગારક્રિયા આરંભી. બંને કામનામાં વ્યાપ્ત થયા. બંનેના દેહ વિકૃત થયા અને મનમાં કામવેગ વારંવાર જાગવા લાગ્યો. ત્યારે મેઘાવી ઋષિએ બુદ્ધિથી વિચાર્યું કે, નારીના સંગથી આ કામ મને ભક્તિમાં બાધા આપનારો બન્યો છે.

'હવે હું ક્ષમા અને ધૈર્યને ધારણ કરી ત્યાં સુધી અન્ય વનમાં જઈને રહીશ કે જ્યાં સુધી મારા તપનું રક્ષણ નહીં થાય, કામવેગ દૂર નહીં થાય.' આમ વિચારી તે મેઘાવી ઋષિ અન્ય સ્થળે સ્થળાંતર કરી નીકળી ગયા. જ્યાં સુધી તે બ્રાહ્મણ ઋષિ ગયા ત્યાં સુધી કામવેગ પણ તેની પાસે ગયો તથા તે શિવભક્ત ઋષિની ઉપર વિજય મેળવવા કામદેવ વનની બહાર જઈ સુંદર મૂર્તિમાન થયા તથા બધી બાજુથી તે કામદેવ પોતાની ધનુષરૂપી ભ્રમરને કટાક્ષરૂપી ગુણો વડે પોતાના નયનની પાંપણથી ક્રમાનુસાર પલકારા લેવા માંડ્યા.

મંજુઘોષાએ પોતાના પાંચ બાણો ઋષિ પર છોડ્યા. પહેલા બાણથી ચકિત, બીજા બાણ વડે કામજાગૃત, ત્રીજા બાણ વડે રસનું વહન, ચોથા બાણ વડે મોહન, પાંચમા બાણ વડે મૈથુનભાવનાઓ ઋષિના મનમાં જાગૃત કરી. યૌવનથી ઉદ્‌ભિન્ન થયેલા દેહ વડે ઋષિએ ત્યારે ગાઢ આલિંગન કર્યું અને બંને કામદેવના કારણે પરસ્પર જોડાયા.

સફેદ જનોઈ ધારણ કરેલા કામદેવ જેવા તે ઋષિ મંજુઘોષા સાથે જોડાવાથી જાણે સ્વર્ગમાં ચંદ્ર ખીલ્યો હોય તેવા લાગતા હતા. સંગમવશ થયેલી તે મંજુઘોષા મંદ-મંદ હસવા લાગી તથા પોતાનાં કંકણના રણકાર વડે મુનિનું હૃદય આસક્ત કરવા લાગી. પોતાના પ્રેમકંઠના સ્વરને નાનો કરી મૂંગાની જેમ પોતાના નેત્રો બંધ કરી પોતાના હોઠ વડે તે ઋષિના મુખનું આસ્વાદન કરવા લાગી. તે મુનિને નેત્રોના ભાવથી વશ કરતી હતી અને પોતાની સાથે તે ઋષિને પણ જમીન પર ઢાળી દીધા.

ઋષિ પણ અનેક કામભેદોથી તે અપ્સરાને ભોગવવા લાગ્યા. શિવતત્ત્વને ભૂલી કામતત્ત્વને વશ થયા. તે ઋષિ વાહનમાં, ઘરમાં, બગીચામાં, વિમાનમાં, સાધનાથી ઉત્પન્ન કરેલા આવા ઉપકરણોમાં ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય આદિ ભોજનો લઈ ભોગવતા થકા વિહાર કરવા લાગ્યા. તેમજ અલંકાર, ઉત્સવ, વિમાન, ઋતુઓમાં વિવિધ યોગ્ય સાધનો તેઓએ ઉત્પન્ન કર્યાં હતા.

આમ તે તેણી સાથે અતિશયતાથી તૃપ્તિ પામતા પરંતુ ફરી તૃષ્ણા જાગતી અને ફરી તૃપ્ત થતા. આમ વારંવાર થવા લાગ્યું. તૃષ્ણાનો કોઈ અંત નથી હોતો તે ભોગવતા ભોગવતા જ વધતી જાય છે. આ તૃષ્ણા પણ તરુણ થતી જાય છે. દિવસ-રાત ઋષિ આચારલોપ બન્યા હોવાથી લાંબા સમય સુધી રમણ કરતા રહ્યા. કામક્રિડા કરતાં કરતાં ૧૦૯ વર્ષ વીતી ગયા. એકવાર મંજુઘોષા ઋષિ સાથે રમણ કરતી હતી અને મધ્ય રાત્રી થઈ ચૂકી હતી. મંજુઘોષા હવે દેવલોક જવા માટે નીકળી રહી હતી માટે તેણે ઋષિને પૂછ્યું, 'હે મુનિ ! આપ સંતુષ્ટ છો ?, તો હવે મને દેવલોક જવાની આજ્ઞા આપો.' ત્યારે તે મોહિત થયેલા મુનિએ તેણીને પ્રત્યુત્તર આપ્યો કે, 'જ્યાં સુધી હું સવારની સંધ્યા ન કરું ત્યાં સુધી તું મારી પાસે સહવાસી થઈને રહે.' આમ સાંભળીને મંજુઘોષા પોતાના હૃદયથી અંતરમાં વિચારવા લાગી કે, અહો આ તે કેવું કામનાનું બળ છે કે મધ્ય રાત્રી માટે પણ આ કામથી પરાજીત બનેલા ઋષિ મને ભોગવવા ઈચ્છે છે. તે ઋષિ જાણે છે કે, આ કામના માત્ર અર્ધ રાત્રીમાં સંતોષાવાની નથી છતાં આવી ઈચ્છા રાખે છે.

આમ સામે બોલવાથી શાપના ડરથી કંઈ બોલી ન શકી તેથી ફરી તે ઋષિ સાથે રમણ કરવા લાગી તથા ઘણાં મહિનાઓ આમ જ વિતી ગયા. આમ ૫૫૦ વર્ષ, નવ માસ અને ત્રણ દિવસ થયા બાદ તેણે ફરી તે ઋષિને કહ્યું, 'આટલો સમય હે મુનિ વ્યતીત થઈ ગયો છે.'

''હે બ્રહ્મન ! હવે મને આદેશ આપો કે જેથી હું મારા ઘરે દેવલોક જઈ શકું.'' ત્યારે તે સમયના જ્ઞાનથી વિમુખ કામમાં આંધળા બનેલા મેઘાવી ઋષિએ પ્રત્યુત્તર આપતાં કહ્યું : ''હે શોભના ! આ રાત્રીના અંત સુધી તું મને રમણ કરવા આપ પછી તું ચાલી જજે.'' ''તારા વિના મારો એક ક્ષણ પણ યુગ જેવો લાગશે, તું અડધી રાત સુધી જ ખાલી મારી પાસે રોકાઈ જા.'' ફરીથી તેણી શાપથી ડરી અને તે ઋષિ સાથે રમણ કરવા તૈયાર થઈ અને ૫૪૦ વર્ષથી પણ અધિક સમય તે ભાવથી ત્યાં રોકાઈ. ફરી તેણી તે ઋષિને સંબોધી બોલી, 'હે બ્રહ્મન હવે તો આપ તૃપ્ત થયા છો કે નહીં ? હવે મને આપ આદેશ આપો હું ઘરે જવા ઈચ્છું છું.'

ત્યારે મેઘાવી ફરી તેને અટકાવવા લાગ્યા તથા કહ્યું કે - ''હે દેવી ! અત્યારે પ્રાતઃકાળ થયો છે માટે મારી વાત સાંભળ. હવે તું સર્વથા માટે જ મારી પાસે રહી જા અને મને રમણ કરવા આપ. એક રાત્રીમાં શું તૃપ્તિ થાય ? તું જ કહે.'' હું સંધ્યા કરું ત્યાં સુધી તું અહીં જ સ્થિર રહેજે. આમ મુનિના વચનો સાંભળી સ્મિત કરી તે ઋષિ સામે બોલી, ''કેટલા વર્ષો સુધીની હે વિપેન્દ્ર તમારી સંધ્યા છૂટી ગઈ છે તે તમે જાણો છો. કેટલા મહિનાઓથી તમે સંધ્યા નથી કરી જરા વિચારો.'' ''એક સંધ્યા તમારી આટલી રાત્રી બરાબર થાય છે.'' આમ તેણીના વચનો સાંભળી ઋષિના નેત્રો ક્રોધથી ખેંચાઈ ગયા અને તે ઋષિએ તેણી પાસેથી વ્યતીત થઈ ગયેલા સમયને જાણી મેઘાવી પુનઃ માનવાન થયા તથા વિચારવા લાગ્યા કે, ૯૯ વર્ષથી પણ અધિક નવસો સંખ્યાયુક્ત વર્ષો વિતી ગયા ! મંજુઘોષાની સાથે ૯૯૯ રાત્રી ચાલી ગઈ તો પણ મારી તૃષ્ણા પુરી ન થઈ. આમ વિચારી ઋષિ પોતાની જાતને ક્રોધપૂર્વક ધિક્કારવા લાગ્યા તથા તે પોતાની જાતને, કામદેવને તથા યૌવનને પણ ધિક્કારવા લાગ્યા.

મોક્ષ, તપ તથા આત્મહાનિ જોઈ તે ઋષિ નેત્રો વડે અતિ ક્રોધની જ્વાળાઓ છોડવા લાગ્યા તથા કોપાયમાન બન્યા. નારી તે તપનો ક્ષય કરનારી મૃત્યુરુપા તથા રાક્ષસી અને આત્મયુક્તિનું અવરોધન કરનારી તેમજ કષ્ટ, દુઃખયુક્ત પુણ્યનું ભક્ષણ કરનારી છે. તે હાનિ આપનારી છે, આમ બોલતાં ઋષિ ધ્રૂજતા હોઠ વડે વેગથી બોલ્યા, 'અરે કુલ્ટા, અપ્રિયા, દુરાચારિણી, કામનાપ્રિયા તને ધિક્કાર છે.''

સેવાની ઈચ્છાથી મુનિઓ પાસે આવેલી તું પુણ્ય નાશ કરનારી વૈરિણી, તપનો લોપ કરનારી, યમનો માર્ગ દર્શાવનારી જા તું પિશાચી થા, તું કામનું છિદ્ર દેખાડનારી છે. આમ મેઘાવીએ મંજુઘોષાને શ્રાપ આપ્યો. તેણીએ પણ નમ્ર બની અને તે ઋષિને પ્રત્યુત્તર આપતાં કહ્યું : 'હે યુવા ઋષિ તમે જ વિચાર કરો મારી એકલીનો દોષ નથી. આપણે બેય આ બાબતે સમબળિયા છીએ. પરાજય મળે ત્યારે નિર્બળ જ હણાય છે. હે મેઘાવી આવું ન થવું જોઈએ, આ માત્ર તમારી જ હાનિ નથી. મારો પણ તમે ધિક્કાર સહિત પરિત્યાગ કર્યો છે તથા મારી પણ આત્મહાનિ, લોકહાનિ તથા યશહાનિ થઈ છે તથા હું પણ શાપ આપવા સમર્થ છું. જેમ તમે શાપ આપો છો તેમ હું પણ કટું વચન બોલી શકું છું. તો પણ સ્વામીમાં પ્રેમ હોવાને કારણે સ્ત્રીઓ આવું હીન કાર્ય નથી કરતી.

નારીઓને બ્રાહ્મણોએ સદા ક્ષમા આપવી જ જોઈએ, નારી અદોષા છે, તથા તે સહન કરનારી છે. તેથી હે દેવ કૃપા કરો, તમે શાપનો અનુગ્રહ કરો. સંતોનો સંગ તો સુખ કરનારો હોય છે તથા દુઃખ હરનારો હોય છે. તમારી સાથે હે વિપ્ર મેં પણ આટલા વર્ષો રહી પત્નીરૂપે જ પત્ની ધર્મનું પાલન કર્યું છે. તથા હજારો માસો સુધી મેં સાચી સેવા કરી છે. તેથી જ હે સ્વામી ક્રોધને ત્યજી કૃપા કરો. આ પ્રકારે પ્રિય વચનો સાંભળી તથા પોતાના દોષો વિષે ચિંતન કરી સારા ભાવથી પત્નીને જોઈ તે મુનિ બોલ્યા, 'હે કલ્યાણી ! શાપાનુગ્રહ કરનારા મારા વચનો સાંભળો.'

હું તારી સાથે રહી શું કરીશ ? મારું જે મહાન તપ હતું તે તો ક્ષય જ પામ્યું છે, જે ગયું તે ગયું જ છે. જે નષ્ટ જઈ ચૂક્યું છે તે તો પાછું

આવતું જ નથી. તે હું ફરીથી સંપાદન કરીશ કે જેથી તારું શુભ થાય. ચૈત્ર માસના કૃષ્ણપક્ષમાં આવતી એકાદશી પાપમોચની નામની છે જે બધાં જ શાપોનો ક્ષય કરનારી છે તેનું શુભ વ્રત કરવાથી તારું પિશાચીત્વ ચાલ્યું જશે.

આમ સાંભળી મંજુઘોષા ત્યારે વનમાં ચાલી ગઈ. જ્યાં સુધી ચૈત્ર માસ ન આવે ત્યાં સુધી તો તે પિશાચી બનીને જ રહી ગઈ. ચૈત્ર માસને પ્રાપ્ત કરી મંજુઘોષાએ એકાદશીના વ્રતનું સ્મરણ કરી અને વ્રત કર્યું. તેણે મનોમન જ ભગવાનનું પૂજન કર્યું અને રાત્રે જાગરણ કરી તથા પ્રાતઃકાળે બધી વિધિ કરી અને તે પાપમોચનિકાના બળથી પિશાચીત્વમાંથી મુક્ત થઈ અને દિવ્યરૂપ ધારણ કરી પોતાના ઘરે સ્વર્ગે ગઈ તથા મેઘાવી ઋષી એ પણ તેનો ત્યાગ કરી પોતે પોતાના પિતાના આશ્રમે ચ્યવનઋષિને ત્યાં ગયા કે જે ઋષિ દિવ્યતેજથી શોભિત હતા.

તે નિસ્તેજ મેઘાવીને જોઈ તેના પિતા ચ્યવનઋષિએ કહ્યું કે, હે પુત્ર ! તે આ શું કર્યું ? તપનો ક્ષય કરી નાખ્યો. કેમ તારા તપનું તેજ દેખાતું નથી ?' ત્યારે મેઘાવીએ કહ્યું, 'હે પિતાજી આ વનમાં હું તપ કરવા આવ્યો હતો ત્યારે મેં એક અપ્સરાને પ્રાપ્ત કરી તથા તેની સાથે રહી મેં ઘણું પાપ કર્યું તેમજ રમણ પણ ઘણા કાળ સુધી કર્યું. જેથી મારું અદ્‌ભૂત તપ નષ્ટ થઈ ગયું.

હે પિતાજી ! હવે આપ મને પ્રાયશ્ચિત કઈ રીતે કરવું તે કહો. જેથી મારું પાપ ક્ષય પામે. ત્યારે તેના પિતાએ તેને કહ્યું કે, એક વ્રત તને કહું છું જેને હું જાણું છું. ચૈત્ર માસના કૃષ્ણપક્ષે પાપમોચનિકા એકાદશી વ્રત વિધિવત કરવાથી પાપ રાશીનો ક્ષય થાય છે તથા વ્રતી અંતે મુક્તિ પામે છે. આમ પિતાના વાક્યો સાંભળી મેઘાવીએ તે ઉત્તમ વ્રત કર્યું તથા તે પાપમોચનિકા વ્રતથી તેનું પાપ ક્ષય પામ્યું તથા તપની વૃદ્ધિ થઈ અને શીઘ્રતાથી તેજ વ્યાપ્ત થઈ ગયું. પહેલાં હતા તેમ જ તે ફરી તપયુક્ત બની ગયા.

હે લક્ષ્મી ! પાપમોચનિકાનું વ્રત જે લોકો કરે છે. તેઓનું જેટલું પાપ હોય છે તે બધું જ વિલીન થઈ જાય છે તથા હજાર વાજપેય યજ્ઞનું ફળ મળે છે. આ વ્રત કરવાથી ભુક્તિ-મુક્તિ તથા મહામુક્તિ મળે છે તથા આ તિથિ એ દાન કરવાથી પણ આ બધું મળે છે.

બ્રહ્મ હત્યા કરનારો, સોનાની ચોરી, દારૂ પીનારો, ગુરુની સ્ત્રી સાથે ગમન કરનારો પણ જો આ વ્રત કરે તો તે વ્રતી આ બધા પાપોથી મુક્ત થાય છે. આ વ્રતના પઠન તથા શ્રવણ અને સ્મરણ તથા કિર્તન કરવાથી પણ બહુ પુણ્ય મળે છે તથા હજાર ગાયોના દાનનું ફળ મળે છે.

તેથી હે લક્ષ્મી ! આ વ્રત કરવું જ જોઈએ કે જેથી શાપ તથા પાપની નિવૃત્તિ થાય. આ વ્રતથી પર બીજું કંઈ પણ આ સચરાચરમાં ભુક્તિ-મુક્તિ આપનારું નથી.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "ચૈત્ર માસના કૃષ્ણપક્ષમાં આવતી પાપમોચની એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા મેધાવિ તાપસ્વી દ્વારા હજાર વર્ષ સુધી ભોગ પામેલી મંજુઘોષા નામની અપ્સરાનું શાપિત થવું, પિશાચીત્વ પામવું તેમજ ઋષિના અનુગ્રહને કારણે વ્રત દ્વારા મુક્તિનું નિરૂપણ" નામનો બસો છેતાલીસમો અધ્યાય ॥ ૨૪૬ ॥

કામદા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા – ભગવાન વિના આ લોકમાંથી ઉદ્ધારક બીજું કોઈ નથી. ભગવાન વગર આ લોકમાં બીજું કઈ પાવન નથી. સાધુઓ વગર જીવોના પાપનું નાશ નથી થતું. આ લોકમાં વ્રત સિવાય બીજું કંઈ જ ભુક્તિ-મુક્તિ આપવાવાળું સાધન નથી. એકાદશી વગર શાપ કે પાપનું નાશ નથી થતું તથા એકાદશી તે સ્વર્ગ, સિદ્ધિ, દ્રવ્ય, પુત્ર અને મોક્ષ આપનારી છે.

હે ભગવન્ ! હું ચૈત્રની શુકલપક્ષીય એકાદશીનું નામ-વ્રત સાંભળવા માંગું છું તમે મને તે કહો.

શ્રી નારાયણ બોલ્યા – ચૈત્રના શુકલપક્ષે આવનારી એકાદશી પુણ્ય આપનારી 'કામદા' નામથી વિખ્યાત છે તથા તે પાપના સમૂહને બાળી નાખે છે. તે એકાદશી 'વિમલા' નામથી પણ ઓળખાય છે તથા દરેક ઈચ્છાપૂર્તિ કરનારી છે. તેમાં શ્રીરમા સાથે શ્રીવિષ્ણુની પૂજા કરવી. ષોડ્શોપચારથી વિધિવત્ત યથા દ્રવ્ય પૂજન કરવું તથા અર્ધ્યમાં ચિભડું અને બીજા ફળો અર્પણ કરવા તથા આંબાના ફૂલોથી પૂજન કરવું. નૈવેદ્યમાં જવના લોટના મીઠાં લાડું અને પાકેલું અન્ન અર્પણ કરવા આ નૈવેદ્ય વ્રતીએ વિશેષ ફળ પ્રાપ્ત કરવા અર્પણ કરવું.

દશમીના દિવસે અથવા રાત્રે જમી વ્રતનો આરંભ કરવો, રાત્રે જમીન પર ઊંઘવું તથા બ્રહ્મચારીત્વનું રક્ષણ કરવું. સવારે એકાદશીના દીવસે પ્રાતઃકાળે ઊઠી શ્રીહરિનું સ્મરણ કરી, ધ્યાન કરી નાહી અને દેવને પૂજવા. ભગવાનને પંચામૃતથી સ્નાન કરાવી પછી તિર્થના જળથી સ્નાન કરાવવું

તથા મોંઘા વસ્ત્રો અને અલંકારો ધારણ કરાવવા.

આમ વિવિધ વસ્તુઓથી ભગવાનનો શ્રૃંગાર કરવો અને અન્ય સુગંધિત દ્રવ્યો અર્પણ કરવા. પુષ્પો, હાર તથા ધૂપ, દીપ, નૈવેદ્ય અને ફળો અર્પણ કરવા. જળ, મુખવાસ, તાંબુલ, એલચી, લવિંગ વગેરે અર્પણ કરવા. આરતી, સ્તુતિ, પ્રદક્ષિણા વગેરેથી ભગવાનને સંતુષ્ટ કરવા. ક્ષમા-પ્રાર્થના કરી સ્તવનાદિ કરવું અને કહેવું, 'હે કૃષ્ણ આ એકાદશીના વ્રત ફળ સિદ્ધિ માટે કરું છું.' તે અવિઘ્નપણે પૂર્ણ કરજો. આમ પ્રાર્થના કરી ધાન્યો વડે સર્વતોભદ્રમંડળ કરવું તથા સોના કે તાંબાનો ઘડો કે જેમાં પાંચરત્નો, પાંચ પાંદડા, પાણી વગેરે પધરાવવું તથા વસ્ત્ર લપેટવું. ચંદન, ચોખા, ફળ, પુષ્પ વગેરે કળશ પર પધરાવવું તથા તલ ભરેલી થાળી મૂકવી. તેમાં શ્રીહરિની તથા રમાની મૂર્તિ અને કામદાની મૂર્તિ વિધિવત્ સ્થાપવી તથા મંત્રો વડે આવાહન કરી શ્રીહરિ, રમા તથા કામદાને જળથી સ્નાન કરાવી પૂજવા.

પૂજા દ્રવ્યોથી પૂજન કરવું અને વસ્ત્રાલંકાર ધરવા. શ્રીહરિ તથા રમાદેવીને સાડીથી શ્રૃંગાર કરવા. ભૂષા, શ્રૃંગાર અને દ્રવ્યો વડે વિવિધ શણગાર કરવા. જેમ વિષ્ણુને તેવી જ રીતે રમાને બહુભૂષણોથી શણગારવા. ભગવાનનાં કેશોમાં સુગંધિત તેલ લગાવવું તથા રમાને અંબોળો બાંધી આપવો તથા તેમાં પુષ્પગુચ્છ બાંધવું તથા રમા દેવીને ચાર કે બે ચોટલા વાળી વાળને ગાંઠ બાંધવી. તેમાં દોરો બાંધી પુષ્પો તથા પીન અને સોનાની સર માથામાં બાંધી આપવી તથા વાળની ત્રણ કે ચાર લટ ગૂંથી આપવી તથા રમાદેવીના માથાના અગ્ર ભાગે નાની અંબોળી કરી આપવી અને સિંદૂર અર્પણ કરી આપવું અને લલાટમાં કેસર, ચંદનનું તિલક કરી મધ્યમાં કંકુની બિંદી કરી આપવી. આમ શોભાયમાન ભાલ કરવું પછી મધ્યમાં તલ જેવડી બિંદી કરવી, પાંચ બિંદી કરવી તથા બંને લમણા અને પુંડ્રસ્થાને પાંદડા જેવી બિંદી કરી અને નાની નાની બિંદીઓથી કપાળમાં પિર તાણી આપવી કે જેનાથી ભાલમાં લક્ષ્મીનો વાશ રહે જેથી લક્ષ્મી (રમા) પ્રસન્નતાને પ્રાપ્ત કરે.

બંને નેત્રોમાં સોનાની શલાકા વડે આંજણ કરી આપવું અને મુખ ઉપર આછા પીળા દ્રવ્યથી લેપન કરી આપવું. રમાદેવીને લાવણ્યયુક્ત ગાલ

પર લાલ સુશોભિત ટિપકી કરી આપવી તથા દાઢી પર પણ તેવી જ નાનકડી લાલ બિંદી કરી આપવી તથા હોઠ પર ગુલાબી પ્રાકૃતિક રંગ કરી આપવો અને નાકમાં નથળી પહેરાવવી, કાનમાં સુંદર સોનાનાં કુંડલ અને સર પહેરાવવી. સુવર્ણના સુંદર રત્નોથી યુક્ત અલંકારો અર્પવા અને કંઠમાં સોનાના ફૂલોનો હાર કે જે હિરાજડિત હોય તેવો હાર પહેરાવવો. ભૂજાઓમાં કડલા પહેરાવવા, કાંડામાં સોનાની બંગડી પહેરાવવી તથા સોનાની વીંટીઓ આંગળીઓમાં પહેરાવવી. હથેળીમાં પ્રાકૃતિક દ્રવ્યથી રંગ કરવો અને નખ રંગી આપવા.

વક્ષસ્થળ તથા સ્તન પર ચંદન અર્પણ કરવું તથા સોનાનાં અને ફૂલોના હાર અર્પણ કરવા તેમજ કબજો પહેરાવવો. કમર પર સોનાનો કંદોરો બાંધવો તથા સોનાના તારની બહુમૂલ્યા સાડી પહેરાવવી. તે સાડી ત્રણ રંગોવાળી પહેરાવવી અને રંગીન ચિત્રોવાળી ઘાઘરી કે જે નાના વસ્ત્રથી નિર્મિત છે તે અર્પણ કરવી. છેક સુધી રંગેલું વસ્ત્ર જોવાલાયક સુંદર હોય તે પહેરવા માટે દેવીને અર્પણ કરવું. કમળની આકૃતિવાળું સોનાનું પાત્ર સુંદર વિંઝણો, ચામર તથા છત્ર અને પગરખાં અર્પણ કરવા. પગમાં પહેરવા ઘૂઘરીવાળી ઝાંઝરી અને કડલી તથા કાંબી અને પગમાં પહેરવા વિંછીયા અર્પણ કરવા અને શ્રી રમા એકાદશી તથા વિષ્ણુને પૂજવા તથા એકાદશીને પણ શ્રી રમા જેવા જ આભૂષણો અર્પણ કરી શ્રૃંગાર કરવો.

દરેક ઉપકરણ બધો જ શ્રૃંગાર અને સારી વસ્તુઓ રમા જેવી જ તે કામદા એકાદશીને અર્પણ કરવી. ફળ પ્રાપ્તિ માટે બધા જ અલંકારો અર્પણ કરી પૂજન કરી ચંદન આદિ સુગંધીત વસ્તુઓ, ધૂપ, દીપ, નૈવેદ્ય, જળ, તાંબુલ તથા પીણુ અર્પણ કરી દેવ તથા દેવીની આરતી કરવી.

પ્રદક્ષિણા, ક્ષમા, સ્તુતિ, નમસ્કાર કરવા તથા પુષ્પાંજલિ અર્પણ કરી વિધિવત્ પૂજન કરવું. સર્વતોભદ્રમંડળની મધ્યમાં શ્રીહરિની મૂર્તિ સ્થાપી પોતાના ઘરે જવું તથા જપ કરવા. બપોરે પણ આ રીતે જ પૂજા કરવી અને નૈવેદ્ય અર્પણ કરવું તથા જળ, તાંબુલ બધું જ પૂર્વવત્ અર્પણ કરવું. સાંજે ફરી પૂજન કરી આરતી વગેરે કરવું તથા બધા ઉત્સવ કરી વ્રત કરવું કે જે

પુણ્ય આપનારું છે. રાત્રે કેળના સ્તંભનો મંડપ કરવો. પાંદડાઓથી તોરણ કરી બાંધવું તથા ઝૂલો બાંધવો. તેમાં શ્રીહરિને કામદા, રમા સહિત તે હિંડોળામાં બેસાડી ઝૂલો ઝુલાવવો તથા નૈવેદ્ય, જળ વગેરે અર્પણ કરવું.

રાત્રે નૃત્ય, ગીત, મહોત્સવ સહિત જાગરણ કરવું તથા શ્રીહરિને દરેક પ્રકારે પ્રસન્ન કરવા. પછી વ્રતીએ બીજા દિવસે પ્રાતઃકાળે હરિસ્મરણ કરી, સ્નાન કરી પૂજન કરવું. વિવિધ પ્રકારનાં દાન આપી અને શ્રીમાધવની આરતી કરવી. ભીનું વસ્ત્ર ફેરવી શંખથી જળ ઉતારી તથા તુલસીદળ સંયુક્ત મિષ્ટાન્ન અને વ્યંજનો ભગવાનને અર્પણ કરી બ્રાહ્મણો, સાધુઓ, સાધ્વીઓ, બાળકોને જમાડી વ્રતીએ વિસર્જન કરી પારણાં કરવા. આ રીતે વિધિ કરવાથી શાશ્વત પુણ્ય પ્રાપ્ત થાય છે તથા આ લોક અને પરલોકમાં જેની ઈચ્છા કરે છે તે નિશ્ચિતપણે પ્રાપ્ત થાય છે.

હે લક્ષ્મી ! હવે બે ગંધર્વોને મુક્તિ આપનારી આ કથા સાંભળો. પૂર્વે નાગપુર નામના નગરમાં સોનાનાં ઘરો હતા. ત્યાં પુંડરીક નામની ગંધર્વની જ્ઞાતિઓ વસતી હતી. તે બધાં મદોન્મત અને મદ, બળથી યુક્ત હતા. ત્યાં ગંધર્વ, કિન્નરો, યક્ષો, વિદ્યાધરો, કિંલોકો, પરિઓ, અપ્સરાઓ, દેવીઓ, કુમારીઓ પણ વાસ કરતી હતી. તે નગરમાં પુંડરીક રાજા રાજ કરતો હતો. તેનું નામ પૌંડ્ર હતું. તેણે એક ઉત્સવનું આયોજન કર્યું હતું. તેમાં ગંધર્વો, કિન્નરો, સૂતલોકો, માગધો, બંદીજનો, કિંપુરુષો, ગાયકો, વ્યાખ્યાતાઓ, ચારણો, શ્રોત્રીયવર્ગ, બ્રાહ્મણો, રજોગુણયુક્ત લોકો, દેવયોનિનાં લોકો તથા વેદપંડિત ગંધર્વો પણ ત્યાં તે ઉત્સવમાં આવ્યા હતા તથા આખો સમાજ નૃત્યના રંગમંડપમાં નૃત્યમાં પ્રવૃત્ત હતા. સ્વરજ્ઞ લોકો ગાન તથા વાદકો વાદન કરતા હતા.

નર્તકીઓ નાચતી હતી તથા અન્ય લોકો આ બધું જોતાં હતા. પાતાળના નાગલોકોના નાગો કે જે કામરૂપ હતા તે તથા દૈત્યો અને દાનવો પણ તે ઉત્સવમાં આવ્યા હતા. તે બધા દેવોનું રુપ ધારણ કરીને ત્યાં આવ્યા હતા. અન્ય ગાયકોની સાથે તે પણ નૃત્યમાં, ગીતોમાં તથા નર્તકીઓ સાથે વ્યવસ્થિત રીતે પ્રવૃત્ત થયા. પૌંડ્રનો રાજા એવો ગંધર્વપતિ અતિ કુશળ અગ્રણી

એવા લલિત નામના ગંધર્વ રંગનો અવતાર સમો જ હતો. તે ગંધર્વની પત્ની લલિતા નામની તે ગૃહકાર્યમાં પ્રવૃત્ત હોવાને કારણે તે ઉત્સવમાં આવી ન હતી. તેથી લલિત એકલો જ આવ્યો હતો. તે લલિત પોતાની પત્ની વગર ગીત ગાતો હતો. તે લલિતાની અનુપસ્થિતિને કારણે તે સાથ વગરનો બની મનમાં ખેદ અનુભવતો સ્મરણ કરતો ગાન, નૃત્ય તથા વાદન કરતો હતો. તેના હૃદયમાં નિત્ય તેની પત્ની લલિતા જ વસતી હતી. તેમાં પણ તે આ પ્રસંગે તેનું વારંવાર સ્મરણ કરતો હતો. લલિતાના હૃદયમાં પણ તેનો પતિ સદા વાસ કરતો હતો. બંને પ્રેમના બંધનમાં જ બંધાયેલા હતા. તેણી પણ ઘરે લલિતનું સ્મરણ કરતી હતી તથા રંગકર્મમાં તે લલિત પત્નીના અનાગમનથી વ્યગ્રચિત્ત બની નર્તન કરતો હતો.

તે લલિતાનું સ્મરણ કરી બંધાયેલા પગવાળો તેની જીભ પણ તોતડાવા લાગી તેવો બન્યો. આમ તેનાથી સ્વરમાં અવરોહણ થયું અને નૃત્યમાં ખામી થઈ અને તે ગંધર્વોની સભામાં હાસ્યને પાત્ર બન્યો અને તે પૌંડ્ર રાજાની પણ કિર્તી અને યશની હાનિ થઈ. ત્યારે તે પૌંડ્ર ક્રોધયુક્ત બન્યો અને તેણે આતુર સ્વરમાં ગાનાર લલિતને શાપ આપ્યો કે, "અરે દુર્બુદ્ધિ તું રાક્ષસ બની જા. ગાન કરતો તું તારા પત્નીનું સ્મરણ કરનારો આ ઉત્સવમાં ભંગ પાડનારો છે તથા કળામાં ક્ષતિ કરનારો છે. તારા કારણે આ સમાજમાં આપણે બંને હાસ્યપાત્ર થયા છીએ માટે તું રાક્ષસ બની લાંબા કાળ સુધી દુઃખ ભોગવ. આમ પૌંડ્રના વચનોથી તે રાક્ષસ બની ગયો. રૌદ્ર મુખવાળો વિચિત્ર આંખોવાળો જોતાં જ ભયંકર તથા ઘણાં યોજન સુધી વિસ્તૃત તેનું મુખ બની ગયું. તેનું મુખ ગુફા જેવું લાગતું હતું તથા તેના નેત્ર સૂર્ય જેવા અને એની ડોક પર્વત જેવી હતી તથા તેનું નાક પર્વતમાળા જેવું અને નાકના છીદ્રો ગુફા જેવા હતા. એના હોઠ લાંબા યોજન જેવડા હતા. આવો વિકરાળ તે રાક્ષસ બની ગયો અને પોતાના કર્મનું ફળ ભોગવવા લાગ્યો પછી તે પોતાના ઘરે ગયો ત્યાં પોતાની પત્ની લલિતાએ પોતાના પતિને આવી વિકૃત આકૃતિમાં જોયા અને પોતે પતિના દુઃખથી દુઃખી થઈ ગઈ અને વિચારવા લાગી કે, હવે હું શું કરું ? ક્યાં જાવ ? પતિ પાપથી પીડિત કેમ થયો ? એ

બધું જ વૃત્તાંત જાણી તે પતિ સેવાપરાયણ લલિતા પતિની સાથે ગહન વનમાં નીકળી ગઈ તથા પૂર્વનું સ્મરણ કરતાં કરતાં તે બંને શરમયુક્ત બન્યા.

ઘનઘોર દુર્ગ વનમાં કામરૂપિણી લલિતા પતિની સાથે સર્વદા રહેતી. લલિત તે ઘનઘોર વનમાં કામાતુર થયો પણ તે ઘૃણાયુક્ત, પાપયુક્ત, વિરુપ, વિચિત્ર રાત્રે પણ સુખ ભોગવી શકતો ન હતો તથા દિવસે પણ સુખ ભોગવી શકતો ન હતો તથા લલિતા પણ પોતાના પતિને જોઈ અતિ દુઃખ અનુભવતી હતી. તેણી પણ પોતાના રાક્ષસરૂપી પતિની સાથે ભટકતી હતી. પોતે ગંધર્વરૂપિણી અને પતિ રાક્ષસ બંને ભૂખ, તરસથી પીડાતા હતા. આમ બંનેને વિરુદ્ધ રૂપમાં જોઈ વનવાસીઓ પરમ આશ્ચર્ય પામતા હતા. પછી ભયભીત બની તે સ્થળથી તે બંને શાતાતપ મુનિના આશ્રમે આવ્યા. ત્યાં તરત જ લલિતા મુનિ પાસે જઈ નમસ્કાર કર્યા. તે દયાળુ મુનિ ત્યારે બોલ્યા કે, તમે કોણ છો ? તથા અહીં ક્યા હેતુથી ઉપસ્થિત થયા છો ? ત્યારે તે લલિતા બોલી હું ગાંધર્વી છું તથા વીરધન્વાની દિકરી છું.

મારું નામ લલિતા છે. મારા પતિ માટે હું તેની સાથે અહીં આવી છું. મારા પતિનું નામ લલિત છે તથા પૌંડ્રના શાપથી તે રાક્ષસ બન્યા છે. તેથી અમે આ જંગલમાં ભટકી રહ્યા છીએ. મને તેઓનું આ રૂપ જોઈ સુખ થતું નથી. જે પુણ્યથી મારા પતિ રાક્ષસતામાંથી મુક્ત થાય તેવું કોઈ પુણ્યકર્મ હે શતાતપ પ્રભુ ! આપ મને કહો. આમ વાત સાંભળી શતાતપ મુનિએ પાપહારી એવું કામદા એકાદશીનું વ્રત કહ્યું. જે વ્રત ચૈત્ર શુકલપક્ષનું પુણ્ય સુખ આપનારું છે. હે લલિતા ! તું તે વ્રત કર. જેથી નિશ્ચિત જ તારા પતિને પુણ્યનું શુભ ફળ મળશે. તે તું પુણ્ય ફળ તારા પતિને અર્પણ કરજે જેથી ક્ષણ માત્રમાં શાપનો દોષ ચાલ્યો જશે.

આમ શતાતય મુનિના વાક્યો સાંભળી તેણી હર્ષ પામી, આશ્રમમાં રહી. તે આ કામદા એકાદશીની રાહ જોવા લાગી. તેનો પતિ ભયભીત બની નિત્ય વનમાં જ વસતો હતો. કામદા એકાદશી આવી ત્યારે લલિતાએ નિર્જલા ઉપવાસ રાખ્યો. રાત્રે જાગરણ કર્યું અને બારસે પ્રાતઃકાળે જ શતાતયમુનિ તથા શ્રીહરિની પ્રતિમા પાસે વાક્ય બોલી, 'હે પ્રભુ ! મારા પતિને તારો, મેં

આ ઉપવાસ મારા પતિના સુખ માટે કર્યો છે.'

આ કામદા એકાદશીના પુણ્ય પ્રભાવથી તેની પિશાચતા નષ્ટ કરો. આમ લલિતાના વચન સાંભળતા જ લલિતની પિશાચતા નષ્ટ પામી તેની રાક્ષસતા ગઈ અને ગંધર્વતા પુનઃ આવી ગઈ. તેનું પાપ પણ ચાલ્યું ગયું તથા તે દિવ્ય દેહધારી બન્યો. સુવર્ણ રત્નો યુક્ત તે પોતાની પત્ની સાથે દિવ્ય વિમાનમાં બેસી અને પૂર્વરૂપ બની ગયો. આમ બંને દંપતી તે વિમાન દ્વારા નાગપુર ગયા. કામદાના પુણ્યને કારણે પિશાચતા નષ્ટ પામી. શાપનો નાશ થયો અને પુનઃ પોતાના સ્વરૂપમાં આવી ગયા. આમ આ વ્રતનો પ્રભાવ જાણી હે મહાલક્ષ્મી ! આ વ્રત અતિભાવપૂર્વક કરવું.

આ કામદા એકાદશી બ્રહ્મહત્યાદિ પાપનો નાશ કરનારી, પિશાચત્વનું પણ નાશ કરનારી છે તથા આ વ્રતની કથાનું પઠન કરવાથી, શ્રવણ કરવાથી વાજપેય યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "ચૈત્ર માસના શુક્લપક્ષમાં આવતી કામદા એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા લલિત અને લલિતા નામના ગંધર્વોનું પૌંડ્રના શાપને કારણે પિશાચત્વ તેમજ વ્રત દ્વારા મુક્તિ આદિ નિરૂપણ" નામનો બસો સુડતાલીસમો અધ્યાય ॥ ૨૪૭ ॥

વરુથિની એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા – હે મોક્ષદાતા શ્રીહરિ, જનઉદ્ધારક હે પ્રભુ ! પાપનો અને શાપનો પણ નાશ કરનારા આપ જ છો. ભુક્તિ-મુક્તિપ્રદ તમારું આ વ્રત કે જેનું ઉદ્‌બોધન મને તમારા દ્વારા થયું છે. તમારી પાસેથી આ કથાઓ સાંભળીને હું અતિ હર્ષિત થઈ રહી છું. તમે મને શ્રવણ કરાવો છો તેનાથી મને રુચિ થાય છે.

હે નાથ કૃપાસિંધુ ! વૈશાખ માસની કૃષ્ણપક્ષી એકાદશીનું નામ શું છે ? તથા તે એકાદશીના કયા દેવ છે અને એની શું વિધિ છે, આ બધું આપ મને કહો.

શ્રી નારાયણ બોલ્યા – આ એકાદશી સૌભાગ્યદાયિની પુત્ર, પૌત્ર અને સંપત્તિ આપવાવાળી છે. અહીં અને બીજા લોકમાં સુખ, સમૃદ્ધિ આપવાવાળી અને પાપનાશિની છે. વૈશાખ કૃષ્ણપક્ષમાં આવતી એકાદશીનું નામ 'વરુથિની' એકાદશી છે. તે વ્રત કરવાથી વ્રતીને સર્વથી સુખની પ્રાપ્તી થાય છે. આ વ્રત કરવાથી પાપ હાનિ થાય છે અને સૌભાગ્યની પ્રાપ્તી પણ થાય છે. દુર્ભાગી પણ આ વ્રતને કરી સર્વ સૌભાગ્ય મેળવે છે.

આ વ્રત કરવાથી વ્રતીને ભુક્તિ-મુક્તિ પ્રાપ્ત થાય છે. તથા આ એકાદશી બધા પાપને હરનારી, પુણ્ય આપનારી, જન્મચક્ર હરનારી, શુભ ફળ આપનારી છે. આ એકાદશી વાસનાનો નાશ કરનારી નિત્ય આનંદ અને મુક્તિ પ્રદાયિની છે તથા શાશ્વત સ્થિતિ આપનારી છે માટે વ્રતીએ પ્રયત્નપૂર્વક વ્રત કરવું જોઈએ. માન્ધાતા, ધુન્ધુમાર આદિ આ વ્રત કરી સ્વર્ગને

પ્રાપ્ત થયા હતા. આ વ્રતમાં નન્દા દેવી સહિત શ્રી પુરુષોત્તમનું અર્ચન કરવું. જાયફળથી ભગવાનનું પૂજન કરી વડા નૈવેદ્યમાં અર્પણ કરવા. ચમ્પાના ફૂલ તથા મોગરાની કળીઓ વડે ભગવાનનું અર્ચન કરવું. ગુલાબ અર્પણ કરવા તથા દાન આપવું. બીજું બધું પોતાની યથાશક્તિ મુજબ વ્રતીએ કરવું. દશમીએ દિવસે કે રાત્રે એક સમય જમી જમીન પર ઉંઘવું તથા બ્રહ્મચર્યનું પાલન કરવું અને પ્રાતઃકાળે શ્રીહરિને સમરવા તથા કાંસ્યપાત્રનો ઉપયોગ, માંસ, મસૂરની દાળ, ચણા, શાક, મદિરા, બીજાનું અન્ન, ફરી બીજી વાર જમણ અને મૈથુન આ દશમની તિથિના દિવસે આ દશ વસ્તુનો ઉપયોગ ન કરવો તથા જુગાર, નિંદ્રા, તાંબુલ, બીજાનો અપવાદ, ચોરી, હિંસા તથા રતિક્રિડા, ક્રોધ, ખોટા વચનો આટલું એકાદશીના દિવસે છોડવું.

કાંસ્યનો ઉપયોગ, માંસ, મદિરા, નીચ કર્મ, તેલ, નીચ બોલી, વ્યાયામ, પ્રવાસ અને ફરી જમણ તથા મૈથુન, તામસી અન્ન, મસૂરવાળું અન્ન, આ બધું બારસના દિને ત્યાગવું તથા એકાદશીએ વ્રતીએ પ્રાતઃકાળે સ્નાન કરી શ્રી પુરુષોત્તમને ષોડ્શોપચાર વડે પૂજવા આવાહ્ન આદિ કરી પંચામૃતનું ભગવાનને લેપન કરવું. તિર્થજળથી સ્નાન કરાવી પ્રભુને વસ્ત્રાલંકાર ધરવા શ્રૃંગારિક દ્રવ્યો ચડાવવા તથા આંજણ કરી આપવું.

કંકુ આદિ માંગલિક દ્રવ્યો અર્પણ કરી ચંદ્રબિંદીનું તિલક ભગવાનને કરી આપવું તથા પુષ્પગુચ્છ અને પુષ્પમાળા પહેરાવવી, શેખરના પુષ્પ ચડાવવા. ધૂપ, દીપ, આરતી, નમન તથા પ્રદક્ષિણા કરી. સ્તુતિ, ક્ષમાપ્રાર્થના અને પુષ્પાંજલિ અર્પણ કરવી. આમ પ્રાતઃકાળે પૂજન કરી મહાપૂજનનો આરંભ કરવો. પછી મંદિરે અથવા કેળના મંડપ નીચે સર્વતોભદ્રમંડળ સાત ધાન્યોયુક્ત કરવું. મંડળની મધ્યે પાંચ રત્નો, પાંચ પાંદડા, જળ, ચંદન, પૌવા, પુષ્પ, ફળ યુક્ત સોના કે ત્રાંબાનો કળશ સ્થાપવો તથા તેની ઉપર તલથી ભરેલી નવી થાળી મૂકવી તેમાં શ્રી પુરુષોત્તમ સહિત નન્દાની અને વરુથિનીની મૂર્તિની તલની થાળીમાં સ્થાપના કરવી તથા ચંદન આદિથી વિધિવત્ પૂજા કરવી. આવાહ્ન આદિ કરી પંચામૃતથી અભિષેક કરવો. તિર્થજળથી સ્નાન કરાવવું અને ભૂષા, વસ્ત્રો અર્પણ કરવા, શ્રૃંગારિક પદાર્થો,

અલંકારો તથા સુગંધિત તેલ અર્પણ કરવું. ચંદનથી પુંડ્ર તિલક ભગવાનને કરવું તથા કાજળ કંકુ અર્પણ કરી પુષ્પ અને રત્નોની માળા તથા નૈવેદ્ય અર્પણ કરવું. જળ, તાંબુલ, મિષ્ટાન્ન, ફળ આદિ પ્રભુ પાસે ધરવા તથા આરતી, નમસ્કાર, પ્રદક્ષિણા અને ક્ષમાપ્રાર્થના કરવી.

વ્રત સિદ્ધિ માટે પ્રભુને વિઘ્નનાશ માટે પ્રાર્થના કરવી. શય્યા, દંડો, ઓશિકું આદિનું દાન કરવું અને દક્ષિણા અર્પણ કરવી. આમ સમાપન કરી ભક્તિ કરવી તથા બપોરે પણ વિધિવત્ શ્રીહરિનું પૂજન કરી અને ભોજન અર્પણ કરવું. શ્રીહરિને સાંજે પૂજી આરતી કરવી. ભોજન જળ આદિ અર્પણ કરી જાગરણ કરવું. જાગરણમાં નર્તન, ગાન-વાદન, કથા, કિર્તન કરવા. પ્રાતઃકાળે શ્રીહરિનું સ્મરણ કરી પૂજન કરવું. ઘોડા, હાથી, ભૂમિ, તલ, સોનું, અન્ન, કન્યા, ગાય વગેરેનું દાન કરવું. જ્ઞાનનું દાન કરવું, દાન તો અભય આપનાર છે. આમ વરુથિનીનું વ્રત કરવું જે વ્રત મનોવાંછીત ફળ આપનારું છે.

દસ હજાર વર્ષ સુધી તપ કરી જે માણસ ફળ મેળવે છે તેના સમાન જ ફળ વરુથિનીનું વ્રત કરવાથી મળે છે. આ વ્રત કરવાથી બધાં પ્રકારનાં દાનનું ફળ મળે છે. હે લક્ષ્મી ! પૂર્વે સત્યુગની અતિ પાવન કથા છે કે જેને સાંભળીને વરુથિનીનું માહાત્મ્ય જણાશે.

એક વરુથ નામનો બ્રહ્માનો માનસ પુત્ર હતો તથા તે પોતાના ગુરુ મરીચીઋષિની સેવામાં તત્પર રહેતો તથા ત્યાં આશ્રમમાં જ રહેતો હતો. તે નિર્માની તથા અહંકાર વગરનો હતો. તેમજ તેનું મન એકદમ સ્વચ્છ દર્પણ જેવું હતું. તે નિત્ય બ્રહ્મધ્યાનમાં રત રહેતો તથા તે ગુરુને બ્રહ્મ માની પૂજતો હતો. ગુરુનું વાક્ય વેદવાક્ય તથા વેદ તે ગુરુના મુખમાં વસેલો હોય છે. ગુરુ જ સાક્ષાત્ વિષ્ણુ અને બ્રહ્મ સમાન છે. ગુરુ જ મુક્તિ અને જ્ઞાન સ્વરૂપ છે તથા ગુરુ જ યજ્ઞ રૂપ છે, ગુરુ જ ધર્મ, ગુરુ જ વિધિ, ગુરુ જ બ્રહ્મા, ગુરુ જ પરબ્રહ્મ છે. ગુરુની આજ્ઞા તે વેદની શ્રુતિની વાણી જ છે. કોઈપણ પ્રકારે ગુરુને પ્રસન્ન કરવા જેથી ઈશ્વર સદા પ્રસન્ન રહે છે તથા ગુરુથી પર બીજું કંઈ જ નથી.

બ્રહ્મતત્ત્વ તે ગુરુ જ છે, ગુરુથી પર કોઈ બીજું તત્ત્વ નથી. ગુરુની આજ્ઞાથી પર કોઈ બીજો ધર્મ નથી. ગુરુની આજ્ઞાને અનુસરવાથી અહીં જ સ્વર્ગસમાન લોક બની જાય છે. ગુરુની આજ્ઞાથી મોટો લૌકિક કે પારલૌકિક ધર્મ બીજો કોઈ ધર્મ નથી. ગુરુભક્ત શ્રેષ્ઠ ગણાયો છે કે જે ગુરુની સેવા કરે છે, જે જે ગુરુ બોલે છે તે તે ગુરુભક્ત કરે છે. આવી સમજણથી ગુરુ સાથે નોકરની વૃત્તિથી તે વરુથ સુખપૂર્વક રહેતો હતો તથા મરિચીઋષિની સેવા કરવાને કારણે તે નિત્ય આનંદમાં જ રહેતો. તે બ્રહ્મમાં સ્થિત રહેવાવાળો શરીરના ભાન વગરનો તે આત્મારામી બની રહેતો તથા તે પોતાના ગુરુના ઘરે જ રહેતો હતો.

ગુરુની જેમ જ તે વરુથ ગુરુપત્ની કલાની પણ સેવા અભિન્ન ભાવથી કરતો. કલા તે મરીચીના પત્ની, અર્ધાંગિની હતી તેથી વરુથ ગુરુ તથા ગુરુપત્ની બંનેમાં ગુરુભાવ રાખતો હતો. તે વરુથ ગુરુદંપતિના ઘરની સેવા જેવી કે વાળવું, લીંપવું, પાણી ભરી લાવવું, પૂજાની સામગ્રી તૈયાર કરી લાવવી તથા પગ દબાવવા, જમ્યા બાદ વાસણ ધોવા, પથારી પાથરવી, પાછી પથારી વાળી દેવી અને કપડાં ધોવા, વાળ ઓળાવી દેવા, કાજળ આંખમાં આંજવું, હાથમાં લાલ રંગ કરી આપવો, તેલથી શરીરનું માલીશ કરી આપવું, પાણીથી નવડાવવું, વસ્ત્રથી શરીર લૂછી આપવું અને સુગંધિત દ્રવ્યો લગાવી આપવા. વસ્ત્ર, પુષ્પ, આભૂષણ, સૌંદર્ય પ્રસાધનો લઈ આવવા. આમ તે દંપતિની સેવા કરતો હતો.

તે પોતાના દેહનું કંઈ ભાન રાખતો જ ન હતો, તેનો દેહ નિર્વિકાર હતો તથા તે પોતાના શરીરને કોઈ પણ રીતે શણગારતો ન હતો. તે પાપ તથા પુણ્યથી વિહીન હતો. તે આત્માને નિરામય જ રાખતો. તેનો આત્મા પાપયુક્ત ન હોવાથી તે પણ પાપયુક્ત થતો ન હતો. ગુરુભક્તિ તે પુણ્યયુક્ત જ હોય તે એનાથી બીજું કંઈ જ પુણ્યયુક્ત નથી. ગુરુને છોડી તે કોઈ બીજાનું પૂજન કે ધ્યાન કરતો ન હતો. ગુરુની જ ભક્તિથી તે વૃત્તિ પામતો તે વિષ્ણુની મૂર્તિને માનતો ન હતો તથા તેનું પૂજન પણ કરતો ન હતો. નૈવેદ્ય કે જળ પણ તે વિષ્ણુને અર્પણ કરતો ન હતો કે વળી તે ષોડ્શોપચારથી

પણ શ્રીહરિનું પૂજન કરતો નહીં. તે ભગવાનને ધર્યા વિના જ ભોજન તથા પાણી ગ્રહણ કરતો. કંદ, ફળ બધું જ તે વિષ્ણુને અર્પણ કર્યા વગર જ પોતે ભોગવતો.

શ્રીહરિને અર્પણ કર્યા વગરનું અન્ન ખાવાથી તેની બુદ્ધિ કલુષતાયુક્ત બની ગઈ હતી તથા તે રજોગુણી બની ભોગાનુગામી બન્યો હતો. શ્રીહરિને અર્પણ કર્યા વગરનું અન્ન અભક્ષ્ય ગણ્યું છે તે અભક્ષ્ય અન્નનું ભક્ષણ કરવાથી તેને દેહાત્મ ભાવના થઈ. તે દેહરૂપ બન્યો અને ઈન્દ્રીયોને સુખ આપવા લાગ્યો. ઈન્દ્રીયોને બળપૂર્વક દેહાત્મવાદિ બનાવવા લાગ્યો.

નાસ્તિક્ય ભાવથી યુવાન ગુરુપત્નીની નિત્ય સેવા મળવાથી તે ગુરુપત્ની પર મોહિત થયો હતો તો પણ તે બળપૂર્વક સંયમ રાખતો હતો. આમ ઘણો સમય વીતી ગયા બાદ સપ્તર્ષિઓનું દક્ષપુત્રીના વિવાહ માટે બ્રહ્માજીએ તે બધા ઋષિઓનું સ્મરણ કરી બોલાવ્યા. તેથી સત્યલોક તરફ જતી વખતે મરીચિએ વરુથને કહ્યું, 'હે પુત્ર ! જેમ તું મારા વચનો અનુસાર પાલન તથા અનુકરણ કરે છે તેવી જ રીતે મારી પત્નિ કલાના વચનોનું પાલન કરજે તે જે કહે તેનું પાલન કરજે તથા હે શિષ્ય જેમ હું મારા ઘરની રક્ષા કરું છું તેમજ તું આ મારા ઘરની રક્ષા કરજે.'

આમ આજ્ઞા આપી મરિચી બ્રહ્માની સભામાં ગયા તથા બ્રહ્માએ સપ્તર્ષિઓને દક્ષના ઘરે મોકલ્યા. આમ સપ્તર્ષિઓ શંભુ સાથે સગાઈના નિર્ણયમાં શાસ્ત્રાર્થ કરવા લાગ્યા. આમ તે સત્યલોકમાં ફરી ગયા તથા ફરી દક્ષભવને આવ્યા અને ફરી સત્યલોકમાં ગયા. આ નિર્ણય માટે ઘણો સમય વીતી ગયો. કલા પણ વરુથના સહયોગથી સેવાથી, દેહની માલીશ કરવાથી, પગ દબાવવાથી સંતુષ્ટ થયા હતા. એકવાર તે એકલી શય્યા પર સૂતી હતી. તેમજ રજોભાવથી આસક્ત તે વરુથના શરીરનાં યૌવનને કારણે તે એકાંતમાં રહી કામાસક્ત બની તેથી કલાએ વરુથને કહ્યું, તું મને ભજ, હું કામથી તપ્ત છું. હે પવિત્ર આત્માવાળા તું મને શાંતિ અર્પણ કર.

વરુથ પણ ગુરુના વાક્ય માની કલાના વચનોનું પાલન કરવા લાગ્યો તથા રાજસભાવયુક્ત તો તે હતો જ. તેથી તેનું સેવન કરવા લાગ્યો.

કામકાર્યમાંથી નિવૃત્ત થયા બાદ જ્યારે તેણીને શાંતિ થઈ ત્યારે તે કલાએ વરુથને સ્વર્ગ પ્રાપ્ત થવાના આશીર્વાદ આપ્યા. આમ તે બે ભોગી કામાન્વિત બની રમણ કરતા અને વરુથ મરિચીના વચનનું પાલન કરતો. ત્યાં સુધીમાં મહાદેવનું કાર્ય સંપન્ન કરી સપ્તર્ષિઓ પોતાના ધામે સિધાવ્યા તથા મરિચી પણ પોતાના આશ્રમે આવ્યા.

મરીચિ આવ્યા ત્યારે વરુથ અને કલા બંને કામના વર્જિત જ હતા તથા મર્યાદામય હતા. પણ વરુથ તથા કલાના ભાલ પર જે આયુરેખા પૂર્ણ હતી તે ક્ષતિયુક્ત બની ગઈ હતી. આ તૂટેલી રેખાઓને જોઈ મરીચિ બોલ્યા, તમારા બંનેની આયુ કઈ રીતે ક્ષય પામી છે ? ત્યારે જે તથ્ય હતું તે બંનેએ મરિચીને કહી સંભળાવ્યું તથા મરિચી આશ્ચર્ય પામ્યા. અકૃત્ય આ બંનેએ કર્યું છે અને એ પણ મારા વાક્યોના કારણે, નિર્દોષ ગુરુભક્ત માટે ગુરુનું વચન સદા પાળવું તે જ યોગ્ય છે પરંતુ આ તો હાનિકારક નીકળ્યું.

આ મારા વચનો તો બ્રહ્મત્વને હણનારા, ગુરુપત્ની ગામીનું પાપ લગાડનારા, વિશ્વાસઘાત કરનારા તથા આયુ વિનાશના કારણ બન્યા. આ બંનેએ જે મારા વચનોનાં અનુસરણને કારણે ભૂલ કરી છે તો બંનેનું શુભ જ થાય. આમ વિચાર કરતા હતા તેટલીવારમાં યમદૂતો આવી પહોંચ્યા તથા કલા અને વરુથને યમપુરી શીઘ્રતાપુર્વક લઈ ગયા. મરિચીના કહેવા છતાં બળપૂર્વક તે બંનેને લઈ ગયા મરિચી પણ તેઓની સાથે ગયા. ત્યારે યમદૂતોએ તે બંનેને ધર્મરાજ આગળ ઉપસ્થિત કર્યા તથા તે બંનેને તપતા લોખંડના સ્તંભ સાથે જોડવામાં આવે એવો દંડ કરવાનો આદેશ આપ્યો ત્યારે મરિચીએ કહ્યું, 'હે ધર્મરાજ ! તમે યોગ્ય જ કર્યું.

પરંતુ આ બધું મારા વચનોના કારણે થયું છે. તેમાં તે બંનેનો કોઈ દોષ નથી. જો ગુરુના વાક્ય દુષ્ટ સમાન હોય તો હું દંડને પાત્ર છું. ત્યારે યમ બોલ્યા કે, ગુરુવાક્ય કદી દોષયુક્ત નથી હોતા. ત્યારે મરિચીએ કહ્યું કે, યમનાં વાક્ય તો સત્ય જ હોય છે માટે મારા વચનો દોષયુક્ત નથી. તો મારા વાક્યનું પાલન કરનારા આ બંને દોષયુક્ત કઈ રીતે હોઈ શકે ? તેથી જ આ બંને દંડપાત્ર નથી તે છતાં તમારે જે કરવું હોય તે કરો. જ્યા સુધી

તમે આ બંનેને છોડશો નહીં ત્યાં સુધી હું જળ વગેરે ગ્રહણ નહીં કરું તથા તમારું આતિથ્ય પણ હું નહીં સ્વીકારું. તમારે જેમ કરવું હોય તેમ કરો.

આમ વૃદ્ધ પિતા તુલ્ય મરિચીના વચનો સાંભળી ધર્મરાજ વિચારવા લાગ્યા કે, આ બંનેના કર્મોને કારણે આયુ તો આ બંનેની નષ્ટ જ થઈ ચૂકી છે. મારા તથા ગુરુના વાક્યની સંધી કઈ રીતે કરવી ? કોનું વાક્ય વચન પ્રમાણયુક્ત માનવું ? આ વિરુદ્ધ વિષયમાં મારે શું કરવું ? જો મારા વાક્યનું પ્રમાણ ગણાય તો આ બંને દંડપાત્ર બનશે અને જો તે બંને દંડપાત્ર નહીં બને તો મારા વાક્યોનું કોઈ પ્રમાણ નહીં રહે. તેથી મારે આ બંનેની આયુના જોડાણ માટે શું કરવું ? ત્યારે વરુથે સંકલ્પિત ગુરુબળના કારણે કહ્યું કે જો હું ગુરુભક્ત છું તથા મેં ગુરુ આજ્ઞા પાળી છે તો ગુરુરૂપ શ્રીકૃષ્ણ ગુરુના વાક્યથી રક્ષણ કરો. આમ તે વરુથે ગુરુરૂપી શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું. ત્યારે ત્યાં આકાશવાણી થઈ, 'હે ધર્મરાજ સાંભળો. આ બંને નિર્જળ તથા ભોજન વગરનાં રહ્યાં છે.' મરિચીએ પણ આજના દિવસે અન્નજળનો ત્યાગ કર્યો છે. હું ગુરુરૂપ જ છું તેણે પણ ગુરુનું જ સ્મરણ કર્યું છે તેથી આ બંનેએ મારો આશ્રય કર્યો છે એવું હું માનું છું તથા એકાદશીનું વ્રત કર્યું છે તેમ હું માનું છું તેથી કલા અને વરુથની આયુરેખા પૂર્ણ થશે.

આમ વરુથના ઉદ્ધારથી આ એકાદશી 'વરુથિની' નામથી પ્રસિદ્ધ બની છે. કલાના આયુષ્યના જોડાણથી તે આકાશવાણી સંજીવની જેવી આનંદ આપનારી બની. નન્દા દેવી સહિત શ્રીકૃષ્ણરૂપે હું અવતરીત થયો છું. નન્દા સહિત જે માનવ મારું પૂજન-અર્ચન કરે છે. તે કદાચ ગુરુ પત્ની આસક્ત હોય તો પણ તે પાવન બને છે. તેમજ શિષ્ય રતિ ભાવથી છૂટી શુદ્ધ બની જાય છે.

વરુથિનીનું વ્રત કરનારા લોકો નિષ્પાપી, આયુષ્માન બને છે. આયુષ્યવાળા પણ મારા જ બળથી બને છે. બીજાનું ધન લૂંટનારા કે બીજાની સ્ત્રીનો સંગ કરનારા પણ વરુથિનીના વ્રતથી પાવન બનશે તથા સ્વર્ગવાસી થશે. તેઓને યમનો ભય કે આયુષ્યહાનિનો ભય પણ નહીં રહે તથા વિધવાપણું કે વિધુરપણું પણ નહીં રહે.

યમથી ડરી જે આ વ્રત કરે છે તે પરમમુક્તિને પ્રાપ્ત કરે છે. તેથી જ પ્રયત્નપૂર્ણ આ વ્રત પાપીઓએ કરવું. આ અધ્યાયના શ્રવણ અને પઠનથી હજાર ગાયોનાં દાનનું પુણ્ય પ્રાપ્ત થાય છે. અજાણતા કે હઠપૂર્વક પણ જે આ વ્રત કરે છે તેને હું શ્રીહરિ દરેક પાપમાંથી મુક્ત કરી વૈકુંઠમાં લઈ જઈશ. તેથી હે યમરાજ આ બંનેને છોડી આપો તથા મરિચીને પણ છોડી અતિથિ સત્કાર કરો.

મરિચીને તેમના પત્ની તથા શિષ્ય પાછા આપી તેઓનો સત્કાર કરો અને તમે સુખી બનો. અન્યથા ઋષિ વ્રતના પુણ્યને કારણે તમને શાપ આપશે અને તમારું આ યમપુરી નામક સ્થળ ભસ્મીભૂત થઈ જશે. વરુથિનીના વ્રતીના ઘરે તમારા દૂતોને તમે ન મોકલતા. વરુથિનીના દિવસે ઉપવાસ કરનારાઓના ઘરે કે તેઓની સમીપે તમારા દૂતોને ન મોકલતા. આમ કહી તે શ્રીહરિએ કરેલી આકાશવાણી વિરામ પામી તથા કલા અને વરુથને પૂર્ણ આયુષ્યવાળા જોઈ ધર્મરાજાએ બંનેને છોડી મૂક્યા.

નિર્દોષી તે ગુરુવાક્ય પાળનારા દોષી બનેલા કલા તથા વરુથ મરિચીની સાથે યમલોકથી પોતાના આશ્રમે આવ્યા. હે લક્ષ્મી ! આ મેં તમને વરુથિનીનું વ્રત કહ્યું કે જે સાંભળવાથી, કરવાથી તથા પઠન કરવાથી તે વ્રતી, શ્રોતા, પાઠક વિષ્ણુલોકને પ્રાપ્ત કરે છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "વૈશાખ માસના કૃષ્ણપક્ષમાં આવતી વરૂથિની એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા મરીચિના પત્નિ કલાનો ગુરૂપત્નિ વાક્યાનુકારી શિષ્ય વરૂથની સાથેનો સંગદોષ અને વ્રત દ્વારા તેનો ઉદ્ધાર આદિનું નિરૂપણ" નામનો બસો અડતાલીસમો અધ્યાય ॥ ૨૪૮ ॥

મોહિની એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા – હે દેવોના દેવ ભગવાન શ્રીહરિ ! વૈશાખની શુકલપક્ષી એકાદશીનું નામ, ફળ, વિધિ તથા તેના ક્યા દેવતા છે તે બધું આપ મને કહો.

શ્રી નારાયણ બોલ્યા – હે પદ્મજા ! લોકોના હિત માટે હું તમને વ્રતોમાં ઉત્તમ વ્રત તથા પવિત્રમાં પવિત્ર વ્રત કહીશ. વૈશાખની શુકલ પક્ષી એકાદશીનું નામ 'મોહિની' છે. હે લક્ષ્મી ! આ એકાદશી બધા પાપોનો નાશ કરનારી છે. આ વ્રતથી પાપ બળે છે તથા મોહનો નાશ થાય છે. મહા દુઃખનો નાશ થાય છે અને સુખ મળે છે.

આ વ્રત કરવાનો ભાવ થાય તો પણ પાપ નાશ પામે છે, વ્રતીએ આ વ્રત માટે દશમીએ એક સમયે જમી બ્રહ્મચર્યનું પાલન કરવું તથા પ્રાતઃકાળે ઉઠી કૃષ્ણનું સ્મરણ કરવું. પછી સ્નાન કરી વ્રતીએ વિધિવત્ પૂજા કરવી તથા નિત્યવિધિ અનુસાર આ પ્રમાણે પ્રાર્થના કરવી કે - 'આજે હે અચ્યુત ! હું આ વ્રત કરીશ, તમારી કૃપાથી આ વ્રતને સંપૂર્ણ કરજો.'

આમ નિત્યની જેમ પૂજન કરવું. ત્યારબાદ સર્વતોભદ્રમંડળ કરવું, પૌઆ વગેરે મૂકવા. મંડળ વચ્ચે સોના કે ત્રાંબાનો ઘડો સ્થાપવો તેમાં જળ, પાંચ રત્ન, પાંચ પાંદડા પધરાવી વસ્ત્ર લપેટવું તથા ચંદન, અક્ષતથી પૂજન કરવું અને શ્રીફળ મૂકવું તથા કળશ પર તલ ભરેલી થાળી મૂકી તેમાં સોનું, ચાંદી અને સાકર ભરવી અને મધુસૂદન અને માધવીની સોનાની પ્રતિમા બનાવડાવી તે થાળીમાં સ્થાપવી. મોહિનીનું મૂર્તિસ્વરૂપ પણ તેમાં સ્થાપવું.

સ્વસ્તિક, જનોઈ, ચંદ્ર તથા તિલકની સોના કે રૂપાની આકૃતિ બનાવડાવી ઘડા પાસે મૂકવી. વિવિધ ફળો, સોપારી, એલચી, લવિંગ, તજ, જાયફળ આ બધા તેજાનાનું ચૂર્ણ, સાકર, ગોળ-ધાણા આમ નવ વસ્તુ ભગવાનને અર્પણ કરવી. ત્યારબાદ પલંગ, વિંઝણો, છત્રી, ચામર, લાકડી, પાદુકા, કાંસકી, ઓશિકું, તકિયો, નાળું, સુગંધિત દ્રવ્યો વગેરે તથા જળ ભરેલો માટીનો ઘડો કે જે નવો જ લીધેલો હોય તે તથા પાકેલી કેરીઓ વગેરે લાવી ત્યાં મૂકવી પછી આ બધી વસ્તુથી પૂજન કરવું.

પુષ્પોમાં મલ્લિકાના પુષ્પો વડે પૂજન કરવું તથા નૈવેદ્યમાં દૂધમાં રાંધેલા ભાત અર્પણ કરવા, અર્ઘ્યમાં ફણસ અર્પણ કરવું. આ દિવસે શય્યાદાનનું મહત્ત્વ છે. પ્રથમ તલ ભરેલા પાત્રમાં મધુસૂદન અચ્યુતનું આવાહ્ન કરી ઉત્તમ રીતે પૂજન કરવું. આસન વગેરે અર્પણ કરવું. પગ ધોવા તથા પૂજન કરી શુદ્ધ જળ વડે કરી ભગવાનને આચમન કરાવવું. દાંત સાફ કરવા માટે ભગવાનને સુગંધિત દંતમંજન અર્પણ કરવું તથા તિર્થજળથી ભગવાનનું મોઢું ધોઈ આપવું.

ભગવાન શૌચાદિ કાર્ય કરી હાથ વગેરે ધોઈ પરવારી ગયા છે તેવી કલ્પના કરવી પછી પંચામૃતથી સ્નાન કરાવી શુદ્ધ જળથી નવડાવવા. વસ્ત્રથી ભગવાનને લૂછી સુંદર વસ્ત્રો ધારણ કરાવવા. સુંદર નાનકડી ધોતી ભગવાનને પહેરાવી ઉપવસ્ત્ર લપેટવું. ચંદન, તેલ અને સુગંધિત અત્તર અર્પણ કરવા. સુગંધિત દ્રવ્યો, મણિ, યજ્ઞોપવિત્, આંજણ વગેરે અર્પણ કરવા. કંકુ અર્પણ કરી અબિલ-ગુલાલ તથા ચોખા અર્પણ કરવા, મોગરાની કળીઓ તથા ફૂલોની માળા અર્પણ કરવી. બધા અલંકારો તથા શ્રૃંગારીક દ્રવ્યો તથા વિવિધ આભૂષણો શ્રીહરિને અર્પણ કરવા તથા ભગવાનને ચંદનનું ચંદ્રાકાર તિલક કરવું તથા ચંદનનું શરીર પર લેપન કરી આપવું. ધૂપ-દીપ અને નૈવેદ્ય, મિષ્ટાન્ન વગેરે અર્પણ કરવા. સાકર, માખણ, શ્રીખંડ, પુરી અર્પણ કરવા. સાકર, ઠંડુ પાણી, ફળ, કેરી, નાગરવેલનું બિડું કે જેમાં સોપારી, એલચી આદીનું ચૂર્ણ નાખેલું હોય તે અર્પણ કરવું.

આરતી, નમન, સ્તુતિ, પ્રદક્ષિણા, દંડવત્, ક્ષમા-પ્રાર્થના અને ફળ મેળવવા પ્રાર્થના આદિ કરવું. પુષ્પાંજલિ, દક્ષિણા અર્પણ કરવી અને વિસર્જન કરવું. આ બધું કાર્ય વ્રતીએ ભક્તિભાવપૂર્વક કરવું. બપોરે શ્રીકૃષ્ણનું પૂજન કરી વિવિધ ભોજન ધરાવવું, જેમાં છપ્પનભોગ બનાવી અર્પણ કરવા. જેથી દરેક અભિલાષા પૂર્ણ થાય. પીવાનું જળ, તાંબુલ, મુખવાસ અર્પણ કરી વ્રતીએ ભક્તિનું આચરણ કરવું. સાંજે આરતી, નૈવેદ્ય તથા જળ અર્પણ કરવા અને કેળ સ્તંભનો શુભ મંડપ બાંધી તેમાં પારણું બાંધવું તથા નવ પાંદડાઓનું તોરણ બાંધવું તથા વ્રતીએ પારણામાં શ્રીહરિને સ્થાપી ઝુલાવવા તથા ભગવાનનું ષોડ્શોપચાર વડે પૂજન કરી રાત્રે ભક્તિભાવપૂર્વક સમય વ્યતીત કરવો.

આમ જાગરણમાં નૃત્ય, ગાન, તાલ, વાદન વગેરે કરવું, મોટો ઉત્સવ કરવો. શ્રીહરિનું સ્મરણ, કિર્તન, કથા, વ્યાખ્યાન આદિ કરવું તથા સ્ત્રી-પુરુષોએ શ્રીકૃષ્ણના પદોનું ગાન કરવું. હરિકિર્તન યુક્ત જાગરણ કરવું. પ્રાતઃકાળે સ્નાન કરી હરિ સ્મરણ કરી પૂજન આદરવું. પછી વ્રતીએ પૂજા કરાવનાર ગુરુ કે બ્રાહ્મણને દાન વગેરે આપવું તથા બ્રાહ્મણો, સાધુઓ, સાધ્વીઓ અને બાળકોનું પૂજન કરી જમાડવા. ગરીબો, દુઃખી, નિર્ધન, બાળકીઓ, પરાધીન લોકોને પણ જમાડવા. આશ્રિતો, કર્મચારીઓ, કુટુંબીઓને પણ જમાડવા. આમ બધાનું પૂજન કરી મિષ્ટાન્ન જમાડવું. માતાઓ સરખી દરેક સ્ત્રીઓ, પિતા સરખા દરેક પુરુષો તથા વૃદ્ધોને પણ જમાડવા તથા નમ્ર ભાવના દેખાડવી. ત્યારબાદ વ્રતીએ શ્રીહરિને સ્મરી જાતે પારણાં કરવા. શય્યા, હાથી, ઘોડા, ભૂમિ તથા ઘરનું દાન કરવું. આવા વિવિધ દાન કરવા. આ બધા દાનો કોઈ સત્પાત્રને દાન કરવા. યાન, વાહન, ધન વગેરે અર્પણ કરવું. આ રીતે જો વ્રતી વ્રત કરે તો પરમપદને પામે છે અને શાશ્વત સ્વર્ગમાં રહે છે. તેના પર શ્રીહરિની કૃપા થાય છે.

હે લક્ષ્મી ! હવે આ વ્રતની કથા સાંભળો. પૂર્વે એક વાણિયો થઈ ગયો તેની આ પાવનકથા છે. સૌરાષ્ટ્ર પ્રદેશમાં સરસ્વતી નદીની પશ્ચિમ દિશા બાજુ ઉત્તર દિશાના પ્રદેશમાં કે જે પ્રદેશ ભદ્રાવતીની દક્ષિણ દિશામાં

આવેલો છે. ત્યાં ભાંડીર નામની નગરીનો ધૃતિસિંહ નામનો રાજા હતો. તેનો શેઠ ધનપાલ પણ ધનથી યુક્ત હતો. તે ધનપાલ સદા પુણ્યકર્મ કરવા માટે પ્રખ્યાત હતો. તેણે સેવા માટે પરબ, કૂવા, મઠ, આરામગૃહ, તળાવ વગેરેનું નિર્માણ કરાવ્યું હતું.

તે વિષ્ણુભક્ત, સાધુઓની સેવા કરનારો તથા સદા પરોપકાર કરનારો હતો. તે સદા હરિકથા સાંભળવા તત્પર રહેતો. તેના પાંચ પુત્રો પણ શેઠિયાઓ તથા ધનવાન થયા. જેમાં સુમના, દ્યુતિમાન, મેઘાવી તથા સુકૃતિ. આ ચાર પુત્રો પુણ્યવાન હતા પરંતુ પાંચમો દિકરો અતિ પાપી હતો. તેનું નામ ધૃષ્ટબુદ્ધિ હતું તથા તે પરસ્ત્રીનો સંગ કરનારો હતો. જુગાર વગેરેનો વ્યસની તથા વૈશ્યાગામી હતો વળી તે દેવપૂજા પણ કરતો ન હતો તથા તે નાસ્તિક પિતૃ-તર્પણ પણ કરતો ન હતો. બ્રાહ્મણો તથા વેદોનો નિંદક અને વિવેક વગરનો હતો. તે દુષ્ટાત્મા પોતાના પિતાનાં ધનનો નાશ કરનારો તથા મદિરાપાન કરનારો હતો. તે પાપી ન ખાવાનું ખાતો તથા બધી જ સંપત્તિનો નાશ કરનારો હતો. તે ચોરી વગેરેમાં પરાયણ તથા કુકર્મી અને દુષ્ટોનો સંગ કરનારો હતો.

પિતા તેને એકવાર વેશ્યાના ખભા પર હાથ રાખેલો હોય એવી અવસ્થામાં જોઈ ગયા તથા ચારેય ભાઈઓ તો તેની આવી નીચવૃત્તિ જાણતા જ હતા. તેથી પિતા અને ભાઈઓએ તેને ઘરમાંથી કાઢી મૂક્યો તથા તેના ભાગનું ધન તેને આપી દીધું. જે કંઈ મળ્યું તે લઈ ધૃષ્ટબુદ્ધિ પોતાનું નિર્વહન કરવા લાગ્યો. પરંતુ તેનું બધું જ વૈશ્યા સંગથી નષ્ટ પામ્યું. આભૂષણો, વસ્ત્રો, ઉપકરણો, વાસણો બધું જ તેણે ગણિકાના સંગમાં ઉડાવી દીધું, તે ધનહીન બની ગયો પછી ગણિકાઓએ પણ તેને ત્યજી દીધો. તે ધન, વસ્ત્ર વગરનો ભૂખથી પીડાવાને કારણે ચિંતાતુર બન્યો તથા વિચારવા લાગ્યો ક્યાં જવું, શું કરવું ? આમ તે જીવવાના ઉપાયો વગરનો બની ગયો. તેથી તે બળપૂર્વક ચોરી વગેરે કામ કરવા લાગ્યો. તેણે નક્કી કર્યું કે, હવે તો લૂંટમાર કરીને જ જીવન વિતાવવું.

આમ તે બળપૂર્વક ચોરી કરી વનમાં રહેવા લાગ્યો. એક દિવસ તે ધૃષ્ટબુદ્ધિ રાત્રે ચોરી કરતો હતો. તે નિત્ય મદિરાપાન તથા માંસ ભક્ષણ કરતો તથા નિત્ય ચોરી કરતો અને વૈશ્યાગામી થતો. એક રાત્રે તેણે સોનાની ચોરી કરી અને તેજ ક્ષણે રાજદૂતોએ તેને પકડ્યો. પરંતુ થોડું સોનું અને ધન તેને લાલચરૂપે તે રાજદૂતોને આપ્યા અને તે છૂટી ગયો. આમ છૂટી તે વનમાં ચાલ્યો ગયો અને ફરી ચોરી કરી તે પકડાયો પરંતુ ફરીથી તેણે લાલચ આપી અને તે બંધનમુક્ત બની જંગલમાં ચાલ્યો ગયો. ફરી ચોરીનું કામ તેણે આરંભ્યું અને ફરી માણસોનું મારણ તથા પજવણ કરવાનું ચાલું કર્યું તથા તે વનમાંથી ચાલતા સમૂહોને પણ લૂંટતો. ફરી તે રાત્રે નગરમાં ચોરી કરવા ગયો ત્યારે લોકોએ તે દુરાચારીને પકડી અને દોરડાથી એકદમ મજબૂત બાંધી દીધો. સાંકળથી બાંધી રાજા દ્વારા દંડિત કર્યો અને ઘોડા સાથે બાંધી ઘસડ્યો તથા માર મારી અને કારાવાસમાં પૂરી દીધો પરંતુ ફરી તે છૂટી વનમાં ભાગી ગયો તથા ભોજન માટે દોડવા લાગ્યો. સિંહની જેમ તે દોડવા લાગ્યો અને હરણો, ભૂંડ, વાંદરાઓનું માંસ તે ખાવા લાગ્યો અને આહાર માટે વનમાં તે નિત્ય ભટકવા લાગ્યો. હાથમાં ધનુષ લઈ અને પીઠ પર બાણ રાખવાનું ભાથું ધારણ કરી વનનાં પશુઓ, પક્ષીઓ અને ચાલતા પ્રાણીઓને તે મારતો. કબૂતરો, હોલાઓ, તેતર, કૂકડા, સારસ, મોર, ઊંદરો વગેરેને તે મારતો અને જંગલી ભૂંડ, ગાય, ગરૂડ, હંસ આ બધાને તે મારતો. આ બધાને તથા બીજા પ્રાણીઓને તે ક્રૂર રીતે મારતો. આમ તે પહેલાંનાં કરેલા પાપને કારણે વધારે પાપકર્મ કરતો તથા દુઃખી અને સુખહીન અહર્નિશ રહેતો. આમ તે વૃક્ષો પર, પર્વતો પર, દુર્ગમ જંગલોમાં ભૂખ્યો ભટક્યા કરતો.

આમ એક દૈવીય યોગથી તે કુંડીન નામના નગરમાં સુંદર શોભાવાળા ઉદ્યાનમાં આવ્યો કે જે ઉદ્યાન જંગલ નજીક હતું. તે ઉદ્યાનથી થોડે જ દૂર કૌણ્ડિન્ય નામના ઋષિનો આશ્રમ હતો. તે ઋષિ નિત્ય વટેમાર્ગુઓની સેવા કરતા તથા જમવાનું, પાણી આદિથી તે લોકોનો સત્કાર કરતા. આમ આ તપસ્વી મુનિનું નામ સાંભળી ધૃષ્ટબુદ્ધી પણ તે આશ્રમે આવ્યો.

વૈશાખ માસમાં તે ઋષિ સરોવરમાં સ્નાન કરી બહાર આવ્યા ત્યારે તે ધૃષ્ટબુદ્ધિ ત્યાં ગયો અને પગમાં નમી પ્રણામ કરવા લાગ્યો તથા પોતાનું ભાગ્ય જગાડવા લાગ્યો. તે ઋષિના પગમાં પડી ગયો અને દાસભાવથી મનથી તે નમન કરવા લાગ્યો ત્યાં સુધીમાં ઋષિના વસ્ત્રમાંથી પાણીના ટીપા તે ધૃષ્ટબુદ્ધિના મસ્તક પર પડ્યા ત્યારે તે ટીપાં ખભા તથા હાથ પર પણ પડ્યા તથા 'નારાયણાય વિદ્મહે વાસુદેવાય ધીમહિ' આમ બોલતાં ઋષિના શબ્દો પણ તેના કાનમાં પડ્યા. આ મંત્રથી ઋષિએ તેને પાણી વડે પવિત્ર બનાવ્યો.

ઋષિના ચરણસ્પર્શ માત્રથી તે પાવન બન્યો અને તેના મનમાં મોક્ષ પામવાની ઈચ્છા જાગી ગઈ તથા તે ધૃષ્ટબુદ્ધિ કૌણ્ડિન્ય ઋષિ પાસે ઊભો રહી હાથ જોડી બોલ્યો : 'હે મોક્ષદાતા મારી પર દયા કરો.' તમારા પુણ્યપ્રભાવથી પાપીઓની પણ મુક્તિ થઈ જાય છે. તેવું જ પુણ્યયુક્ત કોઈ કર્મ, વ્રત મને આપ કહો કે જે મોક્ષ આપનારું હોય.

મહાત્માના સંગથી પાપ કરનાર પણ તરી જાય છે તથા પાવન બની બીજાને પણ પાવન કરે છે. તેથી જ હું ચોરી, મદિરાપાન, માંસભક્ષણ તથા મૈથુનાદિ કર્મ કરનારો દુરાત્મા પતિત છું. આપ મને પાવન કરો અને મોક્ષ પ્રાપ્ત કરનારો બનાવો. આમ તે કૌણ્ડિન્ય ઋષિ શરણે આવેલાની વાણી સાંભળી બોલ્યા કે- 'વૈશાખ માસના શુકલપક્ષે આવનારી મોહિની એકાદશીનું તું વ્રત કર. તે વ્રત કરવાથી મેરૂ પર્વત સમાન દુઃખો પણ ક્ષય પામે છે. બહુ જન્મોથી અર્જીત કરેલા પાપો પણ નિશ્ચિતપણે નાશ પામે છે.'

આમ કૌણ્ડિન્ય ઋષિના સુવચનો સાંભળી ધૃષ્ટબુદ્ધિએ સુમતિ ધારણ કરી ઋષિના આશ્રમમાં રહી વ્રત કર્યું. તેથી તેના પાપ ધોવાઈ ગયા અને તે શુદ્ધ બન્યો તથા તેની વાસના લય પામી ગઈ. તેનું આયુષ્ય પણ લંબાયું તથા તે કર્મલેશ બન્યો. બારસે તે ફલ, પાન ખાઈ સરોવર તટે સૂતેલા મુનિનું સ્મરણ કરી શ્રીકૃષ્ણ નારાયણને ભજવા તથા નામ રટવા લાગ્યો. તે ભૌતિક દેહ છોડી દિવ્ય દેહધારી બન્યો તથા ગરૂડ પર બેસી વૈકુંઠ તરફ જવા લાગ્યો.

આમ હે લક્ષ્મી ! મોહિની એકાદશીનું વ્રત મોક્ષપ્રદ છે. ત્રિલોકમાં કે સચરાચરમાં પણ આ વ્રતથી પર બીજું કોઈ વ્રત નથી. યજ્ઞો, તિર્થો, દાનો પણ આ વ્રત સમાન નથી. આ વ્રત પાપ હરનારું તથા શ્રીહરિની કૃપાથી મોક્ષ આપનારું છે. આ મોહિની એકાદશી મોહ નાશીની અને શ્રીહરિની પૂજાનો મોહ કરનારી છે. મોહ નથી માટે જ આ એકાદશી મોહિની કહેવાય છે તથા મોહી, પાપી, માણસને સ્વર્ગે લઈ જનારી હોવાથી પણ મોહિની નામવાળી છે.

આ વ્રત કરવાથી કરોડો યજ્ઞથી પણ અધિક ફળ મળે છે. આ મોહિની કૃષ્ણ સાથે જોડાયેલી છે તથા નિત્ય સુખ આપનારી છે માટે આ એકાદશીનું પાલન કરવું કે જેથી મોક્ષ, સ્વર્ગ મળે છે. પૂર્વજન્મમાં કરેલા પાપો પણ આ વ્રતથી બળી જાય છે. મોહ શાંતિ માટે વૈષ્ણવોએ વિશેષ આ વ્રત કરવું કે જેથી શ્રીકૃષ્ણ નારાયણના ચરણકમળનો મોહ પ્રાપ્ત થાય.

સકામ બની ઈચ્છા રાખી આ વ્રત કરવાથી પણ બધું જ ફળ મળે છે. જેની તમે ઈચ્છા રાખી હોય તે મળે છે. પુત્ર, પૌત્ર, ધન, પત્ની, સમૃદ્ધિ, યાન, ઘર આદિ આ વસ્તુની ઈચ્છા કરનારને પણ આ બધું જ મળે છે. આ વ્રત કરવાથી નિર્ધનને ધન, નિર્બુદ્ધિને બુદ્ધિ મળે છે. વળી જે આ વ્રત કરે છે તે જે સંકલ્પ કરે છે તે તેને મળે છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "વૈશાખ માસના શુક્લપક્ષમાં આવતી મોહિની એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા ધૃષ્ટબુદ્ધિ નામના પાપી વણિકનું કૌણ્ડિન્યના ઉપદેશથી વ્રત કરી મુક્તિ આદિનું નિરૂપણ" નામનો બસો ઓગણપચાસમો અધ્યાય ॥ ૨૪૯ ॥

અપરા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા – હે કેશવ ! આ લોકમાં પ્રાણીઓની રીતિ નૈસર્ગિકી છે. ખાવા, પીવા તથા આનંદ કરવામાં અને અલંકારાદિમાં જ લોકોને સુખ મળે છે. મૃત્યુલોકનાં માનવો જીવનનું ઉદ્દેશ્ય ભૂલી અવળે માર્ગે ઈન્દ્રીયોના સુખ પ્રમાણે ચાલે છે. હે પ્રભુ ! તેઓની મુક્તિ કરનારું આ એકાદશી વ્રત છે કે જેનાથી બીજું કોઈ તુરંત મોક્ષપ્રદ વ્રત નથી.

એકાદશીની આ કથાઓ સાંભળી મારું મન અતિ પ્રસન્ન થાય છે. હે પ્રભુ ! હવે હું તે એકાદશીની વિધિ, માહાત્મ્ય તથા પૂજન સાંભળવા માંગું છું કે જે જેઠ મહિનાના કૃષ્ણપક્ષમાં આવે છે. તે આપ મને કહો કે તે એકાદશીનું શું નામ છે ? કયા દેવ તે દિને પૂજવા તથા તેનું શું ફળ મળે છે ?

શ્રી નારાયણ બોલ્યા – તે એકાદશી 'અપરા' નામથી ઓળખાય છે કે જે જેઠ માસનાં કૃષ્ણપક્ષમાં આવે છે તથા પુત્ર, પૌત્ર અપાવે છે. આ એકાદશીના અધિપતિ દેવ અધોક્ષજ તથા તેમની પત્ની ત્રપ્યાદેવી આ બંનેની વિધિવત્ પૂજા કરવી.

કેતકીના તથા બીજા અન્ય ફૂલોથી તેમની પૂજા કરવી. અર્ધ્યમાં ઘણાં ફળો અર્પણ કરવા તથા દૂધ, ભાત ભોજનમાં પ્રભુને અર્પણ કરવા તથા સાકરયુક્ત ઠંડુ જળ અર્પણ કરવું તથા વાછરડાં સહિતનું ગુરુ કે બ્રાહ્મણને ગોદાન કરવું.

દશમીના દિવસે એક સમય જમી રાત્રે જમીન પર ઊંઘવું તથા બ્રહ્મચર્યનું પાલન કરવું. એકાદશીએ બ્રહ્મમુહૂર્તમાં ઉઠી શ્રીહરિનું સ્મરણ

કરવું. જેના સોના જેવા કેશ છે, કમળ જેવા નેત્ર છે, તલના ફૂલ જેવું જેઓનું નાક છે. કુંડળ, મુકુટ, બાજુબંધ ધારણ કરેલ છે, હોઠ લાલ છે, સુંદર ચિબુક છે તથા ગોળાકાર મુખ છે. તે જ્યારે હસે છે ત્યારે મોગરાની કળી જેવા તેઓનાં દાંત ચમકે છે તથા હજુ યુવાવસ્થામાં પ્રવેશ કર્યો જ છે તેવા તથા તેજોમંડળ યુક્ત છે.

રત્નોજડિત હાર વગેરે આભૂષણોથી ભૂષિત તથા લોકોથી સેવિત જેઓના અંગ સુંદર છે તથા મુખ પ્રસન્ન ખીલેલા કમળ જેવું છે. જેઓ ભક્તનું ચિત્ત હરી લે છે તથા જેઓના નેત્ર કટાક્ષ બાણ જેવું કાર્ય કરે છે. તેવા દિવ્ય આનંદયુક્ત શ્રીકૃષ્ણ પરમાત્મા કે જે કરોડો કામદેવ જેવા સુંદર છે. તે શ્રીહરિ કૃષ્ણનું ધ્યાન કરવું તથા ત્યારબાદ સ્નાન કરી વિધિવત્ પૂજન કરવું. આવાહ્ન આદિ ષોડ્શોપચાર વિધાનથી પ્રભુને પૂજવા તથા પુષ્પાંજલિ અર્પણ કરી નિત્યપૂજા કરવી. ત્યારબાદ અંતે પ્રાર્થના કરવી કે વ્રતમાં કોઈ વિઘ્ન ન આવે. હે પરમેશ્વર આજે આ અપરા એકાદશીનું વ્રત હું કરવા જઈ રહ્યો છું. તે આ વ્રત અવિઘ્નપણે પૂર્ણ કરજો. ત્યારબાદ વ્રતીએ ચોખા વગેરેથી સર્વતોભદ્રમંડળ કરવું અને મધ્યમાં સોના કે ત્રાંબાનો ઘડો, પંચરત્ન, પાંચ પાંદડા આદિ ભરેલો તથા વસ્ત્ર લપેટેલો ઘડો સ્થાપવો અને તિર્થોનું પૂજન કરી તે ઘડાના જળમાં તિર્થોનું આવાહ્ન કરવું તથા ત્રપ્યા અને શ્રીઅધોક્ષજની સોનાની મૂર્તિ ઘડા ઉપર ભરેલા તલના પાત્રમાં સ્થાપિત કરવી તથા પૂજન કરવું. જેમાં આવાહ્નથી લઈ વિસર્જનનો બધો જ ક્રમ લેવો.

સ્નાન, અલંકાર, સુગંધિત દ્રવ્યો, નૈવેદ્ય, જળ, પાનબીડાં, આરતી, સ્તુતિ, પુષ્પાંજલિ, ક્ષાંતિ વગેરે બધું જ પ્રભુને અર્પણ કરવું. પૂજન કરી વિવિધ દાન આપવા બપોરે પણ આ પ્રમાણે પૂજન કરી હોમ કરવો. ત્રપ્યા તથા અધોક્ષજના નામની ૧૦૮ આહૂતી વ્રતીએ હોમમાં આપવી તથા નૈવેદ્ય, મિષ્ટાન્ન, તાંબુલ અર્પણ કરવા. સાંજે લીલા કેળનો મંડપ બનાવવો તથા નવ પાંદડા, પુષ્પ અને ફળવાળું તોરણ બાંધવું તથા ગુફાઓ, પર્વતમાળા, ચિતરેલો ચંદરવો બાંધવો તથા તેમાં ઝુલો બાંધી શ્રીમાધવને ઝુલાવવા. મંડપ ફરતે સુંદર ફૂલોનો બગીચો બનાવી ફૂવારા લગાવવા, ઝુલા પરથી સિંહાસનમાં

શ્રી અધોક્ષજને બિરાજાવી પંખો નાખવો. આમ રાત્રે શ્રીહરિની મહાપૂજા કરી આરતી કરવી. નૈવેદ્યમાં દહીં, સાકર, કેરીનો રસ, પૂરી વગેરે અર્પણ કરવું અને તાંબુલ આદી અર્પણ કરવું.

ઊંઘવા માટે ભગવાનને હિંડોળા જેવો પલંગ અર્પણ કરતા હોય તેવો ભાવ કરવો તથા લિમડાના વૃક્ષ નીચે આકાશમાં પાલખી બાંધી હોય અને તેમાં શ્રીહરિ પોઢ્યા હોય તેવો ભાવ કરવો. કોમળ ઓશિકું, તકિયો આદિનો ભાવ કરવો અને ઘીના દીવાના પ્રકાશમાં ભગવાનને ઝુલાવવાનો ભાવ કરવો. ત્યારબાદ ભક્તો સાથે મળી જાગરણમાં નૃત્ય, ગાન, કિર્તન, હરિ સ્મરણ, ભજન આદિ કરવું.

એકાદશીની કથા તથા શ્રીહરિની લીલાઓ વાંચવી અને સંભળાવવી તથા સાંભળવી. અખંડ ભજન, સ્મરણ ઉચ્ચ સ્વરમાં રાત્રે કરવું તથા ભક્તોને મીઠું પાણી ફળો વગેરે આપવા. કંઠ શાંતિ માટે દૂધ આપવું તથા બીજું જે જે જોઈતું હોય તે ભક્તોને આપવું અને સાધુઓ, સતીઓ, સાધ્વીઓ તથા યોગીઓની સેવા કરવી, પગ દબાવવા તથા ક્ષમાપ્રાર્થના કરવી. આમ નિંદા વગેરેનો ત્યાગ કરી જાગરણ કરવું. દિવ્ય દૃષ્ટિ કરી શ્રી અધોક્ષજનું ચિંતન કરવું તથા આ રીતે વ્રતીએ જાગરણનું આચરણ કરવું. આળસને ભાંગવા રાસ કરવો તેમાં કૂદવું, ગાવું, નાચવું, હાસ્ય કરવું.

નિંદ્રા તથા આળસના વિનાશ માટે દોડતા દોડતા શ્રીહરિની પ્રદક્ષિણા કરવી તથા ભક્તોની સાથે મળી લેખન કાર્ય કરવું. લેખનમાં શ્રીકૃષ્ણની દાણલીલા, રાસલીલા, ગોપીલીલા, રાધા સાથે વિહાર, વનવિચરણ આદિ લખવું. તથા રૂકમિણી સાથે લગ્નને ઉત્સવની જેમ કરવો, લીલા કરવી તથા ભાર્ગવી રમા સાથે લગ્ન વગેરે પણ લીલાત્મક કરવા. રાત્રે ઉત્સવ કરવો જેમાં કૃષ્ણનો ગોપિકા સાથે, પર્વતની મણિ સમાન લક્ષ્મી સાથેનો વૈવાહિક ઉત્સવ કરવો તથા પરમાત્માના જન્મના પદો ગાવા અને પ્રાતઃકાળ થતાં સ્નાન કરી હરિને પૂજવા. પૂજનમાં ષોડ્શોપચાર પૂજન કરવું, અધોક્ષજનું પૂજન કરવું.

તારણ કરનારી તે એકાદશીના દિવસે ગુરૂ કે બ્રાહ્મણનું પૂજન કરવું. ગુરૂના મસ્તકમાં કૃષ્ણનું મસ્તક હોય છે. ગુરૂના નેત્રમાં કૃષ્ણના નેત્ર, ગુરૂના મુખમાં કૃષ્ણનું મુખ, ગુરુના કાનમાં કૃષ્ણના કાન, ગુરુની જીભમાં મુખમાં તથા કંઠમાં કૃષ્ણની જીભ, મુખ અને કંઠ હોય છે. ગુરુના હોઠ, છાતી, સાથળ, ઉદર, હાથ, કમર વગેરે તે કૃષ્ણના જ અંગો માનવા જોઈએ. ગુરુની પીઠ, હૃદય, બુદ્ધિ, વાણી, ગૂઢતા, ચામડી, દેહ, પગ, નખ બધું જ શ્રીકૃષ્ણના અંગો સમાન જ છે. ગુરુ સ્વયં કૃષ્ણ જ છે. કૃષ્ણ અને ગુરુથી પર બીજું કોઈ નથી.

ગુરુ જ કૃષ્ણ અને કૃષ્ણ જ ગુરુ છે. તેથી ગુરુને નમસ્કાર કરવા. આમ કૃષ્ણરૂપ ગુરુની પૂજા કરવી ગુરુની ઈચ્છાનુસાર બધું અર્પણ કરવું. ગુરુ રાજી થાય તો ભગવાન આનંદ પામે છે. ગુરુની સેવાથી કૃષ્ણની સેવાનું ફળ નિશ્ચિત જ મળે છે. ગુરુને અર્પણ કરેલું કૃષ્ણાર્પણ કરેલું જ ગણાય છે. તેમાં કોઈ શંકા નથી.

હે લક્ષ્મી ! હું સારા શિષ્યોનો ગુરુ બનું છું. તેમજ ગુરુમાં સ્થિત થઈ ભક્તોની સેવા સ્વીકારું છું. દરેક પ્રકારના દાનથી, પૂજનથી અથવા નમનથી, અર્પણથી, સેવાથી, સ્તુતિથી, પગ દબાવવાથી, તેમજ પ્રિય વસ્તુ અર્પણ કરીને ગુરુને પ્રસન્ન કરવા. તેથી જ એકાદશીના દિને વસ્તુદાન શ્રીગુરુને જ કરવું. પતિ, પત્ની, પુત્ર, પુત્રી, કુટુંબ વગેરે બધાને ગુરુની સેવા તારનારી છે, કારણ કે ગુરુ જ શ્રીકૃષ્ણરૂપ છે. માટે આમ જાણી બારસે ગુરુ કે બ્રાહ્મણને દાન કરવું તથા પારણાં કરવા અને બ્રાહ્મણો, સાધુઓ, સાધ્વીઓને જમાડવા. બાળકો કન્યાઓને જમાડી ઘણાં બધા દાન કરવા. આમ કરવાથી વ્રતી ભૂમિ, સ્વર્ગ અથવા ગમે ત્યાં ઈશ્વર પાસે પણ હોય છતાં તે શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે. જે આ અપરા એકાદશીનું સેવન કરે છે તે લોકમાં પ્રસિદ્ધિ મેળવે છે.

બીજાની નિંદા કરનાર, પરસ્ત્રીગામી તથા ખોટું બોલવાવાળો આ વ્રત કરવાથી જલ્દીથી પાપમુક્ત બની જાય છે. ખોટો સાક્ષી, ખોટી માતાનો ઢોંગ કરનારો, કૂટકપટ કરનાર, કાકવૃત્તિવાળા લોકો પણ વ્રતના કારણે

પાપમુક્ત બની જાય છે. ખોટાં વેદ, શાસ્ત્ર, જ્યોતિષનો દુરુપયોગ કરનારો તથા આયુર્વેદનો દુરુપયોગ કરનારો વૈદ્ય પણ આ વ્રત કરવાથી પાપમુક્ત બને છે. બ્રહ્મપતિત બ્રાહ્મણ, રક્ષા ન કરનાર ક્ષત્રિય, દાન ન કરનાર વૈશ્ય પણ આ વ્રતના આચરણથી પાપમુક્ત બને છે. ધર્મને બહિષ્કૃત કરનાર શૂદ્રો, ગુરુ નિંદક શિષ્યો, માતા-પિતાને મારનાર પુત્ર પણ જો આ વ્રત કરે તો તે પાપમુક્ત બને છે.

મહા માસમાં જ્યારે સૂર્ય મકર રાશીમાં પ્રવેશે છે તથા તે દિવસે પ્રયાગમાં સ્નાનનું જે ફળ મળે છે તે, કાશીમાં શિવરાત્રીના વ્રતનું જે પુણ્ય મળે છે તે, ગયામાં પિંડદાનનું જે પુણ્ય મળે છે તે, સિંહ રાશીમાં ગુરુ પ્રવેશે ત્યારે ગોદાવરીના સ્નાનનું જે ફળ છે તે, કેદારનાથના દર્શનનું પુણ્ય તથા બદરી તિર્થનાં દર્શનનું ફળ, કુરુક્ષેત્રમાં સૂર્યગ્રહણ વખતે સ્નાનનું ફળ તથા દરેક તિર્થનું સેવન કરવાથી જે પુણ્ય મળે છે તે, ગયામાં પિંડદાનનું જે પુણ્ય મળે છે તે, સિંહ રાશીમાં ગુરુ પ્રવેશે ત્યારે ગોદાવરીના સ્નાનનું જે ફળ મળે છે તે, તિર્થોમાં હાથી, ઘોડા સોનાનાં દાનનું પુણ્ય મળે છે તે, દક્ષિણા સહિત યજ્ઞ કરવાનું પુણ્ય મળે છે તે બધું જ પુણ્ય આ વ્રત કરવાથી મળે છે.

પાપરૂપી વૃક્ષને કુહાડી સમાન આ વ્રત કાપી નાખે છે. દોષરૂપી વનને દાવાનળ બની આ વ્રત બાળી નાખે છે તથા પાપરૂપી હરણને સિંહણરૂપી આ વ્રત શિકાર કરી નાખે છે. આ અપરા એકાદશીને ભુક્તિ-મુક્તિ આપનારી કહી છે કે જેના વ્રતથી પરં પુણ્ય પ્રાપ્ત થાય છે. કૃષ્ણના યોગથી આ 'અપરા' વ્રતી માટે સાર્થિકા બને છે. બીજું વ્રત આ દિવસે કરવાથી અડધું જ પુણ્ય મળે છે. પરંતુ અપરાનું વ્રત કરવાથી આખી પૃથ્વી સમાન ફળ મળે છે. આ વ્રત કરવાથી વ્રતીને બીજું કંઈ મેળવવાનું બાકી રહેતું નથી.

હે લક્ષ્મી ! આ વ્રતની કથાનાં શ્રોતાં તથા પાઠકને પણ એક હજાર ગાયોના દાનનું ફળ મળે છે. વ્રતી પાપને ધોઈ વૈકુંઠ જાય છે. 'પરા' બીજા માટે વપરાતો શબ્દ છે કે જેનાથી થોડુંક પણ આગળ (પર) કંઈક છે. પરંતુ 'અપરા' શબ્દ એટલે કે આનાથી આ વ્રતથી બીજું પરં તત્ત્વ કંઈ જ નથી માટે જ 'અપરા' કહ્યું છે. અપરાના દિને ઉપવાસ કરનાર, અધોક્ષજનું ત્રયી

પત્ની સહિત પૂજન કરનાર વજ્રલેપ પાપથી પણ છૂટી જાય છે. અપરા વ્રત કરવાથી પાપની શૂન્યતા તથા તેમાંથી નિષ્કૃતિતા મળે છે તથા જન્મ પામેલા જીવને મોક્ષગતિ મળે છે.

હે લક્ષ્મી ! હવે સાંભળો. આ સત્યુગમાં બનેલી શલભાની કથા જે મોક્ષ આપનારી છે. તે હું કહું છું. શલભા નામની સાધ્વી તે દીક્ષા ગ્રહણ કરી ભાગવતી બની હતી. તે સાધ્વી નારાયણને દિન-રાત ભજતી હતી. તે આબુના જંગલોના જંગલોમાં પુષ્કરની અંતે આવેલા સ્થાને પોતાના યોગબળથી એકલી ત્યાં રહેતી હતી. તે નાનપણથી જ સનકમુનિની શિષ્યા બની યોગિની થઈ હતી. એક લાખ વર્ષ વિતી ગયા બાદ તેનું યૌવનબળ પણ ચાલ્યું ગયું હતું. પરંતુ એકવાર તેણે વનમાં સિંહ તથા સિંહણને રતિક્રિડા કરતા જોયા તથા આદિવાસીઓને પણ વારંવાર કામક્રિડા કરતા નિહાળ્યા હોવાથી પણ કામવશ બની અને એક લાલ વાંદરાને પોતાના આશ્રમે લઈ આવી તથા તે વાનરને ધારણ કરી તેની સાથે કામક્રિડા કરવા લાગી, તે નિત્ય આમ કરવા લાગી. આમ વાનરના સંયોગથી તેને ગર્ભ રહ્યો તથા વધવા લાગ્યો.

પશુના સંયોગથી તેનાથી પાપ થયું તથા મુક્તિનો નાશ થયો. આમ પરં પશ્ચાતાપ કરતી તે સનકમુનિના આશ્રમે ગઈ તથા શિષ્યાના અંતરની વાત જાણીને સનકમુનિએ શલભાને કહ્યું કે, અરે દિકરી તે આ શું કર્યું, તારા બ્રહ્મચર્યનો નાશ કર્યો ? શલભાએ ગુરુને કપટ વગર જે હતું તે કહી સંભળાવ્યું. તે સગર્ભા બની હતી તેથી તેના ગર્ભનો નાશ કરવાથી જ શુદ્ધિ થાય તેમ હતી. તેથી તેને ગુરુને ઉપાય પૂછ્યો.

આમ વારંવાર પ્રાર્થના કરી તે રડવા લાગી તથા ખિન્ન માનસ બની. ગર્ભપાતથી ભ્રૂણ હત્યાનો દોષ લાગે છે, આમ તે કહેવા લાગી. કઈ રીતે હું મારા ગર્ભનું નિર્દોષપણું સાબિત કરું. ત્યારે વિચાર કરી સનક બોલ્યા કે સાંભળ : જેઠ માસની કૃષ્ણપક્ષી એકાદશી આવે ત્યારે નિર્જળ વ્રત કર જેથી તારું પાપ નાશ પામશે અને તારું ભાગ્ય પૂર્ણતાયુક્ત થશે. તથા આ વ્રતથી મુક્તિ પણ સુલભ છે. તેથી તારા ગર્ભની પ્રસૂતિ પૂર્વે જ તું આ વ્રત કર. આમ સાંભળી ગુરુને નમન કરી તે પોતાના આશ્રમે આબુના વનોમાં ચાલી

ગઈ તથા અપરાનું વિધિવત્ વ્રત કર્યું તેથી તે શુદ્ધ બની અને તેનું પાપ નાશ થઈ ગયું. તેનું આયુષ્ય પૂર્ણ થઈ ગયું અને તેની વૃત્તિ શ્રીઅધોમાં સ્થિર થઈ ગઈ તથા તેણીએ બ્રહ્મરંધ્રથી આત્માને પરમાત્મા સાથે જોડી દીધો તથા તેણે ધારણ કરેલા ગર્ભને લઈ બ્રહ્મલોકે સીધાવી. દેહનો ત્યાગ કરી તે પરમમુક્તિને પ્રાપ્ત થઈ ગઈ.

આમ અપરાનું વ્રત વર્ણશંકરપણાને પણ નાશ કરનારું છે. તેથી હે લક્ષ્મી ! નારીઓએ સદા આ વ્રત કરવું જોઈએ કે જેથી તે શુદ્ધ બને. પતિઓ, બ્રહ્મનિષ્ઠો, યોગીઓ તથા સંન્યાસીઓએ વર્ણશંકરતાના નાશ માટે આ વ્રત કરવું.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "જેઠ માસના કૃષ્ણપક્ષમાં આવતી અપરા એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા સંકરીકરણ આદિ પાપોનો નાશ કરનારા, આ વ્રત દ્વારા વામનના યોગથી ગર્ભવતી થયેલી શલભા સાધ્વીની નિર્દોષતા અને મુક્તિ આદિનું નિરૂપણ" નામનો બસો પચાસમો અધ્યાય ॥ ૨૫૦ ॥

નિર્જળા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા – આ સાર વગરના સંસારમાં તો માત્ર ભગવાન સ્વયં જ સાર છે. જેનું ભજન કરવાથી ભજવાથી લોકો મુક્તિ તથા નિર્વાણપદ પામે છે. શ્રીકૃષ્ણના યોગથી આવતી કૃષ્ણપક્ષની તિથિ કૃષ્ણ જેવું જ ફળ આપનારી છે. જે વ્રતને વિધિ અનુસાર આચરવાથી દેહધારીઓ પરાંગતિ તરફ વળે છે. હે શ્રીહરિ ! આ સઘળું આપ મને કહો. હે કૃપાનાથ ! આપ તો સ્વજનોનું તમારા ભક્તોનું હેતુ વગર પણ કલ્યાણ કરનારા છો.

હે શ્રીહરિ જેઠ માસની શુકલપક્ષની એકાદશી ક્યા નામથી ઓળખાય છે, તેના દેવ કયા છે તથા તે દિને ક્યા દાનનું ફળ મળે છે ?

શ્રી નારાયણ બોલ્યા – જેઠ માસથી શુકલપક્ષી એકાદશી 'નિર્જળા' નામથી ઓળખાય છે. તેમાં પદ્માક્ષ્યા સહિત ત્રિવિક્રમજીની પૂજા કરવી જોઈએ. તેમનું જૂઈનાં ફૂલ વડે પૂજન કરી કેરી સહિત અર્ધ્ય અર્પણ કરવું. દહીં, ભાત, આદિ નૈવેદ્ય અર્પણ કરવું તથા દાન કરવું.

વ્રતીએ દશમીએ એક વખત જ જમી, રાત્રે ભૂમિશયન કરવું તથા બ્રહ્મચર્યનું પાલન કરવું. પ્રાતઃકાળે જાગી શ્રી લક્ષ્મીપતિનું સ્મરણ કરવું. તેઓના અંગોનું સ્મરણ કરવું પછી સ્નાન કરી ભાવથી અનેક વસ્તુઓ વડે હરિપૂજન કરવું. આવાહનથી આરંભ કરી પંચામૃતથી સ્નાન કરાવી પ્રભુનો શ્રૃંગાર કરવો વસ્ત્રાલંકાર પહેરાવવા.

તુલસીપત્ર, કંકુ, કસ્તુરી, હાર, શેખરપુષ્પો આદિ વડે પૂજન કરી આરતી, નૈવેદ્ય, પાન મુખવાસ દક્ષિણા પ્રભુને અર્પણ કરવા. નમન, સ્તુતિ,

ક્ષમા-પ્રાર્થના, પુષ્પાંજલિ આદિ વડે હરિની પૂજા કરી અને સાત ધાન્યો વડે સર્વતોભદ્રમંડળ રચવુ અને મધ્યમાં અને ફરતે આઠ દિશાઓમાં સોના કે ત્રાંબાના પાંચ રત્નો, પાંચ પાંદડા, જળ, ચંદન, પધરાવેલા કળશ સ્થાપવા તથા વસ્ત્રથી લપેટવા તથા તે બધા પર તલથી ભરેલી થાળી મૂકવી તથા મધ્ય કળશમાં તલની થાળીમાં પદ્માક્ષી સહિત શ્રી ત્રિવિક્રમજીની સોનાની પ્રતિમા સ્થાપવી. વિધિવત્ પ્રભુનું પૂજન કરી મનથી સંકલ્પ કરી મનમાં ભગવાનને પ્રાર્થના કરવી કે - 'હે શ્રીકૃષ્ણ હું આ નિર્જળા વ્રતની સિદ્ધિ માટે તમારું પૂજન કરું છું. કૃપા કરી આ વ્રત કે જે બધું જ આપનારું છે તે પરિપૂર્ણ થાય તેવા આશીષ આપજો. આમ પ્રાર્થના કરી શ્રીકૃષ્ણના અવતાર એવા શ્રીગણપતિની પૂજા કરવી. પૂજામાં ગણેશજીને સિન્દુર, દુર્વા, અગર, ચંદન, અક્ષત અર્પણ કરી લાડુનું નૈવેદ્ય અર્પણ કરવું પછી ત્રિવિક્રમજીનું પૂજન કરવું.

આવાહ્ન આદિ કરી પંચામૃત તથા ગૌમૂત્રથી સ્નાન કરાવી શુદ્ધ જળથી સ્નાન કરાવવું તથા સુગંધિત જળ વડે સ્નાન કરાવવું. ત્યારબાદ સફેદ વસ્ત્રો પહેરાવી જનોઈ અર્પણ કરવી તથા મુકુટ, હાર, બાજુબંધ આદિ આભૂષણો અર્પણ કરવા. સુગંધિત તેલ, દ્રવ્યો આદિ કાજળ, લાલ દ્રવ્ય વડે પણ અર્ચન કરવું પછી ધૂપ, દીપ, નૈવેદ્ય, જળ, તાંબુલ વગેરે અર્પણ કરવા. આરતી, પ્રદક્ષિણા, સ્તુતિ, પરિક્રમા, ક્ષમાયાચના, પુષ્પાંજલિ તથા ત્યારબાદ વિસર્જન કરવું.

આમ દરેક વિધાનપૂર્વક વ્રતીએ શ્રીકૃષ્ણનું પૂજન કરવું તથા પોતાનું કાર્ય કરવું અને બપોરે પણ આ રીતે જ પૂજન કરવું. બપોરે પ્રભુને શ્રીખંડ, પૂરી, કેરીનો રસ, જળ, પેયજળમાં સાકર, એલચી પધરાવી અર્પણ કરવા. આમ નૈવેદ્ય ભાવપૂર્વક અર્પણ કરી સાંજે ઝુલો બનાવી ભગવાનને બિરાજમાન કરવા તથા ફરતે સુંદર બગીચો સજાવવો. તે બગીચો જળ છાંટેલો રેતીવાળો ભીનો તથા ઘાસયુક્ત મૃદુલ સ્થળવાળો કરવો તથા તેમાં શ્રીહરિને વિહાર કરાવવા, સાંજે ઠંડી હવા ખવડાવવી.

રાત્રે આરતી કરી સ્તુતિ વગેરે ક્રમાનુસાર કરવું તથા નૈવેદ્યમાં જેમાં માખણ હોય તેવી છાશ અર્પણ કરવી. મીઠું પાણી પીવા માટે આપવું તથા મુખવાસ અર્પણ કરી ભગવાનને સારી રીતે ઉંઘાડી દેવા તથા ભક્તોએ અનેક પ્રકારે જાગરણ કરી પ્રાતઃકાળે સ્નાન કરી શ્રીહરિને નમી અને અન્ય લોકો કે જે પૂજ્ય છે તેઓને જમાડવા તથા પાણી આપવું પછી વ્રતીએ શ્રીહરિને જમાડી જમવું.

વ્રતનું ફળ મેળવવા વ્રતીએ વિવિધ પ્રકારનાં દાન આપવા. વ્રતી જો રાજા હોય તો હાથી, ઘોડા, રત્નો તથા નગરોનું દાન કરવું. વ્રતી જો બ્રાહ્મણ હોય તો તેણે પુસ્તક આદિ અર્પણ કરવા તથા વ્રતી જો વૈશ્ય હોય તો ધન-ધાન્યનું દાન કરવું તથા વ્રતી જો શુદ્ર હોય તો કલાયુક્ત વસ્તુઓનું દાન કરવું. આમ બધાએ પોતાની પાસે જે હોય તે દાનમાં આપવું. ગાય તથા ભૂમિનું પણ દાન કરવું. જે જેની પાસે હોય તે સત્પાત્રને દાન કરવું. બ્રાહ્મણને અર્પણ કરેલું શ્રીકૃષ્ણને આપ્યું ગણાય છે, આમ માની અર્પણ કરવું.

લક્ષ્મીનારાયણની મૂર્તિ કે જે પૂજનમાં લીધેલી હોય તે લક્ષ્મી સ્વરૂપા પદ્માક્ષી તથા નારાયણ સ્વરૂપ ત્રિવિક્રમજીની મૂર્તિને પૂજા કરાવનાર ગુરુ કે બ્રાહ્મણને અર્પણ કરવી અથવા અનાથ, દરિદ્ર કે કોઈ સહાયકને તથા વિધવા નારીને અર્પણ કરવી. બાળકો તથા બાળકીઓને સાકર આપવી. સાધુઓ-સાધ્વીઓને ઘીથી યુક્ત ભિક્ષા આપવી. ભિક્ષામાં મિષ્ટાન્ન, ભોજ્ય વસ્તુઓ પણ અર્પણ કરવી.

આમ આ વ્રત કરનાર સ્વર્ગ તથા મોક્ષ તરફ જાય છે. આ વ્રત સુખનો ઉપાય તથા સારભૂત મહાફળ છે. કલેશ દૂર કરવો, અલ્પ વસ્તુની ઈચ્છા કરવી. જેમ શ્રદ્ધા હોય તેમ ફળ મળે છે. વળી પાપી, દુરાચારી, પાપની ઈચ્છા રાખનારા તથા ધર્મવર્જીત લોકો પણ જો નિર્જળા એકાદશીના દિવસે કંઈ જ ખાતા કે પીતા નથી તો તે હરિભક્તિના પાત્ર બને છે તે કદી યમપુરી જતા નથી.

પૂર્વે સત્યુગમાં થઈ ગઈ તે કથા તમે સાંભળો. બ્રહ્માજીએ ભવનની રચના કરી તે યુગમાં હે લક્ષ્મી ! પહેલાં દિવસે સત્યુગનાં ક્રતુ ઋષિ થયા

તેઓના પુત્ર અગ્નિમુખ હતા તે અગ્નિમુખ બહુ જ ભોજન કરનારા હતા. જે જે તે ખાવા જતો તે બધું જ તે ભસ્મ કરી નાખતો. આમ કેટલાક હજારો, લાખો વર્ષ સુધી તે ભોજન કરતો રહ્યો પણ તે અસીમ ભોજન ખાતો અને તરત જ તે બધું ખાધા પછી પણ ઘડીભરમાં ભૂખ્યો જ રહેતો. તેના જઠરનો અગ્નિ દાવાનળ સમાન હતો તેથી તે ભોજન જ માંગતો રહેતો હતો તેની તૃપ્તિનો અંત જ આવતો ન હતો. તે હિમાલયના જંગલોમાં મેરુનાં જંગલમાં ગયો ત્યાં તે દિન-રાત બધું જ ખાતો રહેતો તથા પાણી પીવા તે ક્ષીર, મીઠા સાગરમાં પડતો અને જ્યાં સુધી તૃપ્તિ ન થાય ત્યાં સુધી જળપાન કરતો.

આમ ભટકતો તે ક્રતુ ભૂખથી પિડાતો બ્રહ્માજી પાસે ગયો તથા પ્રાર્થના કરવા લાગ્યો કે- 'હે પ્રભુ ! હું નિત્ય બધું ખાવ છું છતાં મને તૃપ્તિ નથી થતી' ત્યારે બ્રહ્માજીએ કહ્યું કે- 'હે પુત્ર ક્રતુ ! હું તને તૃપ્તિ આપીશ.' જો કોઈપણ તને યજમાન રૂપે મળે અને જો તે યજ્ઞમાં કંઈક હોમે તો તે બધું હોમેલું તને મળે તેથી તું અપાર ભોજન મેળવી શકીશ. તે યજમાન ભાવથી જમાડશે તેથી તને પાચનમાં મદદ મળશે અને ભાવથી જમાડવાના કારણે તારી ખોટી ભૂખનો પણ નાશ થશે અને તું તૃપ્ત થઈશ. તેથી જ તે તને તૃપ્તિ મળશે, જે રીતે એ ભાવથી યજ્ઞ હોમશે તે જ રીતે તું તૃપ્ત થઈશ. અત્યારથી માંડી હવે તને ભૂખ બાધા નહીં આપે. જેવી રીતે પહેલાં બાધા થતી હતી તે હવે નહીં થાય પણ યજ્ઞ સ્વરૂપ તને ક્રતુને તે અધિક હોમવાનું દ્રવ્ય અર્પણ કરશે. તો તને અપચો ન થઈ જાય તેથી તને ઈચ્છા અનુસાર જ ભૂખ લાગશે. આમ ઘણાં સમય સુધી ચાલશે તેથી તે હેતુથી તારી ભૂખ તૃપ્ત થશે. કોઈ તને જો અર્પણ કરશે તો ત્યાં સુધી તારી ભૂખ શાંત રહેશે. જો તે નહીં આપે તો તારી ભૂખ સદા માટે શાંત થઈ જશે. હે પુત્ર ! હવે જા સુખી થા તથા તારી જીભને લાલચ ન દેખાડ.

આમ તે ક્રતુ બ્રહ્માજીના આશીષ લઈ ચાલ્યો ગયો અને તે અગ્નિહોત્રીના ઘરે જઈ અગ્નિહોત્રીએ હોમેલું તે નિત્ય ખાવા લાગ્યો. આમ તેને રોજ સવાર, બપોર, સાંજ ઘણું બધું હવ્ય મળવા લાગ્યું. આમ રોજ ત્રણ સમયે તેને જમવાનું અનિવાર્ય થઈ ગયું. આમ ઘણાં સમય સુધી તે

કરવા લાગ્યો. તેને ટેવ પડી જવાથી તે સમયે સમયે ભોજનની ઈચ્છા રાખવા લાગ્યો. તથા ભોજનમાં અર્પણ કરેલું કે ન કરેલું બધું જ હવ્ય ખાવા જ લાગ્યો.

જીભથી ખાવાની લાલચ ઊભી થાય અને ખાવાની ઈચ્છા પ્રગટ થાય તેથી ન ઈચ્છા હોવા છતાં વારંવાર ખાવાની ઈચ્છા વધવા લાગી. આમ ક્રતુ તે દક્ષ, મરિચી આદિ મહર્ષિઓ સાથે સ્થિત થયા તથા તે લોકો નરનારાયણને જોવા બદ્રીકાશ્રમ ગયા. મંદાકિનીમાં સ્નાન કરી શ્રીનારાયણને જોયા પછી જ્યાં શ્રીહરિનું સાંનિધ્ય બદરીવન હતું ત્યાં ગયા. તે હરિનું રૂપ તથા અંગો ઉજ્જવળ સફેદ હતા. તે નરનારાયણ દેવ બ્રહ્મ સ્વરૂપ અને તપોમૂર્તિ હતા. ભૃગુએ નમન કરી હરિસ્મરણ કરી પરમેશ્વરને પૂછ્યું : 'હે દીનબંધુ, હે કૃપાસિંધુ ! હે બંધનમાંથી છોડાવનાર અમે તમોને નમસ્કાર કરીએ છીએ. આપ બહાર તથા અંદર પણ હૃદયની અંદર પણ વાસ કરો છો. આપ અમને પુણ્યપ્રદાન કરવાવાળું તથા ભુક્તિ-મુક્તિ અપાવનારું વ્રત કહો જેનાથી અન્નથી થતા દોષો સર્વથા નાશ પામે. પરઅન્ન તથા અશુદ્ધ અન્નનાં દોષો પણ નિવૃત્ત થઈ જાય.

સૂતકનાં તથા અસ્પૃશ્ય અન્નના દોષો તથા ભિક્ષા અને બીજાનું અન્ન ખાવાથી થતા દોષોનો પણ નાશ થાય તથા જ્ઞાન કે અજ્ઞાનથી થયેલા દોષો પણ નાશ પામે. વળી અર્પણ ન કરેલા અન્નના દોષો તથા સ્વાર્થથી પ્રાપ્ત કરેલા અન્નનાં દોષોનો પણ નાશ થાય. આવા બધા જ પ્રકારનાં દોષો નાશ પામે તેવું કોઈ વ્રત કે ઉપાય બતાવો. આમ સાંભળી શ્રીહરિ બોલ્યા કે, હે બ્રાહ્મણો આપ સર્વેને હું જે કહું તે સાંભળો.

વ્રતોમાં ઉત્તમવ્રત એકાદશીનું ગણ્યું છે તથા આ દિને ઉપવાસ કરવાથી પાપોનો નાશ થાય છે. અન્નથી થતાં દરેક પ્રકારનાં દોષોનું શમન કરનારું આ વ્રત છે. જે સરળ, સુલભ તથા દરેક પ્રકારનું શુભફળ આપનારું છે. બંને પક્ષની એકાદશીએ કશું જ ખાવું નહીં, સૂતક અથવા અશુદ્ધિ હોય ત્યારે પણ એકાદશીના દિવસે કશું જ ખાવું નહીં. જ્યાં સુધી જીવીએ છીએ ત્યાં સુધી હે મહર્ષિઓ ! આ વ્રત કરવું જોઈએ. સ્વર્ગ તથા મોક્ષની ઈચ્છા માટે પણ આ વ્રત કરવું.

અન્નથી થતાં અસંખ્ય દોષો વ્રત કરનારને લાગતા નથી. એકાદશીના દિને જે વ્રત નથી કરતા તેનો મોક્ષ થતો નથી તથા પાષિષ્ઠ કે ધર્મવર્જીત લોકો એકાદશીના દિને જમતાં નથી તો તે યમલોક જતાં નથી. એકાદશીના દિને જમનારને અન્નનું દાન કરવાથી તે દાની યમાલય જાય છે. આમ પ્રભુના વચનો સાંભળી ક્રતુ કંપિત હૃદય વડે બોલ્યો. તેણે કહ્યું હે ભગવાન ! હું ભૂખ સહન કરવા સક્ષમ નથી. મારા માટે ભૂખ તે દુઃસહ્ય છે. જો મને સવારે ભોજન ન મળે તો બપોર સુધી તો મારું મરણ થઈ જાય. હું લાંબા સમય સુધી ભૂખ્યો રહેવા સક્ષમ નથી.

સવારે હું દેવોના મુખ સમાન અગ્નિ બની અને ભોજન ગ્રહણ કરું છું તથા બપોરે અગ્નિમુખ બની તથા મધ્યાહ્ને અને સાંજે અતિથિ તથા ભિક્ષુકની પાસે જઈ બધાનાં મુખોથી તથા રાત્રે સ્થાવર અને જંગમ વડે ભોજન ગ્રહણ કરું છું તથા સર્વથા હું ભોજન કરતો જ રહું છું. ભૂખ પણ જો મને બાધા આપશે તો વ્રતના સમયે હું દરેક દાન આપીશ તથા શ્રીકેશવને પૂજીશ પણ ખરો. આમ દરેક પુણ્ય હું તે દિને કરીશ પણ મારાથી ઉપવાસ કરવો શક્ય નથી. આમ કહી તે વિરમી ગયો તથા નારાયણે તેને કહ્યું : 'જો સ્વર્ગની ઈચ્છા હોય તથા નરકની ઈચ્છા ન હોય તો એકાદશીના બંને પક્ષોમાં એકાદશીના દિવસે ભોજન ન કરવું.

ત્યારે ક્રતુએ હરિને કહ્યું કે - 'પ્રભુ ! હું એક સમય પણ જમી અને વ્રત કરવા સક્ષમ નથી તો હું ઉપવાસ કઈ રીતે કરી શકું ?'

'ક્રો' નામનો અગ્નિ મારા જઠરાગ્નિમાં મારી પાસે સાત જીહ્વા વડે આહૂતિ (ભોજન) માગે છે. માટે જ હે લક્ષ્મીપતિ ! હું ક્રતુ જ યથાર્થ છું નામ મારું યથાર્થ જ 'ક્રતુ' છે. આ ક્રતુ તે મહાન અગ્નિ કોણ છે, જે ક્રૂર છે તથા સમયે સમયે અતિસ્નિગ્ધ ભોજન કરવાથી તેનું શમન થાય છે. બધા જ જો ઉપવાસ કરશે તો તે અગ્નિરૂપ હું મરી જ જઈશ એમાં કોઈ શંકા નથી. તેથી જ હે કૃષ્ણ મારી પર કૃપા કરો. આમ હું કરી શકવા સમર્થ નથી. જેનાથી સ્વર્ગ પ્રાપ્તિ થાય છે તે હું તમારી આજ્ઞાથી પ્રાપ્તકર્તા બનું મોક્ષ પણ જેનાથી મળે તેવું એક પણ સાધન મારા માટે આપ કહો.

જો હું કંઈ સારું કરીશ તો તેનો શ્રેય મને મળશે. આમ સાંભળી ભગવાન ભક્તવત્સલ દયાળુ નારાયણે વિચારી કહ્યું કે, આવા ભૂખ્યા ન રહી શકે તેવા લોકો માટે મિથુન રાશી તથા વૃષભ રાશીમાં સૂર્ય સ્થિત થાય અને જે એકાદશી તે દિને આવતી હોય તો જેઠ માસમાં પ્રયત્નપૂર્વક તેને નિર્જળા વ્રત કરવું. કોગળા, આચમન, પાણી બધું જ કર્યા વગર જ એકાદશી નિર્જળા કરવી. ઉપવાસ ત્યારે ન કરવો તેને જ નિર્જલા કહેવાય છે. નિર્જળાના દિવસે જળ ગ્રહણ કરવાથી બળ ઓછું થઈ જાય છે.

એકાદશીના સૂર્યોદયથી બારસના સૂર્યોદય સુધી જળનો વ્રતીએ ત્યાગ કરવો. આમ બારસ તથા એકાદશીએ ઉપવાસ કર્યો ગણાય છે. તે વ્રત નિર્જળા તો કરવું જ વળી જાગરણ પણ કરવું તથા બારશે પ્રાતઃકાળે સ્નાન કરી હરિપૂજન કરવું. જળ ભરેલો સોનાનો ઘડો બ્રાહ્મણને દાન કરવો તથા અન્ન વગેરે દાન કરી અને જમીને પારણાં કરવા.

સાધુ-સાધ્વીઓ, બાળકીઓને જમાડવા જેથી વ્રતીને દરેક વર્ષની એકાદશીનું ફળ મળે છે. દરેક પ્રકારના વાદ-વિવાદ છોડી મારું શરણ ગ્રહણ કરવું. એકાદશીએ નિરાહાર બની દરેક પાપોમાંથી મુક્તિ મેળવવી. એકાદશીએ બંને પક્ષમાં જમવું નહીં. જેઠમાસની શુકલપક્ષી એકાદશી નિર્જલા કરવી જેનાથી એક વર્ષની એકાદશીનું ફળ મળે છે. દરેક કૃષ્ણ કે શુકલ પક્ષમાં આવતી એકાદશીએ ઉપવાસ કરવો જોઈએ.

એકાદશી ધન, ધાન્ય, પુત્ર, આરોગ્ય આદિ સંપદા આપનારી છે. જેથી ઉપવાસ કરવાથી મનોવાંછિત ફળની પ્રાપ્તી થાય છે. યમદૂતો કે જે દુઃખ આપનારા વિકરાળ મૂખવાળા છે તથા તેઓ હાથમાં દંડ અને પાશ ધારણ કરનારા છે, તે વ્રતીને ભય નથી પમાડતાં પણ વ્રતીથી ભય પામે છે. પિતાંબરને ધારણ કરનારા મનોહારી સૌમ્ય મૂર્તિ ચક્ર ધારણ કરનારા વિષ્ણુના પાર્ષદો અંતે વ્રતીને વૈકુંઠ લઈ જાય છે. તેથી જ હે ક્રતુ ! પ્રયત્નપૂર્વક તું આ માત્ર જળ વગર જ એકાદશી કરીને આ વ્રતનું આચરણ કર. જેનાથી તારા જઠરમાં રહેલો અગ્નિ નિયમીત થશે તથા આ વ્રત સાવધાનીપૂર્વક ઉત્સાહથી કરજે. ત્યારે ક્રતુ બોલ્યો, હે પ્રભુ ! કદાચ સ્વપ્નમાં અન્ન ભક્ષણ કે જળ પાન

થઈ જાય તો તે તમારા વ્રતનો ભંગ ન ગણશો તથા હે નાથ ! સ્વપ્નદોષ પણ થાય તો અને આળસથી નિંદ્રા આવી જાય તો પણ આપ મારા વ્રતનો ભંગ ન ગણશો.

આમ કહી પ્રાર્થના કરી તે ઉપવાસ પરાયણ થયો. મેરૂપર્વત સમાન મોટું સ્ત્રીઓ કે પુરુષોથી થયેલું જે કંઈ પણ પાપ હોય છે તે બધું એકાદશીના વ્રતથી ભસ્મ થઈ જાય છે. દાન માટે સોના કે ચાંદીની ગાય તથા સોનાનો જળ ભરેલો ઘડો બારસના દિને પારણાં વખતે દાન કરવો.

વ્રતી આ એકાદશીના દિવસે જો થોડુંક પણ દાન, જપ, હોમ, સ્નાનાદિ કરે છે તો શાશ્વત ફળ પામે છે. નિર્જલા એકાદશી કરવાથી બીજું કોઈ કર્મ કરવાનું રહેતું નથી. સોનું, અન્ન, કપડાં વગેરેનું આ દિવસે દાન કરવું. જે નિર્જળા ઉપવાસ કરે છે તે હરિધામમાં જાય છે. જેને જેને આ પુણ્યકાર્ય કર્યું છે તેનું ફળ અક્ષય બન્યું છે. જેઠ શુકલ બારસના પારણાંના દિવસે દાન કરે છે તે વ્રતી પરમપદ પામે છે. બ્રહ્મહત્યા કરનારો, મદિરા પીનાર, ચોર, ગુરુદ્વેષી પણ બારસના દિને ઉપવાસ કરવાથી પાપમુક્ત બને છે.

હે કતુ ! સાંભળ. નિર્જળા એકાદશીના દિવસે શ્રદ્ધાયુક્ત નર, નારી જળશાયી શ્રીહરિને પૂજે છે તથા ગૌદાન કરે છે, મૂર્તિ કે ગાયના વાછરડાં સહિત પ્રત્યક્ષ ગાયનું દાન કરે છે. તે મુક્તિ મેળવનાર બને છે. શ્રેષ્ઠ દક્ષિણા વડે, મિષ્ટાન્ન વડે તથા ઘણી બધી રીતે બ્રાહ્મણો, સંતો, સાધ્વીઓ, બાલિકાઓ, બાળકોને વ્રતીએ તૃપ્ત કરવા જોઈએ. તેના તૃપ્ત થવાથી હું શ્રીકૃષ્ણ સ્વયં તૃપ્ત થાવ છું તથા મોક્ષ આપું છું. જેણે આ વ્રત નથી કર્યું તે આત્મહત્યારાઓ છે. એકાદશીના દિવસે જે અન્ન ભક્ષણ કરે છે તે પાપાત્મા, દુષ્ટ, દુરાચારી જ છે તેમાં કંઈ સંશય નથી. જે આ એકાદશીના દિવસે ઉપવાસ કરી શાંત સ્વભાવથી શ્રીહરિનું વિવિધતા યુક્ત પૂજન કરે છે, જાગરણ કરે છે તે પોતાની આગળની સો પેઢી તથા પાછળની સો પેઢી તથા પોતાને પણ વાસુદેવના લોકમાં લઈ જનારો બને છે.

આ દિવસે અન્ન, ગાય, ભેંસ, વસ્ત્ર, શય્યા, આસન, જળ, દંડ, કમંડળ, છત્રી, વાસણ, સોનું, તલ, પગરખાં વગેરે તથા અન્ય કંઈ પણ

અર્પણ કરે છે તો તે નિશ્ચિત જ સોનાનાં વિમાનમાં બેસી સ્વર્ગે જાય છે. આ નિર્જળા વ્રત નિયમપૂર્વક કરવું તથા બારસે ત્રિવિક્રમજીનું પૂજન કરવું. સાકરવાળા મીઠા જળથી ભરેલો ઘડો વિષ્ણુમંદિરે દાન કરવો તથા બ્રાહ્મણોને જમાડી સ્વયં પારણાં કરવા. આમ જે આ પૂર્ણા દ્વાદશી કરે છે તેના પાપનો નાશ થાય છે તથા તે અનામય પદને પ્રાપ્ત કરે છે.

આમ સાંભળી નમન કરી ક્રતુ આનંદિત થઈ પોતાના આશ્રમે ચાલ્યો તથા એકાદશીના દિને તેણે નિર્જળા વ્રત કર્યું. જેનાથી તેને બધું જ ફળ મળ્યું. આ રીતે જે કોઈ આ નિર્જળા વ્રત કરે છે. તે ૨૪ એકાદશીનું ફળ મેળવે છે. જે મારી આ કથાનું શ્રવણ તથા ગાન કરે છે તે સ્વર્ગે નિશ્ચિત જ જાય છે. તેમાં કોઈ જ સંશય નથી. જે ફળ સૂર્યગ્રહણના દિવસે શ્રાદ્ધ કરવાથી મળે છે તેટલું જ ફળ આ કથા શ્રવણ માત્રથી મળે છે તેમજ પઠન કરવાથી પણ વ્રત જેટલું જ ફળ મળે છે. વળી આ વ્રતથી સ્વર્ગ અને શાશ્વતમુક્તિ પણ મળે છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "જેઠ માસના શુક્લપક્ષમાં આવતી નિર્જળા એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા ભૂખ્યા ક્રતુના ઉપાખ્યાન સહિત વ્રત દ્વારા ભૂખની શાંતિ આદિ અને ફળપ્રાપ્તિ આદિનું નિરૂપણ" નામનો બસો એકાવનમો અધ્યાય ॥ ૨૫૧ ॥

યોગિની એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા – હે કૃપાસિંધુ ! સદા આળસીઓને ભવપાર કરાવનારા આપે તો નિર્જળાના વ્રત વર્ણનથી બધાને તારી દીધા કે જેનાથી તમારી કરૂણા થકી ભુક્તિ-મુક્તિ તથા દરેક એકાદશીનું ફળ પ્રાપ્ત થાય છે. તમારા દ્વારા નિર્મિત સ્વર્ગ કે મોક્ષ પ્રાપ્તિ બસ આ જ જીવોનો એક જ સંકલ્પ હોય છે. તમે કૃપાથી અનંત જીવોનું માતાની જેમ રક્ષણ કરો છો તથા આ ભવસાગરથી પાર ઉતારો છો.

હે કૃપાળું ! હવે આપ મને અષાઢ માસની કૃષ્ણપક્ષી એકાદશીનું વ્રત, ફળ, વિધિ, તેના કયા દેવ છે તે તથા પૂજા માહાત્મ્ય કહો તથા આ દિને કયું વિશેષ દાન કરવું તે પણ આપ મને કહો.

શ્રી નારાયણ બોલ્યા – અષાઢની કૃષ્ણપક્ષી એકાદશીને 'યોગિની'ના નામથી ઓળખવામાં આવે છે. આ એકાદશી કલ્યાણકારિણી પણ છે. જેમાં પ્રભુના શ્રીનૃસિંહ રૂપનું પૂજન કરવું. શ્રીનૃસિંહને ભૃંગરાજનાં ફૂલ વડે પૂજન તથા અર્ઘ્ય સહિત જાંબુનું ફળ તેમજ પેંડાનું નૈવેદ્ય અર્પણ કરવું અને દાનમાં સોના કે ચાંદીની ગાયની પ્રતિમા દાન કરવી. આમ વિશેષ વિધિ કહી છે.

આ ઉત્તમ વ્રત કરવાથી દરેક પાપનો ક્ષય તથા બધા જ ભોગો પ્રાપ્ત થઈ શકે છે. આ યોગિનીનું વ્રત સંસાર-સાગરમાં મગ્ન લોકો માટે નાવ રૂપ છે તથા આ જગતમાં સારભૂત પણ છે. આ વ્રત દશમીએ રાત્રે જ જમી, જમીન પર ઊંઘી તથા બ્રહ્મચર્ય પાળીને કરવું.

એકાદશીએ વ્રતીએ પ્રાતઃકાળે જાગી હરિનું ધ્યાન કરી, સ્નાન કરી, શ્રીહરિનું ષોડ્શોપચાર વડે પૂજન કરવું તથા ભગવાનને પ્રાર્થના કરવી કે - 'હે કૃષ્ણ ! આ યોગિનીનું ઉત્તમ વ્રત હું કરવા જઈ રહ્યો છું, જે નિર્વઘ્ન પૂર્ણ કરજો. તમારી કૃપા સદા ભક્તો માટે રહે એવી દયા કરજો !' આમ પ્રાર્થના કરી ધાન્યો વડે શુભ એવું મંડળ કરવું. જે મંડળ ચિત્ર, રંગ વગેરેથી શોભિત હોય તેવું સુંદર મંડળ કરી તેમાં વચ્ચે સોનાનો રત્ન પધરાવેલો કળશ સ્થાપવો. કળશમાં પાંચ પાંદડા, જળ, સોપારી પધરાવવા તથા વસ્ત્ર લપેટવું તથા ચંદન, કંકુ, ચોખા વડે પૂજન કરવું. કળશ નવ ધાતુનો બનેલો હોય તો પણ ચાલે.

શંખ, ઘંટ, શાલિગ્રામ તથા શ્રીગણપતિજીનું પૂજન સારી રીતે કરવું તથા નૃસિંહ ભગવાનની સોનાની પ્રતિમાનું પૂજાનાં દ્રવ્યોથી ભક્તિપૂર્વક પૂજન કરવું તથા તલ ભરેલી થાળીમાં તે મૂર્તિનું સ્થાપન કરી ચોખા વડે પૂજન કરવું. ત્યારબાદ આવાહ્ન કરી, પંચામૃત તથા સુગંધિત ચંદન વડે પૂજન કરવું. સુંદર વસ્ત્રો, આભૂષણો, મસળેલા શ્રૃંગારીક દ્રવ્યો, ધૂપ-દીપ, નૈવેદ્ય, ફળ, મુખવાસ, જળ વગેરે અર્પણ કરવા. આરતી, સ્તુતિ, પુષ્પાંજલિ કરી ક્ષમા-પ્રાર્થના કર્યા બાદ વ્રતીએ પોતાનું જે કામ હોય તે કરવું. પછી બપોરે પ્રભુને નૈવેદ્યમાં કેરીનો રસ, દહીં, સાકર, શ્રીખંડ, પૂરી, પીવા માટે ઠંડુ જળ અર્પણ કરવું તથા રાબ, કોળાનું શાક અથવા નૈવેદ્ય અને દૂધ અર્પણ કરવું. મુખવાસ, સોપારી, પાન-બીડું અર્પણ કરવું.

સાંજે સૌમ્ય મંડપ રચવો તેમાં ઝુલો બાંધી શ્રીહરિને ઝુલામાં બેસાડવા તથા ઝુલાવવા. મંડપ ફરતે બગીચો બનાવવો તેમાં પ્રભુને વિહાર કરાવવો તથા કોમળ લીલા ઘાસમાં પ્રભુને વિશ્રામ તથા વિવિધ વસ્તુ વડે પૂજન કરી શ્રીનૃસિંહ પ્રભુની આરતી કરવી તથા સિંહ ગર્જના કરે તેમ પ્રભુની ઉચ્ચ સ્વરે સ્તુતિ કરવી. રાત્રે શ્રીનૃસિંહ પ્રભુના પદ ગાયન કરતાં કરતાં જાગરણ કરવું તથા પ્રાતઃકાળે ઉત્સાહપૂર્વક પ્રભુનું ધ્યાન કરી, સ્નાન કરી પૂજન કરવું.

પૂજન વિવિધ વસ્તુઓ વડે કરવું તથા મીઠા મીઠા બધા જ નૈવેદ્ય અર્પણ કરી જળ અર્પણ કરવું પછી વ્રતીએ પારણાં કરવા. જળ, સોના કે ચાંદીની ગાય આપવી તથા ઘી, દહીં, દૂધ, માખણ, સાકર, ગોળ વગેરે

સુપાત્રને દાન કરવું તથા વાહનનું દાન પણ કરવું. ગુરુ કે બ્રાહ્મણને દક્ષિણા, ઘડો, મૂર્તિ અર્પણ કરવી તથા મિષ્ટાન્ન અને અન્ન વગેરે સજ્જનોને આપવું. ઘર, ખેતર, પશુ, બગીચો, દાસ, દાસી વગેરેનું પણ દાન કરવું. વ્રતી જો આ પ્રમાણે યોગિની એકાદશીનું વ્રત કરે છે તો તે યોગીઓને પ્રાપ્ત થતું ફળ, સ્વર્ગ, સાકેતધામ પ્રાપ્ત કરે છે.

હે દેવી લક્ષ્મી ! હવે આ પાપનાશિની કથા સાંભળો. અલકાનગરીમાં શિવભક્ત એવા કુબેર મહારાજ વાસ કરતાં હતા, તે કુબેરજી દરરોજ શંભુની પૂજા કરતાં હતા ત્યારે કુબેરનો દાસ 'હેમમાલી' નામનો યક્ષ બાજુના બગીચામાંથી પુષ્પો ચૂંટી લઈ આવતો હતો. આમ શંભુપૂજન માટે તે રોજ કુબેરજીની આજ્ઞાથી પૂજાના ઉપકરણો લઈ આવતો તથા કુબેરજીના પૂજાસ્થાને યક્ષ પૂજા સામગ્રી લઈ આવી રાખતો. પરંતુ તે યુવાન હોવાથી એકવાર પોતાની પત્નીના કામપૂર્ણ વિચારોમાં ખોવાઈ ગયો. તે વિશાલાક્ષા નામની તેની પત્ની સાથે વિશેષ રીતે કામ આશક્ત થયો તેથી બધું જ કામ છોડી તે કામનામાં પ્રવૃત્ત થયો. આમ, તે અતિ કામી થઈ પોતાની પત્ની સાથે ફૂલ વગેરે ચૂંટવા બગીચામાં વૃક્ષો પાસે ગયો. એક વખત કુબેરજીએ માનસ નામના સરોવરે તે યક્ષને મોકલ્યો. તે હેમમાલી પોતાની પત્ની સાથે ગયો. ત્યાં તેણે નવું રમ્ય સરોવર જોયું. તે સરોવરમાં કમળ લેવા પોતાની પત્ની સાથે ગયો તે સરોવરમાં જળ હતું આજુબાજુ ઘાસ તથા ચમકતી રેતી હતી. તે રમણીય પ્રદેશમાં ફૂલોની સુગંધ આવતી હતી તથા તે પ્રદેશ વિહારની રાજસ ભાવના પ્રદીપ્ત કરનારો હતો.

આ પ્રદેશ જોઈ યક્ષની વૃત્તિ વિકૃત બની તે ફૂલોને છોડી પત્ની સાથે તે માનસ સરોવરમાં ક્રિડા કરવા લાગ્યો. પત્નીને સાથે રાખી કામાસક્ત થયો તથા જલ્દી નિવૃત્ત ન થઈ શક્યો, તૃપ્ત થયો હોવા છતાં ફરી પત્નીમાં પ્રવૃત્ત થવાથી તે ફરી કામાસક્ત બન્યો. આમ પરસ્પર વિશેષ રીતે બંને કામાસક્ત થયા. આમ, વારંવાર બંને એકબીજામાં મોહિત થઈ કામનામાં પ્રવૃત્ત બન્યા.

પૂજાનો સમય વિતવા લાગ્યો, તો પણ તે બંને પુષ્પો લઈ ન આવ્યા આથી કુબેરજી તે બંનેની આતુરતાથી રાહ જોવા લાગ્યા. કામાતુર બનેલા તે બંને કુબેરના ભવનમાં ન ગયા. કુબેરજી પોતાના મંદિરમાં શિવપૂજા કરતા હતા. પ્રાતઃકાળ વીતી ગયો તથા બપોર થઈ ગઈ. કુબેરજી પુષ્પોની રાહ જોતા હતા. તેઓને ચિંતા થઈ 'કોઈ વિઘ્ન નહીં આવ્યું હોય ને, કદાચ એટલે જ યક્ષ નહીં આવ્યો હોય. આમ, વિચારી કોઈ બીજા યક્ષને તે બંનેને શોધવા મોકલ્યો. તે યક્ષ ત્યાં ગયો તથા તેણે હેમમાલીને રમણ કરતો જોયો. તે હેમમાલી પત્ની સાથે જળક્રિડા કરી રહ્યો હતો. તે યક્ષે તેમને કહ્યું, કુબેરજી ! પુષ્પોની રાહ જુએ છે તમે બંને જલ્દી ત્યાં જાવ બપોર થઈ ચૂકી છે અને પૂજન પણ બાકી છે.

તે હેમમાલી પત્ની સહિત કુબેર પાસે ગયો તથા નમન કરી ક્ષમા માગવા લાગ્યો. ત્યારે મોડું થવાથી કુબેરજી કોપાયમાન થઈ બોલ્યા, 'તું તારી ઈચ્છા પ્રમાણે પત્નીમાં કામાસક્ત બન્યો. અરે, પાપી દુષ્ટ તું પૂજન માટે પુષ્પ ન લાવી શરીરમાં આસક્ત થયો. કામભોગમાં પ્રવૃત્ત થયો તે તારો મોટો દોષ છે. તને દંડ આપવો જ જોઈએ, તારા પર મારી અકૃપા થશે. તું ૧૮ પ્રકારના કોઢથી યુક્ત બન તથા તારી પત્નીથી વિખુટો પડ તેમજ આ સ્થાનથી પદચ્યુત બની હે અધમ ભૂતળ પર ચાલ્યો જા.

કુબેરનાં આમ બોલવાથી યક્ષ તે સ્થાન પરથી ભૂમી પર પડ્યો. તે અતિ દુઃખી બની કોઢથી વિચીત્ર વિગ્રહવાળો બન્યો. તેનું માંસ સુકાઈ ગયું અને તે લાલ અને સફેદ કોઢવાળો બન્યો. તે ચામડી વગેરેનો કોઢી બન્યો તથા દુર્ગંધયુક્ત કોઢી બન્યો. તે હેમમાલી પોતાના શરીરથી દુઃખી બન્યો તેથી દિવસ કે રાત્રે સુખ કે નિંદ્રા મેળવી શકતો ન હતો. તે છાંયડામાં, તડકામાં, ઘરમાં, કુંજમાં, ગુફામાં, કુટિરમાં, જમીન પર, લતાઓની વચ્ચે પણ સુખ મેળવી શકતો ન હતો. તે બળતરાથી તથા ખંજવાળથી પીડાતો હતો. આમ તે પોતાના પૂર્વ કર્મ યાદ કરતો હતો. શિવને પુષ્પ અર્પણ કર્યા હોવાથી તેને પૂર્વ સ્મૃતિ ભૂલાઈ ન હતી. એકવાર તે હિમાલયના અઘોર જંગલોમાં આમ-તેમ ભટકતો માર્કન્ડેય મુનિના આશ્રમે આવ્યો.

હે લક્ષ્મી ! તે માર્કન્ડેય મુનિ તપોનિધિ, મુનિશ્રેષ્ઠ તથા બ્રહ્મધ્યાન પરાયણ હતા તેમજ બ્રહ્માજીના સાત દિવસો જેટલું તેઓનું આયુષ્ય હતું. તે યક્ષે મુનિને જોઈ દૂરથી જ ચરણવંદના કરી ત્યારે માર્કન્ડેય મુનિએ દયા કરી તે કોઢીને પરોપકાર કરવાની ભાવનાથી બોલાવી અને કહ્યું : 'તું કઈ રીતે કોઢી બન્યો ? તું કોનાથી નિંદા પામ્યો છે ?' આમ પાપનો નાશ કરનારા મુનિવચનો સાંભળી તે યક્ષ બોલ્યો- 'હું કુબેરરાજાનો હેમમાલી નામનો દાસ છું.' હું બગીચામાંથી ફૂલો લાવી કુબેર મહારાજની શિવપૂજાના સમયે ઉપસ્થિત થતો હતો.

એક વખત તે કૃપાળું કુબેરજીએ મને મારી પત્ની સાથે કમળ લેવા મોકલ્યો. ત્યાં માનસ નામના સરોવરનું સુંદર જળ, કમળ, સુગંધ વગેરે તથા રમ્યભૂમિ જોઈને હું કામાસક્ત બન્યો તથા સમયનું ભાન ભૂલ્યો અને પ્રાતઃકાળે શિવપૂજનમાં પહોંચી ન શક્યો જેથી શિવપૂજા પુષ્પ વગરની રહી તેથી હું કુબેરજીના ક્રોધ અને શાપનું પાત્ર બન્યો છું. તથા કોઢી બની અને પત્નીથી વિખૂટો પડ્યો છું અને આમતેમ ભટકતો હું તમારા આંગણે આવ્યો છું. મારું શુભ કરો, સંતોનું ચિત્ત તો પરોપકારી તથા ક્ષમાયુક્ત હોય છે.

હે મુનિ ! મારું સારું થાય તેવું કંઈ આપ કરો. આમ સાંભળી તે મહામુનિ માર્કન્ડેયજી બોલ્યા, સાંભળ. હું તને એક શુભ વ્રતનો ઉપદેશ આપું છું. તું અષાઢના કૃષ્ણપક્ષમાં આવતી એકાદશીનું વ્રત કર. યોગિની એકાદશીના વ્રત-પુણ્યથી તારું કોઢવાળું શરીર નહીં રહે, હંમેશ માટે તું પેલા જેવો સુંદર બની તારી પત્ની સાથે શાશ્વત સુખ પ્રાપ્ત કરી શકીશ.

આમ ઋષિવચનો સાંભળી તે ભૂમિ પર દંડવત્ કરવા ઢળી પડ્યો તથા મુનિ પાસેથી આશીર્વાદ મેળવી અતિ આનંદીત થયો તથા આશ્રમ પાસે જ રહી તેણે યોગિની એકાદશીનું વ્રત કર્યું તથા માર્કન્ડેય મુનિ અને શ્રીકૃષ્ણનું પૂજન કર્યું. મુનિ વચનોના કારણે વ્રત કરવાથી તે યક્ષ ચિરકાળ સુધી સુખને પ્રાપ્ત કરવાવાળો થયો વળી તેના ૧૮ પ્રકારના કોઢનો પણ નાશ થયો તથા તે મુનિને નમન કરી પોતાના લોકમાં યક્ષ બની અને પત્ની સાથે ફરી અલકાપુરીમાં સુખપૂર્વક રહેવા લાગ્યો.

આમ યોગિનીના વ્રતથી શાપની નિવૃત્તિ થાય છે તથા કોઢ વગેરે રોગોનો પણ નાશ થાય છે. તેમજ પત્નીનો વિયોગ થયો હોય તો ફરી સંયોગ થાય છે. લોક, સ્થાન, ઘર, સમૃદ્ધિ જો નષ્ટ થયા હોય તો તે ફરી પ્રાપ્ત થાય છે. યોગિનીના વ્રત પુણ્યથી વ્રતીને યોગથી પ્રાપ્ત થતું ફળ મળે છે.

હે મહાલક્ષ્મી ! આ પ્રમાણે મેં તમને આ યોગિનીનું વ્રત, કથા વગેરે કહ્યું કે જે વ્રત નારીઓએ યોગિની અને પુરુષોએ યોગી બનીને કરવું જોઈએ. આ વ્રત કરવાથી યોગફળ મળે છે તથા આ વ્રત ભુક્તિ-મુક્તિ અપાવનારું છે. ૮૮૦૦૦ સાધુઓને જમાડવાનું જે પુણ્ય મળે છે તે પુણ્ય આ યોગિનીનું વ્રત કરવાથી મળે છે. યોગાભ્યાસમાં પણ ફળ આપનારું આ વ્રત યોગિઓના લોકમાં પણ સ્થાન અપાવનારું છે.

આ યોગિનીનું વ્રત શ્રીકૃષ્ણ સાથે જોડવાવાળું તથા મોક્ષ અપાવનારું છે તેથી જ આ કૃષ્ણપક્ષી તિથિની એકાદશી એ ઉપવાસ કરવો જોઈએ. આ વ્રત કથાના વાંચન કે શ્રવણ કરવાથી પણ બધા પાપનો નાશ થાય છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "અષાઢ માસના કૃષ્ણપક્ષમાં આવતી યોગિની એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા હેમમાલિ યક્ષનું કુબેરના શાપ દ્વારા થયેલ કોઢ આદિ રોગનો વ્રત કરવાથી નાશ આદિનું નિરૂપણ" નામનો બસો બાવનમો અધ્યાય ॥ ૨૫૨ ॥

દેવશયની એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા – હે પરમેશ્વર ! કાળ, માયા તથા આત્માની જે શક્તિઓ છે, તમે જ તે શક્તિઓના સ્વામી છો માટે તમને નમસ્કાર છે. હે પ્રભુ ! યોગિનીનું ફળ આપનારા તથા યોગનું પુણ્ય સ્વરૂપ તેમજ યોગીઓ જે યોગને પામે છે તે યોગ સ્વરૂપ પણ આપ જ છો માટે હે યોગિની પતિ આપને નમસ્કાર છે. તમે જ ફળ આપનાર, મુક્તિ આપનાર તથા તમે જ બધાનાં સ્વામી છો. તમને નમસ્કાર છે.

હે પ્રભુ ! બધા જ દેવ સ્વરૂપ, બધા જ તિર્થ સ્વરૂપ તથા બધા જ વ્રત સ્વરૂપ આપ જ છો. તેથી હે સર્વાત્મા આપને નમસ્કાર છે. હે દેવ ! અષાઢ માસના શુકલપક્ષમાં આવનારી એકાદશીનું નામ, તેના દેવ, તેની વિધિ, તેનું ફળ અને ક્યારે કયું દાન કરવું ? તે બધું આપ મને કહો.

શ્રી નારાયણ બોલ્યા – હું તમને 'શયની' નામની એકાદશીની કથા કહી રહ્યો છું કે જે મહા પુણ્યશાળી તથા સ્વર્ગ અને મોક્ષ આપનારી તથા બધા જ પાપોનો નાશ કરનારી છે. 'નિયમા' તથા 'ભામિકા' નામથી પણ આ એકાદશી ઓળખાય છે કે જેના વ્રતથી પાપી પણ તે જ ક્ષણે પવિત્ર બની જાય છે. જેના શ્રવણ માત્રથી વાજપેયી યજ્ઞનું ફળ મળે છે. માટે એનાથી પર બીજું કોઈ સ્વર્ગ કે મોક્ષ અપાવનારું નથી.

આ એકાદશીના અધિપતિ શ્રીવામનજી છે, તેથી 'કમળા' નામની ભગવાનની પ્રિય પત્ની સાથે શ્રીવામનજીની પૂજા કરવી. જેણે કમળ વડે કમળનયન શ્રીવામનજી તથા નિયમા કે શયની એકાદશીની પૂજા કરી છે

તેણે ત્રણે જગતને પૂજ્યા ગણાય છે. જેને આ એકાદશી વ્રત કર્યું છે તેણે બધા જ દેવતાઓ તથા ત્રિદેવને પણ પૂજ્યા છે.

અષાઢ શુકલપક્ષી એકાદશીએ શ્રીહરિ ક્ષીરસાગરમાં ઊંઘી જાય છે તથા બધી જ ઈન્દ્રીયોને વશ કરી યોગ બળથી તે શયન કરે છે. તેથી આ દિને પ્રભુનું અપામાર્ગથી પૂજન કરવું તથા નૈવેદ્યમાં પૂરીઓ ધરાવવી, નાળિયેરથી અર્ઘ્ય અર્પણ કરી સોનાની ગાયનું દાન કરવું. આમ વ્રતીએ બધા નિયમોનું પાલન કરી આ એકાદશીનું વ્રત કરવું.

હે મહાલક્ષ્મી ! પુણ્યપ્રદાયિની આ કથા તમે સાંભળો. પૂર્વે ત્રેતાયુગમાં 'બલિ' નામનો દાનવ થઈ ગયો જે મને ભક્તિભાવપૂર્વક નિત્ય પૂજતો તથા મારામાં જ પારાયણ રહેતો. તે ઘણા યજ્ઞો વડે મારું પૂજન કરતો તથા પરમ સ્નેહથી મારું વ્રત, પૂજન, ઉપવાસ વગેરે કરતો. આમ મારી ઉપાસના તથા તેના પુણ્યના બળે તે રસાતળથી આવી પૃથ્વીનો રાજા થયો.

મારી પૂજાના બળના કારણે પૃથ્વી પર પણ તે શાસનનો વિસ્તાર કરવા લાગ્યો તથા દેહ સહિત તે સ્વર્ગે આવવા-જવા લાગ્યો તથા તેણે સ્વર્ગ સહિત પૃથ્વીલોક પણ પોતાના વશમાં કરી લીધું તેમજ ઈન્દ્રાદી દેવતાઓ પણ બલિની સામે નિર્બળ બની ગયા.

આમ દાનવો પુષ્ટ, શક્તિશાળી બન્યા તથા ત્રણેય લોકનાં રાજા બન્યા. ત્યારે ઈન્દ્રાદી દેવો પરમેશ્વરની પ્રાર્થના કરવા લાગ્યા. પછી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશે એક યુક્તિ કરી કે જ્યારે બલિ બળવાન થવા યજ્ઞ કરે ત્યારે દાતા બનીને તેની પાસે દાન માંગવું. ભગવાન વિષ્ણુ ભિક્ષુક બની બલિ પાસે ભૂમિની માંગણી કરશે. આમ શુભ સમય જાણી બલિને યજ્ઞ માટે પ્રભુજીએ પ્રેરણા કરી.

આમ ઋષિઓ, મુનિઓ, દેવો તથા હું શ્રીહરિ બધા જ ગિરનાર પર્વતે ગયા કે જ્યાં બલિરાજાનો યજ્ઞ થતો હતો. ત્યાં મેં વામનરૂપ ધારણ કરી એકદમ વિરાટ સ્વરૂપ ધારણ કર્યું અને છળથી બધાં જ બ્રહ્માંડો તેમજ બલિને પણ જીતી લીધો.

બલિ સત્યનો આશ્રિત હતો. શુક્રાચાર્યએ તેને દાન આપવાની ના પાડી હતી અને કહ્યું હતું કે, 'આ નારાયણ છે' છતાં બલિ સત્યને સહારે છેતરાઈ ગયો અને હે મહાલક્ષ્મી ! મેં મારા વામનરૂપે જ સાડા ત્રણ ડગલાં ભૂમિની માંગણી કરી અને તેને સંકલ્પ જળ હાથમાં લઈ મને ભૂમિદાન કર્યું. ત્યારપછી મેં સંપૂર્ણ બ્રહ્માંડ જેવડું રૂપ ધારણ કરી ભૂલોકને ચરણોમાં, ભુવરલોકને સાથળની બહારના ભાગમાં, સ્વર્ગલોકને કમરમાં, મહાલોકને પેટમાં, જનલોકને હૃદયમાં તથા તપલોકને ગળામાં, સત્યલોકને મુખના ભાગમાં અને મસ્તક પણ ત્યાં સુધી ઊંચું કરી બધા જ ઉપરના સાત લોકોને પોતાના શરીરમાં સમાવી લીધા. સૂર્ય, ચંદ્ર, ગ્રહો, તારા, નક્ષત્રો, ધૂમકેતુઓ, દેવો, ઈન્દ્ર, નાગો, પક્ષો, ગંધર્વો, કિન્નરો બધા જ મારી વેદોના મંત્રો વડે સ્તુતિ કરવા લાગ્યા તથા વિવિધ સૂક્તો વડે સ્તુતિ કરવા લાગ્યા. તથા બલિને મેં હાથમાં ઉપાડી સંપૂર્ણ પૃથ્વીને મેં મારા વિશાળ શરીરથી ભરી દીધી તથા બીજા ડગલામાં મેં બલિ સહિત તેના સ્વજનો સહિત બ્રહ્માંડને કડાઈ રૂપી મારા ડગલામાં સમાવી લીધું. ત્રીજું ડગલું મેં બલિની પીઠ પર મૂક્યું અને હે લક્ષ્મી ! ત્યારે તે રસાતલમાં ચાલ્યો ગયો તથા મારું પૂજન કરવા લાગ્યો.

આમ તે રસાતળનું રાજ્ય ભોગવવા લાગ્યો તથા મારો ભક્ત બની ગયો. તે ભક્તરાજે મને સદા પોતાના ઘરે જ સ્થાન મેળવવા પ્રાર્થના કરી ત્યારે હું વિનયપૂર્વક ભક્તપરાયણ બની બે રૂપ ધારણ કરી એક રૂપે તેના ઘરમાં જ સ્થિત થયો અને બીજા રૂપે શેષશય્યામાં શયન કરવા સ્થિત થયો. આમ મેં શ્રમ કરી વિશ્રામ મેળવ્યો. તેમાં તે અષાઢ શુકલ એકાદશીનો દિવસ નિમિત્ત બન્યો. તે દિવસથી ભક્તો આ એકાદશીને 'શયની' એકાદશી તરીકે ઓળખે છે.

આમ હે મહાલક્ષ્મી ! હું આ દિવસથી કારતક માસની શુકલ એકાદશી સુધી શેષશય્યામાં ક્ષીરસાગરમાં શયન કરું છું. આમ આ સમયને ચાતુર્માસ તરીકે ઓળખવામાં આવે છે. જે ભુક્તિ-મુક્તિ આપનારો છે તથા શયનીનું વ્રત પણ ભુક્તિ-મુક્તિ અપાવનારું છે. શયની એકાદશીથી પ્રારંભ કરી ચાતુર્માસનું જે વિધિપૂર્વક પાલન કરે છે તો તે વ્રતી ધર્માત્મા બને છે.

આ વ્રતથી બીજું કોઈ મોટું વ્રત નથી કે જે માસમાં સ્વયં શંખ, ચક્ર, ગદાધારી પ્રભુ શયન કરે છે.

આમ હે લક્ષ્મી ! જે આ વ્રત કરે છે તો તે બધાં પાપમાંથી છૂટી ભુક્તિ-મુક્તિ મેળવી લે છે. જો કોઈ નીચ હોય તો પણ તે આ વ્રત કરી મને પ્રિય બને છે તથા મારા ધામમાં જાય છે. આ વ્રત દશમીએ રાત્રે કે સવારે એક જ સમય જમી બ્રહ્મચર્યનું પાલન કરી કરવું તથા બ્રહ્મમુહૂર્તમાં ઊઠી ભગવત્સ્મરણ કરી સ્નાન, દેવતાપૂજન વગેરે કરી ષોડ્શોપચાર વડે વ્રતીએ પૂજન કરવું તથા નિત્યકર્મ પૂર્ણ કરી વ્રતીએ નવા ધાન્યોથી સર્વતોભદ્રમંડળ કરવું તથા મધ્યમાં સોનાનો ઘડો કે જેમાં પાંચરત્નો, પાંચ પાંદડા, જળ, સોપારી પધરાવવા અને વસ્ત્ર લપેટી સ્થાપવો અને ઘડાનું પૂજન કરવું. ઘડા પર તલભરેલી થાળી મૂકી તેમાં વામનજીની અને કમળા દેવી તથા શયની એકાદશીની મૂર્તિ પધરાવી પૂજા કરવી પછી આવાહનાદિ કરી પંચામૃતથી સ્નાન તથા અભિષેક કરવો.

વસ્ત્રાલંકાર, પુષ્પમાળા, ચંદન, કાજળ બધા જ પ્રકારના શ્રૃંગાર તથા તલ પ્રભુને તથા દેવીઓને અર્પણ કરવા. ધૂપ, દીપ, નૈવેદ્ય, ફળ, તાંબુલ, જળ, આરતી, નમન, સ્તુતિ તથા ક્ષમાપન પ્રભુને અર્પણ કરવું. પોતાના વ્રતની પૂર્તિ માટે વિસર્જન અંજલિ આપી પ્રાર્થના કરવી કે 'મારું વ્રત નિર્વિઘ્નપણે પૂર્ણ થાઓ.' પોતાની શક્તિ તથા દ્રવ્ય અનુસાર મહાપૂજા કરવી તથા રાજાના વિશાળ મંડપ જેવો સુંદર મંડપ કરી તેમાં હરિ પૂજા કરવી. વૈષ્ણવોનું પૂજન કરી પ્રાતઃકાળે દાન કરવું તથા સાધુઓની આગળ જઈ ચાતુર્માસના વ્રતોના નિયમો ધારણ કરવા કે જે નિયમો સુખ તથા મોક્ષ આપનારા હોય છે. તપ કરવા માટે ઈન્દ્રિયોનાં નિયમોનું પાલન કરવું અને જીતેન્દ્રીયતાનું પાલન કરવું.

શ્રીહરિ કે પછી ગુરુ કે બ્રાહ્મણ પાસે જઈ નિયમો ગ્રહણ કરવા. શરીરના તથા માનસિક નિયમો સંયમોને ધારણ કરવા. સવારે જ વ્રત ધારણ કરી ભોગ, ભોગ્યના નિયમો, મુક્તિ આપનારા દાનના વ્રતના નિયમોને ગ્રહણ કરવા. ચાતુર્માસમાં તથા એકાદશીના વ્રતમાં વિશેષ રીતે ઈન્દ્રીયો,

મન, વૃત્તિઓનું અભ્યાસપૂર્વક નિયમન કરવું. વિષય સુખોને ત્યાગવા, ક્ષોભ તથા વિઘ્ન કરનારા સુખોને ત્યાગવા. રસની પુષ્ટિ ન કરવાથી જ ક્ષોભક સુખ કહ્યા છે તે ન કરવા.

જીભથી રસો ભોગવવા તે વ્રતી માટે મહાન દોષ કહ્યો છે. વળી બધી જ ઈન્દ્રીયોને સુખ આપવું તે પણ દોષ જ છે. તેથી ચાતુર્માસ કરનાર વ્રતીએ આ બધું જ ત્યાગવું, જીતેન્દ્રીય બનવું. ફળાહાર અથવા દૂધ પી અથવા એક સમયે એક જ અન્ન ખાઈને અથવા શાકાહારી બની શાક ત્યાગીને, ઘી ત્યાગીને તપ પૂર્વક દહીં, તલ ત્યાગી અથવા દહીં અને તલ ભેળવીને ખાવું અથવા કંદ ખાઈને અથવા કણમાત્ર ખાઈને અથવા ભાજી ખાઈને અથવા તો દળ કે દ્વિદળ ખાઈને, માત્ર જળ પીને અથવા સાકરનો ત્યાગ કરીને અથવા ગોળનો કે ખાંડનો ત્યાગ કરીને ચાતુર્માસનું વ્રત કરવું. શ્રાવણમાં શાકનો ત્યાગ કરીને ભાદરવામાં દહીં ત્યાગી ને, આસોમાં દૂધ ત્યાગીને તથા કારતકમાં દ્વિદળનો ત્યાગ કરી, કંદમૂળ ખાવા તથા તરબૂચનો સર્વથા વ્રત દરમ્યાન ત્યાગ કરવો.

આમ ચાતુર્માસમાં આટલી વસ્તુનો ત્યાગ કરી કહેલી વસ્તુઓ ખાઈને તપ કરવું. વ્રતમાં ધારણાં-પારણાં કરવાથી પણ મહાફળની પ્રાપ્તિ થાય છે. મૌન ધારણ કરી કથા કરાવવી તથા હરિનામની માળા જપવી, માળા ઉચ્ચારણ સાથે કરવી. ૧૦૦ માળા કરવી. અધિક રૂપનું દર્શન ન કરવું તથા અતિ શબ્દોનું શ્રવણ પણ ન કરવું. આમ વ્રતીએ આંખ તથા કાનને હરિસેવામાં પરોવવા.

અતિ રાજસિક અત્તર કે સુગંધ સુંઘવી કે છાંટવી નહી તથા નારી કે નરનો મિથ્યા સ્પર્શ પણ ચામડી વડે ન કરવો. ચાતુર્માસમાં હાથથી પાન - ડાળી આદી ન ભાંગવું, વીર્ય આદીનું રક્ષણ કરી બ્રહ્મચર્યનું મહાન વ્રત પાળવું, ખોટી વાતો ન કરવી, શરીરને તામસી ન બનાવવું, બહુ જમવું નહીં, પંચાગ્નિ તાપવો, વૃક્ષનું આલંબન કરવું, સૂર્યદર્શન કરવું તથા એક પગ પર ઊભા રહી હાથ ઉપર રાખી ધ્રુવતપ કરવું, માથું નીચે રાખી શિર્ષાસન કરવું, નખ-વાળ વગેરે કાપવા નહીં. ભસ્મ, ધૂળ, કાદવનું શરીર પર મર્દન કરવું. પડ્યા વગર એક પગે ઊભું રહેવું તથા વસ્ત્ર પહેરવું તથા

જળધારા નીચે અને જળમાં ઊભું રહેવું અને તપ કરવું.

ચંદ્રની રોશનીમાં વૃક્ષ નીચે ભૂમિ પર વાસ કરવો તથા ભૂમિ પર અને રેતી પર શયન કરવું. બાણ, લોખંડ, કાંટા પર સૂવું, અનિદ્રા તથા અશયન કેળવવું, વારંવાર પાણી ન પીવું. ત્રણેય સમયે પ્રાતઃ, બપોરે, રાત્રે સ્નાન કરવું તથા શ્રીહરિનું ચિંતન, ધ્યાન, સ્મરણ, પૂજન રોજ કરવું. મંત્ર, જપ, તપ વગેરે માનસિક તપ એકાગ્રતાથી કરવું. જાતિ, દેશ, કાળ, પ્રસંગને ત્યજી મનસા, વાચા તથા કર્મથી અહિંસાને ધારણ કરવી. ઘાસ પણ ન કાપવું. આમ અહિંસાનું આચરણ કરવું. કોઈની પણ નિંદા કે દ્રોહ ન કરવો. બીજાની વૃત્તિઓ તરફ ધ્યાન ન આપવું. સત્ય, પ્રિય, હિત કરનારા, તથ્યયુક્ત સુખ કરનારા વચનો જ બોલવા. ચોરી ન કરવી, દરેક ઈન્દ્રીયોને વશમાં રાખવી, કામનાનો ઉદ્‌ભવ જ ન થવા દેવો.

હૃદયમાં કપટ ન રાખવું, ક્રિયા કે વાણીમાં પણ કપટ ન રાખવું, અતિ તૃષ્ણા ન રાખવી, સંતોષ રાખવો. નારી આદી ભોગ ત્યાગવા. ખાટલો, તકિયો, ઓશીકું, સુગંધ, તેલમાલિશ, આભૂષણ વગેરેનો ત્યાગ કરવો. ચાતુર્માસમાં સાધુઓનું ચરણામૃત તથા સાધુઓનો પ્રસાદ ગ્રહણ કરવો. સાધુ-સાધ્વીઓ, સતીઓનું પૂજન કરવું, પગ દબાવવા, શરીરનું દર્દ દૂર કરવું. સંતોના દર્શન, સ્પર્શ, નમન, પગસેવા, પૂજન, ભોજન વગેરે કરવું, કરાવવું. સંતો પાસે રહેવું, સ્નાન, જ્ઞાન આદિ ક્રિયાઓ વડે સાધુઓની સેવા કરવી. દેવસેવા, પિતૃસેવા, સાધુ સેવાનો લાભ લેવો. પતિએ પત્નીને તૃપ્ત કરવી, પત્નીએ પતિને પણ તૃપ્ત કરવો, આ પણ એક સેવા જ છે. બંને પતિ-પત્ની જે કંઈ માગે અથવા જે કંઈ પણ જોઈતું હોય તે તેને આપવું. તેનાથી પ્રેમગર્ભિત અક્ષય પુણ્ય મળે છે. એનાથી મોટું કોઈ જ તપ નથી.

પોતાના આશ્રિત લોકોને સોનું, જ્ઞાન, ગામ, ખેતર, મણિ, રત્નો, બગીચા, ઘર પાણી આદી અર્પણ કરવું. દેહથી સેવા કરવી તે સાર્વભૌમનું વ્રત પાલન કર્યા સમાન છે. ક્ષમા તથા દયા કરવી, નિંદા, ઈર્ષ્યા આદિ દોષ ત્યાગવા. ગુણ ગ્રહણ કરવા, યશ, કીર્તિ બીજાની ફેલાવવી તથા અભિમાન ન કરી બીજાને માન આપવું, બધાને સમાન જ ગણવા આ પણ તપ જ છે.

આ બધું જ સ્વર્ગ આપનારું તથા સુખ આપનારું છે. શ્રીહરિની ભક્તિ, સ્મરણ તથા પૂજન પણ સુખ સ્વર્ગ આપનારું છે. બત્રીસ ઉપચારોથી પૂજન તે મુક્તિ આપનારું છે પરોપકારી તથા પુણ્યપ્રદ એવું આ એકાદશીનું વ્રત છે.

પૂજન, યજ્ઞ, ગરીબોની સહાયતા, કૂવા વગેરે ખોદાવવા, વૃક્ષારોપણ કરવું આ પણ એક વ્રત છે. રસ્તા બનાવવા, આશ્રમ બનાવવો, આશ્રયશાળા આદિ બંધાવવું એ પણ સ્વર્ગ અપાવનારું વ્રત છે. કલા, કૌશલ્ય, કૃષિ ઉત્તેજન, યંત્ર, વાહનાદિ ઉપકરણો બનાવીને દાન કરવું એ પણ સ્વર્ગ જેવું સુખ આપનારું વ્રત છે. ચાતુર્માસ કે વ્રતના દિને માછલી, કિડીને લોટ ખવડાવવો, સદાવ્રત ખોલવું તથા વૃક્ષને પાણી આપવું અથવા તરસ્યાને જળ આપવું તે પણ પુણ્યપદ કર્મ છે.

વ્રતમાં દંડવત્, નમન, પ્રદક્ષિણા, દીપદાન, જળદાન, નૈવેદ્ય અર્પણ કરવું પણ એક વ્રત જ છે. નિત્ય ફળ, ધાન્ય રસ, સાકર, ખાંડ, ગોળ, મધ આદિ અર્પણ કરવું આ પણ એક વ્રત જ છે. નેત્રજળ વડે પ્રભુ સમક્ષ કરુણપૂર્ણ રૂદન, પાણીની પરબનું નિર્માણ, મંદિર આદિ આધ્યાત્મિક ભવનોનું નિર્માણ કરાવવું પણ પરમ વ્રત જ છે. ભગવાન માટે ચિત્ર આદિ કે શિલ્પ આદિનું નિર્માણ અથવા ગ્રંથનું નિર્માણ, છંદ, શ્લોક આદિમાં ભગવત્સ્તુતિ કે ભગવત્કાર્ય, વ્યાખ્યાન, કથા, ભક્તોની ઈચ્છાપૂર્તિ પણ સુખદ, સ્વર્ગ તથા મોક્ષ આપનારું વ્રત છે.

હે લક્ષ્મી ! બીજા અન્ય વ્રતો પણ હું તમને કહું છું કે જેના દ્વારા ચાતુર્માસ કે એકાદશીના વ્રતમાં તપ કરી શકાય છે. ચાતુર્માસમાં કથા સાંભળી સાધુઓને જમાડવા. નિત્ય મહાપૂજા કરવી તથા નિત્ય આ વ્રતોનું આચરણ કરી શ્રીકૃષ્ણની નિત્ય પૂજા કરવી. ૧૦૦ વગેરે સંખ્યાયુક્ત માળા કરવી તથા શ્રીહરિનું નામ જપવું. ભક્તની સેવા, હોમ-હવન, અર્ચન, પૂજા પણ મોક્ષ આપનારું વ્રત છે.

ચાતુર્માસમાં અહમતા તથા મમતાનો ત્યાગ, બ્રહ્મચર્યનું સારી રીતે પાલન, દૂધથી રાંધેલા ભાત, ગોળ, નમકીન, ફળોનો રસ આદિનો ત્યાગ પણ વ્રત જ છે. કૃષ્ણ સંબંધિત ધર્મનું આચરણ તે પરમ વ્રત છે. આમ આ

બધા વ્રતોનું પાલન કરવાથી લોકો મને પ્રિય બને છે.

હે લક્ષ્મી ! આ બધા વ્રત જે મેં તમને કહ્યા તે બધાનું પાલન ચાતુર્માસ દરમ્યાન કરવું જોઈએ. ત્યારબાદ કારતકની શુકલ એકાદશીએ હરિપૂજન કરી બારસના દિવસે ફરી દેવપૂજન કરી ભગવાન આગળ નૈવેદ્ય અર્પણ કરી પ્રાર્થના કરવી કે, હે પ્રભુ મેં આ વ્રત તમારી પ્રીતિ માટે કર્યું છે. આમ આ વ્રત પૂર્ણ માની મને સંતુષ્ટ કરો. આમ દરેક નિયમોનું સમાપન કરી પારણાં કરવા. પ્રાતઃકાળે બારસના દિવસે સ્નાન કરી દેવપૂજા કરી વૃદ્ધોનું અભિવાદન કરી આશ્રિતોને ભોજન આદિ અર્પણ કરી કલેશ વગર સુમેલન કરી કુટુંબીઓ, સ્નેહીઓને અતિ ભાવપૂર્વક મીઠું મોઢું કરાવવું. આમ પોતાનું ઘર સ્વર્ગ સમાન બનાવવું.

વ્રતોમાં ચાતુર્માસ કરવાની ઈચ્છા હોય તેણે શયની એકાદશીના પ્રાતઃકાળથી જ ચાતુર્માસના વ્રતનો આરંભ કરવો. માત્ર એકાદશી કરવી હોય તો તેને પ્રાતઃકાળે યોગ્ય પૂજન કરી પછી બપોરે શ્રીહરિને ભોજન તથા જળ, તાંબુલ, મીઠું પીણું વગેરે અર્પણ કરવું તથા સાંજે પણ આ જ રીતે બધું અર્પણ કરવું. આરતી, સ્તવન, ઝુલો બાંધી શ્રીહરિને ઝુલાવવા તથા દૂધ અને પૂરીનું જમણ પ્રભુને જમાડવું તથા રાત્રે જાગરણ કરી ગીત, નૃત્ય, કથા, આદિ આચરવું તથા બારસે સ્નાન કરી બ્રહ્મ મુહૂર્તમાં કૃષ્ણાર્ચન કરવું. સોના વગેરેનું દાન કરી પારણાં કરવા અને સાધુ તથા ગરીબોને જમાડવા. આ અષાઢ શુકલ એકાદશીનું વ્રત કરવાથી દરેક યજ્ઞનું ભુક્તિ-મુક્તિ આપનારું ફળ મળે છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "અષાઢ માસના શુક્લપક્ષમાં આવતી શયની એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા વામન અવતારમાં પ્રભુએ કરેલું શયન અને ચાતુર્માસમાં યમ, નિયમ, સંયમ, વ્રત, દમન, તાપ, શોષણ, ત્યાગ, સેવન, દાન, ઉપકરણ આદિ વ્રતોનું નિરૂપણ" નામનો બસો ત્રેપ્પનમો અધ્યાય ॥ ૨૫૩ ॥

કામિકા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા – કૃષ્ણના યોગથી બધું જ નિર્ગુણ થઈ જાય છે. પ્રભુનું ચતુર્ભુજ સ્વરૂપ સ્વર્ગ તથા મોક્ષ આપનારું છે. જે કંઈ પણ કર્મ કે કામના અથવા ફળની શુભ ઈચ્છા જો કૃષ્ણને સંતોષ આપવા કરવામાં આવે છે, તો તે ગોલોક આપનારી જ છે. તે વ્રત ક્રિયા તથા ધર્મયુક્ત હરિપૂજન કે જેનાથી શ્રીહરિકૃષ્ણ પ્રસન્ન થાય છે. તે ચાતુર્માસનું વ્રત આપે મને કહ્યું કે જેનાથી શ્રીમાધવ પ્રસન્ન થાય છે તથા યમ, નિયમો પણ કહ્યા જેનાથી હે પ્રભુ ! આપ પ્રસન્ન થાઓ છો.

હે પ્રભુ ! હવે આપ મને કહો કે શ્રાવણ માસના કૃષ્ણપક્ષે આવનારી એકાદશીનું શું નામ છે ? તથા તેની વિધિ અને તેના કયા દેવ છે ? તે પણ આપ મને કહો.

શ્રી નારાયણ બોલ્યા – હે લક્ષ્મી ! સાંભળો. હું તમને લોકોના હિત માટે કહું છું કે શ્રાવણની કૃષ્ણપક્ષી એકાદશી 'કામિકા' એકાદશીના નામથી ઓળખાય છે તેમાં શ્રી અચ્યુતની દેવી વિજયાની સાથે ભક્તિપૂર્વક પૂજા કરવી. પારિજાતના ફૂલો વડે પૂજન કરવું તથા બીલાનું ફળ અર્ઘ્યમાં અર્પણ કરવું.

સો કાણાવાળું નૈવેદ્ય રસગુલ્લા વગેરે અર્પણ કરી સ્ત્રી તથા પુરુષના વસ્ત્ર દાન કરવા કે જેનાથી શ્રીહરિ વ્રતી પર પ્રેમ વરસાવે છે. ગંગા, કાશી, નૈમિષારણ્યમાં કે પુષ્કરમાં પણ તે ફળ નથી મળતું જે શ્રીકૃષ્ણની પૂજાથી મળે છે. જે ફળ ગુરુ સિંહ રાશિમાં પ્રવેશે ત્યારે ગોદાવરી નદીમાં સ્નાન કરવાથી મળે છે, વ્યતીપાતમાં દંડકારણ્યમાં મળે છે, તેનાથી અધિક ફળ આ

વ્રત કરવાથી મળે છે.

સાગરોના નવા જળ સહિત પૃથ્વીનું દાન કરવાથી જે ફળ મળે તેનાથી અધિક ફળ કામિકાના વ્રતથી મળે છે. આગળ અને પાછળ આમ બંને બાજુથી શણગારેલી ગાય દાન કર્યા કરતાં પણ અધિક ફળ કામિકા વ્રતથી મળે છે. શ્રાવણમાં જેને શ્રીધર કૃષ્ણની પૂજા કરી છે તેણે બધા દેવો, ગંધર્વો, અપ્સરાઓ, નાગોની પૂજા કરી છે. સંસાર સાગરમાં મગ્ન લોકો માટે કામિકાનું વ્રત ઉત્તમ છે. આ વ્રત તે લોકો માટે નાવ સમાન છે, જેનું નિર્માણ શ્રીહરિએ કર્યું છે.

કામિકા વ્રત કરવાથી અધ્યાત્મ વિદ્યાની પ્રાપ્તિ થાય છે તથા આ વ્રત જાગરણ કરવાથી દુર્ગતિનો નાશ થાય છે. આ વ્રત કરવાથી વ્રતી ઉગ્ર એવા યમનું દર્શન કરતો નથી તથા કુયોનિમાં પણ જતો નથી. કામિકાના વ્રતથી વ્રતી યોગી સમાન જ ગતિ મેળવે છે. તુલસીના પત્રથી જે આ દિવસે હરિપૂજન કરે છે તે પાપ લિપ્ત બનતો નથી. આ દિવસે તુલસી દળથી પૂજન કરવાથી સોનાનો એક ભાર તથા ચાંદીનો ચાર ગણો ભાર દાન કરવાનું ફળ મળે છે.

શ્રીકૃષ્ણ જ્યારે તુલસીદળથી પૂજાય છે ત્યારે પ્રભુ લાલમોતી, વૈદુર્ય, પરવાળાથી પણ પૂજન નથી પામતા. આ બધા રત્નો કરતા પ્રભુને તુલસીદળ વહાલું છે. જે તુલસીના માંજર વડે પ્રભુ પૂજા કરે છે તેના અનેક જન્મોનાં પાપોનો પણ નાશ થાય છે. જેના દર્શનથી પાપનું શમન, સ્પર્શથી દેહ પાવન, જેની સ્તુતિ કરવાથી રોગનો નાશ તથા જેને ગ્રહણ કરવાથી મૃત્યુ ટળી જાય છે, જેનું રોપણ કરવાથી કૃષ્ણચરણમાં આસક્તિ વધે છે તથા અર્પણ કરવાથી મુક્તિ મળે છે તેવી તુલસીને નમસ્કાર છે.

આમ કહી તુલસી પ્રભુને અર્પણ કરવી તથા કૃષ્ણ પ્રભુ આગળ ઘીનો દીપક પ્રગટાવવો. એકાદશીએ દીપક પ્રભુ પાસે પ્રગટાવવાથી પિતૃઓ અમૃતથી તૃપ્ત થાય છે. તેથી એકાદશીના દિને દીપદાન તો કરવું જ જોઈએ. આમ દીપદાન કરવાથી વ્રતીના પુણ્ય શ્રીહરિમાં લય પામી જાય છે. અર્થાત્

તેના પુણ્યનો નાશ થતો નથી. ઘી કે તલના તેલનો દીવો મંદિરે અર્પણ કરવો. આમ દીપદાન કરનાર સ્વર્ગમાં કરોડો દિવા પ્રગટતા હોય તેવા સ્થાને વાસ કરે છે. વળી આ એકાદશી બ્રહ્મ હત્યા આદિ પાપોનો નાશ તથા મહા પુણ્ય આપનારી પણ છે. વળી આ એકાદશી સ્વર્ગમાં સ્થાન આપનારી તથા ભ્રૂણ હત્યાદિ દોષનો નાશ કરનારી તથા કામનાપૂર્ણ કરનારી છે તેથી શ્રદ્ધાપૂર્વક આ વ્રત કરવું.

વ્રતી આ વ્રત કરવાથી પાવન તથા ભક્તિયુક્ત બની વૈકુંઠમાં શાશ્વત સુખ પામે છે. આ વ્રત દશમીએ એક સમયે જમી, ભૂમિશયન કરી તથા બ્રહ્મચારી વ્રત ધારણ કરી પ્રારંભ કરવું. પ્રાતઃકાળે ઉઠી સ્નાન કરી વ્રતીએ દેવતાર્ચન કરવું તથા મંડપ રચી તેમાં સર્વતોભદ્રમંડળ ધાન્યો વડે પુરવું. શ્રી અચ્યુત તથા દેવી વિજ્યાની સોનાની મૂર્તિની પૂજા કરી આવાહનાદિ ક્રમથી પૂજા કરવી. પંચામૃત, જળ આદિથી પ્રભુને સ્નાન કરાવી વસ્ત્રથી લૂછી વસ્ત્રાલંકાર અર્પણ કરવા તથા પ્રભુનો શ્રૃંગાર કરવો. તલ ભરેલી થાળીમાં હરિને તથા દેવીઓને સ્થાપી તે થાળી ઘડા પર મૂકવી તે ઘડામાં પહેલાથી જ પાંચ રત્નો, પાંચ પાંદડા, જળ, અક્ષત, ચંદન આદિ પધરાવી રાખવું. ત્યારબાદ હરિને ભોજન કરાવવું તથા તાંબુલ અર્પણ કરવા. આરતી, સ્તુતિ, પ્રદક્ષિણા, પુષ્પાંજલિ વગેરે પ્રભુને અર્પણ કરવી તથા હરિને પ્રાર્થના કરવી કે- 'મારું વ્રત નિર્વિઘ્નપણે પૂર્ણ કરજો.' પછી બપોરે હરિને મિષ્ટાન્ન અર્પણ કરવા.

બાદમાં વ્રતીએ સાંજે પણ તેવી જ રીતે મહાપૂજા કરવી. ભોજન, પૂજા વગેરે પ્રભુને કરાવી ઝુલાવી, અંગો દબાવી શ્રી હરિની અંગમર્દન સેવા કરવી. જાગરણ કરવું તથા બારસે પ્રાતઃકાળે સ્નાન કરી હરિપૂજન કરી વિવિધ દાન કરવા. સંતો, સાધ્વી, બાળકોને જમાડી વ્રતીએ પારણાં કરવા. આમ કામિકાનું વ્રત કરવું જે દરેક કામના પૂર્ણ કરનારું છે.

ધનાર્થીને ધન, પુત્રાર્થીને પુત્ર, ભાર્યાર્થીને પત્ની તથા સ્વામિની ઈચ્છાવાળી સ્ત્રીને પતિની પ્રાપ્તી આ કામિકાનું વ્રત કરવાથી મળે છે. આ વ્રત કરવાથી ખેતર, પશુ, સમૃદ્ધિ, ધાન્ય, કીર્તિ, આરોગ્ય, સમ્માન, રાજ્ય, સત્તા

વગેરે પ્રાપ્ત થાય છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ પણ મળે છે. વળી આ વ્રત કરવાથી શત્રુના ઉપદ્રવ તથા વિઘ્નોનો નાશ થાય છે.

આમ બધું જ આપનારું આ કામિકાનું વ્રત તે ઉત્તમ છે કે જે સ્વર્ગ, સત્ય તથા વૈરાજલોકની પ્રાપ્તી કરાવનારું છે. વળી ગોલોક તથા પરમધામની પ્રાપ્તી પણ કરાવનારું છે. હવે દરેક સિદ્ધિ આપનારું આ આખ્યાન પણ હે લક્ષ્મી સાંભળો :

પૂર્વે ધર્મરાજના કુળમાં શ્રવણો થઈ ગયા. તે શ્રવણોને ધર્મરાજે પ્રાણીઓની જીવોની વૃત્તિ જાણી અને જીવ લઈ આવવા માટે યોજેલા હતા. તે શ્રવણો જીવોની વૃત્તિ લેવા માટે જ્યાં જ્યાં જતા હતા ત્યાં તે લોકો જીવની વૃત્તિને જાણી શકતા ન હતા. તે જીવોને જોઈ શકતા ન હતા તથા નાનામાં નાનું કર્મ પણ તે શ્રવણો જોઈ શકતા ન હતા કે સાંભળી પણ શકતા નહોતા.

જો જીવની વૃત્તિ કે કર્મ જાણી ન શકાય તો કેવી રીતે તે જીવની વૃત્તિ હરી શકાય ? અને જો આ બધું અજાણ્યું રહે તો યમરાજ ન્યાય કઈ રીતે કરી શકે ? આમ બધા શ્રવણો ચિંતાતુર થઈ ભેગા મળી યમપુરીએ ગયા તથા યમરાજને કહેવા લાગ્યા કે, જીવોના નાના કર્મો અમે જાણી અને તમને કહી ત્યારે તમે ન્યાય કરો. પરંતુ અમે આ જીવોના નાના નાના કર્મો જાણી નથી શકતા.

હે ધર્મરાજ ! તમે જ કહો અમે કઈ રીતે જીવોનાં કર્મો જાણી શકીએ ? અમે શ્રવણો માત્ર બાર સંખ્યાવાળા જ છીએ જ્યારે જીવો તો સંખ્યાથી પર છે. કરોડો જીવો જીવી રહ્યા છે. આમ દરેક જીવ પાસે અમે કઈ રીતે જઈ શકીએ ? તથા અમારો વિસ્તાર કઈ રીતે કરી શકીએ ? અને વૃત્તિ પણ કઈ રીતે જાણી શકીએ ? તેથી આપ યમરાજ અમોને સિદ્ધિ આપો કે જેથી અમે વૃત્તિ જાણી શકીએ અથવા કોઈ તપ કે વ્રત કહો જેથી અમે જીવોની વૃત્તિ, કર્મ જાણી શકીએ. જેનાથી અમે લોકો બધાં જ આવેદન શક્તિથી તમારી આગળ રહી કાર્ય કરી શકીએ. આમ સાંભળી યમરાજે તે લોકોને કામિકા એકાદશીના વ્રતનું સેવન કરવા કહ્યું અને યમરાજ બોલ્યા કે

- 'શ્રાવણના કૃષ્ણપક્ષમાં એકાદશી આવે તે કામિકા એકાદશી કહી છે તથા તેનું વ્રત કરવાથી દરેક સિદ્ધિઓ, સમૃદ્ધિ તથા ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે.'

આમ કામિકા વ્રતની વિધી સાંભળી શ્રવણોએ આ વ્રત કર્યું તથા વિવિધ ઘણાં બધાં દાન પણ આપ્યા તથા બારસે પારણાંના દિને ધર્મરાજ પ્રસન્ન થઈ અને સ્વયં બ્રાહ્મણના રૂપે અતિથિ બની શ્રવણો પાસે આવ્યા તથા બોલ્યા 'ભિક્ષા દેહી'. શ્રવણોએ પ્રસન્ન હૃદયથી ભિક્ષા આપી અને ધર્મરાજે બહુ ભાવપૂર્વક તે ભિક્ષા ગ્રહણ કરી તથા 'હું તમારા પર પ્રસન્ન થયો છું, વરદાન માગો.' આમ તે શ્રી અચ્યુતના પિતા એવા ધર્મદેવ સ્વયં બોલ્યા અને તે શ્રવણોએ દેવને કહ્યું કે 'હે પ્રભુ અમને જીવોના સુક્ષ્મ કર્મો જાણવાવાળા તથા સર્વ સત્વ બધું જ જાણવાવાળા કરો. અમે જીવોના દરેક કર્મો જાણી શકીએ એવી સિદ્ધિ અમને પ્રદાન કરો.' તથા દૂરનું શ્રવણ અને દર્શન અમે કરી શકીએ તથા જીવોના ગુપ્ત કર્મોને પણ અમે જાણી શકીએ અને અમે ઘણાં બધાં રૂપ ધારણ કરી શકીએ તથા બધા જ દેશોમાં વસનારા જીવોની વૃત્તિને અમે બહુસંખ્યક બની બધાંની શક્તિ અમે જાણી શકીએ અને કોઈ દિવસ કાંઈ ભૂલાય નહીં એવી સ્મરણશક્તિ શાશ્વત સ્મૃતિ અમને આપો.

આમ સાંભળી તે ધર્મરાજ બોલ્યા કે, તમે લોકોએ કામિકાનું વ્રત કર્યું હોવાથી બધી જ સિદ્ધિને તમે પ્રાપ્ત થયા છો વળી હું પણ તમને દરેક સિદ્ધિઓ આપી રહ્યો છું. તમે જે માગ્યું તે તમને જરૂરથી મળશે. ઈશ્વરની જેમ સર્વદા બધા જ જીવોનું વૃત્તિજન્ય બધું જ જ્ઞાન તમને થાય આમ હું આપ બધા શ્રવણોને વરદાન આપું છું. આમ ધર્મરાજ વર આપી અંતર્ધ્યાન થયા તથા ત્યારથી જ શ્રવણો બાર સંખ્યાવાળા હતા તેમાંથી અસંખ્યરૂપ ધારણ કરવાવાળા બન્યા તથા જીવોના કર્મને જાણનારા પણ બન્યા.

આમ તે શ્રવણો બધું જ જાણનાર બન્યા તથા યમપુરીમાં ચિત્રગુપ્તની આગળ બેસી મરણ પામેલા જીવોના કરેલા કર્મના વૃત્તાંત તથા પૂર્વકર્મનું લેખાજોખા બતાવનાર બન્યા. કામિકાનું વ્રત કરી તેઓ શ્રવણોની બધી જ ઈચ્છા પૂર્ણ થઈ. તેથી જ આ દરેક સિદ્ધિ આપનારું કામિકાનું વ્રત લોકોએ કરવું જોઈએ.

હે લક્ષ્મી ! હવે બીજી અન્ય કથા સાંભળો. પૂર્વે જેમ રતિની કથા થઈ હતી કે જ્યારે હિમાલયમાં શંકર ભગવાને કામદેવને બાળ્યા. ત્યારે કામપત્ની રતિ વિધવા બન્યા તથા અંતરથી તે વૈધવ્યની પીડાથી પીડાવવા લાગ્યા અને શંકર પ્રભુ પાસે જઈ તે પોકારવા લાગ્યા કે, હે નાથ ! મારી પર કૃપા કરો. પતિ વગર આ અમાંગલ્યતા મને દુઃખ આપે છે. તે અમાંગલ્યતા દૂર કરો પ્રભુ તથા હે શંભુ મારું કલ્યાણ કરો અને મારા પતિને સજીવન કરો. આમ સાંભળી શંભુએ તેણીને કહ્યું કે, 'તમે કામિકાનું વ્રત કરો.' તમારી અમાંગલ્યતા સદા માટે દૂર થશે તથા દેહ વગરના તમારા પતિ તમને જરૂરથી મળશે તથા તમારું વૈધવ્ય અને અમાંગલ્ય બધું જ ક્ષય પામશે તથા કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ન તમારા પતિ સ્વરૂપે દેહ ધાર કરશે તથા તમને સૌભાગ્યવતી બનાવશે.' આમ સાંભળી રતિએ આનંદપૂર્વક તે કામિકાનું વ્રત કર્યું તથા ભક્તિભાવપૂર્વક વિવિધ અને ઘણાં બધાં દાન કર્યાં તથા પારણાં સમયે શંભુ ભિક્ષુક બની આવ્યા અને સારી ભિક્ષા માટે આવેલાને રતિએ (પ્રભુને) ભિક્ષા અર્પણ કરી તે ભિક્ષા ખાય અને શંભુ બોલ્યા, 'વરદાન માગો, હું આપીશ.' કામિકાના વ્રતથી હું સ્વયં શંકર તમારા પર પ્રસન્ન થયો છું.' આમ સાંભળી રતિ બોલ્યા કે 'મને મારા કામદેવ પતિ સ્વરૂપે આપો.' ત્યારે શંકર પ્રભુ 'તથાસ્તુ' કહી અદૃશ્ય થયા અને રતિએ પતિને પ્રાપ્ત કર્યાં તથા દરેક સ્થળે તે રતિયુક્ત બન્યા તથા દરેક જીવોમાં, યોનિઓમાં બંને રતિ તથા કામ મૈથુનરૂપ બન્યા તથા જ્યારે કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્ન થયા ત્યારે રતિ વ્રતના પ્રભાવથી સૌભાગ્યવતી બન્યા તથા સંપૂર્ણ બ્રહ્માંડના પ્રાણીઓમાં બંને વ્યાપ્ત થયા અને શાશ્વત સિદ્ધિ પ્રાપ્ત કરી.

આમ આ કામિકાનું વ્રત દરેક કામના, સંકલ્પો, સિદ્ધિઓ તથા બધી જ સમૃદ્ધિ આપનારું છે. આ વ્રત દુઃખોનો નાશ કરનાર, સ્વર્ગ, મોક્ષ બધા યજ્ઞોનું ફળ તથા યોગ સિદ્ધિ આપનારું છે તથા આ વ્રત લોકોને જીવોને નષ્ટ વસ્તુ આપનારું, કામ આપનારું, પતિ આપનારું તથા પત્ની આપનારું છે, દુઃખનો નાશ કરનારું, કામભોગનું સુખ આપનારું, વિઘ્નનો નાશ કરનારું, ઈચ્છાપૂર્ણ કરનારું પણ છે તથા નર અને નારીની દરેક ઈચ્છા પૂર્ણ કરનારું છે.

હે લક્ષ્મી ! આ વ્રત અવૈધવ્ય કરનારું તથા રતિશક્તિ અને કામશક્તિ અને સિદ્ધિ આપનારું છે. વળી ઈચ્છીત ફળ આપનારું પણ છે. તેથી જ આ વ્રત કરવું. નિષ્કામભાવથી આ વ્રત કરવાથી વૈકુંઠ મળે છે તથા પુણ્યનું પાત્ર પણ આ વ્રત જ છે. આ વ્રત કથાના શ્રવણથી પણ લાખ અશ્વમેધ યજ્ઞોનું પુણ્ય મળે છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "શ્રાવણ માસના કૃષ્ણપક્ષમાં આવતી કામિકા એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા શ્રવણ નામના પિતૃઓને સર્વસિદ્ધિની પ્રાપ્તિ અને રતિને કામદેવની પતિરૂપે પુન:પ્રાપ્તિનું નિરૂપણ" નામનો બસો ચોપ્પનમો અધ્યાય ॥ ૨૫૪ ॥

પુત્રદા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા – હે કૃષ્ણ ! આપ જ બધી ઈચ્છા સુખને આપનારા છો. હે હરિ, નારાયણ ! આપ જ સ્વયં ફળદાતા, સુખદાતા તથા વ્રત પૂર્ણ કરનારા છો. શ્રદ્ધા જ પુણ્ય આપે છે, તે શ્રીહરિ સદા શ્રદ્ધામાં સ્થિત છે. ભાવના સહિત વ્રત કરવાથી વિષ્ણુ સદા ફળે જ છે. તે મોક્ષ આપનારા માધવ સાધનમાં સદાય વસે છે. સાધનો વડે પણ જો મનોરથ સિદ્ધ ન થાય તો તે વ્યક્તિએ સદા વિષ્ણુનું આરાધન કરવું કે જે વિષ્ણુ સાક્ષાત્ લક્ષ્મી તથા રમાના સ્વામી છે.

હે સ્વામી ! પાર્વતીના પણ પૂજ્ય આપ માણકીના અસવાર છો તથા હે મત્સ્ય અને સ્વસ્તિકના ચિન્હને ધારણ કરનાર પ્રભુ આપ મારી પર કૃપા કરી મને કહો કે- શ્રાવણ શુકલપક્ષમાં આવનારી એકાદશીનું નામ, દેવ, વિધિ, ફળ શું-શું છે ? તે બધું આપ મને જણાવો.

શ્રી નારાયણ બોલ્યા – આ એકાદશીના દિવસે શ્રીધર અને કાન્તિમયા દેવીની પૂજા કરવી તથા આ એકાદશીનું નામ 'પુત્રદા' છે. કમળ દ્વારા પૂજા તથા માલપૂવાનો ભોગ ધરાવવો તથા અર્ઘ્યમાં સીતાફળ પ્રભુને અર્પણ કરવું તથા પાદુકાઓ અર્પણ કરવી. દાનમાં 'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા' ગ્રંથનું દાન કરવું તથા આ ગ્રંથની ભુક્તિમુક્તિ આપનારી કથાઓ સાંભળવી અને સંભળાવવી. વ્રતીએ દશમીના દિને એક જ સમયે જમી, બ્રહ્મચર્ય પાળી તથા ભૂમિશયન કરી વ્રત આરંભવું.

પ્રાતઃકાળે સ્નાન કરી નિત્યકર્મ પૂર્ણ કરી મંડપ બાંધી તેની નીચે સર્વતોભદ્રમંડળ કરવું તથા મંડળ વચ્ચે સોનાનો ઘડો કે જેમાં પાંચ રત્નો, પાંચ પાંદડા, જળ, સોપારી, અક્ષત, ચંદન વગેરે પધરાવી વસ્ત્ર લપેટવું તથા તે કળશ સ્થાપી ઉપર તલ ભરેલી થાળી મૂકી તેમાં શ્રીધર સહીત દેવીઓની સ્થાપના કરવી તથા ભાવપૂર્વક પૂજા કરી ષોડ્શોપચાર પૂજન કરવું તેમજ આવાહ્નાદિ ક્રમ વડે પંચામૃતથી અભિષેક કરવો. ત્યારબાદ પ્રભુને વસ્ત્રાલંકાર, શ્રૃંગાર, ચંદન, અત્તર, કાજળ, ફૂલહાર, ચોખા, ફળ, તાંબુલ, ભોજન વગેરે અર્પણ કરવું. ત્યારબાદ આરતી, સ્તુતિ, દંડવત્, પ્રદક્ષિણા દીપ વગેરે અર્પણ કરી હરિને નિર્વિઘ્નતાથી વ્રત પૂર્ણ કરવાની પ્રાર્થના કરવી. બપોરે ભોજન, ફળ, જળ તથા તાંબુલ અર્પણ કરી સાંજે દૂધપાક, પૂરી તથા શાક અર્પણ કરવા.

રાત્રે કથા, કિર્તન, નૃત્ય વગેરે કરતાં-કરતાં જાગરણ કરવું તથા બારસે પ્રાતઃકાળે સ્નાન કરી પૂજા કરી વિવિધ દાન આપવા. દાન યથાશક્તિ યથાદ્રવ્ય અનુસાર કરવા તથા સાધુઓ, બ્રાહ્મણો, સાધ્વીઓ, બાળકો, બાળકીઓને જમાડવા. પછી સ્વજનોને જમાડી જાતે પારણાં કરવા. આમ કરવાથી ઈચ્છીત પુણ્ય તથા ભુક્તિ-મુક્તિ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે વ્રત કરવાથી વ્રતીને ધન, ધાન્ય, ખેતર, પુત્ર, પત્ની, બગીચો, ઘર, આરોગ્ય, કીર્તિ વગેરે પ્રાપ્ત થાય છે.

હે લક્ષ્મી ! હવે આ દિવ્ય કથા સાંભળો. પૂર્વે સત્યુગમાં ચંદ્રના પૌત્ર પુરૂરવા નામે રાજા થયા હતા. તે બુધના પુત્ર હતા તથા પોતાના રાજ્યનું પાલન કરતાં હતા. તે પુરૂરવા નર્મદાતીરે શ્રીપુરમાં વસતા હતા. તે રાજાના ગુણો દેવોના મુખેથી સાંભળી સ્વર્ગની અપ્સરા ઉર્વશી પુરૂરવાની પત્ની થવા માટે ધરતી પર આવી ઉપસ્થિત થઈ. ઘણાં સમય સુધી બંને સાથે રહેવા છતાં કોઈ સંતાન તે બંનેને થતા ન હતા. આમ પુત્ર વગરનું રાજ્ય તે પુરૂરવાને દુઃખ સમાન લાગતું હતું.

પુત્રહીન રાજાને આ લોક કે પરલોકમાં પણ સુખ મળતું નથી. આમ વિચારતા વિચારતા ઘણો સમય વ્યતીત થઈ ગયો. પુત્ર પ્રાપ્તી ન થવાથી સુખ પણ તે રાજાને દુઃખ સમાન જ લાગતું હતું. તેથી પોતાના રાજ્યના

વિદ્વાનો, પંડિતોને બોલાવી અને કહ્યું કે - 'હે બ્રાહ્મણો ! આ જન્મમાં મેં કોઈ પાપ નથી કર્યું, તથા બીજાનું ધન પણ મેં મારા ખજાનામાં જમા નથી કર્યું. બ્રાહ્મણોનું કે વિધવાઓનું દ્રવ્ય પણ મેં કદી લીધું નથી પણ તેઓને આપ્યું છે. વળી મારી પ્રજાને પુત્રની જેમ સાચવી છે તથા ધર્મથી રક્ષા કરી છે. યુદ્ધ કરી દુષ્ટોને દંડ આપી મેં પૃથ્વીને જીતી છે તથા મેં કદી અન્યાય નથી કર્યો અને પૂજ્ય લોકો તથા વૃદ્ધોનો સદા આદર કર્યો છે. મેં કદી ન્યાય માર્ગે ચાલનારને અવરોધીત નથી કર્યા તથા બધા જ દેવતાઓને મેં પૂજ્યા છે.

બ્રાહ્મણો, સાધુઓ, ગાયો, સાધ્વીઓ તથા ગરીબ લોકોને સદા પૂજ્ય ગણીને પૂજ્યા છે. દાન, જ્ઞાન, યજ્ઞ વગેરે પ્રસંગો અનુસાર કર્યું છે. છતાં પણ મારા ઘેર પુત્રનો જન્મ શા માટે નથી થતો. માટે હું ચિંતાતુર છું. આમ રાજાના વચનો સાંભળી વડીલો, પુરોહિતો તથા બ્રાહ્મણો એ બધા રાજાનું હિત કરવા 'લોમશ' ઋષિ પાસે ગયા. કલ્પો પણ જેના માટે એક ક્ષણના અડધા ભાગની જેમ વિતે છે. તેથી તે ઋષિ લોમશ નામથી પ્રસિદ્ધ હતા વળી રૂઢીઓ જાણનારા હતા. તે ઋષિ તપ કરવા માટે આહાર પણ ન લેતા હતા. વળી તે શાંત સ્વભાવી તથા સુધર્મતત્વજ્ઞ અને શાસ્ત્રો, વેદોના જાણકાર પણ હતા.

લોમશ ઋષિ દીર્ઘાયુ તથા ત્રિકાળજ્ઞાની તથા જટાજુટધારી હતા. આવા મહાત્મા ઋષિને જોઈ બધા બ્રાહ્મણો પોતાને બડભાગી માનવા લાગ્યા. તે બ્રહ્માત્મ મુનિને નમસ્કાર કરી બધાં બ્રાહ્મણો હર્ષિત બન્યા અને ઋષિ આગળ ઊભા રહી ગયા. આમ બધાને જોઈ તે લોમશ મુનિ બોલ્યા- 'હે બ્રાહ્મણો ! તમે શા માટે અને ક્યા હેતુથી આવ્યા છો ? મારાથી જે કંઈ પણ થોડું ઘણું સાધ્ય કે અસાધ્ય, લભ્ય કે દુર્લભ જે કઈ પણ થશે તે હું અવશ્ય કરીશ. કોઈ પણ સંશય રાખ્યા વગર આપ સર્વે મને કહો. હું જરૂરથી તમારું ધાર્યું કાર્ય કરીશ.

બ્રાહ્મણોના વાક્યો તો વેદ સમાન હોય છે, વળી પરમેશ્વરના વચનો સમાન હોય છે તેથી તે બ્રાહ્મણોના વચનો તો પાળવા જ જોઈએ જેથી સંપૂર્ણ જીવનનું ફળ મળે. તપસ્વીઓનો જન્મ તો પરોપકાર માટે જ થાય

છે. તેમાં કોઈ શંકા નથી. તેથી હું તમારી સેવા કરી મારો જન્મ સફળ કરીશ. આમ કહી તે ઋષિએ બધાનો આતિથ્ય સત્કાર કર્યો તથા બધાને ફળ અને જળ, આસન વગેરે આપ્યા. ત્યારબાદ આવેલા બ્રાહ્મણો બોલ્યા - 'હે પ્રભુ અમારા હૃદયની વાણી સાંભળો. અમે લોકો નિશ્ચિત જ સ્વાર્થ માટે આપની પાસે આવ્યા છીએ. સંતોના દર્શન કરવાથી પૂર્વ જન્મનાં પાપો ભસ્મીભૂત થઈ જાય છે તો હે પ્રભુ તમારા પગની સેવાર્થે અમે આવ્યા છીએ. પ્રભુ નારાયણ સિવાય તમારા માટે શ્રેષ્ઠ બીજું કોઈ નથી. આપ બહુ જ્ઞાની, દીર્ઘાયુ તથા ભૂત, ભવિષ્ય, વર્તમાન પણ તપોબળથી જાણનારા છો.

હે મુનિરાજ ! આપ તપોબળ દ્વારા સર્વસ્વ આપવા સમર્થ છો. પરંતુ અત્યારે પુરૂરવા નામના રાજા પુત્રહીન છે તથા તે રાજાએ બ્રાહ્મણો તથા પ્રજાને પોતાના સંતાનની જેમ માની પાલન કર્યું છે. હવે અમે તે રાજાને પુત્રહીન જોઈ દુઃખી થયા છીએ માટે તે દુઃખ દૂર કરવાની આશાથી અમો આપની પાસે, આપના ચરણોમાં, આપની છાયામાં આવ્યા છીએ. તેથી હે તપોધન અમે તમારી પાસે આવ્યા છીએ. આપ દિવ્ય દૃષ્ટિ વડે જાણી જે કંઈ હોય તે તથા તેનો ઉપાય અમોને કહો. જેથી લોકોનું તથા રાજાનું કલ્યાણ થાય.

આમ તે બ્રાહ્મણોના વચન સાંભળી ધ્યાનમાં સ્થિત થઈ લોમશ મુનિ બોલ્યા કે, તે પુરૂરવા રાજા પૂર્વજન્મમાં વર્ધમાન નામનો વણિક શેઠ હતો તથા તે વાણિજ્ય વેપાર કરતો અને તે અત્યંત લોભી હતો તથા વેપાર માટે ગામે ગામ ફરતો રહેતો. આમ તે જેઠ માસના શુકલપક્ષે દશમીના દિવસે બપોરે તડકાથી ત્રસ્ત થઈ ગામની સીમાએ જળાશય હતું ત્યાં ગયો. તે સૂકાયેલા જળાશયમાં માત્ર એક જ ખાડો હતો. ત્યાં જઈ તે ક્ષણવાર બેઠો તથા હાથ, પગ, ધોયા અને તે વખતે જ વાછરડી સહિત એક ગાય તરસથી વ્યાકૂળ બની ત્યાં આવી. તે ગાય અને વાછરડી તડકાથી પિડીત તથા ભયયુક્ત હતી તથા ઝડપથી તે પાણી પીવાની ઈચ્છાવાળી ખાડા પાસે આવી ત્યારે તેને તે વણિકે હાંકી કાઢી. તે ખાડાના પાણીમાં તે વણિક ન્હાયો, પાણી પીધું, વસ્ત્ર ધોયા તથા લાંબા સમય સુધી ત્યાં જ સ્થિત રહી ગાયને પાણી પીવા

ન આપ્યું. તે ગાય પણ વાછરડી સહિત ત્યાં લાંબા સમયથી પાણીની પ્રતિક્ષા કરતી ઊભી રહી તો પણ તે વણિક થોડીવાર માટે પણ ત્યાંથી ખસ્યો નહીં.

વાછરડી પોતાની માતાને કહેવા લાગી, 'મારા પ્રાણ તરસને કારણે ચાલ્યા જાય છે. આ વણિક ક્યારે દૂર જશે ? ગાય માતાએ ત્યારે વાછરડીને કહ્યું કે, થોડીવાર સુધી તું ધીરજ રાખ આ હમણાં ચાલ્યો જશે પછી હું તને પાણી પીવા ત્યાં ખાડા સુધી લઈ જઈશ. તો પણ તે વણિક ત્યાંથી ખસ્યો નહીં અને વાછરડીનું ગળું સુકાઈ ગયું અને તે ઢળી પડી. ત્યારે ગાય બોલી, 'અરે પાપી દુષ્ટ, તું અહીંથી ખસતો શા માટે નથી. મારી દિકરીના પ્રાણ જઈ રહ્યા છે. આમ તે બળપૂર્વક પોતાની વાછરડીને જળ પીવડાવવા ખાડા પાસે લઈ ગઈ પરંતુ તે વણિકે તેને ત્યાં સુધી ન પહોંચવા દીધીને તેને મારવા લાગ્યો. ત્યારે તે ગાયે શાપ આપ્યો, 'અરે વણિક તું કારણ વગર જ અમને મારી રહ્યો છે, જા તું સદા વાંજિયો જ રહીશ. તું જન્મ-જન્માંતર સુધી વાંજિયો જ રહીશ તથા પત્નીના વિરહમાં જંગલોમાં ભટક્યા કરીશ.'

આમ શાપ આપી તે ગાયે શિંગડા તથા પાટા વડે તેને માર માર્યો તથા તે વણિકને દૂર કરી પોતાની વાછરડીને શાંતિથી જળ પીવડાવવા લાગી. આમ વાછરડીને જળ પીવડાવી અને ગાય તથા વાછરડી ચાલ્યા ગયા તથા વણિક પણ ચાલ્યો ગયો. ગાયના મારની પીડાથી તે પોતાના ગામમાં આવ્યો અને મરણ પામ્યો. મૃત્યુ પૂર્વે પોતાનું ધન યજ્ઞ માટે અર્પણ કર્યું હોવાથી તે વણિક બીજા જન્મમાં પ્રતાપી પુરૂરવા રાજા બન્યો તથા તે ગાયના શાપથી આ રાજા પુત્રહીન થયો છે.

આમ શાપના કારણે આ રાજાને જન્મ-જન્માંતર સુધી પુત્ર નહીં થાય તથા સમય પસાર થતા પત્નીનો વિયોગ પણ આ રાજાને થશે. આમ સાંભળી બ્રાહ્મણો બોલ્યા કે, 'પાપનો ક્ષય પુણ્યથી થાય છે. તેથી આપની કૃપાથી શાપનું નિવારણ પણ થઈ શકે છે. તમારા માટે હે મુનિ ! કંઈ જ અસાધ્ય નથી માટે રાજાને પુત્રવાન બનાવો. દરેક પુણ્યકર્મ કરવા રાજા જરૂરથી તૈયાર થશે. ત્યારે વિચારી લોમશમુનિએ બધાને કહ્યું કે, 'એક વ્રત છે, તે રાજાએ કરવું પડશે. શ્રાવણના શુકલપક્ષની પુત્રદા એકાદશીનું વ્રત

રાજા-રાણી કરે તથા હે બ્રાહ્મણો આપ સર્વ પણ આ વ્રત કરો.

પુત્રદાના દિવસે પ્રાતઃકાળે લાખ ગાયોનું દાન રાજાએ કરવું જેથી રાજાને પુત્ર થશે. આમ આ એક વ્રત કરી લાખ ગાયોનું દાન કરવાથી રાજાને ત્યાં બે પુત્રો થશે. આ મારું વચન છે. આમ આજ્ઞા લઈ બ્રાહ્મણો શ્રીનગરે ગયા તથા વિધિવત્ રાજા સહિત બ્રાહ્મણોએ આ વ્રત, જાગરણ કર્યું તથા લાખ ગાયોનું દાન સત્પાત્રોને કર્યું કે જેથી રાણીએ તરત જ ગર્ભધારણ કર્યો. પરંતુ જેમ પૂર્વે પતિ માટે સ્વર્ગથી પાછી આવી હતી તે ઉર્વશી લાંબાકાળ સુધી રાજા પાસે રહેવાની ન હતી.

જો રાજાને નગ્ન જુએ તો તે ઉર્વશી ફરી સ્વર્ગે સીધાવશે. આવા વચનોથી બંધાયેલી તે ઉર્વશીએ તે રાત્રીએ રાજાને નિર્વસ્ત્ર જોઈ લીધા. તેથી તે ઉર્વશી વનમાં ચાલી ગઈ અને પુરૂરવા પણ તેની પાછળ ગયો. આમ જંગલમાં તે અગ્નિ સ્વરૂપીણી બની ગઈ તથા અગ્નિ સાથે જ પ્રસુતિ થઈ ગઈ. તેથી આ એકાદશીના વ્રતને કારણે તે રાજાને અગ્નિપુત્રો થયા. આમ રાજાએ છ વાર પુત્રદા એકાદશીનું વ્રત તથા એક લાખ ગાયોનું દાન દરેક વ્રતે કર્યું. તેથી ઉર્વશીના ગર્ભથી છ પુત્રો તે રાજાને થયા. આયુ, શ્રુતાયુ, સત્યાયુ, રય, વિજય તથા જય આ છ પુત્રો થયા. તે છના પુત્રો, પ્રપૌત્રો બધા જ વંશનું વર્ધન કરનારા થયા. આમ અગ્નિથી પ્રજા પ્રાપ્ત કરી રાજા ગંધર્વલોકને પ્રાપ્ત થયા તથા અનેક ભોગો ભોગવી દેહ ત્યાગી અંતે ચતુર્ભુજ વિષ્ણુના લોકમાં જઈ પ્રભુમય બની ગયા.

હે લક્ષ્મી ! સાંભળો. જો સુવર્ણના આભૂષણ કે રાજ્યની ઈચ્છા હોય તો આ ઉત્તમ વ્રતનું આચરણ કરવું તથા ગોદાન કરવું. શ્રાવણના શુકલપક્ષમાં સૂર્ય જ્યારે કર્ક રાશીમાં પ્રવેશે ત્યાર પછી બારસે પારણાં કરવા. તથા આ દિવસે દોરા, સોના, રૂપા, ચાંદી, ત્રાંબા, કાંસ્ય વસ્ત્ર, કુશ, કપાસ, શળ વગેરેનાં તાંતણાથી એક સુંદર દોરો બનાવવો અને તે શ્રીહરિને અર્પણ કરવો જેથી સુવર્ણદાન સમાન પુણ્ય મળે છે. એકાદશીની રાત્રે જાગરણ કરવું. તે પ્રભુને અર્પણ કરેલો દોરો ગુરુ કે બ્રાહ્મણને અર્પણ કરવો જેથી વ્રતી પવિત્ર બને છે. આમ દરેક પુત્રદા એકાદશીએ સોના, રૂપા, વસ્ત્ર,

અલંકાર વગેરે દાન કરવું જોઈએ. આમ તે સુંદર દોરો શ્રીહરિને અર્પણ કરવાથી વ્રતી ધનાઢ્ય બને છે અને ભુક્તિ-મુક્તિ પ્રાપ્ત કરે છે. જે આ દિવસે દોરાનું દાન નથી કરતો તેની આખા વર્ષની પૂજા નિષ્ફળ જાય છે.

આ વ્રત બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, નર, નારી, હરિભક્તો બધાને પાવન કરનારું છે તેથી આ વ્રત બધાએ કરવું જોઈએ. આ પુત્રદાનું વ્રત, કથા તથા માહાત્મ્ય સાંભળવાથી પાપમુક્ત થવાય છે તથા સ્વર્ગ, મોક્ષ, પુત્ર પ્રાપ્તી થાય છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "શ્રાવણ માસના શુક્લપક્ષમાં આવતી પુત્રદા એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા પૂર્વભવમાં ગાયના અપરાધી વણિકનો પુરૂરવા અવતાર તથા પુત્રદાનું વ્રત કરવાથી ઊર્વશી દ્વારા પુત્રલાભ અને પવિત્રારોપણ આદિ નામનો બસો પંચાવનમો અધ્યાય ॥ ૨૫૫ ॥

અજા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા - ''જે નારાયણનું નામ લેવા માત્રથી લોકોના જન્મ-સંસારના બંધનોનો નાશ થાય છે તેવા શ્રી નારાયણને મારા વંદન છે. જે સ્વયં કર્તા-હર્તા અને કાર્યના પ્રેરક છે તથા સર્વના સ્વામિ છે, તથા જે પુત્ર, સુખ તેમજ શાંતિ પ્રદાન કરનારા છે તેવા મારા સ્વામિ શ્રીહરિને મારા વંદન છે. હે નારાયણ ! હે શ્રીહરિ ! હે કૃષ્ણ ! તથા હે લક્ષ્મીના નાથ ! હે રમા, માણકી, પ્રભા તથા પાર્વતી સ્વરૂપા વિવિધ લક્ષ્મીઓના સ્વામિ આપને મારા નમસ્કાર છે.

હે પ્રભુ ! તમારા મુખેથી જે કથાનો લાભ પ્રાપ્ત થઈ રહ્યો છે તેનાથી મને તૃપ્તિ જ નથી થતી. તેથી હે દેવ હવે આપ મને ભાદરવા માસની કૃષ્ણપક્ષી એકાદશીનું નામ શું છે તે કહો તથા હે પ્રભુ ! આ દિવસે કયા દેવનું પૂજન કરવું ? તથા કયું ફળ અપર્ણ કરવું ? તેમજ શાનું દાન આપવું ? અને કયા પુષ્પો અર્પણ કરવા ? વળી આ વ્રતની શું વિધિ છે ? તે સઘળું જ આપ મને વિસ્તારપૂવર્ક કહો.''

શ્રી નારાયણ બોલ્યા - ''હે દેવી લક્ષ્મી ! હું તમોને ભાદરવા માસનાં કૃષ્ણપક્ષમાં આવતી ''અજા'' નામની પાપોનો નાશ કરનારી એકાદશીની કથા કહીશ. જે આપ એકચિતે સાંભળો.''

આ દિવસે સુંદરીદેવીની સાથે તેમના દેવ શ્રી જનાર્દન પ્રભુના સ્વરૂપની પૂજા કરવી તથા ગુલાબના પુષ્પો પ્રભુને ચડાવવા તેમજ અર્ધ્ય સહિત સોપારી ફળ સ્વરૂપે પ્રભુને અર્પણ કરવી તથા આ દિવસે ભેંસનું દાન કરવું જોઈએ

તથા પ્રભુને નૈવેદ્યમાં ગોળના લાડુ ધરાવવા જોઈએ. આમ જે સમયે જે પરિસ્થિતિ અનુરૂપ જે મળે તેનાથી પ્રભુનું વિશેષ પૂજન કરવું. તથા પૂજાવિધિ સંપન્ન કરવી. આ વ્રત કરનારે દશમીના દિવસે એક જ સમયે જમી અને જમીન પર જ ઊંઘવું તથા બ્રહ્મચર્યવ્રત પાળવું. બીજા દિવસે એકાદશીએ બ્રહ્મમુહૂર્તમાં ઊઠી શ્રી નારાયણ જનાર્દન પ્રભુનું ધ્યાન કરવું તથા સ્નાન કરી નિત્યકર્મ પૂર્ણ કરી પ્રભુનું ષોડશોપચાર વડે પૂજન કરવું. ત્યારબાદ વ્રતીએ એક ઘણાબધાં સ્તંભોથી સુશોભીત એવો સુંદર મંડપ બનાવવો તથા તે મંડપની વચ્ચે સર્વતોભદ્રમંડળ કરવું અને તે મંડળની મધ્યમાં પંચરત્નોથી યુક્ત જળથી પરિપૂર્ણ તેમજ વસ્ત્ર, ફળ, પાંદડાં, જનોઈ, ચંદન તથા ચોખાથી યુક્ત સોનાનો કળશ સ્થાપવો, અને તે કળશની બાજુમાં ઘંટ તથા શંખની વિધિવત્ મંત્રો વડે પૂજા કરી અને તલ ભરેલી થાળી તે કળશ પર મૂકવી. ત્યારબાદ તે થાળીમાં પ્રભુ શ્રી જનાર્દન અને શ્રીસુંદરીકા દેવીની સોનાની મૂર્તિ સ્થાપવી. સાથે-સાથે અજા એકાદશી દેવીની પણ સોના કે ચાંદીની મૂર્તિ સ્થાપવી અને આવાહન આદિના ક્રમથી પંચામૃત, ભીના ચંદન વગેરેથી દેવને ચોળવા. તેમજ તીર્થજળ દ્વારા સ્નાન કરાવવું અને પછી ક્રમપૂર્વક વસ્ત્ર, અલંકાર, આભૂષણ, સુગંધિત અત્તર, ધૂપ, દીપ, કંકુ, અગર, કસ્તૂરી, તેલ વગેરે સુગંધિ દ્રવ્યો વડે પ્રભુનું પૂજન કરવું. ત્યારબાદ કાજળ, અબીલ, હળદર વગેરે સૌભાગ્ય દ્રવ્યો અર્પણ કરવા તથા લાકડી, ચાખડી, છત્ર, ચામર, યાન, વાહન વગેરે પ્રભુને ધરાવવા અને આરતી, સ્તુતિ, નમન, દંડવત્ પ્રણામ વગેરે દ્વારા શ્રીહરિને સંતુષ્ટ કરવા. પછી પુષ્પાંજલિ અર્પણ કરી અને જળ, તાંબૂલ, એલચી, લવિંગ વગેરે પદાર્થો પ્રભુને ધરાવવા અને ભાવપૂર્વક ક્ષમા-પ્રાર્થના કરવી.

ત્યારબાદ દેવને શયન માટે સોનાની કોમળપાથરણા યુક્ત શય્યા અર્પણ કરવી. તથા દર્પણ, ઓશિકું, વિંઝણો વગેરે પણ અર્પણ કરવા. આમ સુંદર રીતે પૂજન-ઉપચાર કરી વ્રતીએ વ્રતની પૂર્ણતા માટે શ્રી ગોવિંદને પ્રાર્થના કરવી કે ''હે પ્રભુ ! હે કૃષ્ણ ! આ અજા એકાદશી વ્રતને નિર્વિઘ્નપણે પરિપૂર્ણ બનાવવાની કૃપા કરજો.'' આમ પ્રાર્થના કર્યા બાદ વિવિધ પ્રકારના દાન કરવા જેવા કે સુવર્ણદાન, ગૌદાન, ભેંસનું દાન, રત્નદાન વગેરે. અને પછી

બપોરે પણ શ્રીકૃષ્ણનું શ્રીહરિનું પૂજન કરી નૈવેદ્ય અર્પણ કરવું, ભોજન ધરાવવા. ભોજનમાં મેસુબ, મોહનથાળ, મોતીચુરના લાડુ, માલપૂવા, પુડલા, પોળી, મીઠી પોળી, પુરીઓ, ફૂલવડી, રાજગરાનો શિરો, સ્વાદયુક્ત વિવિધ પ્રકારના શાક, રાયતા, સાબુદાણાની વાનગીઓ, મીષ્ટ પદાર્થો આ સઘળું પ્રભુને અર્પણ કરવું. તથા ત્યારબાદ ફળો ધરાવવા અને જળ તથા મુખવાસ વગેરે અર્પણ કરી અને સાંજે વ્રતીએ સારી રીતે પ્રભુનું અર્ચન કરવું. તેમજ વૃક્ષની ડાળીએ સુંદર ઝુલો બાંધવો અને શ્રીહરિને ઝુલાવવા. તથા રાત્રે પ્રભુને પીવા માટે ઘણુંબધું દૂધ અર્પણ કરવું. ત્યારબાદ પ્રભુની આરતી કરવી. તેમજ અન્ય અપેક્ષિત બધી જ વસ્તુઓ, ઉપચારો શ્રીહરિને અર્પણ કરવા. તથા આખી રાત ગાન, નૃત્ય, વાંચન, કીર્તન, હરિકથા શ્રવણ આદી કરતાં-કરતાં જાગરણ કરવું અને બારસના દિવસે બ્રહ્મમુહૂર્તમાં સ્નાન કરી શ્રી જનાર્દનનું પૂજન કરી તથા ભોજન અર્પણ કરી વિવિધ દાનો આપવા. ત્યારબાદ આવેલા તમામ આશ્રિતલોકોને બ્રાહ્મણોઓને તથા બાળકોને મિષ્ટાન્ન સહિત જમાડી વ્રતીએ પોતે પારણાં કરવા. આમ આ પ્રકારે વ્રત કરવાથી વ્રતીની બધી જ કામના પૂર્ણ થાય છે તથા સ્વર્ગ, મોક્ષ તથા સામ્રાજ્ય જે કંઈ પણ વ્રતી ઈચ્છે છે તે તેને મળે છે.

હે લક્ષ્મી ! જે કોઈપણ માનવ આ પ્રમાણે વ્રત કરે છે તે બધા જ પાપમાંથી મુક્ત થઈ અને નિશ્ચિત જ સ્વર્ગમાં જાય છે.

હે લક્ષ્મી ! હવે તમે આ વ્રતથી જોડાયેલી અને દુ:ખનો નાશ કરનારી રાજા હરિશચંદ્ર તથા તેમના પત્નિ અને પુત્રની કથા સાંભળો.

પૂર્વકાળમાં સત્યુગમાં સત્યવાદી એવા હરિશચંદ્ર નામના સાકેતપુરના રાજા થયા હતા. તે રાજા સરયુ નદીના તીરે વસેલી પાંચ યોજનમાં વિસ્તૃત સાકેતનગરીનું શાસન ચલાવતા હતા, તથા પોતાની પ્રજાનું રક્ષણ પણ કરતા હતા. તે રાજા ચક્રવર્તી, સત્યવાન અને સમસ્ત પૃથ્વીના અધિપતિ હતા, તેમજ તે રાજા અતિથીઓને ખૂબ જ માન આપતા તથા તે જે માગે, જે ઈચ્છે તે તેને આપતા. કોઈપણ માંગવાવાળો તે રાજાના ઘરેથી સત્કાર પામ્યા વગર ન જતો. માગનાર જે-જે માગે તે-તે બધું જ રાજા તેને અવશ્ય આપતા. તેમજ

હરિશચંદ્રના ભવનમાં બ્રાહ્મણો મિષ્ટાન્ન તથા ભિક્ષા દ્વારા ક્ષત્રિયો બહુમાન દ્વારા, વૈશ્યો સહાયતાના લાભો દ્વારા અને શૂદ્રો શ્રમમાંથી આજીવિકા દ્વારા સંતોષ પામતા હતા. વળી દેવો યજ્ઞના હવિ દ્વારા, ઋષિઓ આતિથ્ય દ્વારા, મુનિઓ બ્રહ્મભક્તિ દ્વારા તથા કામનાવાળા લોકો પોતાની ઈચ્છીત કામના દ્વારા સંતોષ પામતા હતા. આ ઉપરાંત સ્ત્રીઓ પોતાની વૃત્તિપાલન વગેરે દ્વારા, બાળકો વિદ્યા આદિના મનોરંન દ્વારા સંતોષ, પૂજન પામતા હતા. આમ અન્ય લોકો પણ પોત-પોતાની ઈચ્છાનુસાર બધું જ સારી રીતે મેળવી રાજા હરિશચંદ્ર દ્વારા પૂજા-સત્કાર પામતા હતા. આમ દરેક પ્રકારે સુખી થઈ સંતોષ પામી પ્રજા પોત-પોતાના ઘરે જતી. તે રાજાના રાજ્યમાં કોઈપણ માણસ ધનહીન કે ભક્તિહીન ન હતો. તથા કોઈપણ માણસ પિતૃસેવા વગરનો કે સ્ત્રીઓ સાથે ઘૃણા કરનારો ન હતો. તેમજ હરિશચંદ્રના રાજ્યમાં વેદઘોષ, યજ્ઞ-હોમ, યાચકોને દાન, દરેક ધર્મોનું પાલન તથા હરિનામ રટણ આ પાંચેય ક્રિયાઓનો કદી વિરામ થતો ન હતો. આમ તે રાજાની કીર્તિ પોતાની ધાર્મિક વૃત્તિના કારણે દિક-દિગંતર સુધી વ્યાપ્ત થઈ ચૂકી હતી. વળી ત્રણેય લોકમાં સત્યનું પાલન કરનારો તથા સત્ય પર અડીગ રહેનારો તેના જેવો બીજો કોઈપણ ન હતો. તેથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા વિશ્વામિત્ર આદિ હરિશચંદ્ર ક્યાં સુધી સત્યને ત્યાગી નથી શકતો ? તેવી પરીક્ષા કરવા માટે આવ્યા. અને ત્યારે તે બધા બ્રાહ્મણરૂપ ધારીને આવેલા દેવોનું અને વિશ્વામિત્રનું હરિશચંદ્ર એ સ્વાગત, સમ્માન આદિ કર્યું, અને આતિથ્ય સેવા પણ કરી તથા તેઓની શી અપેક્ષા છે તે જણાવવા નિવેદન કર્યું.

ત્યારે વિશ્વામિત્રએ કહ્યું કે ''હે મહારાજ ! મને તમારું રાજ્ય જોઈએ છે. તે તમે મને આપો જેનાથી હું ઋણ વગરનો થાવ.'' ત્યારે રાજાએ જળની અંજલી ભરી અને ''તમે જેમ કહો તેમ થશે'' આમ કહી જળ છોડી અને રાજ્ય અર્પણ કરી દીધું. રાજ્યને ગ્રહણ કરી મુનિએ દક્ષિણા માટે અલગથી દ્રવ્ય માગ્યું, પરંતુ રાજા પાસે હવે દક્ષિણાની પૂર્તિ માટે અલગથી દ્રવ્ય ન હતું. ત્યારે તે રાજ્યભ્રષ્ટ થયેલા તથા દાસત્વને પ્રાપ્ત થયેલા રાજાએ પોતાના પત્નિ તથા પુત્રને વહેંચી દીધા અને પછી પોતાની જાતને પણ વહેંચી દીધી.

હવે તે પુણ્યનો ભાગી રાજા વિશ્વામિત્રનું દાસત્વ સ્વીકારી સત્યને વળગી રહી અને સ્મશાનમાં આવેલા મૃતકોનાં વસ્ત્રો ઉતારવાવાળો બન્યો. પણ તે પૂજ્ય રાજા સત્યના માર્ગ પરથી ખસ્યો નહીં. આમ તે રાજાએ સ્મશાનમાં ઘણાં વર્ષો વિતાવ્યા.

પોતાને આવેલું વેતન તો તે વિશ્વામિત્રને દક્ષિણાના ભાગરૂપે આપી દેતો તો પણ ઋષિને સંતોષ થાય તેવી પૂર્ણ દક્ષિણા તે આપી ન શકતો. આમ વસ્ત્ર, પાત્ર જે કંઈ પણ તેને સ્મશાનમાંથી મળતું તે બધું જ ઋષિની દક્ષિણા માટે તે આપી દેતો તથા સ્વયં પોતાની પૂર્તિ માટે તે દુઃખ જ મેળવતો હતો. આવી જ રીતે તે કર્મચારીનું દાસત્વ ગ્રહણ કરેલો રાજા પોતાની જીવિકાનું પણ દક્ષિણા માટે દાન કરી દેતો. આમ તેના દુઃખનો અંત જ આવતો ન હતો. તેથી તે ચિંતાયુક્ત બની વિચારવા લાગ્યો કે ''હું શું કરું ? ક્યાં જાવ ? કઈ રીત દુઃખોનો અંત થાય ? મારી પત્નિ વણિકના ઘરે દાસી છે, અને હું પણ સ્મશાનમાં વાસ કરું છું, તેમજ ચાંડાળનો સેવક બન્યો છું. ક્યાં રાજ્ય ? અને ક્યાં દાસત્વ ? ખરેખર આ માયાનું ચક્ર છે. તે છતાં પણ દુઃખનો નાશ થાય તેના માટે હું પ્રયત્ન કરું છું.''

આમ તે રાજા પોતાના દુઃખ સાગરમાં મગ્ન થઈ વિચાર કરતો હતો ત્યારે તે રાજાને આતુર જોઈને એક ઋષિ ત્યાં આવ્યા. તે ઋષિનું નામ ગૌતમ હતું તથા તે ઋષિ વૈષ્ણવ, ન્યાય શાસ્ત્રના પ્રવર્તક, કૃપાળુ તથા પરોપકારી હતા તેથી તે ઋષિએ રાજાને આશીર્વાદ આપ્યા કે ''તું સર્વથા સુખી થા.'' ત્યારે રાજાએ ઋષિને જોયા અને ઊભા થઈ બે હાથ જોડી તે બ્રાહ્મણઋષિને નમન કર્યા. અને ગૌતમઋષિને પોતાનું દુઃખયુક્ત વૃત્તાંત કહી સંભળાવ્યું. તેનું દુઃખસભર વ્યાખ્યાન સાંભળી ગૌતમઋષિ આશ્ચર્યચકીત બની ગયા. તથા તે રાજાને દુઃખનો નાશ કરનારા વ્રતનો ઉપદેશ આપતાં કહ્યું ''હે રાજન્ ! ભાદરવા માસના કૃષ્ણપક્ષમાં અતિપાવની એકાદશી આવે છે. જેનું નામ ''અજા એકાદશી'' છે. તથા તે એકાદશી દુઃખનો નાશ કરનારી પણ છે. તેથી જ હે રાજન્ ! તમે તે અજા એકાદશીનું વ્રત કરો જેનાથી તમારા દુઃખનો નાશ થશે. તથા તમારા પત્નિ પણ આ વ્રત કરી શકે છે, તેમજ તમારો પુત્ર પણ

એક સમય જમી અને આ વ્રત કરી શકે છે. અને તે બંને પણ સુખના ભાગી થઈ શકે છે.'' આમ ઉપદેશ આપ્યા બાદ મુનિ ત્યાંથી ચાલ્યા ગયા અને હરિશચંદ્રએ પોતાના પત્નિ તથા પુત્રને પણ આ અજા એકાદશીનું વ્રત કરવા કહ્યું.

ત્યારબાદ રાણીએ પણ પોતાના રહેઠાણ તરફ પ્રયાણ કર્યું. તથા પુત્ર પણ ત્યાંથી ચાલ્યો ગયો અને ત્રણેય લોકોએ યથાશક્તિ આ અજા એકાદશીનું વ્રત દિવસ-રાત કર્યું.

તથા આ વ્રત કર્યા બાદ રાજાના દુઃખનો તત્કાળ નાશ થયો તથા રાણી પણ દાસીત્વના દુઃખથી મુક્ત થઈ ગયા. વ્રતના પછીના દિવસે તેઓનો પુત્ર રોહિત મૃત્યુ પામ્યો હતો, તે પણ વ્રત કર્યાના પ્રભાવને કારણે જીવંત થયો. આમ જે દુઃખ તેઓએ ઘણાં વર્ષો સુધી ભોગવ્યું તેનો હવે ક્ષય થયો તથા રાજા તે અજાવ્રતના પ્રભાવથી સુખી બન્યા. અને પોતાની પત્નિનો સંગ પામ્યા. આટલું જ નહી પરંતુ પુત્રનું જીવન અને પુત્રસંગ પણ પામ્યા.

આમ દુઃખની પૂર્તિ થયા બાદ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા વિશ્વામિત્ર આદી પણ પોત-પોતાના પ્રત્યક્ષરૂપમાં હરિશચંદ્ર પાસે આવ્યા અને કહ્યું કે ''હે હરિશચંદ્ર તમારા સત્યની પરીક્ષા હવે પૂર્ણ થઈ.'' અને બધા જ દેવી-દેવતાઓ હરિશચંદ્રના તે સુખ ઉત્સવમાં ભાગી બનવા આવી પહોંચ્યા, તેમજ હરિશચંદ્રને આશીર્વાદ આપ્યા, ત્યારે સ્વર્ગમાં દુંદુભીઓ વાગવા લાગી તથા પુષ્પવૃષ્ટિ પણ થઈ.

આમ એકાદશીના પ્રભાવ દ્વારા પુત્ર તથા પત્નિ સહિત રાજા હરિશચંદ્રએ સર્વસ્વ સહિત અકંટક રાજ્ય પ્રાપ્ત કર્યું, અને ઘણાં બધાં વર્ષો સુધી તે અકંટક રાજ્યને ભોગી તથા હરિભક્તિ કર્યા બાદ તે રાજ્ય પોતાના પુત્રને સોંપી હરિશચંદ્ર પત્નિ સહિત વૈરાગી બન્યા. તથા હરિશચંદ્રને સ્વર્ગમાં પણ વસ્ત્રાભૂષણો સહિત એક નગર પણ પ્રાપ્ત થયું. તે નગર આદી સ્વર્ગના ભોગોને અનંતકાળ સુધી ભોગવી તે હરિશચંદ્ર સાકેતધામ સીધાવ્યા.

આમ હે લક્ષ્મી ! જે કોઈપણ માનવ આ વ્રત કરશે તે પાપમુક્ત બનશે તથા તેના સર્વ દુઃખોનો નાશ થશે. વળી સ્વર્ગ તથા મોક્ષ પણ તેને

પ્રાપ્ત થશે, અને તે મનુષ્ય પરમપદને પામશે. આ એકાદશીની કથાનું પઠન તથા શ્રવણ કરવાથી અશ્વમેધ યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે. તેથી જ આ વ્રત શ્રદ્ધાપૂર્વક કરવું અને આ વ્રતની કથાનું પણ શ્રવણ કરવું અને વ્રત નિમિત્તના દાનો, પૂજાઓ વગેરે પણ વિધિવત્ કરવા.

આ એકાદશીનું વ્રત કરનાર અન્યના પાપોને ધોનારા બને છે, તથા અન્ય લોકોને પણ સ્વર્ગ પ્રાપ્તિ કરાવનાર બને છે. તેમજ અન્ય લોકોને યમદૂતોના ભયમાંથી મુક્ત કરાવનાર પણ બને છે. તો પછી જો મનુષ્ય સ્વયં પોતે જ વ્રતકર્તા બને તો તે શા માટે ભુક્તિમુક્તિને ન મેળવી શકે ? અર્થાત્ અવશ્ય જ મેળવી શકે છે. તે વ્રતી સર્વપ્રકારે સમર્થ જ છે. આવું સ્વયં પ્રભુ શ્રી નારાયણ જ કહે છે. આ એકાદશીનું વ્રત કરનારને ફરી જન્મ જ નથી લેવો પડતો. તેથી જ આ એકાદશીને ''અજા એકાદશી''ના નામથી ઓળખવામાં આવી છે. તથા વ્રતી સદા મુક્તિ પામેલ જ બની રહે છે. તેથી પણ આ એકાદશીને ''અજા એકાદશી'' તરીકે ઓળખવામાં આવે છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા ''ભાદરવા માસના કૃષ્ણપક્ષમાં આવતી અજા એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા વિશ્વામિત્રએ કરેલી હરિશ્ચંદ્રના સત્યવ્રતની પરીક્ષા, રાજ્ય, સ્ત્રી તથા પુત્રની હાનિ, તેમજ ગૌતમ ઋષિએ બતાવેલ અજા એકાદશીના વ્રત દ્વારા દુ:ખનિવૃત્તિ આદિનું નિરૂપણ નામનો બસો છપ્પનમો અધ્યાય ॥ ૨૫૬ ॥

પદ્મા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા - ''હે કૃપાનિધિ ! આપ દુઃખ હરનારા તથા સુખ કરનારા છો. આપના વગર પાપીઓનો ઉદ્ધાર થઈ શકે તેમ નથી. તમારી કૃપા તમારા જે કોઈપણ ભક્તો પર થાય છે, તેઓ અતિમહાપાપમાંથી પણ છુટી અને શુદ્ધ બની જાય છે. તેમાં કોઈ સંશય નથી તથા જે કોઈપણ જીવ કામ, ક્રોધ, ભય, લોભ કે લાભપ્રાપ્તિ માટે પણ તમારો સારી રીતે આશ્રય કરે છે તે જીવ આ બધા જ સંસારી બંધનોમાંથી મુક્તિ મેળવે છે.

હે કૃપાસિન્ધુ ! વ્રત, યજ્ઞ, દયા, દાન, ધ્યાન, જપ, તપ આ બધું તમે જ છો તથા આપના યોગબળથી જ વ્રત, યજ્ઞાદિ સાધનો મુક્તિ અપાવનારા છે.

હે પ્રભુ ! હવે આપ મને ભાદરવા માસના શુક્લપક્ષમાં આવતી એકાદશીનું નામ કહો તથા તે એકાદશીના કયા દેવ છે ? તેની શું વિધિ છે ? તથા તેનું પૂજન કઈ રીતે કરવું ? આ બધું જ આપ મને કહો.''

શ્રી નારાયણ બોલ્યા - ''ભાદરવા માસના શુક્લપક્ષમાં આવતી એકાદશીનું નામ 'પદ્મા એકાદશી' છે અને આ દિવસે ભગવાનના 'શ્રી ઋષિકેશ' સ્વરૂપની સાથે દેવી 'શ્રી અપરાજીતા'નું પૂજન કરવું તથા કાંસડાંના ફૂલ પ્રભુને ચડાવવા અને નૈવેદ્યમાં તલનો પાક ધરાવવો તથા અર્ઘ્ય સહિત કોળું પ્રભુને ફળ સ્વરૂપે અર્પણ કરવું અને રહેવા માટે ઘર બનાવી બ્રાહ્મણને દાન કરવું. જેમ કે મંદિર, ભવન, મોટું ઘર વગેરે બનાવી તેમાં શ્રીહરિની સ્થાપના કરી દેવપૂજન કરનારા પૂજારી કે બ્રાહ્મણને તે સુંદર મંદિર દાનમાં આપવું.

વ્રતીએ દશમીના દિવસે એક જ સમયે જમી અને રાત્રે ભૂમિ પર જ ઊંઘવું તથા બ્રહ્મચર્યનું પાલન કરવું. આ એકાદશીને પાર્શ્વ પરિવર્તિની એકાદશી પણ કહેવામાં આવે છે. કારણ કે આ દિવસે શેષશાયી પ્રભુ શ્રીવિષ્ણુ પડખું ફરે છે. આમ, આ એકાદશીને શયની પાર્શ્વ પરિવર્તિની તથા પ્રબોધિની આવા જુદાં-જુદાં નામોથી મનુષ્યો ઓળખે છે. તથા આ એકાદશીનું વ્રત કંઈ પણ ખાધા-પીધા વગર કરવું. જે કોઈપણ આ દિવસે અન્નનો દાણો અજાણ્યા પણ ખાય છે, તો તે મને શ્રીહરિને દુઃખ આપ્યા સમાન બને છે, તેથી જ આ દિવસે અન્ન ન ખાવું અને ફળાહાર કરવો. દુધ, પ્રવાહી વડે પણ આ વ્રત પાળી શકાય અને સશક્ત લોકોએ તો આ વ્રત નિર્જળ રહીને જ કરવું. જેથી ભગવાન શ્રીકમળાપતિ પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ ઉજાગર થાય. આ એકાદશીના દિવસે બ્રહ્મમુહૂર્તમાં ઊઠી વ્રતીએ હરિસ્મરણ કરવું તથા શ્રીહરિના નામોનું ઉચ્ચારણ કરતાં-કરતાં સ્નાન કરવા જવું. સ્નાન કરી અને નિત્યપૂજા કર્મ પૂર્ણ કર્યા બાદ વ્રતીએ ધાન્યો વડે સર્વતોભદ્રમંડળ કરવું અને મધ્યમાં સોનાનો અથવા તાંબાનો ઘડો સ્થાપવો અને તે ઘડામાં પાંચરત્નો- ચોખા, પુષ્પ, જળ, ફરતે વસ્ત્ર તથા અંદર સોપારી પણ પધરાવવી. પછી તે ઘડાની આજુબાજુ શંખ અને ઘંટની ચંદન આદિ દ્રવ્યોથી પૂજા કરવી તથા તે ઘડા ઉપર તલ ભરેલી થાળી મૂકવી અને તેમાં વ્રતીએ શ્રીઋષિકેશ તથા દેવી અપરાજીતા અને પદ્મા એકાદશીની મૂર્તિ સ્થાપવી અને બંને દેવીઓ સહિત પ્રભુનું પૂજન કરવું તથા આવાહન આદિ ઉપચારો વડે અને પંચામૃત સ્નાન વડે પ્રભુનું પૂજન કરવું તેમજ વસ્ત્ર, આભૂષણ, શ્રૃંગાર, કાજળ, ચંદન વડે પણ પ્રભુનું પૂજન કરવું.

ત્યારબાદ હાર, બાજુબંધ, કડાં, મુકુટ વગેરે પણ પ્રભુને પહેરાવવા તથા પાદુકા, લાકડી, રાતરાણીના ફૂલનો ગુલદસ્તો અને અત્તર પણ પ્રભુને અર્પણ કરવા. ત્યારબાદ ધૂપ, દીપ સારું એવું નૈવેદ્ય, જળ, મુખવાસ તથા સરસ ફળ પણ પ્રભુને ધરવા અને આરતી, સ્તુતિ, દંડવત્, નમસ્કાર અને પ્રદક્ષિણા કરવી. પછી ક્ષમા-પ્રાર્થના અને પુષ્પાંજલિ અર્પણ કરવી તથા ત્યારબાદ સારી દક્ષિણા પણ પ્રભુને અર્પણ કરવી અને વ્રતની નિર્વિઘ્ન સિદ્ધિ

માટે ભગવાનનું આ બધા જ ઉપચારો વડે પૂજન-અર્ચન તથા નિવેદન કરવું. ત્યારપછી વ્રતીએ શ્રીહરિને નમન કરી, પ્રાર્થના કરી પોતાનું રોજીંદુ કાર્ય આરંભવું. આમ બપોરે પણ ભગવાનને મિષ્ટાન્ન અર્પણ કરવું. મુખવાસ, પાણી પણ અર્પણ કરવા અને કથા વાંચવી, સાંજે ભગવાનની આરતી કરવી. સ્તોત્ર અને કીર્તન કરવા તથા દૂધમાં રાંધેલા ભાત વગેરે વાનગીઓ ભગવાનને જમાડવી અને મુખવાસ તથા જળ અર્પણ કરવા તેમજ ત્યારબાદ ઝુલામાં પ્રભુને બેસાડવા અને ઝૂલાવવા અને સ્વયં વ્રતીએ ભક્તિયુક્ત થઈ વૈષ્ણવો, સાધુ-સંતો, સાધ્વીઓ અને બ્રહ્મચારીઓ સાથે મળી ગીત, હરિનામ સંકીર્તન, ધૂન, નૃત્ય, હરિકથામૃત આદી કરતાં-કરતાં જાગરણનો ઉત્સવ ઉજવવો તથા બીજા દિવસે (બારસે) પ્રાતઃકાળે સ્નાન કરી શ્રીહરિનું પૂજન કરવું અને પ્રભુને જમાડવા તથા વૈષ્ણવોને પણ પ્રસાદ આપવો અને પારણાં કરાવવા. ત્યારપછી સ્વયં વ્રતીએ પણ પારણા કરવા. આમ પારણાં કર્યા બાદ બારસના જ દિવસે વ્રતીએ દાન આપવાની શરૂઆત કરવી.

ગાય, ભેંસ, ઘોડો, હાથી, યાન, વિમાન, વાહન, ઘર, બગીચો, નગર, ગામ, ખેતર, વસ્ત્ર, અન્ન વગેરે સાધનો તથા રત્નો, હીરા, મણીઓ, માણેક, સ્વર્ણધન વગેરે અને ખાટલો, ગાદું, પલંગ, પટારો, વાસણ, કમાડ તેમજ ભૂસા અને શણનું બનેલું આસન, સિંહાસન, આસનપટ્ટો, શેતરંજી, હીંચકો, વસ્ત્રનો દડો, સોનાનો દોરો, દોરડું, ગ્રંથ, ઘરવખરીની ચીજવસ્તુઓ, સાકળ, છોડ-ઝાડ વાવવાનું કુંડુ, ચલિત વેલા, ચલિત વૃક્ષ, હરણ તથા વાઘ આદીનું ચામડું, વૃક્ષની છાલથી બનેલું આસન, વૃક્ષની છાલથી બનેલું વસ્ત્ર, રેશમ, ધન વગેરે જે-જે કંઈ પણ આપણાથી શક્ય હોય તે બધું જ બારસના દિવસે દાન કરવું.

જો રાજાએ આ વ્રત કર્યું હોય તો તેણે બ્રાહ્મણને જળનું યાન (નાવ, હોડી, વહાણ, તરાપો, સબમરીન વગેરે પાણીમાં ચાલનારા વાહનોમાંથી કંઈ પણ) દાન કરવું તથા ભૂમિ પર ચાલનાર યાનનું દાન કરવું અને આકાશમાં ચાલનાર યાનનું પણ દાન કરવું. આમ ઘણાં બધા યંત્રોનું દાન કરવું.

સત્પાત્રને દીધલું દાન પરલોકમાં પણ દાતાને મળે છે, જ્ઞાનદાન, ભૂમિદાન, કન્યાદાન, ધનનું દાન, અન્નદાન, જળનું દાન, વસ્ત્રદાન, ઘરનું દાન, ગોદાન, સાધનોનું દાન, વ્રતનું દાન (વ્રતના ફળનું દાન), કરેલા પુણ્યનું દાન, પોતપોતાને અતિપ્રિય વસ્તુનું દાન આ બધા જ દાન આપવાથી દાતાને આ બધું જ સ્વર્ગમાં તથા અન્ય જન્મમાં પણ મળે છે. તેથી જ યથાશક્તિ બધું જ સારી રીતે આપવું જેથી પરલોકમાં પણ તે બધું પ્રાપ્ત થઈ શકે. આ લોક અને પરલોકમાં પણ સુખ આપનારું સંત સજ્જનનું શરણ ગ્રહણ કરવું અને તે સંત, સાધુ કે બ્રાહ્મણને આ બધું જ દાન કરવું. જે-તે રીતે પણ ભક્તિયુક્ત બની સંતોને રાજી રાખવા તથા સંતોનું સેવન કરવું. કારણ કે સંતો સાક્ષાત શ્રીહરિની જ મૂર્તિ છે. આ ભૂતળ પર સંતો તથા બ્રાહ્મણો સાક્ષાત શ્રીહરિના જ અવતારો સ્વરૂપ છે. તેથી તેઓની સેવા કરવી. જો સંત તથા બ્રાહ્મણ અંતરથી સંતોષ પામે છે, રાજી થાય છે, તો તે વ્રતીની ભુક્તિ, મુક્તિ તથા તે શ્રીહરિની સેવા જ છે. તથા સાધ્વી (ભક્તિમય સ્ત્રી)ની સેવા તે શ્રી અચ્યુત પ્રભુની જ સેવા છે. આમ આત્મજ્ઞાન, ભક્તિયોગ, હરિના ગુણોનું ચિંતન, બ્રહ્મજ્ઞાન, યોગસિદ્ધિ આ બધા જ મોક્ષ અપાવનારા સાધનો છે. તેમજ વ્રત, તપ, જપ, યોગ, યજ્ઞ શ્રીહરિને આત્મસમર્પણ અને શ્રીકૃષ્ણ પ્રાપ્તિ માટે ગતિ કરવી આ બધા પણ નિશ્ચિત જ મોક્ષના સાધનો છે. તેથી જ આ બ્રહ્મ સાથે સંબંધ જોડનારું વ્રત કરવું. સકામ આ વ્રત કરવાથી મુક્તિ મળે છે અને કોઈપણ પ્રકારની ઈચ્છા કે કામના વગર સહજ ભાવે આ વ્રત કરવાથી પરાગતિ પ્રાપ્ત થાય છે.

જેમ બીજાના રહેઠાણનો નાશ કરનારનું રહેઠાણ પણ નિશ્ચિત જ નાશ પામે છે તથા બીજાનું ઘર ભાંગવાથી પોતાનું ઘર પણ ભાંગે જ છે. બીજાની સાથે હિંસા કરવાથી પોતાની સાથે પણ હિંસા થાય જ છે. અને બીજાને દુઃખ પહોંચાડવાથી પોતાને પણ દુઃખ ભોગવવું જ પડે છે તથા બીજાને સુખ આપનાર પોતે પણ સુખી થાય છે. તેમજ બીજાની સંપત્તિ હરનારની પોતાની સંપત્તિનો પણ નિશ્ચત જ નાશ થાય છે. તેવી જ રીતે અન્યનું ખરાબ કરનારનું પોતાનું પણ ખરાબ થાય જ છે. તથા બીજાનું દ્રવ્ય હરવાથી પોતાનું

દ્રવ્ય પણ નાશ થાય છે. બીજાની સ્ત્રીના ચારિત્ર્યને લાંછન લગાડવાથી પોતાની સ્ત્રીને પણ અવશ્ય જ લાંછન લાગે છે. પારકાંની જઠરાગ્નિમાં વિષ પધરાવવાથી, ઝેર પીવડાવવાથી પોતાને પણ વિષ પીવું જ પડે છે. તથા બીજાને તારનાર પોતે પોતાની જાતને પણ ભગસાગરમાંથી તારે છે. આ જ રીતે પારકાંના ગૃહસ્થ જીવનમાં આગ લગાડવાથી પોતાનું ગૃહસ્થ જીવન પણ પડી ભાંગે છે તથા અન્યના કામસુખનો નાશ કરવાથી પોતાનું કામસુખ પણ નાશ થઈ જ જાય છે. આ જ રીતે પરોપકાર કરવાથી પોતાને પણ ઉપકારની સહાય મળે છે. તથા ઈન્દ્રિયો વડે સુખ આપનારને ઈન્દ્રિયોનું સુખ મળે જ છે. અને સાધનો વડે સુખ આપવાથી પોતાને પણ સાધનનું સુખ પ્રાપ્ત થાય છે. આવી જ રીતે વિઘ્ન આપનારને વિઘ્ન તથા સુખ આપનારને સુખ મળે જ છે, એ નિશ્ચિત છે અને પોતાનું સર્વસ્વ દાન કરવાથી પોતાને આત્મસુખ પણ મળે જ છે. તેથી જ વિવિધ પ્રકારના બધા જ દાનો આપવાથી તે આપણને અવશ્ય પરત પ્રાપ્ત થાય જ છે અને દીધેલું કદી વ્યર્થ નથી જતું પરંતુ પરલોકમાં પણ એ પ્રાપ્ત થાય છે. માટે જ આ એકાદશીનું વ્રત દાન ન આપતા હોય એ લોકો માટે, દુઃખીઓ માટે અને દાતાઓ માટે જ કહેલું છે. તેથી આ વાંછિત ફળ આપનારું એકાદશીનું વ્રત નિશ્ચિત જ કરવું જોઈએ.

કોઈ એક વ્યક્તિનો દોષ હોય છે તો તે સંપૂર્ણ દોષ સમૂહનો ગણાય છે. તથા કોઈ એક વ્યક્તિએ કરેલું પુણ્ય હોય તો તે તેના સમુદાયનું મહત્ પુણ્ય ગણાય છે. સમુદાયે કરેલું પુણ્ય અથવા પાપ રાજાએ ભોગવવું પડે છે તેમજ રાજાનું કરેલું પુણ્ય કે પાપ તેના સમુદાયે (પ્રજાએ) ભોગવવું પડે છે. કોઈપણ રાજા અથવા વ્યક્તિ પોતાના ધર્મથી વિમુખ બને છે તો તેની પ્રજા આવશ્ય દુઃખી થાય છે, તે માટે જ તેવા દુઃખના વિનાશ માટે એકાદશીનું વ્રત કરવું, જેનાથી પાપ વિનાશ પામે છે અને અનંત સુખ મળે છે.

સત્યુગમાં થયેલા રાજા માંધાતાની પણ આવી જ કથા છે તે તમે (લક્ષ્મી) સાંભળો. વિવસ્વત્ વંશમાં ઉત્પન્ન થયેલા રાજર્ષિ માંધાતા નામના ચક્રવર્તી રાજા ઉદયાસ્તમન નામના ક્ષેત્રમાં રહી અને શાસન કરતા હતા. તથા તે ચક્રવર્તી રાજા પોતાની પ્રજાનું પોતાના પુત્રની જેમ પાલનપોષણ કરતા

હતા. તેથી તેઓના રાજ્યમાં ભુખમરો, આધિ કે વ્યાધિ કંઈ જ અનિષ્ટ ન હતું. તથા તેઓનું રાષ્ટ્ર, ધન, ધાન્ય અને સમૃદ્ધિથી યુક્ત સ્વર્ગ જેવું હતું અને તે રાજાનો રાજકોષ પણ નવનિધિ સમાન ન્યાયયુક્ત ધનથી ભરેલો હતો. તે રાજાના રાજ્યમાં ચારેય વર્ણો (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર) પોતાના પુણ્યકર્મોથી ઉજ્જવળ હતા અને ચારેય આશ્રમો (બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસ) પણ વર્ધન પામતા હતા તથા પૃથ્વી દરેક પ્રકારની સંપદાથી યુક્ત બની અને કામધેનુની જેમ જે ઉગાડો તે ઉપજાવતી હતી. જે માગો તે આપતી હતી તથા વૃક્ષો પણ કલ્પવૃક્ષ સમાન ઉચિત ફળ આપતા હતા. તે રાજાના રાજ્યમાં બ્રાહ્મણોના વચન સાચાં પડતા હતા. બ્રાહ્મણો 'વાક્‌સિદ્ધ' હતા તથા સાધુઓ 'યોગમગ્ન' હતા તેમજ નારીઓ પૃથ્વી સમાન ક્ષમાશીલ અને શાંત બુદ્ધિવાળી તથા વિલાસયોગ્ય અને આનંદ આપનારી પણ હતી. તે રાજના રાજ્યમાં આવનારી ઋતુઓ પણ કથિત અને ઉચિત ફળ આપનારી હતી. તથા તે આખું રાષ્ટ્ર જાણે બીજા સ્વર્ગ સમાન લાગતું હતું. તે રાષ્ટ્રની પ્રજા પણ સુખમગ્ન થઈ અને અધિક સૌખ્યયુક્ત બની હતી. તે રાજ્યમાં બ્રાહ્મણો બ્રહ્મકર્મયુક્ત હતા તથા ક્ષત્રિયો રક્ષણ આપનારા અને વૈશ્ય સમાજ ધન ઉપાર્જન અને ઉદ્યોગી હતો તથા શૂદ્રો સેવાપરાયણ હતા. આમ તે રાજ્યમાં દરેક વર્ણની પ્રજા પોતપોતાના ધર્મથી પરાયણ જ રહેતી હતી. તેથી જ તે રાજાનું રાજ્ય સુખી હતું અને તે રાજા કુશળતાથી રાજ કરતા હતા અને દરેક ગ્રહોની સૌમ્યદૃષ્ટિ તે રાજા તથા પ્રજા પર હતી. તેમજ દેવતાઓ સદા તેમના પર પ્રસન્ન રહેતા અને ઘરે-ઘરે મંગળતાયુક્ત વાતાવરણ રહેતું હતું.

એવામાં એકવાર કોઈક 'વૃષલ' નામના શૂદ્રએ કે જે ભક્તરાજ હતો. તેણે રાજ્યપ્રાપ્ત કરવાની અભિલાષાથી નિર્જન અરણ્યમાં (જંગલમાં) જઈ તપ આરંભ કર્યું ત્યારે તે શૂદ્રએ કરેલા શૂદ્રધર્મના પરિત્યાગ તથા ઋષિધર્મના અંગીકાર થકી તે રાજાના રાષ્ટ્રમાં વિધર્મ થયો અને અધર્મનું આગમન થયું. જેના કારણે સંપૂર્ણ રાષ્ટ્રમાં ત્રણ વર્ષો સુધી સતત વરસાદ ન પડ્યો, અનાવૃષ્ટિ થઈ અને તેથી પ્રજા દુઃખી બની અને પ્રજાજન ભગ્ન, મૃત્યુ તથા ભૂખથી પીડાવા લાગ્યા. સર્વત્ર સ્વાહાકાર, સ્વધાકાર, વષટ્‌કાર, વેદાધ્યયન,

હરિપૂજન, વ્રત, ઉપરકાર, સન્માન, આતિથ્યસત્કાર વગેરે તથા બધા જ શુભકાર્યો અને ઉત્સવો બધુ જ સમાપ્ત થઈ ગયું. તે રાજાનો આખો દેશ જ દુર્ભાગ્યને કારણે દેવપીડિત બન્યો. ત્યારે સમસ્ત પ્રજાજન રાજા પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે 'હે રાજન ! વૃષ્ટિ વગર તમારા આ સંપૂર્ણ રાજ્યનો વિનાશ થશે. તેથી તમે અમારી પોકાર સાંભળો. વરસાદરૂપે ભગવાન શ્રીવિષ્ણુ વાદળોમાં રહે છે અને તે શ્રીવિષ્ણુ જ બધે વર્ષા કરે છે, જે વર્ષા દ્વારા અન્ન ઉપજે છે અને તે અન્ન દ્વારા પ્રજા જીવન પામે છે. પરંતુ હે મહારાજ ! વૃષ્ટિના અભાવને કારણે અત્યારે તમારી પ્રજા ક્ષય તરફ પ્રયાણ કરી રહી છે, તેથી હે રાજેન્દ્ર ! તમે કંઈક ઉપાય કરો જેથી પ્રજાનું ભરણપોષણ થઈ શકે.' આમ પ્રજાના આવા મર્મવચનો સાંભળી રાજા બોલ્યા, પ્રજાનું કલ્યાણ થાય તે માટે હું પ્રયત્નશીલ બનીશ. પ્રજાનું સુખ તે રાજાના મૂળમાં રહેલું હોય છે. રાજાના ખરાબ આચરણથી જ પ્રજા પર પીડારૂપી સંકટ આવે છે, પરંતુ મેં જન્મથી જ કોઈપણ પાપ નથી કર્યું તે છતાં પણ હું પ્રજાના હિત માટે પ્રયત્ન કરીશ.

આમ કહી તે રાજા પોતાના દેશમાં કયું પાપ થઈ રહ્યું છે જેના કારણે પ્રજા દુઃખી છે તે પાપને શોધવા માટે પોતાની પ્રજાને તથા રથ, ઘોડા, હાથી વગેરે સેનાને પણ સાથે લઈ દેશયાત્રા કરવા લાગ્યા. આમ યાત્રા કરતાં-કરતાં તેમને લોકોના મુખેથી સાંભળવા મળ્યું કે બરફથી ઘેરાયેલ એક ગહન વનમાં કોઈક શૂદ્ર તપ કરી રહ્યો છે અને તેના કારણે તમારા રાજ્યમાં વિધર્મ પેઠો છે.

બ્રાહ્મણો, યતિઓ તથા સાધુઓનો ધર્મ છે કે તેઓ તપ કરે પરંતુ શૂદ્રોનો ધર્મ તો સેવા કરવી તે છે. શૂદ્રના તપ કરવાથી વિધર્મ જ ઉત્પન્ન થાય છે.

તે શૂદ્રએ કરેલા દોષને કારણે જ આ અવગ્રહ થયો છે. તેથી તે શૂદ્રનું તપ રોકવાથી જ ધર્મયુક્ત વૃષ્ટિ થશે. આમ સાંભળી તે ગહન વનમાં ગયો અને ત્યાં તેમણે મુખ્યમુનિઓ તથા તાપસોથી આશ્રિત અંગિરા ઋષિનો આશ્રમ જોયો અને તેમાં બ્રહ્માજીના પુત્ર અંગિરા ઋષિને પણ જોયા. તે ઋષિનું મુખ સ્વયં બ્રહ્મા સમાન જ પોતાના વ્યાપિત તેજથી યુક્ત હતું. ઋષિને જોઈ રાજાએ

તેમના તરફ અંજલી બાંધી અને ચરણોમાં નમન કર્યાં. ત્યારે મુનિએ રાજાને રાજ્યના તથા રાજાના ક્ષેમ-કુશળના સમાચાર પૂછ્યા. ત્યારે મુનિએ આપેલા આસન પર બેસી માંધાતાએ જવાબ આપતા કહ્યું, 'હે ભગવન્ ! હું ધર્મવત્ તથા વિધિવત્ આ પૃથ્વીનું પાલન કરી રહ્યો છું, તે છતાં મારા રાષ્ટ્રમાં અનાવૃષ્ટિ થઈ છે અને બધી જ પ્રજા પીડિત બની છે. આમ સતત ત્રણ વર્ષથી અનાવૃષ્ટિ થઈ છે. તેનું શું કારણ છે ? મેં લોકોના મુખેથી તો એવું સાંભળ્યું છે કે એક શૂદ્રના તપ કરવાને કારણે આમ બન્યું છે ! પરંતુ તે છતાં હે મુનિવર ! આપ મને નિર્ણય કરી આપો તથા યોગ-ક્ષેમના વિધાન દ્વારા (આજીવિકાના વિધાન દ્વારા) પ્રજાને આ દુઃખમાંથી મુક્ત કરો.'

ત્યારે અંગિરા ઋષિ ધ્યાન લગાવી ક્ષણવારમાં બોલ્યા કે, 'આ સત્યુગમાં ધર્મ ચાર પગ વડે પ્રવર્તિત થાય છે. તેથી આ યુગમાં લોકો બ્રહ્મથી પર નથી હોતા અને બ્રાહ્મણો તપ વગરના નથી હોતા તેથી તપ કરવાનો અન્યને અધિકાર જ નથી, માટે તે વિષય સાચો જ છે કે વૃષલ તપયુક્ત થયો છે અને તેનાથી જ વિધર્મના કારણે જ વાદળો વરસતા નથી. તેથી હે રાજન્ ! તમે તેના વધ માટે પ્રયત્ન કરો. તે વૃષલ વધારે દૂર નથી. આ જ વનમાં ક્યાંક છે. આમ કરવાથી હે રાજન્ ! ક્યારેય પણ અનાવૃષ્ટિ નહીં થાય.' આમ ઋષિવચનો સાંભળી તે મહાભાગવત તથા દયાયુક્ત રાજા બોલ્યા,

'હું તો તપમગ્ન શુભક્રિયા યુક્ત વૃષલનો વધ નહીં કરી શકું, તેથી હું ધીમેથી છળ કરી અને તેના તપને અટકાવીશ. તેથી હે મુનિ ! વૃષ્ટિ થાય તે માટેનો કોઈ અન્ય ઉપાય હોય તો તે આપ મને કહો. હું નિશ્ચિત જ તે કરીશ અને આ અનાવૃષ્ટિરૂપી રોગનો વિનાશ કરીશ.' ત્યારે અંગિરા ઋષિએ રાજાને કહ્યું કે, 'જો આપની તેવી ભાવના હોય તો સારું. તમે મંગળ આપનારું પદ્મા એકાદશીનું વ્રત કરો. તે વ્રત દરેક સિદ્ધિ આપનારું તથા દરેક ઉપદ્રવનો નાશ કરનારું અને દરેક પ્રકારે શાંતિ આપનારું છે તથા યોગ-ક્ષેમ (ભરણ-પોષણ, આજીવિકા) આપનારું પણ છે. હે રાજન્ ! તમે આ પદ્મા એકાદશીનું વ્રત પ્રજા તથા તમારા પરિવાર સહિત કરો. આમ આ પદ્મા એકાદશીનું વ્રત કરવાથી સારી એવી વૃષ્ટિ થશે જ તે નિશ્ચિત છે.'

આમ આવી આજ્ઞાને શિરોમાન્ય ગણી મુનિપૂજન કરી તે શૂદ્રના તપને અટકાવવા માટે કર્મચારીઓને નિયુક્ત કર્યા બાદ શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં-કરતાં તે રાજા પોતાના ઘરે પાછા આવ્યા અને ભાદરવા માસના શુક્લપક્ષમાં પ્રજાની સાથે જ ચારેય વર્ણો સહિત રાજાએ પદ્મા એકાદશીનું વ્રત કર્યું અને સૌએ પૂજન કર્યું તેમજ બધા જ લોકોએ વિવિધ દાનો પણ આપ્યા.

હે લક્ષ્મી ! આ રીતે વ્રત કરવાથી વાદળો સારી રીતે વરસ્યા અને ભૂમિ જળથી પરિપૂર્ણ બની ગઈ તથા સંપૂર્ણ ધરતી ઉપજાવ બની. એકાદશીના વ્રતના પુણ્યથી તે અવગ્રહનો તરત જ નાશ થયો. તેથી જ પદ્મા એકાદશીનું વ્રત કરવું જોઈએ કે જેનાથી દુઃખ અને આપત્તિનો નાશ થાય.

ત્યારબાદ દહીં, ભાત અને વસ્ત્ર તથા રત્નથી યુક્ત ઘડો (જેમાં પ્રભુને સ્થાપિત કર્યા હોય તે ઘડો અથવા કળશ) અને જળથી ભરેલો કળશ, છત્ર, ચાખડી વગેરે બધું 'શ્રીગોવિંદને અર્પણ કરીએ છીએ' તેવા ભાવથી પૂજા કરાવી હોય તે બ્રાહ્મણને દાન કરવું અને નમન કરવા તથા ભોજન કરાવી તે બ્રાહ્મણ તથા ગુરુને તૃપ્ત કરવા.

આમ આ રીતે વ્રત કરવાથી માનવને શ્રેષ્ઠતા મળે છે તથા આ કથાનો પાઠ કરવાથી કે વાંચવાથી અને સાંભળવાથી પણ વ્રતનું પુણ્ય પ્રાપ્ત થાય છે.''

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "ભાદરવા માસના શુક્લપક્ષમાં આવતી પદ્મા એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા માંધાતાના રાજ્યમાં સત્યુગમાં શૂદ્રના તપ કરવાથી અનાવૃષ્ટિ થવી અને વ્રત દ્વારા વરસાદ થવો આદિનું નિરૂપણ" નામનો બસો સત્તાવનમો અધ્યાય ॥ ૨૫૭ ॥

ઈન્દિરા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા - ''હે ગોવિંદ ! હે ઋષિકેશ ! હે જનાર્દન ! હે સર્વના સાક્ષી તથા હે સ્વામિ ! હે નારાયણ ! હે નિયામક આપને મારા નમસ્કાર છે. હે દેવ ! આપ જ સર્વની આંખ સમક્ષ દશ્ય ઊભું કરનારા છો તથા તે દશ્યને દેખાડનારા પણ આપ જ છો અને તે દશ્યને જોનારાઓમાં પણ આપ જ સ્થિત છો તથા હે પ્રભુ ! આપ જ બીજરૂપ છો અને અંકુર પણ આપ જ છો તથા વૃક્ષમાં, ડાળમાં, પાનમાં સર્વત્ર આપ જ સુસ્થિત છો, તથા હે પ્રભુ ! આપ જ વૃક્ષના પુષ્પમાં સ્થિત છો. ફળ આપનારા ફળમાં જ સ્થિત રહેનારા તથા સ્વયં જે-તે ઋતુઓમાં ફલિત થનારા ફળ પણ આપ જ છો, તેથી હે બીજરૂપ આપને નમન છે. હે કર્મફળમાં બીજરૂપે વ્યાપિત દેવ ! આપ વૃષ્ટિના બીજમાં પણ છો, અર્થાત્ આપની કૃપા તથા ઈચ્છાથી જ વરસાદ થાય છે અને તે વરસાદમાં પણ આપ જ બીજરૂપે સ્થિત છો. આપને મારા નમસ્કાર છે.

હે દેવ ! હવે આપ મને આસો માસના કૃષ્ણપક્ષમાં આવનારી એકાદશીનું નામ કહો તથા તે એકાદશીના વ્રતની વિધિ કઈ રીતે કરવી ? કયું ફળ પ્રભુને અર્પણ કરવું ? અને આ વ્રત વિશે જે કંઈ પણ મત-મતાંતરો હોય તે સઘળા જ આપ મને કહો. તેમજ સાથે-સાથે આ દિવસે કયા દેવનું પૂજન કરવું ? કયું દાન આપવું ? તથા પૂજન આદિ કઈ રીતે કરવું તે પણ મને કહી સંભળાવો.''

શ્રી નારાયણ બોલ્યા - ''આસો માસનાં કૃષ્ણપક્ષમાં જે એકાદશી આવે છે તેનું નામ 'ઈન્દિરા એકાદશી' છે. આ દિવસે ભગવાનના 'શ્રી ઉપેન્દ્ર'

વામન સ્વરૂપનું અને તેમની સાથે દેવી 'સુભગા'નું દૂર્વા વડે પૂજન કરવું. તથા અર્ઘ્ય સહિત આમળાનું ફળ પ્રભુને અર્પણ કરવું અને સુખડીનો ભોગ બનાવી પ્રભુને નૈવેદ્યમાં ધરાવવો તથા આ દિવસે કન્યાદાનનું મહત્વ છે.

(જો આ દિવસે કન્યાદાન ન થઈ શકે તેમ હોય તો વ્રતના દિવસે માત્ર સંકલ્પ કરી લેવો અને જ્યારે વ્રત કરનારની કન્યા પરણવા લાયક થાય ત્યારે તે કન્યાદાનનો સંકલ્પ પરિપૂર્ણ કરવો. જો વ્રતીને કન્યા ન હોય તો કોઈપણ જરૂરિયાતમંદ કન્યાનું કન્યાદાન સારી રીતે કરવું.)

તથા પ્રભુનું સુંદર રીતે પૂજન કરવું તેમજ આ દિવસે મુખ્ય પિતૃઓનું પૂજન કરવું જેનાથી પિતૃઓ તૃપ્ત થાય છે અને જો કોઈ પિતૃઓની ગતિ ન થઈ હોય તો આ એકાદશીનું વ્રત કરી અને આ દિવસે શ્રાદ્ધ કરવામાં આવે તો પિતૃઓની સદ્ગતિ થાય છે.

આ વ્રત કરનારે દશમીના દિવસે એક જ સમય જમવું અને બ્રહ્મચર્યનું પાલન કરવું તથા ભૂમિ પર જ શયન કરવું તેમજ સંયમ જાળવવો. ત્યારબાદ પ્રાતઃકાળથી જ એકાદશીના દિવસે વ્રતનો આરંભ કરવો. પ્રાતઃકાળે ઊઠ્યા બાદ શ્રીહરિનું ધ્યાન કરી, સ્મરણ કરી ન્હાવા જવું. ત્યારબાદ શુદ્ધ મનથી નિત્યપૂજા-કર્મ, સંધ્યાદિ પરિપૂર્ણ કરવા અને પછી એક સુંદર મંડપ બાંધવો તથા તેની નીચે સર્વતોભદ્ર મંડળ બનાવવું અને તે મંડળની વચ્ચે સોના કે તાંબાનો નવો કળશ સ્થાપવો. તે કળશમાં પાંચ રત્નો, પાંચ પાંદડા, સોપારી, જળ વગેરે પધરાવવું તથા કળશની ફરતે વસ્ત્રમાં લપેટવું. ત્યારબાદ તે કળશની ઉપર તલ ભરેલી થાળી મૂકવી તથા તે કળશની બાજુમાં પિતુઓને તૃપ્ત કરનારું કાચું સિધુ પાત્રમાં ભરી અને રાખવું તથા એક પાત્રમાં તીર્થનું જળ પધરાવી તેમાં ચોખા પધરાવવા તથા સાકર, ફળ, લોટ વગેરે પણ તે કળશની બાજુમાં રાખવા. ત્યારપછી શ્રી ઉપેન્દ્ર દેવ, શ્રી સુભગા દેવી તથા શ્રી ઈન્દિરા એકાદશીની સોનાની મૂર્તિ તે કળશ પર રહેલી તલ ભરેલી થાળીમાં સ્થાપવી.

પછી સર્વપ્રથમ ગણેશપૂજન કરવું. ત્યારબાદ ક્રમાનુસાર શંખ, ઘંટ અને તે કળશની પણ પૂજા કરવી અને પછી શ્રીકૃષ્ણનું હૃદયમાં ચિંતન કરી

પ્રભુનું (શ્રી ઉપેન્દ્ર, દેવી સુભગા તથા શ્રી ઈન્દિરા એકાદશીનું) પૂજન આરંભ કરવું. પોતાના મસ્તકમાં શ્રીહરિના મસ્તકનો ભાવ કરવો તથા નેત્રોમાં શ્રીહરિના નેત્રોનો ભાવ કરવો. આ જ રીતે પોતાના હૃદમાં, બંને હાથોમાં, કમરમાં, બંને પગમાં શ્રીહરિના હૃદય, હાથ, કમર તથા પગનો ભાવ કરી આત્મચિંતન કરવું કે, 'આ મારા દરેક અંગોમાં શ્રીહરિના અંગોનો જ વાસ છે.' આ રીતે પોતાના દેહમાં દેવત્વનો ભાવ કરીને જ શ્રીહરિનું અર્ચન કરવું. આમ શ્રીહરિ તથા બંને દેવીઓનું મૂર્તિમાં આવાહન આદિ કરવું અને પંચામૃત વડે અભિષેક કરવો. ત્યારબાદ શુદ્ધ જળથી સ્નાન કરાવવું અને પછી પ્રભુને તથા બંને દેવીઓને વસ્ત્રો પહેરાવવા, વાળ ઓળી આપવા, અત્તર આદિ સુગંધિત દ્રવ્યો લગાડવા અને પછી અબીલ, ગુલાલ, કંકુ, ચંદન, ચોખા વડે પ્રભુનું તથા બંને દેવીઓનું પૂજન કરવું તથા કાજળ વગેરે અર્પણ કરવા તથા દેવના દરેક અંગો પર ભીની હળદર, રક્તચંદન વગેરેથી લેપન કરવું તેમજ દરેક પ્રકારના આભૂષણો પહેરાવવા. આમ મૂર્તિ સ્વરૂપ તે પ્રભુનો સરસ શ્રૃંગાર કરવો, પુષ્પહાર વગેરે ચડાવવા, કડલાં, મુકુટ વગેરેથી પ્રભુના સ્વરૂપને શણગારવું અને પછી ધૂપ, દીપ, સરસ નૈવૈદ્ય, જળ, તાંબૂલ (મુખવાસ) સોપારીનો ભૂકો વગેરે પ્રભુને અર્પણ કરવા. ત્યારબાદ પ્રભુને આરતી, સ્તુતિ, પ્રદક્ષિણા, દંડવત આદિથી પ્રસન્ન કરવા. ત્યારબાદ દક્ષિણા, ચોખા તથા પુષ્પાંજલિ અર્પણ કરવા અને ક્ષમા-પ્રાર્થના કરવી.

આમ વ્રતીએ વિધિવત્ દરેક પ્રકારના વિધાનથી ભાવયુક્ત બની યથાશક્તિ જે બને તે પ્રભુને અર્પણ કરવું અને 'વ્રત નિર્વિઘ્નપણે પૂર્ણ થાય' તેવી પ્રાર્થના કરવી અને પછી પિતૃઓને યાદ કરી જલાંજલિ આપવી તથા પિતૃ નિમિત્તના વિવિધ દાનો આપવા. આમ પ્રાતઃકાળે કરેલા પૂજનની જેમ જ બપોરે પણ પ્રભુને વિવિધ અન્ન જમાડવા પછી બપોરે પૂજન કર્યા બાદ પિતૃઓનું શ્રાદ્ધ કરવું અને પિતૃઓના નામ લઈને જળ આપવું તથા પિંડ પણ મૂકવા અને પિતૃઓ તૃપ્ત થાય તે માટે ફળો પણ અર્પણ કરવા.

આમ આ રીતે પિતૃપૂજન કર્યા બાદ સાંજે આરતી કરી અને પરમેશ્વરનું સાયંપૂજન કરવું. ભગવાનને દુધપાક આદિ નૈવેદ્ય જમાડવું તથા પેટાજળ

અર્પણ કરવું તથા રાત્રે સંતો, સાધુઓ તથા ભક્તો સાથે મળી અને જાગરણ આદરવું. જાગરણમાં શ્રીહરિની કથાઓ કરવી, સાંભળવી તથા વાંચવી અને ભક્તોને પણ સંભળાવવી, હરિકીર્તન કરવા, પ્રભુ સમક્ષ ઉત્સાહપૂર્વક નૃત્ય કરવું. આમ આ રીતે રાત્રે જાગરણ મહોત્સવ કરવો. બીજા દિવસે બારસે પ્રાતઃકાળે સ્નાન કરી શ્રીહરિનું સ્મરણ કર્યા બાદ પ્રભુ શ્રી ઉપેન્દ્ર, દેવી સુભગા તથા શ્રી ઈન્દિરા એકાદશી દેવીનું વિધાનપૂર્વક પૂજન કરવું તથા વિવિધ નૈવેદ્ય પ્રભુને ધરવા તથા વૈષ્ણવોને પણ જમાડવા. આમ આશ્રિતોને, સાધુઓને, સાધ્વીઓને તથા બ્રાહ્મણોને પણ જમાડવા તથા ત્યારબાદ વ્રતીએ પોતે પારણાં કરવા અને પછી દરેક સુપાત્રોને વિવિધ પ્રકારના દાનો આપવા.

અને ત્યારબાદ અંતે વ્રતીએ પોતાના ગુરૂ તેમજ બ્રાહ્મણો તથા માતા-પિતા, વૃદ્ધો, વડિલો, પોતાના સ્વામિ (પતિ) વગેરેને પગે લાગી આશીર્વાદ ગ્રહણ કરવા અને પછી પોતાનું યથાયોગ્ય કાર્ય કરવું.

હે લક્ષ્મી ! આ પ્રકારે આ વ્રત કરવાથી વ્રતીની મનોકામના નિશ્ચિત જ સિદ્ધ થાય છે તથા આ દિવસે પિતૃઓને તૃપ્ત કરવા ભોજન, જળ, વસ્ત્ર આદિ વસ્તુઓ જરૂરિયાતમંદ લોકોને આપવી (દાન કરવી) અને પિતૃઓને તૃપ્ત કરનારું દાન એટલે કે ગોદાન પણ કરવું તથા સાથે-સાથે ઘર, બગીચો, પશુ, ખેતર, કન્યા, વિદ્યા, વાહન, સોનું, રત્ન, આભૂષણ, અન્ન વગેરે વિવિધ ઉપકરણોનું પણ યથાશક્તિ દાન કરવું.

દાન કરતી વખતે વ્રતીએ 'મારા પિતૃઓની સંતુષ્ટિ માટે આપું છું.' તેવી ભાવના કરીને જ દાન આપવું તથા આ દાન ગુરૂને, બ્રાહ્મણને (પૂજા કરાવી હોય તે બ્રાહ્મણને) આપવું જેથી પિતૃઓની મુક્તિ થાય. દાન કરવાથી નિશ્ચિત જ મુક્તિ મળે છે. તેથી જ આ વ્રત કરી અને દાન કરવું જોઈએ.

જે પિતૃની જેમાં પણ ઈચ્છા રહી ગઈ હોય તથા પોતાની તે ઈચ્છા પૂરી કરવાથી શાંતિ પ્રાપ્ત થતી હોય તો તે-તે અધૂરી રહી ગયેલ ઈચ્છાઓને પૂર્ણ કરવી. જેનાથી તે અતૃપ્ત પિતૃઓ શાંતિ મેળવે છે. જો તે અધૂરી ઈચ્છાયુક્ત પિતૃઓની શાંતિ ન થાય તો તેનું વિપરીત ફળ તેના વંશજોને ભોગવવું પડે

છે. તેથી જ પિતૃઓની અભિલાષાઓ તથા અધૂરી ઈચ્છાઓ પૂર્ણ કરવી જોઈએ જેનાથી પિતૃઓને શાંતિ મળે અને આ પિતૃકાર્ય ઉચિત સમયે વંશજોએ કરવું જ જોઈએ. આ પિતૃકાર્ય આસો માસના કૃષ્ણપક્ષમાં આવતા આ એકાદશીના વ્રતના દિવસે જ કરવું યોગ્ય તથા ઉત્તમ ગણ્યું છે. જેનાથી આ વ્રતનું વિશેષ ફળ મળે છે તથા પિતૃઓને પણ તૃપ્તિ થાય છે. આ દિવસે પિતૃઓના નામ લઈ દરેક પિતૃના નિમિત્તે જે કંઈ પણ થોડુંક અથવા વધારે પ્રમાણમાં દાન કરવું. જેનાથી તે-તે પિતૃઓને નિશ્ચિત જ પરલોકમાં સુખ પ્રાપ્ત થાય છે.

પિતૃઓ જ્યારે મુક્તિ પામે છે. ત્યારે આપણને (મનુષ્યોને) ફળ પ્રાપ્ત થાય છે. તેથી જ એમને (પિતૃઓને) કરેલું દાન નિષ્ફળ નથી જતું. આમ વિચારીને દાન અવશ્ય કરવું જ જોઈએ. આવો વિદ્વાનોનો મત છે.

જો એક નાનું બીજ પણ વાવીએ તો તે બીજ પણ અંકુર, પાન, ફૂલ તથા ફળ અપાવે છે. નાના બીજને માત્ર ખેતરમાં વાવી તથા તેમાં શ્રદ્ધા રાખી અને પાણી પીવડાવવાથી પણ તેનું ફળ જો મળી જતું હોય તો શ્રદ્ધાયુક્ત દાન કરવાથી તેનું ફળ શા માટે ન મળે ? અર્થાત્ મળે જ છે. આ જ રીતે જો તે બીજને અગ્નિમાં નાંખી દેવામાં આવે તો તે બળી જાય છે પરંતુ તે બીજ જો ખેતરમાં ભૂલથી પણ પડી જાય છે તો તે ફળ આપનારું બને છે. આમ જો ધન-સંપત્તિ અવળા માર્ગે વપરાય તો તે અવશ્ય નષ્ટ થઈ જાય છે. પરંતુ સત્પાત્રને તે દાન કરવાથી નષ્ટ પામતી નથી. માટે જ તીર્થક્ષેત્રમાં સુપાત્રને તથા સત્પુરુષને આપેલું દાન નિશ્ચિત જ સ્થિર રહે છે તથા કાળાન્તરે અંકુરીત પણ થાય છે. કોઈપણ વ્રતના દિવસે સુપાત્રને કરેલું શ્રદ્ધાયુક્ત દાન શ્રીહરિને દાન કર્યું ગણાય છે. તે કદી પણ નિષ્ફળ જતું નથી. તેથી જ ફળની આશા રાખ્યા વગરનું આપેલું નાનું અથવા મોટું દાન તે શ્રીહરિના રાજીપાથી નિશ્ચિત જ ફળીભૂત થાય છે.

હે લક્ષ્મી ! હવે તમે આ અધોગતિ પામેલા તથા નીચ યોનિમાં જન્મેલા પિતૃઓને સદ્ગતિ અપાવનારી કથા સાંભળો કે જે રમ્ય છે તથા પિતૃઓને વ્રત દ્વારા તૃપ્તિ અપાવનારી પણ છે. આ ઈન્દિરા એકાદશી શ્રેષ્ઠ છે તથા

વાજપેય યજ્ઞનું ફળ અપાવનારી છે. આ એકાદશીનું વ્રત રાજા ઈન્દ્રસેને કરેલું હતું તથા તેના ફળ સ્વરૂપ ઈન્દ્રસેનના પિતૃઓ તરી ગયા હતા.

પૂર્વે સત્યુગમાં આ ઈન્દ્રસેન નામના રાજા થયા હતા. નામર્દા નામના ક્ષેત્રમાં મહારાષ્ટ્રમાં ચંદ્રાવતી નામની નગરીના તે રાજા હતા. તે પોતાની પ્રજાનું પુત્રવત્ પાલન-પોષણ કરતા હતા. તે રાજા પોતે પુત્રો તથા પૌત્રોથી યુક્ત હતા, તેમજ પોતે ધનધાન્યથી સમૃદ્ધ હતા અને હાથી, ઘોડા તથા યાન વગેરેથી તેઓ ઐશ્વર્ય યુક્ત પણ હતા. તે રાજા ખૂબ જ ભક્તિપરાયણ હતા અને પોતે વૈષ્ણવ (વિષ્ણુભક્ત) હતા. તેઓ પોતાનો સમય નિત્ય શ્રીહરિના નામ જપવામાં જ વ્યતીત કરતા તથા સદાભક્તિ યુક્ત રહી આધ્યાત્મ ધ્યાન અને ચિંતન કરતા રહેતા.

આમ એક દિવસ ઈન્દ્રસેન રાજાના ઘરે પોતે શાંતિથી બેઠા હતા ત્યારે શ્રીનારદજી આકાશમાર્ગમાંથી તે ઈન્દ્રસેન રાજા સમક્ષ પ્રગટ થયા. આમ પોતાની પાસે શ્રીનારદજીને આવતા જોઈ ઈન્દ્રસેન રાજાએ પોતાના આસન પરથી ઊભા થઈ મુનિવરને બે હાથ જોડી પ્રણામ કર્યા તથા આતિથ્ય સત્કાર કર્યા અને શ્રીનારદજીને આસન પર બેસાડ્યા.

ત્યારે ઈન્દ્રસેન રાજા બોલ્યા કે 'હે બ્રહ્મદેવ ! હું આપનું મારા આ ગૃહમાં સ્વાગત કરું છું. તમારા આગમનથી આજ મારું રાજ્ય, મારો જન્મારો, મારા સત્કર્મો, મારું કુળ તથા ધન સઘળું જ સફળ થયું છે તથા મારા દાન, યજ્ઞ, જપ, હોમ, સ્વાધ્યાય વગેરે પણ સફળ થયા છે. તમારી કૃપાથી જ હે મુનિશ્રેષ્ઠ મારું ભાગ્ય ધન્ય થયું છે તથા હે મુનિવર ! મારા પુત્રો, પૌત્રો, પત્નિ વગેરે તથા મારા દાસ-દાસીઓ, હાથીઓ, ઘોડાઓ વાહનો પણ તમારા આગમનથી સફળ થયા છે. સાધુઓના તો દર્શન માત્રથી પુણ્ય પ્રાપ્ત થાય છે તથા સ્પર્શ કરવાથી પાપનો નાશ થઈ જાય છે. વળી સાધુસેવા કરવાથી સ્વર્ગ અને સાધુ પાસે આત્મસમર્પણ કરવાથી દિવ્ય એવા મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. જેઓના ઘરે સાધુઓની ચરણરજ નથી પડતી તેઓના ઘરો તથા ભવનો સ્મશાન તુલ્ય હોય છે. હે દેવર્ષિ ! જે રીતે આપે આપના આગમન દ્વારા મારા સંબંધિઓ તથા કુટુંબીઓને તાર્યા છે, તે જ રીતે કૃપા કરી અને આપના

આગમનનું કારણ તથા ઈચ્છા જણાવો.'

આવા વિનયયુક્ત વચનો સાંભળી શ્રીનારદજીએ રાજાને કહ્યું કે, 'હે રાજર્ષિ ! હું એક આશ્ચર્યજનક વાત હું આપને કહું છું તે આપ સાંભળો. હે મહિપતિ ! બ્રહ્મલોકમાંથી હું યમલોક ગયો હતો ત્યાં ધર્મરાજાએ મારો ભક્તિપૂર્વક સત્કાર કર્યો તથા તે ધર્મરાજા શ્રેષ્ઠ એવા ઊંચા આસન પર બેઠા હતા અને ત્યાં બધા સત્યશીલ તથા ધાર્મિક જીવો ધર્મરાજાની સેવા કરતા હતા. આવી ઉત્તમ ધર્મરાજાની સભામાં પાછળ ઊભેલા તથા નિસ્તેજ બનેલા તમારા અતિ પુણ્યશાળી એવા પિતૃઓ મારી સામે જોઈ અને સહેજ હસ્યા તથા હે મહિપતિ ! શ્રાદ્ધદેવની સભામાં તમારા પિતાએ તેઓનું દુઃખ નાશ કરવા માટે મને સંદેશો કહ્યો છે તે હું આપને કહું છું.'

'ઈન્દ્રસેન નામથી વિખ્યાત એવો મારો દિકરો ચંદ્રાવતી પૂરીનો રાજા છે. તો હે બ્રહ્મર્ષિ ! આપ તેને મારો આ સંદેશ કહેજો કે, તારા પિતા ચંદ્રસેન પોતાના પુણ્યના પ્રભાવ થકી ધર્મરાજાની નગરીમાં વાસ કરે છે. તેઓએ (ચંદ્રસેને) ઘણું બધું દાન-પુણ્ય કર્યું છે પણ એક વ્રત નથી કર્યું જેથી તેઓ કરેલા દાન-પુણ્યને કારણે નગરીમાં સ્થિત તો છે પરંતુ એક વ્રત ન કરવાને કારણે તે નિસ્તેજ (તેજ વગરના) રહી ગયા છે તથા તે કારણે તે સભામાં સાવ છેલ્લે ઊભા રહે છે અને નિસાસા નાખે છે. તે સદા અતિ દુઃખી જ રહ્યા કરે છે તેથી હે મારા પુત્ર ! તું આ એકાદશીનું વ્રત કર તથા આ ઈન્દિરા એકાદશીનું વ્રત કરી તેનું પુણ્ય મને દાન કરી મારો મોક્ષ કરાવ.'

'હે રાજન્ ! તમારા પિતાના મોક્ષાર્થે આ ઈન્દિરા એકાદશીના વ્રતનું આચરણ કરો. તમારા પિતા તે વ્રતના પુણ્ય પ્રભાવે નિશ્ચિત જ વૈકુંઠમાં જશે.'

પિતાનો સંદેશો સાંભળી શ્રીનારદજીને ઈન્દ્રસેન રાજાએ આ વ્રત કયા પક્ષમાં કરવું તથા કઈ રીતે કરવું તથા કઈ તિથિએ પ્રારંભ કરવો તે પૂછ્યું ત્યારે શ્રીનારદજીએ ઈન્દ્રસેન રાજને કહ્યું કે, આસો માસના કૃષ્ણપક્ષમાં આવનારી દશમીએ પ્રાતઃકાળે જાગી શ્રીકૃષ્ણનું સ્મરણ કરી આ વ્રતનો પ્રારંભ કરવો. ત્યારબાદ સ્નાન કરી દેવનું પૂજન કરવું તથા ફરી બપોરે સ્નાન કરવું

અને શ્રીહરિને નૈવેદ્ય ધરાવવું તથા પોતે એક જ સમય જમવું. ફરી સાંજે સ્નાન કરી શ્રીહરિનું ધ્યાન કરી રાત્રે ભૂમિ પર જ શયન કરવું તથા એકાદશીના દિવસે વ્રતીએ પરોઢે નિંદ્રા ત્યાગી ઊઠી જવું તથા શ્રીહરિનું સ્મરણ કરી શ્રીહરિ નામ રટતાં-રટતાં શૌચાદિ ક્રિયાઓ આરંભવી. જળથી વારંવાર બાર વખત મોઢું ધોવું. પછી તીર્થના જળથી સ્નાન કરવું અને ત્યારબાદ દેવપૂજાનો પ્રારંભ કરવો. શ્રીહરિની પ્રતિમાને નમસ્કાર કરી આચમન આદિ કરવું તથા ષોડશોપચાર વડે વ્રતીએ શ્રી ઉપેન્દ્ર સ્વરૂપનું પૂજન કરવું તથા તે આખો દિવસ નિયમપૂર્વક ઉપવાસ જ કરવો અને 'આજના દિવસે આહાર લીધા વગર અને દરેક ભોગોનો ત્યાગ કરી આ વ્રત કરીશ તથા હે પુંડરીકાક્ષ ! હું કાલે જ જમીશ. હે પ્રભુ ! મારું આ વ્રત પૂર્ણ કરજો.' આમ પ્રાર્થના કરી આ નિયમમાં સ્થિત થવું તથા સર્વતોભદ્રમંડળમાં ઘડો સ્થાપી તેમાં પ્રભુના સ્વરૂપને વિરાજમાન કરવું અને મહાપૂજનનો પ્રારંભ કરવો તથા વિધિવત્ પૂજા કરી અને પૂર્ણ કરવી તથા પ્રભુની આરતી કરવી અને નૈવેદ્ય જમાડવું તથા બપોરે પણ સ્નાન કરી ભગવાનને ભોજન જમાડવું, આરતી કરવી, પોઢાડવા તથા ઉત્થાપન કરવું તેમજ પીવા માટે જળ આપવું. વિંજણા વડે પવન ઢાળવો, પ્રભુનાં પગ દબાવી આપવા. આમ વિવિધ સેવાઓ કરી પ્રભુને સુખ આપવું.

ત્યારબાદ શાલીગ્રામની શિલા આગળ વિધિવત્ શ્રાદ્ધકર્મ કરવું. શ્રાદ્ધકર્મ કરતી વખતે પિતૃઓની તૃપ્તિ માટે હૃદયમાં શ્રદ્ધા રાખવી. ઘઉંના લોટ વડે પિંડ બનાવીને કરેલું શ્રાદ્ધકર્મ મધ્યમ ગણાયું છે તથા જવ, ચોખા, તલ, અડદ, ઘઉં તેમજ ચણાના લોટમાંથી પિંડ બનાવીને કરેલું શ્રાદ્ધ ઉત્તમ ગણાયું છે. તેથી વ્રતીએ ઉત્તમ શ્રાદ્ધ જ કરવું. શ્રાદ્ધ કર્યા બાદ વ્રતીએ પિતૃઓને ધરાવેલું કંઈ પણ પોતે ન ખાવું. વ્રતની રક્ષા માટે વ્રત તૂટે નહીં તે માટે પિતૃને અર્પણ કરેલું બધું જ સૂંઘી લેવું. પિતૃ નિમિત્તના પિંડ વગેરે તથા અન્ન આદિ બધું જ સારી રીતે સૂંઘી અને ગાયને ખવડાવી દેવું જોઈએ. આવો વિદ્વાનોનો મત છે. ત્યારબાદ હવે રાત્રે મહાપૂજા કરવી તથા સુંદર ઉત્સવ સહિત જાગરણ કરવું.

બારસના દિવસે પ્રાતઃકાળે સ્નાન કરી શ્રી માધવનું અર્ચન કરવું તથા ત્યારપછી વ્રતીએ પ્રભુને નૈવેદ્ય, ફળ, તાંબૂલ (મુખવાસ) અર્પણ કરવા અને આરતી વગેરે કરી પ્રભુ પાસે ક્ષમાયાચના કરવી. ત્યારબાદ વિવિધ પ્રકારના અનેક દાનો કરવા. તથા બ્રાહ્મણો વગેરેને સારી રીતે જમાડવા. સાધુઓ, સાધ્વીઓ, બંધુઓ, ભાણેજ, પુત્રોને પણ જમાડવા. તથા દુઃખી, ગરીબ, આંધળા વગેરેને પણ જમાડવા અને ત્યારપછી પોતે જમી અને પારણાં કરવા. હે રાજન્ ! આ રીતે વ્યવસ્થિત વ્રત કરવું. જેથી હે ભૂપતિ ! તમારા પિતૃઓ નિશ્ચિત જ વૈકુંઠલોકમાં જશે.

હે લક્ષ્મી ! આમ કહી શ્રી નારદજી ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. તથા જે પ્રમાણે શ્રી નારદજીએ કહ્યું હતું તે જ વિધિ અનુસાર ઈન્દ્રસેન રાજાએ તથા અન્તઃપુરવાસી સર્વ સ્ત્રીઓએ અને રાજાના પુત્રો તથા દાસ-દાસીઓએ પણ આ ઈન્દિરા એકાદશીનું વ્રત કર્યું.

વ્રત કરવાથી તથા ગોદાન કરવાના કારણે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થવા લાગી તથા વ્રતનું પુણ્ય દાન કરવાના કારણે ઈન્દ્રસેન રાજાના પિતા ચંદ્રસેન તથા અન્ય પિતૃઓ પણ ગરૂડ સહિત આવેલા વિમાનોમાં બેસી અને બધા જ વૈકુંઠમાં ગયા અને ઈન્દ્રસેન રાજા પણ તે વ્રત કરવાના કારણે અકંટક રાજ્ય ભોગવી પોતાના મોટા દિકરા મહીસેનને રાજ્ય સોંપી દીધું તથા અંતે તે ઈન્દ્રસેન સ્વર્ગમાં ગયા અને ત્યાંથી પણ પોતાના પુણ્ય પૂર્ણ કરી અને વૈકુંઠ સીધાવ્યા.

હે લક્ષ્મી ! આ વ્રત માહાત્મ્ય મેં (શ્રી હરિએ) તમને કહીં સંભળાવ્યું કે જેના પઠન અથવા શ્રવણ કરવાથી પણ વ્રત કર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે.''

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "આસો માસના કૃષ્ણપક્ષમાં આવતી ઈન્દિરા એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા ઈન્દ્રસેન રાજાના પિતા ચંદ્રસેન અને અન્ય પિતૃઓનો વ્રતના પુણ્યબળથી યમલોકમાંથી મોક્ષ આદિનું નિરૂપણ" નામનો બસો અઠ્ઠાવનમો અધ્યાય ॥ ૨૫૮ ॥

પાશાંકુશા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા - ''હે કરૂણાસિન્ધુ ! આપ સર્વપુણ્યમય દેવ છો તથા આપ સ્વયં મનુષ્યોને કર્મ અનુસાર ફળ આપનારા છો. હે દેવ ! તમોને ભુલીને પણ જે મનુષ્યો પોતાના કર્મોમાં રચ્યા-પચ્યા રહે છે તેવા મનુષ્યો માટે પણ આપ ફળપ્રદ છો. જે ફળ મેળવવું મનુષ્યો માટે કઠીન છે તે પણ આપ સહજ પ્રદાન કરો છો. જે મનુષ્યો તમને ભુલતા નથી, સદા સ્મરણ કરે છે તેવા મનુષ્યોને તો આપ નિર્ગુણ એવું નિત્યઆનંદ સ્વરૂપ મોક્ષરૂપી ફળ પ્રદાન કરો છો. તેથી હે ભગવન્ ! આપ અમોને શરણાગતિ પ્રદાન કરો. આપ જ સર્વ કર્મમય એટલે કે દરેક કાર્યસ્વરૂપ છો અને આપ જ કર્મફળને આપનારા છો.

હે પરમેશ્વર ! આપ સર્વજ્ઞ છો તેથી કૃપા કરી આપ મને (આશ્વિન માસ) આસો માસના શુક્લપક્ષમાં આવનારી એકાદશીનું નામ કહો તથા હે શ્રી હરી ! આ દિવસે કયા દેવનું પૂજન કરવું ? તેની શું વિધિ છે ? તેનું શું ફળ છે ? તથા તે દિવસે શેના દાનનું મહત્વ છે ? આ બધું જ આપ મને કહો.''

શ્રી નારાયણ બોલ્યા - ''આસો માસના શુક્લપક્ષમાં આવનારી દરેક પાપોને હરનારી, પુણ્ય પ્રદાન કરનારી તથા મોક્ષ અપાવનારી એકાદશીનું નામ 'પાશાંકુશા એકાદશી' છે. આ દિવસે પ્રભુના 'પદ્મનાભ' સ્વરૂપનું પૂજન કરવું તથા દેવી 'પદ્માવતી'નું પણ પૂજન કરવું. પૂજા માટે ખીજડાના પાન લેવા અને ભક્તિયુક્ત બની પદ્માવતી સહિત શ્રી પદ્મનાભ પ્રભુનું પૂજન કરવું તથા અર્ઘ્ય સહિત ગરમાળાનું ફળ (ગરમાળાની શીંગ) અર્પણ કરવું.

એવો વિદ્વાનોનો મત છે. તેમજ નૈવેદ્યમાં ભગવાનને મીઠા ભાત (ભાતમાં સૂકોમેવો, ઘી, સાકર વગેરે પધરાવી બનાવવામાં આવતી વાનગી) ધરવા તથા દાનમાં લોકોને પૌંઆ (ચોખા)ના લાડુ (મોદક) બનાવી અને આપવા. આમ દરેક પ્રકારની ઈચ્છાપૂર્ણ કરવા માટે પ્રભુને બધું જ અર્પણ કરવું.

જે ફળ મુનિઓ, યતિઓ તપસ્યા કરીને અતિ કઠોર તપ દ્વારા પ્રાપ્ત કરે છે તે ફળ પ્રભુ શ્રીપદ્મનાભને નમન કરવા માત્રથી પ્રાપ્ત થાય છે. ઘણા બધા પાપ કરેલો માનવ જો આ એકાદશીનું વ્રત પ્રભુમાં મોહિત થઈ અને કરે છે તથા પદ્મનાભ પ્રભુને નમન કરે છે તો તે પાપી માનવ પણ નરકમાં જતો નથી. આ સમગ્ર પૃથ્વી પર જેટલા પુણ્ય પ્રદાન કરનારા તીર્થો છે તે બધા જ પુણ્યપ્રદ તીર્થોનું ફળ માત્ર શ્રીપદ્મનાભ પ્રભુની સારી રીતે પૂજા કરવાથી પ્રાપ્ત થાય છે. જે કોઈપણ દેવોના દેવ પ્રભુ શ્રીપદ્મનાભ એવા જનાર્દનના શરણે જાય છે તેઓની યમલોકની યાતના સદા માટે દૂર થઈ જાય છે. આ એકાદશી કરીને તે આ દિવસે જો કોઈ માણસ પ્રસંગોપાત ઘોરપાપનો ભાગીદાર બને છે અથવા ઘોરપાપમાં પડે છે તો પણ તે માનવ યમયાતના ભોગવતો નથી. જેવી આ પાપનાશિની પ્રભુ શ્રીપદ્મનાભની એકાદશી છે તેવું પાવન આ ત્રણેય લોકમાં કંઈ પણ નથી.

જ્યાં સુધી માનવ આ પ્રભુ શ્રીપદ્મનાભની એકાદશીનું વ્રત નથી કરતો ત્યાં સુધી જ માનવમાં પાપકર્મો નિર્ભયતાથી વાસ કરે છે. હજારો અશ્વમેધ યજ્ઞો તથા સો જેટલા રાજસૂય યજ્ઞો પણ એકાદશીના ઉપવાસની તુલનામાં નથી આવતા. સોળ પ્રકારની કળાઓ પણ એકાદશીનો પાર નથી પામી શકતી. એકાદશી સમાન આ લોકમાં પાપ ધોનારું બીજું કોઈ વ્રત નથી. આ એકાદશીનું વ્રત તો સ્વર્ગ તથા મોક્ષ પ્રદાન કરાવનારું છે. વળી આ લોકમાં પણ ધન, મિત્ર આદિ સુખ અપાવનારું છે. તેમજ આ વ્રત કરવાથી શારીરિક આરોગ્ય પણ સારું રહે છે અને પત્નિ, પુત્ર, પુત્રી તથા કુળ પણ પ્રાપ્ત થાય છે. કપટ ભાવથી પણ જો કોઈ આ એકાદશીનું વ્રત કરે છે તો તે યમપુરીમાં જતો નથી.

હે લક્ષ્મી ! ગંગા, ગયા, કાશી, પુષ્કર તથા કુરુક્ષેત્ર પણ એકાદશીના પુણ્ય સમાન નથી. એકાદશીના દિવસે જાગરણ કરવું જોઈએ. તથા તે દિવસે

શ્રીહરિનું મહાપૂજન પણ કરવું જોઈએ. આ દિવસે ઉપવાસ પણ કરવો અને નિર્જળા એકાદશી પણ કરી શકાય. (વ્રતીએ શક્તિ અનુસાર નિર્જળા, ઉપવાસ, એકટાણું વગેરે કરી શકાય.) કે જેનાથી મારું (શ્રી હરિનું) શાશ્વત ધામ પ્રાપ્ત થાય છે. આમ આ એકાદશીનું વ્રત કરવાથી માતૃપક્ષના (મોસાળ પક્ષના) દશ પેઢીના પિતૃઓ, પિતૃપક્ષના દશ પેઢીના પિતૃઓ તથા પત્નીપક્ષના દશ પેઢીના પિતૃઓ ઉદ્ધાર પામે છે, તે નિશ્ચિત જ છે. વળી આ વ્રત કરનારા પુરુષો અંતે દિવ્ય ચતુર્ભુજ રૂપ ધારણ કરી તથા વનમાળા, પિતાંબર આદિથી યુક્ત બની અને વિષ્ણુસમાન પરાક્રમી બને છે અને ગરૂડયુક્ત વિમાનમાં બેસી તેઓ પ્રભુના ધામમાં સિધાવે છે. તથા નારીઓ પણ લક્ષ્મીસમાન બની અને અંતે હરિધામ સિધાવે છે. જો કોઈ માનવ બાળપણમાં, યુવાવસ્થામાં અથવા વિધવાપણામાં કે વિધુરપણામાં પરવશ હોય તો પણ જો આ એકાદશીનું પાલન કરે છે, ઉપવાસ આદિ કરી વ્રત કરે છે, તો પણ માનવ પાપ કે દુર્ગતિને પ્રાપ્ત થતો નથી અને તે આ પાશાંકુશા એકાદશીનું પાલન કરી અને શ્રી હરિના ધામમાં સિધાવે છે.

આ એકાદશીના દિવસે સોનું, તલ, ગાય, જળ, અન્ન તથા વસ્ત્ર, ચપ્પલની જોડ, છત્રી વગેરે દાન કરવાથી વ્રતી યમલોકમાં જતો નથી.

પુણ્ય, વ્રત આદિ સત્કર્મો કર્યા વગરના માનવનું જીવન નિષ્ફળ છે તેવો વિદ્વાનોનો મત છે. તે પુણ્યકર્મવિહીન માનવ લુહારના ધમણ જેવો છે, કે જે શ્વાસ તો લે છે પરંતુ જીવંત નથી. મનુષ્યોએ પોતાના સંપૂર્ણ દિવસ દરમિયાન સ્નાન, દાન, જપ, હોમ, ધ્યાન, અનુષ્ઠાન સત્ર આદિનું આચરણ યથાશક્તિ કરવું જ જોઈએ. સંપૂર્ણ દિવસ આવું કશું જ કર્યા વગર વેડફવો ન જોઈએ. (અર્થાત્ આખા દિવસમાં જપ-તપ આદિ કંઈક સાત્વિક કાર્યો કરવા જ જોઈએ.) આ સૃષ્ટિ પર જે લાંબુ જીવનારા ધનાઢ્ય લોકો, સત્સંસ્કારીઓ તથા નિરોગીઓ છે તે બધા પુણ્યકર્મો કરનારા લોકો જ છે. તેથી જ આ પાશાંકુશા એકાદશીના વ્રત જેવા વ્રતો મનુષ્યોએ કરવા જોઈએ.

આ વ્રત કરવા માટે દશમીના દિવસે એક જ સમય જમવું અને બ્રહ્મચર્ય પાલન કરવું તથા રાત્રે ભૂમી પર જ શયન કરવું. બીજે દિવસે

એકાદશીના દિવસે પ્રાતઃકાળે જાગી અને નિત્યપૂજા કર્મ આદિ પતાવવું તથા પ્રભુની ષોડશોપચાર વડે પૂજા કરવી અને વ્રતની પૂર્ણતા માટે આગળ સાત ધાન્યો વડે સર્વતોભદ્રમંડળ બનાવવું તથા તે મંડળની મધ્યમાં એક જળ ભરેલો, પંચરત્નો પધરાવેલો, વસ્ત્ર લપેટેલો, શ્રીફળ સહિત કળશ સ્થાપવો અને તે કુંભ ઉપર તલ ભરેલી થાળી મુકવી (થાળી મુકતી વખતે કળશ પરથી શ્રીફળ ઉતારી કળશની બાજુમાં અથવા બ્રાહ્મણની આજ્ઞા અનુસાર ઉચિત સ્થાન પર મુકવું) તથા તે થાળીમાં પ્રભુ શ્રીપદ્મનાભ, દેવી શ્રીપદ્માવતી અને પાશાંકુશા એકાદશી દેવીની સોનાની પ્રતિમાઓ સ્થાપવી તથા પૂજન પણ કરવું. તે મૂર્તિઓમાં આવાહન આદિ કરી અને પંચામૃત વગેરેથી પ્રભુને સ્નાન કરાવવું ત્યારબાદ તીર્થના જળ વડે શુદ્ધોદક સ્નાન કરાવવું અને વસ્ત્રાલંકાર પહેરાવવા તથા પ્રભુને (તથા બંને દેવીઓને પણ) ચંદન, અત્તર આદિ સુગંધીત દ્રવ્યો, કાજળ, ફૂલરત્નો, સુવર્ણ આદિના હાર-આભૂષણો અર્પણ કરવા. ત્યારબાદ વિવિધ પ્રકારના ભોજન પ્રભુને ધરાવવા, જળ અર્પણ કરવું. મિષ્ટાન્ન ધરાવવું તથા મુખવાસ, ફળ પણ પ્રભુને અર્પણ કરવા અને પછી વારંવાર પ્રભુની નજર ઉતારવી અને આરતી કરવી. ત્યારબાદ પ્રભુને સ્તુતિ, પ્રાર્થના, પ્રદક્ષિણા, દંડવત્ આદિ કરીને ક્ષમાયાચના કરવી તથા ધૂપ, દીપ આદિ કરવા પછી ઊંચો એવો ઝૂલો બાંધી તેમાં પ્રભુને પધરાવવા અને ઝૂલો ઝૂલાવવો. બપોરે પણ પ્રભુને સરસ ભોજન જમાડવું અને મુખવાસ જળ આદિ અર્પણ કરીને સાંજે ભગવાનનું ફરી ષોડશોપચાર પૂજન કરવું અને આરતી કરવી.

આમ બધું જ વિધિવત્ પૂજન કરી ભોજન તથા જળ પ્રભુને અર્પણ કરવા. ત્યારપછી રાત્રે ભગવત્પરાયણ બની હરિકીર્તન, ભજનગાન, સ્મરણનર્તન આદિ સહિત જાગરણ આદરવું. તથા પ્રભુના શ્રીઅંગોને અને ચરણોને દબાવવા. આવી વિવિધ પ્રભુની નિજસેવા કરવી તથા પ્રાતઃકાળ થાય એટલે શ્રીહરિનું સ્મરણ કરીને ન્હાયા બાદ શ્રી કેશવનું પૂજન કરવું અને પ્રભુને જમાડવા તથા તાંબૂલ (મુખવાસ) જળ અર્પણ કરવા. પછી સાધુઓ, સાધ્વીઓ, આશ્રિતોને આદરપૂર્વક ભોજન કરાવવું તથા ત્યારબાદ વૃદ્ધોને, વડિલોને નમન કરી શ્રીહરિને નમન કર્યા બાદ પંચયજ્ઞો અલગથી કરવા.

ગૃહસ્થોએ આ પંચયજ્ઞો કરવા જ જોઈએ : (1) બ્રહ્મચર્યયજ્ઞ (2) પિતૃયજ્ઞ (3) દેવયજ્ઞ (4) ભૂતયજ્ઞ અને (5) મનુષ્યયજ્ઞ

આ પંચયજ્ઞો કર્યા બાદ વ્રતીએ પારણાં કરવા તથા ભાવયુક્ત બની વિવિધ દાનો આપવા. આમ આ પ્રકારે બારસના દિવસે વ્રતની સમાપ્તિ કરવી અને શ્રીહરિનું સ્મરણ કરવું. આ પ્રકારે વ્રત કરવાથી નિશ્ચિત જ મનુષ્યોના ભવપાશનો વિનાશ થાય જ છે.

હે લક્ષ્મી ! હવે આપ આ દિવ્ય તથા યમપાશમાંથી છોડાવનારી કથા સાંભળો. પૂર્વકાળે સત્યુગમાં વામદેવ નામના એક ઋષિ હતા. તે ઋષિને બ્રહ્મવેત્તા સમાન અનેક અગ્રગણ્ય શિષ્યો હતા. તથા બીજા અનેક મુનિઓ, ત્યાગીઓ તથા ગૃહસ્થો અને તે વામદેવ ઋષિના આશ્રમમાં આવીને સ્નાન, સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ વગેરે પુણ્યકર્મો કરતાં હતા તથા પોતે પોતાને મળેલા કર્મોમાં રત રહેતા હતા.

આ બધા પુણ્યશાળી જીવોમાં એક 'વેદશિરા' નામના કર્મકાંડી ઋષિ તે આશ્રમમાં રહેતા હતા. તે ઋષિ ખ્યાતનામ હતા તથા વૈદિક ક્રિયાઓમાં ખૂબ જ નિષ્ણાંત હતા. તેઓએ ચાતુર્માસના વ્રત દરમિયાન માત્ર કંદમૂળ ખાઈને જ ચાર માસ ગાળ્યા. માટે માત્ર કંદનો જ આહાર લેવાને કારણે તેમના પેટમાં કંદવિકૃતિજન્ય રોગ થયો. તેઓની જઠરાગ્નિ મંદ પડી જવાના કારણે મંત્રોની ઉષ્ણતા, ઉચ્ચારણ આદિ વ્યવસ્થિત થતું ન હતું અને તેઓ જે કંઈ પણ થોડો-ઘણો આહાર લેતાં તેનું પાચન થતું નહીં જેથી અપચો થઈ જતો હતો. આમ પોતે વારંવાર શૌચાદિ ક્રિયામાં પ્રવૃત્ત થતા હતા. જેથી અપવિત્રતા આવી જતી હતી અને ઋષિ પણ ક્ષીણ મનવાળા બની જતા હતા. તેથી તેઓએ સ્નાન, પૂજન આદિ ત્યજી દીધું અને પોતે શૂદ્ર જેવું જીવન જીવવા લાગ્યા તથા બધે જ ફરવા-હરવા લાગ્યા. આમ પુણ્યકર્મનો ત્યાગ કરવાને કારણે પાપ વધવા લાગ્યું. તથા પાપ વધવાના કારણે તેઓનું એકઠું થયેલું પુણ્ય ક્ષીણ પામ્યું.

એક દિવસ તેઓનું આયુષ્ય પૂર્ણ થઈ ગયું અને યમદૂતો તેમને લેવા માટે આવ્યા. ત્યારે તે વેદશિરા ઋષિ આકુળ-વ્યાકુળ થઈ તે યમદૂતોને કહેવા લાગ્યા કે 'કયા કર્મોને કારણે તથા શા માટે મને યમદૂતોના દર્શન અંત સમયે થયા ?' ત્યારે યમદૂતોએ વેદશિરા ઋષિને સામો જવાબ આપતાં કહ્યું કે, 'તમે વૈદિક કર્મોનો ત્યાગ કર્યો છે તથા તમારો સ્વધર્મ છોડી તમે સ્વેચ્છાચારી બની જેમ ફાવે તેમ વર્તન કર્યું છે, જેનું ફળ યમલોકમાં વાસ કરવો તે જ છે. પોતાના માર્ગ પરથી બીજા માર્ગે ચાલનાર બ્રાહ્મણને યમલોક જ પ્રાપ્ત થાય છે. માટે તમારા દ્વારા ઉત્પન્ન થયેલું પાપનું ફળ તમારે પ્રાયશ્ચિત સ્વરૂપે ભોગવવું જ પડશે.' આમ કહી તે યમદૂતો વેદશિરા ઋષિને યમલોક લઈ ગયા અને ત્યાં યમરાજે તે ઋષિના કર્મો જોયા ત્યારે ચિત્રગુપ્ત બોલ્યા કે, 'આ ઋષિ દ્વારા મોટું પાપ થયું છે, વેદવિદ્યા ગ્રહણ કરી અને પછી નિર્ણયપૂર્વક પોતે વેદમાર્ગથી વિમુખ બન્યા છે કે જેનાથી બીજું કોઈ મોટું પાપ નથી. આ પાપ તો બ્રહ્મહત્યા સમાન પાપ છે.' આમ કહી ચિત્રગુપ્તે કહ્યું કે, 'આમને દોરડાં વડે બાંધી અને લઈ જાવ.' બ્રહ્મઘાતિઓ માટેના 'કાળસૂત્ર' નામના નરકમાં પાડો તથા 'અસિપત્ર' વનમાં લઈ જઈ આમને કષ્ટ આપો, તાડન કરો.' આમ કહી તે નિતિયુક્ત ન્યાયયુક્ત યમરાજા વિરામ પામ્યા.

ત્યારે વેદશિરા ઋષિએ નિવેદન કરતાં બુદ્ધિમાન એવા યમરાજને કહ્યું કે, 'મારા શરીરની પરિસ્થિતિ સારી ન હોવાને કારણે મેં વૈદિક કર્મનો ત્યાગ કર્યો હતો, કે જેને આપત્કાળ કહેવાય છે. તથા આપત્કાળમાં મારા શરીરમાં અશક્તિ આવી ગઈ હતી જેનાથી વૈદિક કર્મ કરવું તે શક્ય ન હતું તો આપત્કાળમાં જે કંઈ પણ અધર્મ થાય તે અધર્મ ગણવામાં નથી આવતો. તેથી મેં પાપ કર્યું ગણાય જ નહીં. તો મને શા માટે નરક મળે ? મેં કોઈ પાપ જ નથી કર્યું. માટે યમપુરીમાં મારો વાસ ન થઈ શકે.' ત્યારે યમરાજે જવાબ આપતાં કહ્યું કે, 'જો થોડી પણ સ્વસ્થતા હોય, જરા પણ એમ થતું હોય કે હું સાજો છું, શરીર ચાલે છે તો તે આપત્ધર્મ નથી ગણાતો, આવો અમારો મત છે, તથા નાનીસુની આપદા (અપચો થવો, માથું દુઃખવું વગેરે નાના રોગ) માટે મોટો ત્યાગ કરવો તે મહાન અધર્મ જ છે. તમને એવો પણ કોઈ મોટો

રોગ થયો ન હતો કે તમે વેદોનું ઉચ્ચારણ પણ ન કરી શકો. તમે માત્ર આળસને વશ થઈ અને વૈદિક કર્મ ત્યાગ્યું છે, વૈદિક ધર્મ પણ છોડ્યો છે. તેથી આ 'મોટું પાપ' તમે કર્યું ગણાય. કારણ કે તમે જાણી જોઈને વૈદિક માર્ગથી વિમુખ બન્યા છો. બ્રાહ્મણે તો અજાણતા પણ થોડું-ઘણું યથાશક્તિ વેદોનું અધ્યયન આદિ વૈદિક કર્મ કરવું જ જોઈએ. જ્યારે તમે તો જાણતા હોવા છતાં પણ વેદાધ્યયન આદિ છોડ્યું, તે કઈ રીતે વ્યાજબી ગણાય ? તેથી જ તમે આળસના કારણે કર્મઘાતી બન્યા છો અને કર્મ-ધર્મને છોડનારા છો. જે બ્રહ્મક્રિયા તથા વૈદિક ધર્મને ત્યાગે છે તે અવશ્ય જ દંડનો અધિકારી છે માટે તમારે દંડ ભોગવવો જ પડશે.'

ત્યારે વેદશિરા ઋષિએ મનમાં થોડું ચિંતન કર્યું અને પોતાના ગુરૂ બ્રહ્માવતાર શ્રી વામદેવનું સ્મરણ કર્યું અને વામદેવ ઋષિ તરત જ ત્યાં આવી પહોંચ્યા અને ત્યારે ધર્મરાજે તેઓનું (વામદેવનું) સ્વાગત કર્યું અને આસન પર બેસાડ્યા. શ્રી વામદેવના શિષ્ય વેદશિરાએ પણ શ્રી વામદેવને નમસ્કાર કર્યા. પછી શ્રી વામદેવે યમરાજના મુખેથી વેદશિરાના કર્મોનું વૃત્તાંત સાંભળ્યું. પાપયુક્ત તથ્ય તો દંડ ભોગવ્યા વગર નાશ પામતું જ નથી તેથી શ્રી વામદેવજી ઉપાય વિચારવા લાગ્યા કે જેનાથી દંડ પણ ન ભોગવવો પડે અને પાપકર્મ પણ બળી જાય તેવું કંઈક વિચારીને હું તમને કહું છું.

પછી તે પરમકૃપાળુ શ્રી વામદેવજી બોલ્યા, બધી જ બાજુએ જોઈને તેઓએ યમરાજ તથા પોતાના શિષ્ય વેદશિરાને કહ્યું કે, 'હે મારા બંને શિષ્યો યમ તથા વેદશિરા ! તમે સાંભળો. એક મહાન વ્રત છે કે જે કરવાથી 'કાળસૂત્ર' તથા 'અસિપત્રવન' નામના નરકમાં વાસ થતો નથી. આસો માસના શુક્લપક્ષમાં આવનારું એકાદશીનું વ્રત બળવાન છે કે જે કરવાથી બ્રહ્મહત્યાદિ પાપોનો તથા તેના સમાન પાપકર્મોનો નાશ થાય છે. આ વ્રત શ્રદ્ધાપૂર્વક તમે કરો કે જેનાથી પ્રાયશ્ચિત થઈ જશે. આ એકાદશીના નામસ્મરણ માત્રથી જ અને વ્રત કરવાના સંકલ્પ માત્રથી જ વેદશિરાને ફરીથી પોતાનું આયુષ્ય પ્રાપ્ત થયું તથા શ્રી વામદેવજી પોતાના ગુરુના પ્રતાપથી જ આયુષ્ય પ્રાપ્ત કરી પોતે ધરતી પર પુનઃ આવ્યા કે જ્યાં તેનું શવ પડ્યું હતું.

આમ શ્રી વામદેવજીએ તે શવમાં વેદશિરાનો પ્રવેશ કરાવ્યો તથા પોતે તે દેહધારી વેદશિરાને વ્રત કહ્યું, ત્યારે વેદશિરાએ સ્નાન કરી અને સ્વસ્થપણે પોતાના ગુરૂ શ્રી વામદેવનું પૂજન કર્યું. ત્યારબાદ જ્યારે આસો માસની શુક્લપક્ષની એકાદશી આવી ત્યારે શ્રદ્ધાથી વ્રત કર્યું, જેનાથી જે વૈદિક ધર્મભ્રષ્ટ થયાનું પાપ હતું તે તેજ કર્મને લીધે કર્મદોષનું પાપ હતું તે પણ વ્રત કરવાથી ભસ્મીભૂત થઈ ગયું અને વેદશિરાને લાંબુ આયુષ્ય પ્રાપ્ત થયું. ગુરૂના બળને કારણે જે એકાદશીનું વ્રત કર્યું તેનાથી વેદશિરાને યમપાશમાંથી મુક્તિ મળી.

તેથી જ આ એકાદશીને પાશમાંથી છોડાવનારી તથા અંકુશ રાખનારી કહી છે. જેમ હાથી ઉપર અંકુશ રાખવાથી હાથી અવળે માર્ગે નથી જતો તેમજ આ પાશાંકુશા એકાદશી કરવાથી યમપાશ તે વ્રતીના માર્ગમાં બાધા નથી કરતો. તેથી જ લોકોએ આ વ્રત કરવું જોઈએ કે જેનાથી યમપાશમાંથી મુક્તિ મળે.

આ એકાદશી ત્રિવિધ તાપ (આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક)ને શાંત કરનારી છે, વળી આરોગ્ય પ્રદાન કરનારી પણ છે તથા આ એકાદશીના વ્રતથી સ્વર્ગ, મોક્ષ દરેક પ્રકારની સંપત્તિ અને સુખ પણ પ્રાપ્ત થાય છે તેમજ આ એકાદશી વાસનાના પાશમાં બંધાયેલા લોકોના પાશનો નાશ કરનારી છે, વળી દેહથી કરેલ પાપરૂપી પાશનો પણ નાશ કરનારી છે તથા વિપદામાંથી ઉગારનારી છે તેમજ 'અહમ્' 'મમત્વ' આદિ પાશનો પણ નાશ કરનારી છે તથા રાગદ્વેષનું શમન કરનારી પણ છે. આ ઉપરાંત શુભ ફળ, પત્નિ, પતિત્વ આદિ પ્રદાન કરાવનારી છે, કલેશરૂપી દાવાનળને શાંત કરનારી છે તથા શાશ્વતધામ, હરિમિલન, વૈકુંઠ તથા ગોલોક પણ પ્રાપ્ત કરાવનારી છે. તેથી જ હે લક્ષ્મી ! આ પાશાંકુશા એકાદશીનું વ્રત પ્રયત્નપૂર્વક કરવું. આ અધ્યાયના પઠન તથા શ્રવણમાત્રથી વ્રત કર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે.''

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "આસો માસના શુક્લપક્ષમાં આવતી પાશાંકુશા એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા દેવર્ષિ વામદેવના શિષ્ય વેદશિરાની અજીર્ણ રોગથી આળસના કારણે ધર્મકર્મ આદિ ન કરવાથી પાપબળ દ્વારા યમલોક પ્રાપ્તિ અને ગુરૂસ્મરણથી વામદેવની ઉપસ્થિતિ તથા વ્રત દ્વારા યમપાશમાંથી મુક્તિ આદિનું નરૂપણ" નામનો બસો ઓગણસાઠમો અધ્યાય ॥ ૨૫૯ ॥

રમા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા - ''હે મહાકાળ ! મહારુદ્ર સ્વરૂપ ! આ આખું જગત આપના આત્મા સ્વરૂપ છે તથા યમ, યમના દૂતો તેમજ આખું જગત આપના દ્વારા જ નિયમન પામે છે. તેથી આપને નમસ્કાર છે. હે વિભુ ! પાશ, વજ્ર, ગદા, શક્તિ, દંડ, ચક્ર, ત્રિશૂળ આપના જ દ્વારા પ્રવર્તમાન છે માટે આપને નમન છે. ધારણા, દયા, સહાયતા, નીતિમતા, ક્ષમા, ઉપકારિતા આ દરેકને 'ગુણ' કહ્યા છે કે જે તમારા દ્વારા જ પ્રભાવિત થાય છે. હે ગુણાત્મા સ્વરૂપ ! આપને નમસ્કાર છે. આ જ રીતે મમતા, પરતા, નિજતા, સ્થિતિતા, પુષ્ટિ તથા મુક્તિ આદિ પણ આપના દ્વારા જ ક્રિયાશીલ બને છે. હે નિર્ગુણમય સ્વરૂપ ! આપ ગુણિ પણ છો. આપને નમન છે.

હે પ્રભુ ! આપની કૃપા સદા મારા પર પારાવાર છે તેથી હે પ્રભુ ! હવે આપ મને કારતક માસના કૃષ્ણપક્ષની એકાદશીનું નામ જણાવો, તથા આ દિવસે કયા દેવનું પૂજન કરવું ? શેનું દાન કરવું ? શું પુણ્ય પ્રાપ્ત થાય ? શું વિધિ કરવી ? તથા આ વ્રત કઈ રીતે કરવું તે સઘળું જ આપ મને કહો.''

શ્રી નારાયણ બોલ્યા - '' હે લક્ષ્મી ! સાંભળો. આ કારતક માસ ચાતુર્માસનો અંતિમ માસ છે, વળી આ માસ મોક્ષ પ્રદાન કરનારો પણ છે, તેમજ આ માસ વ્રત કરનારાઓ માટે વ્રત, દાન તથા પૂજન આદિ માટે શ્રેષ્ઠતમ માસ ગણવામાં આવે છે. તથા આ માસમાં દરેક પ્રકારના શુભ તથા પુણ્યકર્મો કરવા જ જોઈએ. તેમાં પણ આ માસના કૃષ્ણપક્ષમાં આવનારી 'રમા' નામની એકાદશીને શ્રેષ્ઠ ગણવામાં આવી છે.

આ દિવસે દેવી 'શ્રી હિરણ્યા'ની સાથે તેમના અધિપતિ 'શ્રી હરિ'નું પૂજન કરવું તથા મોગરાના ફૂલ ચડાવવા તેમજ આ દિવસે કેળા સહિત પ્રભુને અર્ઘ્ય અર્પણ કરવું. પ્રભુને નૈવેદ્યમાં સાકર તથા ઘી થી યુક્ત કેળા અને પોળી ધરવા, ઘી થી ભરેલા ઘડાનું દાન કરવું, જે મહત્વનું છે. અન્યથા આ સિવાય જે પણ દાન કરવાની ઈચ્છા હોય તે દાન કરવું કે જેનાથી સ્વર્ણ તથા લક્ષ્મીની વૃદ્ધિ થાય.

આ એકાદશીનું વ્રત કરવા માટે વ્રતીએ દશમીના દિવસે એક જ સમયે જમવું તથા રાત્રે ભૂમિ પર જ શયન કરવું અને બ્રહ્મચર્યનું પાલન કરવું તથા કામ, ક્રોધ, મોહ આદિ દોષોથી દૂર રહેવું અને એકાદશીના દિવસે પ્રાતઃકાળે ઊઠી શ્રી ગોવિંદનું ધ્યાન કરી સ્નાન આદિ કરવું તથા પોતાની નિત્યપૂજા આદિ કરવું અને પછી સાત ધાન્યો વડે સર્વતોભદ્રમંડળ બનાવવું તથા તે મંડળની ફરતે રંગોળી, ચિત્ર આદિ બનાવી સુશોભન કરવું તથા તે મંડળની મધ્યમાં સોનાયુક્ત વસ્ત્ર લપેટેલો, પાણી ભરેલો, સાકર તથા સોપારી પધરાવેલો કળશ સ્થાપવો અને તે કળશ ઉપર શ્રીફળ મૂકવું. ત્યારબાદ તે કળશની આગળ એક ચાંદીની તલ ભરેલી થાળી મૂકવી. તથા તે થાળીમાં વ્રતીએ દેવી હિરણ્યા, પ્રભુ શ્રી હરિ તથા રમા એકાદશી દેવીની પ્રતિમાઓ (મૂર્તિઓ) સ્થાપવી અને મૂર્તિઓમાં આવાહન આદિ કરવું તથા પ્રભુને પંચામૃત આદિથી સ્નાન કરાવી જળથી સ્નાન કરાવવું તેમજ વસ્ત્રો પહેરાવવા, અલંકારો પહેરાવવા અને પ્રભુનો સુંદર શણગાર કરવો, પુષ્પમાળા પહેરાવવી, હાથોમાં કડા પહેરાવા તેમજ મુગટ આદિ પહેરાવવું અને પછી ધૂપ, દીપ, સરસ નૈવેદ્ય, જળ, મુખવાસ આદિ અર્પણ કરવું.

ત્યારબાદ પ્રભુની આરતી કરી સ્તોત્ર વગેરે કરવું અંતે પ્રભુ પાસે ક્ષમા-પ્રાર્થના કરવી અને પૂજા કરાવા આવેલ બ્રાહ્મણોને અથવા પોતાના ગુરૂજી પધાર્યા હોય અને પૂજા કરાવી હોય તો એમને પણ વિવિધ પ્રકારના દાનો આપવા તથા આ જ રીતે બપોરે પણ પ્રભુનું પૂજન કરી પ્રભુને ભોજન તથા જળ અર્પણ કરવા તેમજ સાંજે સ્નાન કરી ફરી પ્રભુનું પૂજન કરી આરતી કરી લેવી તથા સ્તુતિ આદિ કર્યા બાદ પ્રભુને ભોજન કરાવવું તથા સેવા કરવી.

રાત્રે પણ જાગરણ કરવું જેમાં હરિભક્તો, સંતોને બોલાવી હરિભજન, હરિકીર્તન, નૃત્ય, હરિકથા-વાર્તા, આખ્યાન આદિ કરી પ્રભુનું મનોરંજન કરવું.

બીજા દિવસે બારસે વ્રતીએ પ્રાતઃકાળે સ્નાન કરી શ્રી કેશવનું પૂજન કરવું તથા વ્રતીએ રાજા હોય કે પ્રજા, ત્યાગી હોય કે ગૃહસ્થી, નારી હોય કે નર, દરેકને યથાશક્તિ શ્રેષ્ઠ દાનો આપવા. તથા સંતો, સાધ્વીઓ, બ્રાહ્મણો અને બાળકોને સારી રીતે જમાડવા અને પછી વ્રતીએ વ્રતની સિદ્ધિ માટે પારણાં કરવા. આમ આ પ્રમાણે વ્રત કરવાથી નારીઓ લક્ષ્મી સમાન અને પુરુષો દેવ સમાન મુક્તિ મેળવનાર બને છે તે નિશ્ચિત છે.

હે લક્ષ્મી ! હવે આપ ચંદ્રભાગા અને શશિસેનની શુભફળ આપનારી કથા સાંભળો. પૂર્વકાળમાં એક મુચુકુન્દ નામના રાજા થયા હતા. તે રાજા પોતાના ઈન્દ્રકુન્દન નામના દક્ષિણ દિશામાં આવેલ નગરને રાજધાની બનાવી ત્યાં જ રહેતા હતા. તથા પોતે સંપૂર્ણ પૃથ્વીનું એકછત્ર શાસન કરતા હતા તેમજ દેવેન્દ્ર (ઈન્દ્ર)ની સાથે તે મુચુકુન્દ રાજાને ઘણી ગાઢ મિત્રતા હતી. તેથી યમ, વરુણ, કુબેર તથા અગ્નિ આદિ સાથે પણ મિત્રતા બંધાય ગઈ હતી. આ સાથે વિભીષણ પણ તે રાજાના સારા એવા મિત્ર હતા. જેથી મુચુકુન્દ રાજા ત્રણેય લોકમાં બધે જ પુષ્પક દ્વારા આવી જઈ શકતા હતા. તે મુચુકુન્દ રાજા વિષ્ણુભક્ત તથા સત્યસંધ હતા. અને પોતે અકંટક રાજ્ય ભોગવતા હતા. તેઓના રાજ્યમાં બધા જ મનુષ્યો વૈષ્ણવ હતા. તે બધા જ વૈષ્ણવો જ્યારે એકાદશી આવતી તે દિવસે અન્ન જમતા ન હતા. તે બધા આખો દિવસ ઉપવાસ કરી એકાદશીનું વ્રત કરતા હતા.

તે રાજાના રાજ્યમાં જ્યારે દશમી તિથિ હોય તે દિવસે જ અગાઉના દિવસનો એટલે કે એકાદશીના દિવસ નગારું વગાડી ઢંઢેરો પિટવામાં આવતો કે 'એકાદશીના દિવસે કોઈએ જમવું નહીં... જમવું નહીં... તથા આ દિવસે હાથીઓ, ઘોડાઓ, હાથીના બચ્ચાંઓ તથા બીજા અન્ય પશુઓએ પણ આ દિવસે ઘાસ, અન્ન તથા પાણી ન પીવું.' (માલિકોએ આ દિવસે પોતાના પશુઓને કંઈ પણ ખાવા ન દેવું.) આ પ્રમાણે રાજ્યમાં રહેનારા તમામ જીવો એકાદશીનું ઉત્તમ વ્રત કરતા હતા.

આ મુચુકુન્દ રાજાને એક ચંદ્રભાગા નામની મૂર્તિમંત નદીસ્વરૂપિણી કન્યા હતી. એક વખત મુચુકુન્દ રાજાના સમકાલીન એવા ચંદ્રસેન નામના રાજા કે જેઓ કાવેરી નદીના તટ પર આવેલી કનકપુર નગરીના રાજા હતા. તેઓને મુચુકુન્દ રાજાએ પોતાને ત્યાં બોલાવ્યા. તથા ચંદ્રસેનના ગુણિ તથા શાલીન પુત્ર શશિસેનને પણ બોલાવ્યા અને પોતાની દિકરી ચંદ્રભાગાનું શશિસેન સાથે પાણિગ્રહણ (લગ્ન) કરાવ્યું. ચંદ્રભાગા મહાભાગવતી સ્ત્રી હતા તેથી તેઓ પણ પોતાના પિતાના સંસ્કાર પ્રમાણે સાસરામાં પણ વૈષ્ણવીભક્તિ કરતા અને દરેક એકાદશીનું વ્રત કરતા હતા.

એક વખત તે ચંદ્રભાગા પોતાના પતિની સાથે પોતાના પિયર ગયા હતા ત્યારે પોતાના પતિ શશિસેન ત્યાં જતા જ જવર (તાવ)થી યુક્ત બન્યા તેમજ અતિદુર્બળ થઈ ગયા. ત્યારે બીજા જ દિવસે મહાન પુણ્ય આપનારું એકાદશીનું વ્રત આવી રહ્યું હતું તેથી ચંદ્રભાગા ચિંતાતુર બની વિચારવા લાગ્યા કે 'આ એકાદશીના દિવસે મારા પતિ અશક્ત હોવાને કારણે વ્રત કઈ રીતે પાળી શકશે ? અને જો મારા પિતાની આજ્ઞા અનુસાર વ્રતનું પાલન કરી ઉપવાસ કરશે તો મારા પતિનું શું થશે ? પિતાજીએ તો આખા રાજ્યમાં વ્રત ફરજીયાતપણે કરવાનો ઠરાવ કર્યો છે. પરંતુ મારા પતિ તો અસ્વસ્થ તથા દુર્બળ હોવાને કારણે વ્રતના દિવસે ભૂખ સહન નહીં કરી શકે. પરંતુ મારા પિતાના શાસનમાં તો આ ઉગ્ર આદેશ છે કે, 'સશક્ત હોય કે અશક્ત, બધા જ જીવોએ વ્રત તો કરવું જ. જો કોઈ આ આદેશનું ઉલ્લંઘન કરશે તો તે નિશ્ચિત જ દંડને પાત્ર બનશે. એમાં કોઈ જ સંશય નથી.' હવે ભવિષ્યમાં જે થવાનું હશે તે થશે. વિવશતાને કારણે બીજું શું કરવું ?

આમ વિચાર કરી તેણે પોતાના વ્રતનો સંકલ્પ કર્યો તથા બીજી તરફ મુચુકુન્દ રાજાએ દશમીના દિવસે નગારું વગાડી ઢંઢેરો પિટાવ્યો કે 'એકાદશીના દિવસે કોઈએ પણ જમવું નહીં... જમવું નહીં... રાજાનો આ આદેશ ન માનવા બદલ આદેશ ભંગ કરનાર દંડને પાત્ર બનશે.' આમ આ નગારાનો અવાજ તથા ઢંઢેરો સાંભળી શશિસેને પોતાની પ્રિય પત્નિને કહ્યું, 'હે કાન્તા ! મારે શું કરવું ? ખાધા વગર તો હું અશક્તિના કારણે મરી જઈશ.' ત્યારે ચંદ્રભાગાએ

ધીમેથી પોતાના ચિંતાતુર પતિને કહ્યું કે, 'હે નાથ ! આ વિષયે મારા પિતાનો તો દૃઢ નિશ્ચય છે કે આ દિવસે દરેક મનુષ્યએ વ્રત કરવું ફરજીયાત છે તથા માનવઆધીન પશુ, પંખી અને સરીસૃપ (સરકીને ચાલનારા જીવ - સાપ, મગર આદિ) જીવોએ પણ વ્રતને દિવસે ફરજીયાતપણે ઉપવાસ કરવો. એકાદશીના દિવસે કોઈએ પણ ઘાસ, અન્ન, ચૂર્ણ, જળ કંઈ પણ ખાવું કે પીવું નહીં. તેથી હે નાથ ! જો તમે આ દિવસે કંઈ પણ ખાશો તો દંડના અધિકારી બનશો. માટે હે નાથ ! તમે આ વ્રત કરવા માટે મન દૃઢ બનાવો.'

આ પ્રમાણે પત્નિના વચનો સાંભળી શશિસેન બોલ્યા, 'હું આ વ્રત હવે જરૂરથી કરીશ, દેવોએ મારા માટે જે નક્કી કર્યું હશે તે થઈને જ રહેશે.' આમ દૃઢ મનોબળ ધારણ કરી શશિસેને આ વ્રત નિર્જળ રહીને કર્યું. જેના કારણે તે ભૂખ-તરસથી પીડિત બન્યા અને રાત્રે મૂર્છીત થઈ ગયા તથા બીજા દિવસે સવારે સૂર્યોદય સમયે તે મૃત્યુ પામ્યા અને ત્યારબાદ મુચુકુન્દ રાજાએ શશિસેનના દેહને રાજાયોગ્ય ચંદનનાં લાકડાઓ વડે અગ્નિદાહ આપ્યો. ચંદ્રભાગા પણ હરિભક્તિ કર્યાનું માહાત્મ્ય જાણતા હતા તેથી પોતે પતિવ્રતા સ્ત્રી હોવા છતા પણ પતિના દેહ સાથે તે સતિ ન થયા. કારણ કે પોતે જાણતા હતા કે વ્રત કર્યાના પુણ્યને કારણે પોતાના પતિની ઉત્તમ ગતિ જ થઈ હશે. આમ વિચારી ચંદ્રભાગા પોતાના પતિની ઉત્તરક્રિયાઓ કરી અને પોતાના પિતા રાજા મુચુકુન્દના ઘરે જ રોકાઈ ગયા.

તથા શશિસેન રમા એકાદશી વ્રતના પુણ્યને કારણે દિવ્ય દેહધારી બની સ્વર્ગલોકમાં ઈન્દ્ર સમાન સ્વતંત્ર સામ્રાજ્યને પ્રાપ્ત થયા. તે સામ્રાજ્ય ખૂબ સમૃદ્ધિયુક્ત તથા અસંખ્ય ગુણોથી યુક્ત હતું. તથા તે સામ્રાજ્યમાં સોનાના સ્તંભોથી યુક્ત ભવનો હતા કે જેમાં વૈદુર્ય તથા રત્નો જડેલા હતા તથા સ્ફટીક દ્વારા વિવિધ આકારો પામેલા વિચિત્ર અને દિવ્ય ઉજ્જવળતા યુક્ત ભવનો પણ હતા તેમજ અસંખ્ય ભૂમિ હતી કે જેનું સામ્રાજ્ય શશિસેનને પ્રાપ્ત થયું. આટલું જ નહીં પરંતુ વિમાનોમાં શ્રેષ્ઠ એવું દિવ્ય વિમાન પણ શશિસેનનાં સ્વર્ગમાં હતું અને પોતે તે સામ્રાજ્યના સિંહાસન પર જ્યારે બેઠો ત્યારે તેના મસ્તક પર મુગટ, બંને કાનોમાં કુંડળો, કંઠમાં હાર તથા બાહુ પર બાજુબંધ

ખૂબ શોભતા હતા. તેના સામ્રાજ્યમાં રહેનારા ગંધર્વો, દેવો તથા અપ્સરાઓ શશિસેનની સ્તુતિ કરતા હતા તથા બીજા શ્રેષ્ઠલોકો પોતપોતાના હાથમાં વિંઝણો, છત્ર, ચામર આદિ લઈ તે શશિસેનની ફરતે ઊભા રહી સેવા કરતા હતા. આમ શશિસેન પોતાના અલગ સ્વર્ગના સામ્રાજ્યમાં ખૂબ જ શોભાયમાન તથા આનંદિત દેખાતા હતા અને પોતાનું સામ્રાજ્ય ભોગવતા હતા.

એવામાં એક વખત ઈન્દ્રનો દૂત પૃથ્વી પર મુચુકુન્દ રાજાના ઘરે આવ્યો હતો. કંઈક કામથી ઈન્દ્રએ તે દૂતને ત્યાં મોકલ્યો હતો. જ્યારે ઈન્દ્રનું દૈત્યો સાથે મહાયુદ્ધ થાય છે, ત્યારે મુચુકુન્દ રાજા ઈન્દ્રની સહાય કરે છે અને દૈત્યો પર વિજય મેળવે છે તથા તે મુચુકુન્દ રાજા બ્રહ્માજીના વરદાનને કારણે સદા વિજય આપનારા જ બને છે અને તેથી જ ઈન્દ્રનો દૂત આ સંદર્ભમાં ચર્ચા કરવા મુચુકુન્દ રાજાના ઘરે આવ્યો હતો અને મુચુકુન્દ રાજાએ પણ તે દૂતનો સત્કાર કર્યો તથા ભોજન કરાવ્યું અને રાજાએ તે દૂતને બધા સ્વર્ગવાસી દેવતાઓના કુશળ-ક્ષેમ પૂછ્યા. ત્યારે દૂત જે માટે આવ્યો હતો તે સઘળું રાજાને કહેવા લાગ્યો.

દૂતે રાજાને કહ્યું કે, 'હે રાજેન્દ્ર ! મેં સ્વર્ગમાં શશિસેનને જોયા. તે અત્યારે ઈન્દ્ર સમાન જ વૈભવ તથા સમૃદ્ધિ યુક્ત સામ્રાજ્યનું કુશળતાથી પાલન કરી રહ્યા છે તથા ખૂબ જ સ્વરૂપવાન યુવાવસ્થા ધારણ કરેલા તમારા જમાઈએ જ્યારે મને ભૂમિ પર આવતા જોયો ત્યારે તે મને રોકી અને બોલ્યા કે, હે દૂત ! આપ પૃથ્વી પર મારા સસરા તથા મારા પિતા ચંદ્રસેન, મારી પત્નિ ચંદ્રભાગા તથા નગરનું મારા વતિ કુશળ-ક્ષેમ પૂછજો તેમજ મારી જે આ સ્વર્ગમાં ઉત્તમ ગતિ થઈ છે તે બધું પણ તેઓને કહેજો તથા મારી પત્નિને કહેજો કે તમારા પતિ તમારી સ્વર્ગમાં રાહ જોઈ રહ્યાં છે. આમ હે રાજન્ ! તમારા જમાઈએ મને સુખસંદેશો આપવા કહ્યું હતું જે મેં આપને કહ્યો.

હે રાજન્ ! તમારા જમાઈને સાચે જ એકાદશી વ્રતના પુણ્યને કારણે આશ્ચર્યતાથી યુક્ત અદ્‌ભુત એવું વિચિત્ર નગરનું સામ્રાજ્ય પ્રાપ્ત થયું છે કે જે કોઈએ નથી દીઠ્યું. તે નગર દિવ્ય આકાશમાં ગતિમાન તેજ જેવું પ્રકાશમાન

તથા અમૃતભોગ સમાન છે તેમજ તે નગર દાસ, અપ્સરાઓ આદિથી સેવિત પણ છે. તે મહાન આશ્ચર્ય યુક્ત નગરનું વર્ણન કરવું જ અશક્ય છે કે જે તમારા જમાઈને માત્ર એકાદશીના વ્રત પુણ્ય દ્વારા પ્રાપ્ત થયું છે. કારતક માસના કૃષ્ણપક્ષમાં જે આ રમા એકાદશી આવે છે. તેનું વ્રત કરવાથી મૃતકવ્રતી પણ આ પ્રમાણે સ્વર્ગ ભોગવે છે. શ્રદ્ધા વગર પણ જો કોઈ આ દિવસે વ્રત કરે તો પણ તેને સ્વર્ગમાં ઉત્તમગતિ પ્રાપ્ત થાય છે અને જો તે શ્રદ્ધાહીન વ્રતી સ્વર્ગ છોડી તેનાથી પણ ઉપર દિવ્યલોક વૈકુંઠમાં જવાની ઈચ્છા રાખે તો તે પણ તેને પ્રાપ્ત થાય છે.' પોતાની પત્નિના આગ્રહથી શશિસેને રમા એકાદશીનું વ્રત કર્યું અને તે આ ઉત્તમ ગતિને પ્રાપ્ત થયા છે.

તેવું સાંભળી તે મુચુકુન્દ રાજાના પુત્રી ચંદ્રભાગા પોતાની પતિમિલનની ઈચ્છાથી આતુર બની દૂતને કહેવા લાગ્યા, 'હે દૂત ! તમે મને મારા પ્રિય પતિ જ્યાં છે ત્યાં લઈ જાવ.' પુત્રીની વિહ્વળતા જોઈ મુચુકુન્દ રાજાએ તે દૂત તરફ જોઈ અને કહ્યું, 'રમા એકાદશીના પુણ્યને કારણે હે પુત્રી ! તું તો બ્રહ્મલોકની અધિકારીણી છો. આ દૂત તને પણ તેની સાથે (તારા પતિ પાસે) લઈ જશે. હે દૂત ! તમે હવે ચંદ્રભાગા તથા શશિસેનનો સંયોગ થાય તે માટે યથાવિધિ જે કંઈ પણ થઈ શકે તે કરો.' આ પ્રમાણે રાજા મુચુકુન્દની આજ્ઞા સાંભળી તે દૂત ચંદ્રભાગાને દિવ્ય શરીરવાળા બનાવી અને સ્વર્ગમાં લઈ ગયા. ચંદ્રભાગા પણ દિવ્યરૂપ તથા યૌવનથી યુક્ત બની અને દિવ્ય વિમાનમાં બેસી પોતાના પતિ શશિસેન પાસે આવી પહોંચ્યા. ત્યાં પોતાના પતિ તથા તેનું સામ્રાજ્ય જોઈ તે ચંદ્રભાગા અતિહર્ષિત થયા તથા પોતાની પ્રિય પત્નિને પોતાની પાસે આવેલી જોઈને ઈન્દ્રસેન (શશિસેનને ઈન્દ્ર સમાન રાજ્ય મળ્યું એટલે કે તે પણ ઈન્દ્રસમાન જ બન્યા અને તેથી જ શશિસેન સ્વર્ગમાં ઈન્દ્રસેનના નામથી ઓળખાતા હતા.) પણ ખૂબ હર્ષિત થયા. તથા પત્નિ ચંદ્રભાગાને બોલાવી પોતાની ડાબી બાજુએ સ્થાન આપ્યું. દૂત પણ ત્યાં ઈન્દ્રસેનના સ્વર્ગમાં સારો એવો આદર પામી પોતાના સ્વામી દેવેન્દ્ર (ઈન્દ્ર) પાસે ચાલ્યા ગયા.

ત્યારપછી આનંદિત થઈ અને ચંદ્રભાગાએ ઈન્દ્રસેનને કહ્યું, 'હે કાન્ત ! હું તમને મારા પુણ્યબળ વડે આ હિતકારી વચનો કહું છું તે તમે સાંભળો. હું

જ્યારે પિતાના ઘરેથી આવી તે વાતને આજ આઠ વર્ષ થઈ ગયા. તો ત્યારથી અત્યાર સુધી મેં જેટલા એકાદશીના વ્રતોનું ચોક્કસાઈપૂર્વક પાલન કર્યું છે. તો તેના પુણ્ય પ્રભાવ દ્વારા હવે આપણે બંને પ્રભુના પરમધામમાં જઈએ કે જે ધામ દરેક ઈચ્છા તથા સમૃદ્ધિથી યુક્ત છે અને શાશ્વત શ્રીહરિના ચરણ સમાન છે.' આમ ચંદ્રભાગાના નિવેદન બાદ બંને લાંબા સમય સુધી પોતાનું સામ્રાજ્ય અને પુણ્ય પ્રભાવને કારણે પ્રભુના ધામ પરમધામમાં સિધાવ્યા તથા મુક્તિ પામ્યા.

શ્રી નારાયણ કહે - આ મારી રમા નામની એકાદશી ચિંતામણી, કામધેનુ તથા કલ્પવૃક્ષ સમાન છે. એકાદશીના બંને પક્ષ કૃષ્ણ હોય કે શુક્લ બંનેની એકાદશીમાં ભેદ ન કરવો. બંને પક્ષની એકાદશીએ સમાન ભાવથી જ વ્રત કરવું. જેમ કે ગાય કાળી હોય કે સફેદ હોય બંનેનું દૂધ તો સમાન જ હોય છે. તેથી જ બંને એકાદશીને યોગ્ય ફળ આપનારી તથા સમાન જ ગણવી. આ એકાદશીનું વ્રત કરવાથી માનવો ભુક્તિ તથા મુક્તિ બંને મેળવે છે તથા આ એકાદશીની કથાનું (આ અધ્યાયનું) શ્રવણ તથા પઠન કરવાથી પણ વ્રત કર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે.''

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "કારતક માસના કૃષ્ણપક્ષમાં આવતી રમા એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા મુચકુન્દના પુત્રી ચંદ્રભાગાના પતિ ઈન્દ્રસેનનું વ્રતના દિવસે મરણ થવાથી સ્વર્ગગમન તથા ચંદ્રભાગાનું પણ સ્વર્ગગમન અને ત્યારબાદ બંનેનો મોક્ષ આદિનું નિરૂપણ" નામનો બસો સાઠમો અધ્યાય ॥ ૨૬૦ ॥

પ્રબોધિની એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા - ''દરેક વર્ષોમાં આવનારા કારતક માસ સહિતના ચાતુર્માસ તરીકે જાણીતા ચાર માસ કે જેનું ખૂબ જ માહાત્મ્ય છે. વળી આ ચાતુર્માસનું જે કોઈપણ વિધિવત્ સારી રીતે અનુષ્ઠાન કરે છે તેને ઘણું પુણ્ય પ્રાપ્ત થાય છે અને જો આ ચાતુર્માસમાં પણ કોઈ કારણોસર વ્રત, પુણ્ય આદિ કરી અને પ્રભુને સમર્પિત ન કર્યા હોય તો માત્ર કારતક માસમાં પણ વ્રત, પુણ્ય આદિ કર્મો કરવાથી ચાતુર્માસ કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. વળી કારતક માસમાં વ્રત આદિ પુણ્ય કર્મો કરવાથી પાપોનો નાશ થાય છે તથા સ્વર્ગ, સત્ય, ગોલોક, વૈકુંઠ, અક્ષરધામ તથા પરમધામની પણ પ્રાપ્તિ થાય છે, કારતક માસમાં કરેલું એક પુણ્ય સહસ્ત્રગણું પુણ્ય બને છે આથી જ આત્મકલ્યાણ માટે કારતક માસમાં આવનારા બધા જ વ્રતો કરવા જોઈએ.

હે પ્રભુ ! કારતક માસના શુક્લ પક્ષમાં આવનારી એકાદશીનું નામ શું છે ? તે દિવસે કયા દેવની પૂજા કરવી ? તથા કઈ વિધિ કરવી ? તેમજ તે દિવસે શેનું દાન કરવું તથા તે વ્રત કર્યાનું શું ફળ મળે છે ? તથા ચાતુર્માસના આ અંતિમ માસમાં શું વિશિષ્ટતા છે કે જેનાથી વ્રતી મુક્તિને પ્રાપ્ત કરી લે છે. આ સઘળું જ આપ મને કહો.''

શ્રી નારાયણ બોલ્યા - ''હે લક્ષ્મી ! કારતક માસના શુક્લપક્ષમાં આવનારી એકાદશીને 'પ્રબોધિની એકાદશી' કહેવામાં આવે છે. આ એકાદશીને અતિ ઉત્તમ ગણવામાં આવી છે. આ એકાદશીના દિવસે લક્ષ્મીપતિ ભગવાન વિષ્ણુ કે જે શેષનાગની શૈયામાં પોઢેલા હોય છે તે જાગે છે. આ

એકાદશીના વ્રતના પ્રભાવને કારણે અજ્ઞાનરુપી અંધકારનો નાશ થાય છે. પ્રકર્ષણથી આત્મબોધ થાય છે. એટલે કે આત્મજ્ઞાન આકર્ષિત થઈ અને વ્રતીમાં સ્થિત થાય છે. તેથી જ આ એકાદશીને 'પ્રબોધિની' કહી છે. (પ્રબોધન કરાવે છે તેવી એકાદશી 'પ્રબોધિની') આ એકાદશી મુક્તિ, સુખ, સ્વર્ગ તથા બોધ પ્રદાન કરાવનારી છે.

તેથી જ આ એકાદશીનું વ્રત કરવું અને આ દિવસે દેવી રાધા તથા દેવી પ્રબોધિની એકાદશીની સાથે પ્રભુ શ્રીદામોદરજીનું વિધિવત્ પૂજન કરવું. આ દિવસે કમળ વડે પ્રભુનું પૂજન કરવું તેમજ મગજના લાડુ બનાવી પ્રભુને નૈવેદ્યમાં ધરવા તથા કમળકાંકડી સહિત પ્રભુને અર્ઘ્ય પ્રદાન કરવું અને સુંદર શણગારેલ ખાટલો તેમજ બીજી અન્ય વસ્તુઓ પણ દાનમાં આપવી.

હે લક્ષ્મી ! આ પ્રબોધિનીનું વ્રત પાપનો નાશ કરનારું તથા પુણ્યને વધારનારું છે. જ્યાં સુધી આ કારતક માસનું પ્રબોધિની એકાદશીનું વ્રત નથી આવતું ત્યાં સુધી તીર્થો, જંગલો, પુણ્યસ્થળો વગેરે ગર્જી ગર્જીને કહે છે કે 'હજારો અશ્વમેધ યજ્ઞો, સો જેટલા રાજસૂય યજ્ઞો તથા હજારો વાજપેય યજ્ઞો પણ પ્રબોધિની એકાદશી સમાન નથી.' જે ક્યાંય મળતું નથી, જે અગમ્ય છે, અસાધ્ય છે વળી અશક્ય છે તે ફળ આ પ્રબોધિની એકાદશીના દિવસે ઉપવાસ કરવાથી વિદ્યા, ધન, રાજસત્તા, પ્રજાસત્તા, યશ, સિદ્ધિ તથા સંપદા પણ પ્રાપ્ત થાય છે. આ દિવસે ઉપવાસ કરવાથી મહાપાપો કે અતિ ઘોરપાપો કર્યા હોય તથા સંકરીકરણ (અન્ય સ્ત્રીગમન કે અન્ય પુરુષગમન અથવા કોઈ અન્ય સાથે મૈથુન આદિ ક્રિયાના દોષો) વગેરે સુકા, ભીનાં (નાના-મોટા) દરેક પાપો તથા દોષો બળી જાય છે. આટલું જ નહીં પરંતુ અનેક જન્મોથી બનેલા પાપના પર્વતો પણ આ એકાદશીની રાત્રીએ વ્રત કરી, જાગરણ કરવાથી બળી જાય છે.

આ દિવસે જાણતા-અજાણતા અથવા રોગ આદિના કારણે વ્રત કર્યા વગર જ ભૂખ્યા રહ્યા હોય અને અજાણતા ઉપવાસ થઈ ગયો હોય અથવા બીજાને વશ થઈ અને ઉપવાસ કર્યો હોય તો પણ આ પ્રબોધિની એકાદશી વ્રત કર્યા સમાન જ ફળ આપે છે અને સ્વર્ગ તેમજ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે.

શ્રદ્ધાયુક્ત બની જે કોઈપણ આ દિવસે વિધિવત્ થોડુંક પણ પુણ્ય કરે છે તો તે પુણ્ય લાખગણું પુણ્ય કર્યા સમાન બની જાય છે. જો કોઈ જાણ્યા વગર, વિધિ વગર, મન વગર પણ આ વ્રતના દિવસે પુણ્યકર્મો કરે છે તો તેનું પુણ્ય પણ લાખગણું બની જાય છે. પરંતુ નિંદા અને દ્રોહયુક્ત થાય તો મોટા પર્વત સમાન પણ પુણ્ય કર્મ કંઈ જ ફળ આપતું નથી, આવો વિદ્વાનોનો શ્રેષ્ઠ મત છે. જે કોઈ માનવ આ દિવસે પિતૃઓનું સારી રીતે સ્મરણ કરી અને પુણ્યકર્મ કરે છે તે માનવના પિતૃઓ તૃપ્ત થઈ અને ભગવાન વિષ્ણુના પરમ પદને પ્રાપ્ત કરે છે (તેઓનો મોક્ષ થાય છે). આ દિવસે વ્રત કરી અને જાગરણ કરવાથી બ્રહ્મહત્યાદિ પાપો પણ નાશ પામે છે તથા અશ્વમેઘ આદિ યજ્ઞોનું દુર્લભ ફળ પણ મળે છે. બીજા અન્ય સાધનો દ્વારા જે ફળ અલભ્ય છે તે ફળનું સુખ પ્રબોધિની એકાદશીના દિવસે વ્રત કરી અને જાગરણ કરવા માત્રથી મળે છે. આટલું જ નહીં પરંતુ આ દિવસે વ્રત કરી જાગરણ કરવાથી તીર્થોના અભિષેક તથા સોનાની પૃથ્વી દાન કરો તેના ફળથી પણ અધિક ગણું ફળ પ્રાપ્ત થાય છે.

જે મનુષ્યએ કારતક માસમાં આવનારી આ પ્રબોધિની એકાદશી કરી છે તેણે સુકર્મો કરી અને પોતાના સો કુળને પાવન કર્યા છે. બાકી બધું જ અનિશ્ચિત છે પરંતુ આ વ્રતનું જે કંઈ પણ પુણ્ય છે તે નિશ્ચિત જ મળે છે. આમ વિચારીને દરેક એકાદશીનું વ્રત કરવું જ જોઈએ. આ પ્રબોધિનીનું જે વ્રત કરે છે તેના ઘરમાં બધા જ તીર્થોનો વાસ થાય છે અને તે ઘર પાવન તીર્થરાજ જેવું બની જાય છે. આ પ્રબોધિની એકાદશીનું શ્રદ્ધાપૂર્વક વ્રત કરવા માત્રથી પુત્ર, પૌત્ર, ધન આદિ સંપદાઓ મળે છે માટે પુત્ર આદિ કામનાઓ માટે બીજું કોઈ વ્રત કરવાની જરૂર પડતી નથી. જેણે પણ આ પ્રબોધિની એકાદશીનું વ્રત કર્યું છે તેને ભોગ તથા મોક્ષ સ્વહસ્તક કર્યા છે. જ્ઞાન, યજ્ઞ, યોગ, સંયમ, તપ આ બધું જ પ્રબોધિની એકાદશીના વ્રતમાં સ્થિત છે. તેમજ આ એકાદશી ધર્મને પુષ્ટ કરનારી, મુક્તિ આપનારી તથા શ્રી વિષ્ણુને અતિ પ્રિય છે.

વળી આ એકાદશીના દિવસે ઉપવાસ કરવાથી ગર્ભવાસ આદિ દુઃખોનો પણ નાશ થાય છે. તેમજ આ દિવસે વ્રત કરી અને જાગરણ કરવાથી મન, વાણી તેમજ કર્મ દ્વારા થયેલા નાના કે મોટા દરેક પાપોનો ભગવાન શ્રીકૃષ્ણ નાશ કરે છે. અર્થાત્ તે મનુષ્યને પ્રભુ સ્વયં પાપરહિત કરી દે છે. ભગવાન શ્રીકૃષ્ણને કેન્દ્રમાં રાખી અને આ દિવસે સ્નાન, હોમ, જપ, પિતૃતર્પણ આદિ સત્કર્મ કરવાથી તે કર્મ અક્ષય બને છે. આ દિવસે કરેલા સત્કર્મનો ક્ષય (નાશ) થતો નથી. આ પ્રબોધિની એકાદશીનું વ્રત કરવાથી સો જન્મના અસંખ્ય પાપો કે મહાપોપોનો પણ નાશ થાય છે. તેથી આ વ્રત સમાન બીજું કોઈ વ્રત નથી, તેમજ આ વ્રતને 'મહાવ્રત' કહ્યું છે. જે કોઈ વ્યક્તિ આ પ્રબોધિની વ્રતના દિવસે પ્રભુ શ્રી જનાર્દનને પ્રસન્ન કરે છે તે સ્વર્ગમાં જ સ્થિત થઈ અંતે પ્રભુના હરિધામમાં જાય છે. જે કોઈ વ્યક્તિને રુપ, સૌંદર્ય, પુષ્ટતા, સુઘટતા, દ્રવ્ય, આદર, પત્નિ, પુત્ર, ઘર, ખેતર, પતિ, આરોગ્ય આદિ પદાર્થો કે સુખોની ઈચ્છા હોય તો તેણે આ પ્રબોધિની એકાદશીનું વ્રત કરવું.

આ વ્રતના દિવસે આળસનો ત્યાગ કરી વ્યવસ્થિત ઉપવાસ આદિ વિધિ કરી અને વ્રત કરવાથી ધન, વાહન, યાન આદિ સમૃદ્ધિ, ગાય આદિ પશુધન તેમજ દ્રવ્ય આદિ પ્રાપ્ત થાય છે. તેમજ આ પ્રબોધિની એકાદશીનું વ્રત કરવાથી બાલ્યાવસ્થા, યુવાવસ્થા કે વૃદ્ધાવસ્થામાં યોગાનું યોગ થયેલા પાપો તેમજ જાણી જોઈને કરેલા પાપોનો પણ નાશ થાય છે. વ્રતીએ સો જન્મમાં કરેલા તમામ પાપનો નાશ થાય છે. જે ફળ સૂર્યગ્રહણ અથવા ચંદ્રગ્રહણમાં કુરુક્ષેત્રના સ્થળમાં મળે છે તેનાથી હજારગણું ફળ પ્રબોધિનીનું વ્રત કરી જાગરણ કરવાથી મળે છે. જે વ્યક્તિએ આ કારતક માસમાં સત્કર્મ નથી કર્યા તેનો આ કારતક માસ વાંજીયા જેવો (નિરર્થક) ગયો છે, એવું માનવું તથા તે વ્યક્તિનો માનવજન્મ પણ નિષ્ફળ ગયો છે. અને તે વ્યક્તિ પરલોકમાં પણ નિષ્ફળતાને જ પામે છે. આટલું જ નહી પરંતુ આ કારતક માસમાં કોઈ સત્કર્મ નથી કર્યું તો તે વ્યક્તિએ પોતાના સંપૂર્ણ જીવન અંતર્ગત કરેલા બધા જ પુણ્યો તથા તેનું ફળ પણ નિષ્ફળ જાય છે. તથા તે પુણ્યફળ દ્વારા કોઈપણ પ્રકારનું સુખ પણ પ્રાપ્ત થતું નથી.

કારતક માસ અંતર્ગત જો કોઈ વ્યક્તિ પારકા અન્નનો ત્યાગ કરે છે, તો તેને ચાંદ્રાયણ વ્રત કર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે. તથા આ કારતક માસમાં પ્રભુની કથા સપ્તાહ આદિનું આયોજન કરવાથી પણ યજ્ઞોનું અનંતગણું ફળ પ્રાપ્ત થાય છે. આ કારતક માસમાં પ્રભુ શ્રીહરિ યજ્ઞ, દાન તથા જપ આદિથી પણ એટલો સંતોષ નથી પામતા જેટલો કારતક માસમાં શાસ્ત્રોની કથા કરવાથી પામે છે. ત્યારે હરિકથાના શ્લોકે શ્લોકે શ્રોતાઓ તથા વક્તાઓ હજાર ગાયો દાન કર્યાનું પુણ્ય મેળવે છે તથા હે લક્ષ્મી ! આ કારતક માસમાં કથાનો સંપૂર્ણ શ્રેય શ્રીકેશવને અર્પણ કરી, અતિભાવયુક્ત બની કથા કરવાથી (કરાવવાથી) કથા કરાવનાર (યજમાન) પોતાના તેમજ અન્ય શ્રોતા-વક્તાઓના સો કુળને તારે છે. કથાના દરેક દિવસે નિયમપૂર્વક કથા સાંભળવાથી શ્રીહરિ સાથે મનુષ્યનો (કથા સાંભળનાર વ્યક્તિનો) સંબંધ જોડાઈ છે. અને તેથી તે વ્યક્તિને હજાર ગાયો દાન કર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે.

આ માસમાં આવતા પ્રબોધિની એકાદશીના વ્રતના દિવસે વ્રત કરી અને જે પ્રભુ શ્રીવિષ્ણુનું ચરિત્ર સાંભળે છે તે વ્રતી છે તથા શ્રીહરિને પોતાની બુદ્ધિમાં સ્થિર રાખી જે મનુષ્ય કથાકારને ધન, ધાન્ય, વસ્ત્ર જે કંઈ પણ યથાશક્તિ અર્પણ કરે છે તે મનુષ્ય વૈકુંઠને પામે છે. જે કોઈ વ્યક્તિ આ કારતક માસને હરિનામ કીર્તન, ભજન તથા હરિચરિત્ર સાંભળવા આદિ ધાર્મિક પ્રવૃત્તિમાં વિતાવે છે તે વ્યક્તિએ આ પૃથ્વી પર ફરી જન્મ લેવો પડતો નથી. વળી આ પ્રબોધિનીના વ્રત અંતર્ગત જે કોઈ વ્રતી શ્રીહરિ આગળ કથા, કીર્તન, ભજન, વાદન તથા નૃત્ય કરી ઉત્સવ કરે છે તો તે વ્રતી નિત્ય મુક્તિનો ભાગીદાર બને છે.

જે કોઈ વ્રતી શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાનું પઠન કરે છે અથવા શ્રવણ પણ કરે છે, તો તે વ્રતી શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના પ્રત્યેક અક્ષરના પઠન-શ્રવણ દ્વારા એક-એક અક્ષરે કપિલા ગાયનું દાન કર્યાનું પુણ્ય મેળવે છે.

એકાદશીના દિવસે કપટયુક્ત બુદ્ધિ રાખી અને ધનનો લોભ કરવો ન જોઈએ કારણ કે આ દિવસે ધનનું યોગ્ય જગ્યાએ યોવ્ય વ્યક્તિને દાન કરવાથી અસંખ્યગણું પુણ્ય પ્રાપ્ત થાય છે.

આ પ્રબોધિની એકાદશીનું વ્રત કરવા માટે કારતક માસની દશમના દિવસે વ્રતીએ એક જ સમય જમવું, તથા ભૂમિ પર શયન કરવું, તેમજ સંયમપૂર્વક બ્રહ્મચર્યનું પાલન કરવું તથા શ્રીકૃષ્ણનું હૃદયપૂર્વક સ્મરણ કરવું અને એકાદશીના દિવસે વ્રતીએ 'પ્રાતઃકાળે શ્રીહરિ જાગે છે' એવો ભાવ કરી ભગવાનનું ધ્યાન કરી સ્નાન કરાવવું તથા શ્રીહરિને ઘંટનાદ કરી જગાડવા.ઘરમાં પ્રભુની મંગળા આરતી કરવી. ત્યારબાદ વ્રતીએ શ્રીહરિનું આવાહન કરવું. પછી ઉપચારો વડે નિત્ય પૂજા કરી અને શ્રીહરિ માટે ઉત્તમ મંડપ બાંધવો. તે મંડપના સ્તંભ કેળસ્તંભથી બનાવવા અને ફરતે સુંદર તોરણો બાંધવા તેમજ સુંદર ચિત્રોથી યુક્ત તે મંડપને ચંદરવો બાંધવો તથા તે મંડપના ચારેય ખૂણે એક ઉપર એક સાત કળશો મૂકવા. તથા તે મંડપની ફરતે સુંદર રંગોળી બનાવવી. ત્યારબાદ મંડપની વચ્ચે સાત ધાન્યો વડે સર્વતોભદ્રમંડળ બનાવવું. તથા તે મંડપની વચ્ચે નવો સોનાનો અથવા તાંબાનો ઘડો સ્થાપવો. તે ઘડો પ્રમાણમાં થોડો મોટો લેવો. તથા તે મંડળની ફરતે બીજા ચોવીસ સોના અથવા તાંબાના નાના કળશો સ્થાપવા. તે મધ્યના કળશ સહિત બધા જ કળશોમાં જળ ભરવું તથા પંચરત્નો, પાંચ પાંદડાં, સોપારી, ચોખા, ચંદન આદિ પધરાવવું તેમજ તે કળશોની ફરતે વસ્ત્ર લપેટવા તથા બધા જ કળશો પર એક-એક શ્રીફળ પધરાવવા અને એક-એક લાડું નૈવેદ્ય તરીકે ધરવા. ત્યારબાદ તે બધા જ કળશોનું ફૂલ, ચંદન, કંકુ, ચોખા, જળ આદિ દ્રવ્યો વડે પૂજન કરવું.

ત્યારબાદ કળશ પરના શ્રીફળોને તલ ભરેલા પાત્રો પર રાખી તે તલ ભરેલા પાત્રો (તરભાણાં) ફરતેના ચોવીસ કળશો પર રાખવા તેમજ મધ્યના મોટા કળશ પર એક તલ ભરેલી થાળી મૂકવી અને તેમાં મૂર્તિસ્વરૂપ શ્રીરાધાજી તથા શ્રીદામોદરજીને સ્થાપવા તથા શ્રી પ્રબોધિની દેવીની મૂર્તિ પણ પ્રભુ પાસે તે જ કળશ પર સ્થાપવી. બંને દેવીઓ તથા શ્રીદામોદર પ્રુભની પ્રતિમાઓ મધ્યના કળશ પર તલ ભરેલી થાળીમાં સ્થાપવી. ત્યારબાદ મધ્યના કળશ સહિત બીજા ફરતેના ચોવીસ કળશો પર રાખેલા પાત્રોમાં સાકર, એલચી, લવિંગ, સોપારી, ફળો, નૈવેદ્ય વગેરે મૂકવું. કળશ પર ન સમાય તો કળશોની

ફરતે મૂકવું. ત્યારબાદ મધ્યના કળશની બાજુમાં પ્રભુ માટે એક સુંદર પલંગ રાખવો. તે પલંગ પર તકીયો, ઓશીકું, નાળું, ચાદર વગેરે બધા જ શય્યા પરના સાધનો વ્યવસ્થિત શણગારવા અને વિંજણો, ચામર, છત્રી, ચપ્પલની જોડ, અરીસો, દાંતણ, કળશ, થાળી, વાટકી, ફૂલની છાબડી અન્ય બધી જ જરૂરી સામગ્રીઓ તથા ફળ, મિષ્ટાન્ન વગેરે બધું જ ભગવાનની પ્રસન્નતા માટે ત્યાં પલંગ પર જ સ્થાપવું.

ત્યારબાદ હવે વ્રતીએ પોતાના કુટુંબ સહિત ભગવાન શ્રીગણેશનું ષોડશોપચાર વડે પૂજન કરવું તથા શંખ, ઘંટ અને કળશનું પણ વિધિવત્ પૂજન કરવું તથા દરેક તીર્થસ્થળોનું અને શ્રીહરિનું આવાહન કરવું. ત્યારબાદ પ્રભુને આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન આદિ અર્પણ કરવા તેમજ દાંતણ પણ અર્પણ કરવું. ત્યારબાદ 'પ્રભુ શૌચક્રિયા આદિથી નિવૃત્ત થયા છે' તેવી ભાવના કરી પ્રભુને કોગળા કરવા માટે થોડું જળ અર્પણ કરવું અને પછી તીર્થોના જળથી પ્રભુનો સુંદર અભિષેક કરવો તથા પ્રભુને પંચામૃત વડે સ્નાન કરાવવું અને ત્યારબાદ ફરી શુદ્ધ જળ વડે સ્નાન કરાવવું, તેમજ ચોખા વસ્ત્રથી પ્રભુને લૂંછવા. પછી પ્રભુને સુંદર વસ્ત્ર, ઉપવસ્ત્ર આદિ પહેરાવવા તથા સુગંધિત અત્તર લગાડી આપવું. ત્યારબાદ પ્રભુને કૌસ્તુભ મણિ સમાન સુંદર હાર પહેરાવવો તથા જનોઈ અર્પણ કરવી. પછી બંને દેવીઓને પણ વસ્ત્રો અર્પણ કરવા. (પ્રભુ સાથે જ બંને દેવીઓનું પણ આવાહન, આસન, પાદ્ય આદિ ઉપચારો વડે પૂજન કરી પંચામૃત આદિ વડે સ્નાન કરાવી અભિષેક કરવો તથા પ્રભુની સાથે જ પૂજન આદિ ક્રમ અનુસાર કરવું.) વસ્ત્રો સહિત દેવીઓને સાડી, ઘાઘરી આદિ અર્પણ કરવા તથા પ્રભુને ધોતી, કેળીયું વગેરે વસ્ત્રો અર્પણ કરવા. ત્યારબાદ બંને દેવીઓ સહિત પ્રભુને મુગટ, ઉપવસ્ત્ર, કુંડળ, કડાં, કંદોરા, બંગડીઓ, રત્નજડીત વિંટીઓ તેમજ કંઠમાં પહેરવાની સાંકળી, ઝાંઝરી, નથળી, માળાઓ, સોનાનાં હાર વગેરે અન્ય વિવિધ આભૂષણો વગેરે અર્પણ કરવા. ત્યારપછી ચંદન, કાજળ, કંકુ, કેસરયુક્ત જળ, કસ્તૂરી, અબીલ, સિંદૂર, લાખનું ચૂર્ણ વગેરે બીજા બધા જ સૌભાગ્ય દ્રવ્યો પ્રભુ તથા દેવીઓને અર્પણ કરવા. તેમજ અબીલ, ગુલાલ, ચોખા, ફૂલો, ફળો, કપૂર,

અગર, કંકુ આદિ બધુ જ પ્રભુને આ કારતક માસની પ્રબોધિની એકાદશીના દિવસે પ્રાતઃકાળે અર્પણ કરવું અને પછી ધૂપ, દીપ, નૈવેદ્ય, વિવિધ ફળો, મિષ્ટાન્નો, વિવિધ શાક તથા રસાળ ગર્ભયુક્ત શાક (સરગવો આદિ શાક) પ્રભુને તથા દેવીઓને અર્પણ કરવા તેમજ ખાવા યોગ્ય, પીવા યોગ્ય, ચાટવા યોગ્ય અને ચૂસવા યોગ્ય આ ચારેય પ્રકારના નૈવેદ્યો પ્રભુને અર્પણ કરવા. રસાળ મીઠા તથા પેટા વિવિધ ફળો પણ પ્રભુ તથા દેવીઓને ધરાવવા. આમ વ્રતીએ પ્રભુ તથા દેવીઓને વિધિવત્ સંતોષવા તથા પ્રભુશ્રી જનાર્દનને શંખમાં જળ ભરી અને અંતે અર્પણ કરવું.

ત્યારપછી કેતકીના પુષ્પો વડે પ્રભુનું અર્ચન કરવું. કેતકીનું એક પાન ચડાવવા માત્રથી પ્રભુનું સહસ્ત્રાર્ચન પૂજનનું પુણ્ય મળે છે તથા પ્રભુ શ્રીકમળાપતિ પ્રસન્ન થાય છે. તેમજ અગાથિયાના ફૂલો વડે પ્રભુનું વિધાનપૂર્વક પૂજન કરવાથી પણ પૂજન કરનાર વ્રતી કોઈ દિવસ નરકની આગમાં પડતો નથી. તથા અગાથિયાના પુષ્પો વડે કારતક માસમાં પ્રભુનું પૂજન કરવાથી શ્રી પુરુષોત્તમ પ્રભુ પૂજકને અભિષ્ટ ફળ પ્રદાન કરે છે. તેમજ દિવ્ય અને દિવ્યથી પણ પર ઈચ્છાઓને પ્રભુ પર્ણ કરે છે. કારતક માસમાં બધા જ પુષ્પોને છોડી ભક્તિયુક્ત બની માત્ર અગાથિયાના પુષ્પો વડે પ્રભુનું પૂજન કરવાથી શ્રી કેશવ પ્રભુ અશ્વમેધ યજ્ઞનું ફળ પ્રદાન કરે છે તથા આ કારતક માસમાં તુલસીદળ તેમજ તેના માંજર (ફૂલ) અથવા ખીજડાના પાનથી પણ પ્રભુશ્રી વિષ્ણુનું પૂજન કરવાથી સો જન્મના કરેલા પાપો બળી જાય છે.

તુલસીના છોડનું દર્શન, સ્પર્શ અથવા ધ્યાન અને નામ બોલવાથી સ્તુતિ કરવાથી, રોપવાથી સેવવાથી (પાણી પીવડાવવાથી) નિત્યપૂજા કરવાથી તથા નમન કરવાથી તેમજ તુલસીની નિત્ય નવધાભક્તિ કરવાથી (નવધાભક્તિ - શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદ સેવન, અર્ચન, વંદન, દાસ્ય, સંખ્ય, આત્મનિવેદન) આ નવ પ્રકારે નિત્ય ભક્તિ કરવાથી મનુષ્યના (પૂજકના) હજાર કરોડો યુગોના પાપો નાશ પામે છે.

હે પ્રિયા લક્ષ્મી ! જ્યાં સુધી માણસ આ પૃથ્વી પર તુલસીની ડાળીઓ, પાંદડાઓ, માંજરો વડે નવા-નવા તુલસીના છોડ રોપતો જાય છે અને તુલસી વધતા જાય છે ત્યાં સુધી તે તુલસીભક્ત (તુલસી રોપનાર)ના કુળમાં જેટલા જીવ જન્મેલા છે, જેટલા જીવ જન્મવાના છે અને જેટલા જીવ જન્મી ચૂક્યા છે તે બધા જ જીવોનો સહસ્ત્રકલ્પો સુધી પ્રભુના ધામ એવા શ્રીવૈકુંઠ ધામમાં વાસ થાય છે. વળી કારતક માસમાં પ્રભુને માત્ર એક તુલસી દળ અર્પણ કરવાથી બધા જ પુષ્પો તથા પત્રો ચડાવ્યાનું ફળ મળે છે. કારતક માસમાં નિત્ય તુલસીદળો તથા કમળની પાંખડીઓ અને આમળાના પાનો તેમજ ખીજડાના પાનો વડે શ્રીવિષ્ણુનું પૂજન કરવું જોઈએ. આ કારતક માસમાં શ્રીકેશવનું માત્ર તુલસીપત્રો દ્વારા પૂજન કરવાથી પૂજકને દેવોનો સો યજ્ઞો વડે તથા અનેક દાનો વડે સંતુષ્ટ કર્યાનું પુણ્ય મળે છે.

હવે ત્યારબાદ આગળ પ્રભુની તથા બંને દેવીઓની સુંદર આરતી કરવી તથા નમન, સ્તુતિ, પ્રદક્ષિણા, દક્ષિણા, દંડવત્ નમસ્કાર, પુષ્પાંજલિ, ક્ષમા-પ્રાર્થના આદિ અર્પણ કરવું તેમજ વ્રતની સુપૂર્ણતા માટે વ્રતીએ પ્રભુ તથા દેવીઓને પ્રાર્થના કરવી અને તે પહેલા પૂજન કરાવનાર બ્રાહ્મણ અથવા ગુરૂની પૂજા કરવી તથા ભોજન, આચ્છાદન આદિ આપવું તેમજ સોનાની યથાશક્તિ દક્ષિણા આપવી તથા શ્રીકેશવની પ્રસન્નતા માટે તે બ્રાહ્મણ અથવા ગુરૂને બીજા અન્ય દાનો પણ આપવા.

પછી બપોરે ફરી પ્રભુનું પૂજન કરવું તથા વિધિપૂર્વક શ્રીહરિને જમાડવા અને સાંજે પણ મહાપૂજાનું આયોજન કરવું તથા ફરી પ્રભુને જમાડવા તથા જળપાન, મુખવાસ આદિ અર્પણ કરવું. ત્યારબાદ પ્રભુને હિંડોળામાં પધરાવવા અને હીંચકા નાખવા તથા પ્રભુની ચરણસેવા કરવી. તેમજ વ્રતીએ આખી રાત હરિભજન, કીર્તન, વાદન, નર્તન, કથા, રાસ, હરિલીલાઓનું અનુકરણ આદિ કરતાં-કરતાં જાગરણ કરવું.

તેમજ બારસના દિવસે વ્રતીએ પ્રાતઃકાળે સ્નાન કરી શ્રીમાધવનું પૂજન કરી અને પ્રભુને જમાડવા તથા આરતી કરવી ત્યારબાદ પ્રભુ પાસે સ્તુતિ કરી પ્રભુનું વિસર્જન કરવું અને આવેલા બધા જ લોકોને તથા સાધુઓ,

સાધ્વીઓ, બ્રાહ્મણો, બાળકો વગેરેને ખૂબ જ ભાવથી સારી રીતે જમાડવા તથા વિવિધ પ્રકારના અનેક દાનો આપી અને સ્વયં વ્રતીએ પારણા (ભોજન) કરવા. આમ વ્રતનું ઉત્થાપન કરી કળશ વગેરે બધુ જ પૂજાદ્રવ્ય પૂજા કરાવનાર બ્રાહ્મણ અથવા ગુરૂને અર્પણ કરી દેવું. આ પ્રમાણે સારી રીતે વ્રતની પૂર્ણતા કરવાથી વ્રતી પરમધામને પ્રાપ્ત કરે છે. તથા આ લોક પર ભુક્તિ-મુક્તિને પ્રાપ્ત કરી નિશ્ચિત એવા શાશ્વત સુખને મેળવે છે.

હે પ્રિયા લક્ષ્મી ! હવે તમે આ પ્રબોધિનીના વ્રતની કથા સાંભળો. રાક્ષસથી રક્ષિત એવા એક જંગલમાં પ્રભુ શ્રીહરિનું એક મંદિર હતું અને ત્યાં પોતાના કર્મોથી ચાંડાળ બનેલો એક વ્યક્તિ નિત્ય હરિકીર્તન કરતો હતો. રૈવતક્ષેત્રમાં આવેલ સરોવરના કાંઠે તે જંગલ હતું અને તે જંગલનું નામ અશ્વપટ્ટ હતું તથા તે જંગલમાં આવેલું હરિમંદિર સાક્ષાત્ બ્રહ્માજીએ બનાવ્યું હતું કે જે મંદિરમાં પ્રભુના દર્શન કરવાથી તે જંગલના લોકો સદ્ગતિ પ્રાપ્ત કરતા હતા. તેમાં એક ભદ્રાવતી નદીના તટ પર રહેનારો કોઈક ગરીબ બ્રાહ્મણ કે જે પોતાના કર્મથી પતિત થઈ અને ચાંડાળ જેવું જીવન જીવતો હતો તથા પોતે આ જંગલમાં રહી અને કઠિયારાનું કામ કરતો હતો. એક દિવસ નદીમાં પૂર આવ્યું હતું અને તેમાં તેનું ઘર, પત્નિ આદિ સર્વસ્વ નષ્ટ થઈ ચૂક્યું હતું. તેથી તે પોતે સ્વકર્મને ત્યાગી અને આ સુંદર જંગલમાં કઠિયારો બની જીવન વિતાવતો હતો. પોતે સારા સંસ્કારવાળો હતો તેથી નિત્ય ભાવપૂર્વક સાંજે તે હરિમંદિરે જતો અને હરિકીર્તન પણ કરતો તથા હરિદર્શન કરી ફરી પોતાને ઘેર પાછો આવતો. એવામાં એક વખત તે કર્મચાંડાળ કારતક માસની પ્રબોધિની એકાદશીની રાત્રે જાગરણ કરવાની ઈચ્છાથી ઉત્સાહપૂર્વક હરિમંદિરે જતો હતો. ત્યાં માર્ગમાં એક રાક્ષસ આડો આવી પડ્યો. તે રાક્ષસને જોતા જ તે કર્મચાંડાળ હસવા લાગ્યો. તેથી તે રાક્ષસ અચરજ પામ્યો અને તે કર્મચાંડાળને પૂછવા લાગ્યો કે ‘‘મરણના સમયે મને જોઈ ડર્યા વગર કેમ હસવા લાગ્યો ?’’ ત્યારે તે કર્મચાંડાળે જવાબ આપતા કહ્યું કે ‘‘હું ધન્ય થયો છું કે આજે મારું મૃત્યુ આવ્યું. આજે એકાદશી તિથિ છે અને મારે આ પ્રબોધિની એકાદશીનું વ્રત છે. તેથી હરિમંદિરે પૂજા તથા કીર્તન કરવા જતી વખતે જો

મારું મૃત્યુ નિકટ આવી જાય તો આજે મને સદ્‌ગતિ પ્રાપ્ત થશે. કારણ કે ભક્તિ કરનારનું કોઈ દિવસ પતન થતું નથી. તેથી જો તને (રાક્ષસને) ભૂખ લાગી હોય તો જલ્દીથી મને ખાઈ જા અથવા હું વ્રતનું જાગરણ કરું પછી પ્રાતઃકાળે તું મને ખાઈ જજે.''

ત્યારે રાક્ષસ બોલ્યો કે ''જે માણસ મૃત્યુના મુખમાંથી એક વખત છૂટી જાય છે તે ફરી પાછો મૃત્યુસ્થળે મરવા માટે નથી આવતો. મને તારા પર વિશ્વાસ નથી.'' ત્યારે તે કર્મચાંડાળે રાક્ષસને જવાબ આપતા કહ્યું કે ''જો તને એવું લાગતું હોય તો તું મારી સાથે હરિમંદિરે ચાલ. હું કીર્તન કરી લઉં પછી તું મને તારી ઈચ્છા પ્રમાણે ખાઈ લેજે. કીર્તન કરવાથી તથા સાંભળવાથી પણ મુક્તિ મળે છે. તેથી તું મારી સાથે ચાલ.'' આ સાંભળી રાક્ષસ બોલ્યો ''જો એવું હોય તો હું પણ તારી સાથે આવું છું. પૂર્વકાળમાં હું દેવોના ધનકોશનો એક અધિકારી હતો ત્યારે મેં 'યશોદાત્રી' નામની નગરીમાં ઘણું ધન ચોર્યું હતું. જેના પાપે આજ હું બ્રાહ્મણ થઈ અને બ્રહ્મરાક્ષસ બન્યો છું. તેથી જો હરિકીર્તન કરવાથી અથવા સાંભળવાથી મને પણ મુક્તિ મળે તો હું તને પણ ખાવાનો આગ્રહ નહી રાખું અને તને છોડી મુકીશ.''

આમ વિચાર કરી બંને પ્રબોધિની વ્રતની રાત્રે તે હરિમંદિરે ગયા તથા ત્યાં કર્મચાંડાળે તાલ સહિત નૃત્ય કરતાં-કરતાં કીર્તન ગાવાનું શરૂ કર્યું. આમ બંનેએ સાથે અતિ ભાવપૂર્વક જાગરણ પણ કર્યું. પ્રાતઃકાળ થતા બંને શુદ્ધ થયા અને બંને માટે દેવવિમાન આવી પહોંચ્યા. બંને ત્યાં જ દેહને ત્યાગી અને વિમાનમાં બેસી સ્વર્ગ ગયા. ત્યાં સ્વર્ગમાં બંનેએ અપ્સરાઓની સેવા સહિત અસંખ્ય ભોગો ભોગવ્યા. તેમજ બંને મુક્તિ પામી હરિકૃપાથી વૈકુંઠમાં સીધાવ્યા. આમ આ પ્રકારે આ પ્રબોધિની એકાદશીનું વ્રત કરવાથી પતિત લોકો પણ મોક્ષ તથા સદ્‌ગતિને પામે છે. તેથી જ આ શ્રેષ્ઠ વ્રત દરેક લોકોએ કરવું જોઈએ.

આ રીતે હે લક્ષ્મી ! કારતક માસમાં મારા વિષ્ણુના બીજા અન્ય વ્રતો પણ કરવા જોઈએ. જેમાંનું એક વ્રત કારતક માસમાં કરવાથી પાપ કપાઈ જાય છે.

આ વ્રત કરવા માટે બ્રહ્મમુહૂર્તમાં ઊઠી, સ્નાન કરી અને કઠોરતાપૂર્વક આદર સહિત વ્રતનું પાલન કરવાનું શરૂ કરવું જોઈએ. આ વ્રત આસો માસની પૂર્ણિમાથી શરૂ કરવું જોઈએ અને કારતક માસ પૂર્ણ થાય ત્યાં સુધી ભક્તિપૂર્વક ઉપવાસ કરવામાં આવતા આ વ્રતને 'ચાંદ્રાયણ વ્રત' કહે છે. કૃષ્ણપક્ષમાં તિથિ જેમ-જેમ ઘટતી જાય તેમ-તેમ થોડાક પ્રમાણના કોળિયા લઈ પહેલા દિવસે પંદર કોળિયા જ જમવા, બીજના દિવસે ચૌદ, ત્રીજના દિવસે તેર, ચોથના દિવસે બાર. આમ એક-એક કોળિયો રોજ ઘટાડતા જવું તથા શુક્લપક્ષમાં પહેલા દિવસે એક, બીજા દિવસે બે, ત્રીજા દિવસે ત્રણ. આમ એક-એક કોળિયો વધારતા જવું. શુક્લપક્ષમાં જેમ-જેમ તિથિ વધતી જાય એકમ, બીજ, ત્રીજ તેમ-તેમ એક-એક કોળિયા વધારતા જવું અને ખાતા જવું. આ જ રીતે કૃષ્ણપક્ષ આવતા જેમ-જેમ તિથિ ઘટતી જાય એકમ, બીજ, ત્રીજ તેમ-તેમ એક-એક કોળિયા ઘટાડતા જવું.

આ ચાંદ્રાયણ વ્રતનું સ્વરૂપ આગળથી કિડી જેવું અને પાછળથી જવના દાણા જેવું છે તથા તેનો મધ્ય ભાગ થોડો દુબળો અને થોડો પુષ્ટ છે. આ ચાંદ્રાયણ વ્રતના સ્વરૂપને જ વિદ્વાનોએ સચોટ ગુણાવ્યું છે.

આ વ્રત અંતર્ગત જે કોળિયાઓ ખાવામાં આવે છે તેમાં ભાત, ખાંડેલા જવના દાણા, જવ, શાક, દુધ, દહીં, ઘી, કંદમૂળ, ફળ અથવા માત્ર પાણીના ઘુટડાથી પણ રહી તમામમાંથી જે યોગ્ય લાગે તેના કોળિયા (ઘુટડા) બનાવી વ્રત અંતર્ગત ખાવા અને ઘટાડવા જોઈએ. તથા જ્યારે અમાસ હોય ત્યારે આખો દિવસ ઉપવાસ કરવો જોઈએ. તેમજ જો કોઈ તિથિ વૃદ્ધિ પામતી હોય તો તે દિવસે પણ કોળિયો જમવો એટલે કે પક્ષના પંદર દિવસ અંતર્ગત જો વૃદ્ધિ તિથિના કારણે સોળ દિવસ થતા હોય તો સોળ કોળિયા જમવા. (વૃદ્ધિ તિથિના દિવસે પણ કોળિયો જમવો) અને જો કોઈ તિથિ ક્ષય પામતી હોય તો ચૌદ જ કોળિયા જમવા જોઈએ. આમ કંઈ પણ કરી અને માસ અંતર્ગત બસો ચાલીસ કોળિયા જ જમવા જોઈએ. જેનાથી આ ચાંદ્રાયણ વ્રત પરિપૂર્ણ બને છે.

સંપૂર્ણ માસ અંતર્ગત રોજ આઠ કોળિયા જમીને પણ આ વ્રત કરી શકાય, જેને 'યતિ ચાંદ્રાયણ વ્રત' કહેવામાં આવે છે.

તથા સવારે ચાર તેમજ સાંજે ચાર કોળિયા જમીને પણ આ વ્રત કરી શકાય જેને 'શિશુચાંદ્રાયણ વ્રત' કહેવામાં આવે છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "કારતક માસના શુક્લપક્ષમાં આવતી પ્રબોધિની એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા બ્રાહ્મણ નિમિત્તક કીર્તન અને વ્રતના સંયોગ દ્વારા કર્મચંડાળ બ્રાહ્મણ તેમજ રાક્ષસની મુક્તિ તથા ચાંદ્રાયણના સ્વરૂપો, વ્રતવિધિ આદિનું નિરૂપણ" નામનો બસો એકસઠમો અધ્યાય ॥ ૨૬૧ ॥

કમલા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા - ''હે પ્રભુ ! 'વ્રત' તથા 'પુણ્ય' તેમજ વ્રત અંતર્ગત ખવાતા-પીવાતા તમામ પદાર્થોમાં પણ આપનો જ વાસ છે. આપના વગર તો બધું જ નિષ્ફળ છે. જ્યાં આપ નથી હોતા ત્યાં કશું જ નથી હોતું. એ વાત તો નિશ્ચિત જ છે.

માટે હે પ્રભુ ! હવે આપ કૃપા કરી અને 'પુરુષોત્તમ' નામક માસના શુક્લપક્ષમાં આવતી એકાદશીનું નામ શું છે ? તે મને કહો. તેમજ આ એકાદશીનું વ્રત કરવાથી શું ફળ મળે છે તે પણ જણાવો. વળી આ વ્રતની વિધિ તથા કયા દેવનું પૂજન કરવું ? શાનું દાન કરવું ? કયા-કયા નિયમો પાળવા ? તે સઘળુ જ આપ મને વિસ્તાર પૂર્વક સારી રીતે જણાવો. હે જનાર્દન ! આટલું જ નહી પરંતુ આ વ્રત અંતર્ગત કઈ રીતે સ્નાન કરવું ? શાનાથી સ્નાન કરવું ? શાના જપ કરવા ? શું-શું ખાવું તથા શું-શું ન ખાવું ? માસ અંતર્ગત શાનો-શાનો ત્યાગ કરવો ? તે પણ આપ મને કહો.''

શ્રી નારાયણ બોલ્યા - આ અધિક માસમાં આવતી એકાદશીનું નામ 'કમળા એકાદશી' છે. તથા આ એકાદશીના સ્વામી પુરુષોત્તમ પ્રભુ છે. માટે આ દિવસે પણ તેઓની પૂજા કરવી. આ દિવસે લક્ષ્મી સહિત શ્રી પુરુષોત્તમ પ્રભુની સોનાની મૂર્તિ બનાવી વૈકુંઠવાસી પ્રભુ શ્રીલક્ષ્મીનારાયણનું ધ્યાન ધરવું. આ કમળા એકાદશીનું વ્રત કરવાથી કમળા એટલે કે લક્ષ્મી વ્રતી પાસે આવે છે.

વ્રતીએ દશમીના દિવસે એક જ સમય જમી અને રાત્રે ભૂમિ પર જ શયન કરવું તથા બ્રહ્મચર્યનું પાલન કરી ક્રોધ આદિ વિકારોનો ત્યાગ કરવો

તેમજ એકાદશીના દિવસે બ્રહ્મમુહૂર્તમાં જાગી પ્રભુ શ્રીપુરુષોત્તમનું સ્મરણ કરવું. હવે આગળ નિયમોની વાત શરૂ થાય છે. સ્નાન કરી વ્રતીએ નિયમોને ધારણ કરવા.

પુરુષોત્તમ માસમાં એકમના દિવસથી વ્રતીએ સંપૂર્ણ માસ સુધી આ પવિત્ર એવા નિયમોનું પાલન કરવું. પુરુષોત્તમ માસ અંતર્ગત નિત્ય પ્રભુના નામોનું હજાર વખત રટણ કરવું અથવા એક લાખ વખત રટણ કરવું. આવો જપનો નિયમ લેવો. વ્રતી પોતાના ઘરે પ્રભુના જપ કરે છે તો તેનું એકગણું પુણ્ય પ્રાપ્ત થાય છે તથા નદીમાં જપ કરવાથી બમણું પુણ્ય પ્રાપ્ત થાય છે, ગાયોના ગમાણમાં જઈ જપ કરવાથી હજારગણું પુણ્ય તથા યજ્ઞશાળામાં જઈ જપ કરવાથી લાખ ગણું પુણ્ય પ્રાપ્ત થાય છે. તેમજ દેવસ્થાનમાં, તીર્થસ્થાનમાં અને સાધુઓની જગ્યામાં જઈ સાધુઓ પાસે જપ કરવાથી દસ લાખ ગણું પુણ્ય પ્રાપ્ત થાય છે. તથા તુલસી પાસે જપ કરવાથી કરોડગણું, વિષ્ણુ મંદિરે પ્રભુ પાસે જપ કરવાથી અનંતગણું ફળ મળે છે, તે નિશ્ચિત જ છે. વળી માળાના જેટલા આવર્તન થાય છે એટલા જન્મો-મરણોના આવર્તનનો નાશ થાય છે.

ચાતુર્માસમાં જે નિયમોનું પાલન કરવામાં આવે છે તે જ નિયમોનું પાલન આ પુરુષોત્તમ માસમાં પણ કરવું જેનાથી ભુક્તિ-મુક્તિનું ફળ પ્રાપ્ત થાય છે. આ બધા જ નિયમોને પુરુષોત્તમ માસના આરંભથી જ શ્રીહરિના સાનિધ્યમાં જઈ અને ધારણ કરવા.

તેમજ આ પુરુષોત્તમ માસ અંતર્ગત ગોળ, તેલ, ઘી, તૈલીય પદાર્થો, તીખા પદાર્થો, સુગંધિત તેલ, પુષ્પ વગેરે તેમજ કડવા, ખાટાં, મીઠા, તીખા તેમજ તુરા પદાર્થોનો પણ ત્યાગ કરવો. મુખવાસનો પણ ત્યાગ કરવો તેમજ મીઠા ફળોનો પણ ત્યાગ કરવો અને ખાખરાના પાનમાં જ જમવું. (જે વ્રત અંતર્ગત ખાય શકાય તે જ પદાર્થો જમવામાં લેવા.) પગ કે માથા પર તેલ આદિ ન લગાડવું, માલીશ ન કરવી, દહીં-દૂધનો પણ ત્યાગ કરવો, (દહીં-દૂધથી સ્નાન ન કરવું.) આંજણ આદિ સૌંદર્ય પ્રસાધનોનો પણ ત્યાગ કરવો તથા બંને સમય ન જમવું (એક જ સમય જમવું.) મૌન ધારણ કરવું, માત્ર

હરિકથા જ બોલવી, સાંભળવી. ગામની વાતો કરવી કે સાંભળવી નહીં, શીરો વગેરે પણ ન ખાવું તેમજ શાક, અન્ન, ફળોનો પણ ત્યાગ કરવો તથા પથ્થર પર બેસીને જ ખાવું, કેળના પાનમાં જ જમવું તથા તીર્થક્ષેત્રમાં (નદીમાં) સ્નાન કરવું. ગુરુ તથા બ્રાહ્મણોના નિત્ય ચરણસ્પર્શ કરવા તથા શ્રીવિષ્ણુના ચરણોની પણ સેવા કરવી.

આ સંપૂર્ણ માસ અંતર્ગત એક જ સમય જમવું, જેમ કે સવારે અથવા રાત્રે આમ એક જ સમય જમવું અથવા બંને સમય જમ્યા વગર (ફલાહાર કરી) ઉપવાસ કરવો અને માસ વિતાવવો. પ્રભુના મંદિરે જઈ મંદિરની સફાઈ, કચરા-પોતા આદિ સેવાશ્રમ કાર્યો કરવા તથા પ્રભુની એકસો આઠ અથવા તેનાથી પણ વધારે પ્રદક્ષિણા કરવી. આ સંપૂર્ણ માસ અંતર્ગત હરિગાન, નૃત્યુ, કીર્તન આદિ કરવું તથા માત્ર પંચગવ્યનું જ સેવન કરી માસનું અનુષ્ઠાન કરવું. માસ અંતર્ગત શાસ્ત્રોની કથા પ્રવચન આદિ કરવું-કરાવવું અથવા સાંભળવા જવું. સંપૂર્ણ માસ અંતર્ગત પ્રભુની તુળસીદળ વડે પૂજા કરવી, હરિમંદિરની સફાઈ આદિ કરવું તથા પત્રાવડામાં જ ખાવું અને દાળ આદિનો ત્યાગ કરવો. જે કંઈ શરીર ટકાવવા ખાવાનો નિયમ લીધો હોય તે પદાર્થને પ્રસાદને તાંબાના પાત્રમાં ખાઈ શકાય, કાંસાના પાત્રમાં પણ ખાઈ શકાય તેમજ રાંધેલું અન્ન પણ પ્રસાદના પ્રમાણમાં ખાઈ શકાય. પાણીમાં પકાવેલ કંઈ પણ ખાદ્યપદાર્થ અથવા રાંધેલ કંઈ પણ ખાદ્યપદાર્થ માટીના વાસણમાં અથવા ખોબામાં લઈ ખાઈ શકાય તેમજ ખાતા સમયે ભૂમિ પર જ બેસવું જેનાથી કપિલા ગાયનું દાન કર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે તેમજ પ્રભુ શ્રીહરિને ભોજન કરાવ્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે. આ માસ અંતર્ગત ભીક્ષા માગીને ખાવાથી અમૃત સમાન તે ખાદ્યપદાર્થ બની જાય છે તથા આ વ્રત કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આ માસ અંતર્ગત અથવા આ માસની એકાદશીના વ્રત અંતર્ગત સોના, ચાંદી, વસ્ત્ર, ઘર તથા અન્ન આદીનું દાન કરવાથી પુણ્યપ્રાપ્તિ થાય છે. શ્રીહરિ તથા સાધુ બંને પુરુષોત્તમ જ છે. તેથી નિત્ય આ બંનેની પૂજા તથા આદર કરવો, સેવા કરવી. શુદ્ર હોય કે શુદ્ર સ્ત્રી હોય જો એ સજ્જન પુરુષને

ગુરૂ માની સેવા કરતા હોય તો તે સેવા શ્રીહરિની સેવા કર્યા સમાન જ છે. કારણ કે ગુરૂ એ જ સાક્ષાત્ શ્રી વિષ્ણુ સ્વરૂપ છે અને ગુરુ જ ત્રિદેવ સમાન છે. આપણા આ દેહ વડે ગુરૂની સેવા કરવી જોઈએ. જેનાથી ગુરૂ પ્રસન્ન થાય. આ પંચમહાભૂતમાંથી બનેલા શરીર દ્વારા જેટલી ગુરૂની સજ્જન પુરુષની સેવા થશે તેટલું જ અંતે સારું ફળ પ્રાપ્ત થશે.

આ મૃત્યુલોકમાં ધર્મ દુર્લભ છે અને ધર્મ દ્વારા જ અર્થ, કામ તથા મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી આ માસ અંતર્ગત અયાચિત વ્રતનું પાલન પણ કરવું અર્થાત્ આ માસ અંતર્ગત કોઈ પાસેથી કશું જ માગવું નહીં તથા દ્રોહ અને હિંસાથી દૂર રહેવું તેમજ દાન, દયા, દમ, આદીનું પાલન કરવું. જે આ સદ્‌ગુણોથી પોતાના ગુરૂની શારિરીક સેવા કરે છે તે આ સેવાદાનના પ્રભાવથી શ્રી વિષ્ણુનું સ્વામીપણું (વૈષ્ણવતા) ભોગવે છે.

આ માસ અંતર્ગત મધ, ઘી, દૂધ આદીનો ત્યાગ કરીને પણ રહી શકાય (કોઈ પણ એક વસ્તુનો માસ અંતર્ગત ત્યાગ કરી અને માસ અનુષ્ઠાન કરવાની વાત કરેલી છે.) આમ આ જ રીતે માસ અંતર્ગત દાડમ, બિજોરું, નાળિયેર, ચોખા, જવ, ઘઉં આ બધા પદાર્થોનો પણ ત્યાગ કરી શકાય. તથા માસ અંતર્ગત શ્લોક, પદ, ઋચા, સ્તોત્ર, અધ્યયન, હરિકીર્તન વગેરે સદ્‌પ્રવૃત્તિ શ્રીહરિ પાસે કરવી જોઈએ. જેનાથી વૈકુંઠની પ્રાપ્તિ થાય છે. આ માસ અંતર્ગત રતિ, મૈથુન આદીનો પણ ત્યાગ કરી શકાય. જે મહાન ત્યાગ ગણવામાં આવે છે. તથા દહીં, દૂધ, છાશ, ગોળ, શાક વગેરે પણ ત્યાગી શકાય છે. આ માસ અંતર્ગત આમળાના રસથી અથવા તલથી સ્નાન કરવું જોઈએ. કારણ કે આમળું તે પાપોને હરનારું છે અને તલ સદા પવિત્ર છે. માટે આ બંને દ્વારા સ્નાન કરવું જોઈએ. વળી સંધ્યાસમયે મૌનવ્રત પાળી શકાય અથવા રાત્રે ભોજન સમયે પણ મૌનવ્રત પાળી શકાય. જેનાથી વ્રતની શુદ્ધિ થાય છે. મૌન રહી ભોજન કરવાથી ઉપવાસ કર્યા સમાન ફળની પ્રાપ્તિ થાય છે.

આ પુરુષોત્તમ માસ અંતર્ગત કારણ વગરનો ક્રોધ, ક્રૂરતા, રાજસગુણ, તામસગુણ, દુરવ્યવહાર વગેરેનો ત્યાગ કરવો. આ સંપૂર્ણ માસ અંતર્ગત પુણ્ય અને સારા કર્મો કરવા. પાપ કર્મોને સદા માટે છોડવા તથા ધ્યાન, પૂજા,

સેવા આદી સત્કર્મો કરવા. પુરુષોત્તમ પ્રભુને પ્રસન્ન કરવા. આ પુરુષોત્તમ માસમાં આગળ બતાવેલા કૃચ્છ્ર વ્રતોનું પણ પાલન કરી શકાય છે. આમ આ માસમાં આવતી કમળા એકાદશીનું પણ વ્રત કરવાથી વ્રતીના ઘરે કમળા એટલે કે લક્ષ્મી આવે છે.

એકાદશીના પ્રાતઃકાળે વ્રતીએ ઊઠવું તથા શ્રી કમળા, શ્રી લક્ષ્મી અને શ્રી પુરુષોત્તમનું ધ્યાન ધરવું પછી વિધિપૂર્વક સ્નાન કરી નિત્ય પૂજા આદી કરવું. પછી સર્વતોભદ્રમંડળ બનાવવું તથા તેમાં જળ, રત્નો, પત્રો, અક્ષત, પુષ્પો, ફળ વસ્ત્ર આદીથી યુક્ત બાર કળશ મૂકવા તથા ત્યારબાદ વ્રતીએ તે મંડળની મધ્યનો ઘડો સોના કે તાંબાનો બનાવડાવી સ્થાપવો તથા ઘટપૂજન કરવું. ત્યારપછી ઘંટ, શંખ તથા કળશનું પૂજન કરવું અને મધ્યના કળશ પર તલ ભરેલી થાળી મૂકવી અને તેમાં શ્રી પુરુષોત્તમ પ્રભુને સ્થાપવા તથા દરેક ઉપચારો વડે પ્રભુનું પૂજન કરવું. આવાહન આદી કરી પંચામૃત વડે પ્રભુનું સ્નાન, અભિષેક આદી કરવું તથા શુદ્ધ જળથી સ્નાન કરાવી પ્રભુને લૂંછવા.

ત્યારબાદ વસ્ત્ર, અલંકાર પહેરાવવા. ચંદન, કાજળ, અગર, કસ્તૂરી, સુગંધિત તેલ, હાર વગેરે સૌભાગ્ય દ્રવ્યો પ્રભુને અર્પણ કરવા તથા ધૂપ, દીપ, નૈવેદ્ય અર્પણ કરવા. વિવિધ ખાદ્ય સામગ્રી, ફળ, જળ તથા તાંબૂલ પ્રભુને અર્પણ કરવા અને પછી પ્રભુનું નિરાજન કરવું ત્યારબાદ જળ ભરેલો શંખ ઉતારી પ્રભુને દંડવત્ પ્રણામ, પ્રદક્ષિણા, સ્તુતિ, ક્ષમા-પ્રાર્થના, આદી કરવું તથા પ્રભુને શય્યા પર પોઢાડી પ્રભુની ચરણસેવા કરવી અને પ્રભુને આનંદ થાય એવું વાતાવરણ ઊભું કરવું. ત્યારપછી ઘણા બધા પ્રકારના વિવિધ દાનો આપવા. ત્યારબાદ બપોરે પણ આ જ પ્રમાણે પ્રભુનું પૂજન કરવું તથા પ્રભુને વિવિધ પ્રકારના ભોજન કરાવવા. તેમજ ભાવપૂર્વક સાંજે પ્રભુની આરતી કરવી અને સ્તુતિ આદી કર્યા બાદ પ્રભુને રાત્રીભોજન ધરવું.

આમ આખી રાત નૃત્ય, હરિકીર્તન કરતાં-કરતાં જાગરણ કરવું અને પછી બારસના પ્રાતઃકાળે સ્નાન કરી હરિપૂજન કર્યા બાદ ગુરૂ અથવા બ્રાહ્મણને ભોજન કરાવવું પછી ગુરૂપૂજન કરી અન્ય લોકોને ભોજન કરાવવું અને

વ્રતીએ પોતે પણ જમી અને પારણા કરવા તથા દાનો આપવા. આ પ્રમાણે વ્રત કરવાથી વ્રતીને ભુક્તિ-મુક્તિ પ્રાપ્ત થાય છે.

ત્યારબાદ હવે જે-જે નિયમો ધારણ કર્યા હોય તેના ઉદ્યાપનની વિધિ કરવી જેથી તેનું ફળ પ્રાપ્ત થાય.

એક સુંદર મંડપ બાંધવો. તેની નીચે સાત ધાન્યોથી સુંદર મંડળ રચવું. તેની ફરતે સાથિયા કરવા અને પછી શય્યા આદીનું દાન કરવું. પછી પ્રભુ શ્રીહરિ તથા દેવી રમાનું (લક્ષ્મીનું) પૂજન કરવું ત્યારપછી વ્રતીએ ગાયનું પૂજન કરી ગોદાન કરવું તથા સાધુઓને જમાડવા અને પછી પૂજા કરાવનાર બ્રાહ્મણને અથવા ગુરૂને વસ્ત્ર, અન્ન, આભૂષણ આદિ જે કંઈ પણ એમને જોઈતું હોય તે દક્ષિણા સહિત આપવું. ત્યારપછી ફરી પ્રભુની ષોડશોપચાર વડે પૂજા કરી અને પછી સ્વયં વ્રતીએ પોતાના હાથે વિવિધ પ્રકારના દાન આપવા. ઉદ્યાપન સમયે વ્રતની પૂર્ણતા માટે દાન આપવા જરૂરી છે અને ઉદ્યાપન સમયે કરેલું દાન નિશ્ચિત જ સંપૂર્ણ દાન ગણાય છે. તેથી હે મહાલક્ષ્મી ! જો કોઈ વ્રતી વ્રત કરે છે અને તેનું ઉદ્યાપન નથી કરતો તો તે વ્રતી વ્રતના વિરૂદ્ધ ફળને ભોગવે છે તથા વ્રતનું યોગ્ય ફળ તે વ્રતીને નથી મળતું. તેથી જ વ્રત અંતર્ગત વ્રતીએ જે-જે નિયમો ધારણ કર્યા હોય જેનો-જેનો ત્યાગ કર્યો હોય તે-તે વસ્તુ પદાર્થ આદિ દાન કરવું જોઈએ. અને ઉદ્યાપન સમયે તો અવશ્ય જ સ્વયં વ્રતીએ સારી રીતે દાન આપવા જોઈએ.

જે વ્રતીએ તેલનો ત્યાગ કર્યો હોય તે વ્રતીએ ઘીનું દાન કરવું, ઘીનો ત્યાગ કર્યો હોય તે વ્રતીએ દૂધનું દાન કરવું, મૌનનો નિયમ ધારણ કર્યો હોય તે વ્રતીએ તલ વગેરેનું દાન કરવું તથા સોનાનું દાન પણ કરવું, ભોજનનો ત્યાગ કર્યો હોય તે વ્રતીએ ભોજનનું દાન કરવું. જે ભોજનથાળમાં દહીં અને ભાત હોય તેવા સંપૂર્ણ ભોજનથાળનું દાન કરવું. અન્ન, મિષ્ટાન્ન, સોનું વગેરે પણ ભોજનથાળ સહીત ભાવપૂર્વક દાન કરવું, ખાખરાના પત્રાવડામાં જમવાનો નિયમ ધારણ કરનારે મિષ્ટાન્ન તથા ઘી વગેરે દ્રવ્યોનું દાન કરવું, માત્ર રાત્રે જ ભોજન કરનાર વ્રતીએ છ રસથી યુક્ત ભોજનનું દાન કરવું. અયાચક વ્રત ધારણ કરનાર વ્રતીએ સુંદર શણગારેલો બળદ દાન કરવો.

અડદનો ત્યાગ કર્યો હોય તે વ્રતીએ વાછરડા સહીત સુંદર ગાયનું દાન કરવું.

જેણે આમળાના જળથી સ્નાન કરવાનો નિયમ ધારણ કર્યો હોય તે વ્રતીએ અડદના દાણા જેટલું સોનાનું દાન કરવું, ફળનો નિયમ ધારણ કર્યો હોય તે વ્રતીએ વિવિધ ફળોનું દાન કરવું, ધાન્ય ત્યાગનો નિયમ ગ્રહણ કર્યો હોય તે વ્રતીએ બાસમતી ચોખા તથા ઘઉં આદિનું દાન કરવું તથા જે વ્રતીએ ભૂમિ પર શયન કરવાનો નિયમ ધારણ કર્યો હોય તેણે ઓછાડ, ચાદર, ઓશિકા સહીત શય્યાનું (પલંગ, ખાટલો) દાન કરવું, બ્રહ્મચર્યનું પાલન કરવાનો નિયમ ધારણ કરનાર વ્રતીએ એક દંપતિના જોડાને (પતિ-પત્નિને) ભોજન કરાવવું. જે વ્રતીએ શાકનો ત્યાગ કર્યો હોય તે વ્રતીએ વિવિધ શાકોનું દાન કરવું, મીઠા (નમક)નો ત્યાગ કરનાર વ્રતીએ વિવિધ રસનું (ખારું, મીઠું, તીખુ) વગેરે દાન કરવું, નિત્ય સ્નાન કરવાના નિયમને ધારણ કરનાર વ્રતીએ તથા સુગંધિત તેલ, માલિશ આદિનો ત્યાગ કરનાર વ્રતીએ ઘી તથા સત્તુ (શેકેલા અનાજ તથા જવનો કરકરો લોટ)નું દાન કરવું. નખ તથા વાળ ન કાપવાનો નિયમ ગ્રહણ કરનાર વ્રતીએ અરીસો, વિંજણો આદિ શૃંગારની વસ્તુઓ દાન કરવી. આ જ રીતે ચપ્પલનો ત્યાગ કરનાર વ્રતીએ પ્રેમપૂર્વક ચપ્પલની જોડનું દાન કરવું, દૂધ આદિ ગોરસનો ત્યાગ કરનાર વ્રતીએ કપિલા ગાયનું દાન કરવું. નિત્ય હરિમંદિરે અથવા તળાવ આદિ જળાશયોમાં દીપદાનનો નિયમ ધારણ કરનાર વ્રતીએ સોનાના દીવાનું દાન કરવું. મૈથુનનો ત્યાગ કરનાર વ્રતીએ ચાંદી (રૂપુ) તથા ધનનું દાન કરવું.

આમ આ પ્રકારે જે કંઈ પણ નિયમો ગ્રહણ કર્યા હોય તો તે-તે પદાર્થો અથવા વસ્તુઓનું દાન કરી નિયમોનું ઉદ્યાપન કરવું. જેમ કે ગોદાન, સાકર, ઘર, ધન, ભૂમિ, કન્યા, યજ્ઞોપવિત (જનોઈ), વિદ્યા, મોક્ષ (પુણ્યદાન) વગેરેનું દાન કરી શકાય. આ ઉપરાંત વ્રતીએ ભક્તિભાવ પૂર્વક પોતાનું બધુ જ (સર્વસ્વ દાન) દાન કરવું હોય તો તેની પણ વિધિ શાસ્ત્રોમાં બતાવેલી છે. તેથી સર્વસ્વનું પણ દાન થઈ શકે છે. આમ આ પ્રકારે નિયમો ધારણ કરી વ્રતનું પાલન કર્યા બાદ તેનું (નિયમોનું) કહ્યા પ્રમાણે ઉદ્યાપન કરવું જેનાથી સ્વર્ગ, મોક્ષ તથા વૈકુંઠની પ્રાપ્તિ થાય છે, જેમાં કોઈ જ સંશય નથી.

આ વિશે વધારે તો શું કહી શકાય પરંતુ જે ફળની ઈચ્છા હોય તે ફળ આ પ્રમાણે નિયમો સહીત વ્રતનું ઉદ્યાપન કરવાથી પ્રાપ્ત થાય છે તથા ફરી પ્રાપ્ત થવાનું જ છે. એવી ભાવના રાખી અને સંશય વગરના મનથી દાન કરવું જોઈએ. જે કંઈ પણ પોતાનું પોતિકું તથા સર્વસ્વ (બધું જ) હોય તો તેનું પ્રભુ શ્રીહરિને દાન કરું છું એવી ભાવનાથી દાન કરવું જોઈએ, જે 'ઉત્તમદાન' કહ્યું છે. આ જ પ્રકારે બ્રાહ્મણને અથવા ગુરૂને પણ દાન કરવું જોઈએ જેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે અને કુશળ માણસ તે કહ્યો છે જે અનિશ્ચિત દ્વારા જ નિશ્ચિત મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. અર્થાત્ ગુરૂ જ નિશ્ચિત એવા મોક્ષપદની પ્રાપ્તિ કરાવી શકે છે તેથી ગુરૂ તથા બ્રાહ્મણને પ્રસન્ન રાખવા જોઈએ. આમ આ પ્રકારે કમળા એકાદશીનું વ્રત કરવાથી વ્રતીના ઘરે 'કમળા' એટલે કે 'લક્ષ્મી'નું આગમન થાય છે.

હે લક્ષ્મી ! હવે હું તમને પૂર્વકાળની એક કથા કહું છું તે તમે સાંભળો.

હરિદ્વાર નામક તીર્થક્ષેત્રમાં એક 'શાકટાયન' નામના 'ભૂદેવ' બ્રાહ્મણ રહેતા હતા. તેના નાનકડાં ઘરમાં એક નાનકડું 'શકટ' એટલે કે ગાડું હતું તથા તે શાકટાયન બ્રાહ્મણ નિત્ય પોતાના આહાર પૂરતું જ અન્ન ભિક્ષામાં માગી લાવતા અને પોતાનું ગુજરાન ચલાવતા હતા. તેઓની પાસે પાથરવા માટે એક ચાદર અને સુવા માટે માત્ર ઓશિકું હતું. તેઓ કોઈ જ વસ્તુ કે ધન આદિનો સંગ્રહ કરતા ન હતા. અને 'અપરિગ્રહ વ્રત' તથા 'કરપાત્ર વ્રત'નું આજીવન પાલન કરતા હતા. ('અપરિગ્રહ' - સંગ્રહ ન કરવો, 'કરપાત્ર' - બંને હાથના ખોબામાં અન્ન જમવું, અન્ય પાત્ર કે વાસણમાં ન જમવું, હાથને જ વાસણની જેમ ઉપયોગમાં લેવો તે)

આવા તપસ્વી બ્રાહ્મણ એક વખત ભિક્ષાટન કરવા માટે ઘણે દૂર નિકળી ગયા. બીજી તરફ ધોધમાર વરસાદના કારણે તેઓના ઘર સુધી ગંગા નદીનું પાણી પહોંચી ગયું અને તેમનું પ્રિય ગાડું તે ગંગાના પ્રવાહમાં તણાઈ ગયું. તે જ્યારે ભિક્ષા લઈ ઘરે આવ્યા ત્યારે પોતાનું ગાડું તણાઈ ગયું છે એવું અનુમાન જાણી પોતે ત્યાંથી (પોતાના ઘરેથી) પગપાળા જ ચાલી નિકળ્યા. ચાલતાં-ચાલતાં તેઓ 'તીર્થરાજ પ્રયાગ ક્ષેત્ર'માં આવી પહોંચ્યા. તથા તે

ભૂખ તથા તરસના કારણે અત્યંત દીન જેવા લાગવા લાગ્યા. ત્યાં પ્રયાગરાજમાં આવી તેઓએ ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યું. તથા સંગમની આસપાસ ઋષિમુનિઓના ઘણા આશ્રમો હતા ત્યાં આ શાકટાયન બ્રાહ્મણ ભૂખ્યાં તરસ્યાં જ આવી પહોંચ્યા તેમજ આશ્રમમાં પ્રવેશ કર્યો. તે દિવ્ય તથા અદ્‌ભુત આશ્રમ ભારદ્વાજ ઋષિનો હતો. તથા આ સમય અંતર્ગત પુરુષોત્તમ માસ ચાલતો હતો. તેના કારણે લોકોનો બહુ મોટો સમુદાય ત્યાં ભારદ્વાજ ઋષિના આશ્રમમાં જમા થયો હતો. તેમજ બધા જ લોકો ત્યાં સુલભ એવી પાપનો નાશ કરનારી કમળા એકાદશીની કથા ભારદ્વાજ ઋષિના મુખેથી સાંભળતા હતા. જે કથા ભુક્તિ-મુક્તિ પ્રદાન કરનારી તથા 'શ્રી લક્ષ્મીનારાયણ સંહિતા'માં કહ્યા પ્રમાણે ધન પ્રદાન કરનારી છે તે આ એકાદશીની કથા તે શાકટાયન બ્રાહ્મણે પણ સાંભળી તથા તે દિવસે એકાદશી હોવાને કારણે તેણે પણ આ કમળા એકાદશીનું વ્રત અડધેથી કર્યું તેમજ રાત્રે ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં-કરતાં જાગરણ પણ કર્યું.

આમ આ પ્રકારે વ્રત કર્યાના પ્રભાવથી બ્રહ્મમુહૂર્ત થતા સાક્ષાત લક્ષ્મીજી ત્યાં પ્રગટ થયા. તે લક્ષ્મીદેવીનું સ્વરૂપ અત્યંત તેજસ્વી તથા દિવ્ય હતું તેમજ તેઓએ સુંદર દિવ્ય વસ્ત્રો તથા આભૂષણો ધારણ કર્યા હતા. આવા શ્રી લક્ષ્મીજીએ તે શાકટાયનને કહ્યું કે "હે વત્સ ! તે આ મારું કમળા એકાદશીનું વ્રત કર્યું છે તેથી હું તારા પર પ્રસન્ન બની છું તથા તને વરદાન આપવા માટે અહીં આવી છું." આમ કહેતાની સાથે જ તે શાકટાયન બ્રાહ્મણ એકદમ આશ્ચર્યપૂર્વક દેવીને પ્રશ્ન કરવા લાગ્યા કે "હે સુંદર દેવી ! આપ કોણ છો ? તથા તમે શા કારણથી મારા પર પ્રસન્ન થયા છો ?" ત્યારે શ્રી લક્ષ્મીજીએ જવાબ આપતા કહ્યું કે "હે વત્સ ! તે કરેલા આ એકાદશીના વ્રતથી હું પ્રસન્ન થઈ છું તથા મને દેવોના દેવ શ્રીહરિએ તારા પર અનુગ્રહ કરવા પ્રેરિત કરી છે. માટે હું વૈકુંઠથી અહીં પધારી છું. પુરુષોત્તમ માસમાં આવતા તે કરેલા આ કમળા એકાદશીના વ્રતના કારણે હું તને પ્રચુર પ્રમાણમાં ધન આપવા માટે આવી છું. તે મારું આ વ્રત પ્રયાગરાજ જેવા તીર્થક્ષેત્રમાં ઋષિયોગથી કર્યું છે તેથી હું તને આશિષ આપુ છું કે તું ધનવાન થા.

એકાદશી તિથિ સવારના સમયે પૂર્ણ થઈ ચુકી હોય તથા ત્યારબાદ બારસ તિથિ મધ્યાહન (બપોર) સુધી હોય અને રાત્રે બારસ પૂર્ણ થતી હોય તથા તેરસ તિથિ રાત્રીકાળે શરૂ થઈ જતી હોય તથા સંપૂર્ણ રાત્રીકાળ અંતર્ગત તેરસ જ ચાલતી હોય અને બીજે દિવસે પ્રાતઃકાળે પણ તેરસમાં કોઈ વ્રતી પારણાં કરે છે તો તેને યજ્ઞની આહૂતિ ગ્રહણ કર્યા સમાન પુણ્યફળ પ્રાપ્ત થાય છે અને આ પ્રમાણેનું વ્રત જ આપે (શાકટાયને) કર્યું છે તેથી જ હે મહામુનિ શાકટાયન, હું તમારા પર પ્રસન્ન છું. લો આ મણિનો આપ સ્વીકાર કરો. આ દિવ્ય મણિથી તમોને બધું જ મળી રહેશે.

આમ આ પ્રકારે દેવી લક્ષ્મી તે દિવ્ય મણિ શાકટાયનને આપી ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. શાકટાયન બ્રાહ્મણ પણ તે મણિનો સ્વીકાર કરી ફરી પોતાના ઘરે પાછા ગયા. તે દિવ્ય મણિ દરરોજ સવારે સો સ્વર્ણ મુદ્રા (સોનામહોર) ઉત્પન્ન કરતો હતો. અને તે મણિના પ્રભાવથી શાકટાયન પણ દિવસ-રાત દાનપુણ્ય કરતા હતા. આ પ્રમાણે મણિના પ્રભાવથી શાકટાયન ઋષિ ઈન્દ્રથી પણ અધિક સમૃદ્ધિવાન બની ગયા. આ બધીજ સંપત્તિ તેઓને કમળા એકાદશીના વ્રત કર્યાથી પ્રાપ્ત થઈ. જે-જે પણ યાચકો આવતા તેને તથા જેને-જેને પણ જે કંઈ જોઈતું હોય તે બધું જ શાકટાયન તેના ઘરમાંથી દાન કરવા લાગ્યા.

આ પ્રમાણે તેની કીર્તિ સાંભળી એક વખત બ્રહ્માજીના પુત્ર એવા પુલસ્ત્ય ઋષિ તે મણિ જ દાનમાં મેળવવાની ઈચ્છાથી શાકટાયનના ભવનમાં પધાર્યા અને કંઈક વિચારવા લાગ્યા. ત્યારબાદ પુલસ્ત્ય ઋષિએ મણિની માંગણી કરી અને તે નિસ્પૃહ મનવાળા શાકટાયન બ્રાહ્મણે પણ તે દિવ્ય મણિ પુલસ્ત્ય ઋષિને દાનમાં આપી દીધો.

પુલસ્ત્ય મુનિ આશિર્વાદ આપી મણિ ગ્રહણ કરી ત્યાંથી સિંહલદ્વિપમાં (શ્રીલંકા) આવ્યા. ત્યાં તેઓએ આ દિવ્ય મણિના પ્રભાવથી વન, નગર આદિ બધું જ સોનાનું બનાવ્યું અને તે મણિ સહિત સોનાનો સિંહલદ્વિપ દેવોના ધનાધિપતિ કુબેરને અર્પણ કરી દીધો.

ત્યારબાદ કુબેર પાસેથી તે મણિ તથા સોનાનો સિંહલદ્વિપ રાવણે હરી લીધો તથા પોતાની સોનાની લંકા નગરીનું નિર્માણ કર્યું.

આ પ્રમાણે વ્રત કરવાથી શ્રી કમળા દેવી પોતાના ભક્તો પર પ્રસન્ન રહે છે તથા બધું જ પ્રદાન કરે છે. માટે જ આ કમળા એકાદશીનું વ્રત કરવું જેથી પ્રભુશ્રી હરિ તથા દેવી લક્ષ્મી સદા પ્રસન્ન રહે છે. આમ આ અધ્યાયનું - કથાનું પઠન અથવા શ્રવણ માત્ર પણ કરવાથી કમળા એકાદશીના વ્રત કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે.

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં આવતા "પુરુષોત્તમ માસના કૃષ્ણપક્ષમાં આવતી કમલા એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા નિયમો, ઉદ્યાપન તથા શાકટાયનને વ્રત દ્વારા મણિ તેમજ લક્ષ્મીની પ્રાપ્તિ અને તેમાંથી પુલસ્ત્ય, કુબેર અને રાવણને થયેલા ધનલાભો આદિનું કથન" નામનો બસો ત્રેસઠમો અધ્યાય ॥ ૨૬૩ ॥

ધામદા એકાદશી

શ્રી લક્ષ્મીજી બોલ્યા - ''શ્રોતાઓ માટે સાંભળવા યોગ્ય પવિત્રતામાં ઉત્તમ એવો તથા દુઃસ્વપ્નનો નાશ કરનારો દિવ્ય આ પુરુષોત્તમ માસ અને તેની કથા પ્રયત્નપૂર્વક મેં સાંભળી કે જે પુરુષોત્તમ માસ દરેક માસમાં ઉત્તમ માસ તરીકે ગણાય છે અને જેના દેવ સાક્ષાત્ પુરુષોત્તમ જ છે કે જે દેવનું પૂજન કરવા માટે સ્વર્ગના દેવતાઓ ભૂમિ પર જન્મ ધારણ કરી અને તેઓનું (પુરુષોત્તમ પ્રભુનું) અર્ચન-પૂજન કરે છે. તે પુરુષોત્તમ પ્રભુ નર શ્રેષ્ઠ એટલે કે નારાયણ જ છે. જે ભક્તો પ્રભુ શ્રી નારાયણને સદા ભજતા જ રહે છે તે ભક્તોનું બ્રહ્માદિ દેવતાઓ પણ પૂજન કરે છે. તેવા તે દેવોના દેવ અને માસ સ્વરૂપ પુરુષોત્તમ માસના શુક્લ પક્ષમાં જે એકાદશી આવે છે, હે પ્રભુ ! તેનું નામ મને જણાવો અને આ સાથે જ આ વ્રતની વિધિ, તેનું ફળ, તેનું દાન તથા તેના દેવતા કયા છે તે સઘળું જ આપ મને જણાવો. જે થકી મનુષ્યો આ વ્રત કરી સ્વર્ગ તથા પરમધામને પ્રાપ્ત કરી શકે.

શ્રી નારાયણ બોલ્યા - ''હે દેવી ! આ પુરુષોત્તમ માસના શુક્લ પક્ષમાં આવનારી એકાદશીને 'ધામદા એકાદશી' તરીકે ઓળખવામાં આવે છે. જેનું વ્રત કરવાથી વ્રતી બ્રહ્મધામને પ્રાપ્ત કરે છે. આ વ્રતની વિધિ તથા તેનું ફળ બંને બ્રહ્મમય છે તથા આ એકાદશીના દેવ શ્રીકૃષ્ણનારાયણ પ્રભુ પણ બ્રહ્મધામના અધિપતિ જ છે. અર્થાત્ આ વ્રતના સ્વામી સાક્ષાત્ શ્રીકૃષ્ણપુરુષોત્તમ જ છે. આથી આ દિવસે પ્રભુના પત્નિ અક્ષરાદેવીની પણ પૂજા કરવી અને દેવી ધામદાની પણ પૂજા કરવી. પ્રભુ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ

સહિત દેવી ધામદા તથા દેવી અક્ષરાની પણ જુઈના ફૂલો દ્વારા પૂજા કરવી તથા ફળોમાં નાસપતિ ધરવા અને ઉપનિષદ્‌વિદ્યાનું દાન કરવું જે દાન મોક્ષદાન સમાન ઉત્તમ દાન છે. (અર્થાત્ ઉપનિષદ્ વિદ્યાનું અધ્યયન જો કોઈ યોગ્ય પાત્રને કરાવવામાં આવે તો તે વિદ્યાનું અધ્યયન કરનાર મોક્ષપદને પામી શકે છે. માટે વ્રતીએ પોતે આ ઉપનિષદ્ વિદ્યા કોઈને ભણાવવી જોઈએ અથવા વિદ્વાન વ્યક્તિ પાસે ભણવી જોઈએ.) આ સિવાય કોઈ યોગ્ય પાત્રને દીક્ષા અપાવવી બ્રહ્મજ્ઞાન કરાવવું, વેદનું અધ્યયન કરાવવું. પોતાનાપણાનું પ્રભુને અથવા ગુરુને દાન કરવું. આમ આ બધા દીક્ષા વગેરે સર્વસ્વ અર્પણ સુધીના બધા જ દાનોને ઉત્તમદાન કહ્યા છે. ભગવાનનાં નિવાસસ્થાન વૈકુંઠનું દાન એ સર્વોત્તમ દાન છે. જે પ્રભુ આપણને દાન કરે છે માટે પ્રભુના તે દાન આગળ આપણું કરેલું કોઈપણ દાન તે હંમેશા નાનું જ છે. તેથી હે પ્રિયા ! ધામની પ્રાપ્તિ કરાવનારું આ એકાદશીનું વ્રત જો કોઈને કરાવીએ તો વ્રતીને પણ આ વૈકુંઠધામ દાન કર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે જે શ્રેષ્ઠદાન જ કહ્યું છે.

આમ આ વ્રત કરવા માટે વ્રતીએ દશમના દિવસે એક જ સમયે જમી અને ભૂમિ પર જ શયન કરવું જોઈએ તથા બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ તથા એકાદશીના પ્રાતઃકાળે ઊઠી વ્રતીએ પ્રભુશ્રી પુરુષોત્તમ તથા દેવી અક્ષરાનું અને દેવી ધામદાનું સ્મરણ કરવું તથા સ્નાન કરી વિધિવત્ પોતાનું નિત્યપૂજાકર્મ આદિ પરિપૂર્ણ કરવું અને ત્યારબાદ મહાપૂજનનો પ્રારંભ કરવો.

એક સુંદર મંડપ બાંધવો તથા તેના પર ચંદરવો બાંધવો અને મંડપની નીચે સર્વતોભદ્રમંડળ રચવું તથા તે મંડળના મધ્ય ભાગમાં એક સોનાનો જળ ભરેલો, રત્નો પધરાવેલો, વસ્ત્ર લપેટેલો, શ્રીફળ મૂકેલો કુંભ સ્થાપવો તથા તે કુંભ ઉપર તાંબાનું મોટું વાસણ (થાળી) મૂકવું તથા તેમાં બાર પાંખડીઓવાળુ કમળ અને કંકુ પધરાવવું. ત્યારબાદ દેવી અક્ષરા તથા પ્રભુશ્રી પુરુષોત્તમનું પૂજન અર્ચન કરવું અને પછી પ્રભુ તથા દેવીનું તે કમળ પાસે સ્થાપન કરવું.

ત્યારબાદ આ રીતે શ્રદ્ધાપૂર્વક વિધિવત્ ષોડશોપચાર વડે પ્રભુની મહાપૂજા આરંભ કરવી.

(1) ધ્યાનમ્ : દિવ્ય એવા મોટાં-મોટાં મોતીઓ વડે પ્રભા આદિ ગોપીઓ જેઓના દિવ્ય વધામણા કરે છે તથા જેઓ સદા રાધા, લક્ષ્મી આદિ પોતાની પ્રિયશક્તિઓ સાથે જ રહે છે તેવા સુંદર તથા શ્રેષ્ઠ પ્રભુનું (પુરુષોત્તમનું) હું ધ્યાન કરું છું. આમ, આ રીતે પ્રભુનું સુંદર ધ્યાન ધરી અને પ્રભુને 'ધ્યાન' નામનો પહેલો ઉપચાર અર્પણ કરવો.

(2) આવાહનમ્, (3) આસનમ્ : હે ભક્તો પર કૃપા કરનારા કૃષ્ણ હું આપને આવકાર આપું છું. તથા હે કૃષ્ણ આપના માટે મેં આ સોનાનું સિંહાસન ભાવરૂપે બિછાવ્યું છે, તમો સ્વીકાર કરો તથા બીરાજો. આમ આ પ્રકારે ભાવપૂર્વક પ્રભુને 'આવાહન' તથા 'આસન' નામના બીજા અને ત્રીજા ઉપચારનું સમર્પણ કરવું.

(4) પાદ્યમ્, (5) અર્ઘ્યમ્ : હે દેવી અક્ષરા સહિત પ્રભુ પુરુષોત્તમ આપ આ ગંગાજળ પગ ધોવા માટે સ્વીકારો કરો તથા ગંધ, પુષ્પ આદિથી યુક્ત આ જળ હાથ ધોવા માટે સ્વીકાર કરો. આમ આ પ્રકારે ભાવપૂર્વક પ્રભુ તથા દેવીને ગંગાજળ અને ત્યારબાદ ગંધ, પુષ્પ આદિથી યુક્ત જળ ચડાવવું તથા તે સાથે જ પ્રભુને 'પાદ્ય' તેમજ 'અર્ઘ્ય' નામનો ચોથો અને પાંચમો ઉપચાર અર્પણ કરવો.

(6) આચમનીયમ્, (7) સ્નાનમ્ : ગાળેલું તથા તીર્થનું જળ હે પ્રભુ આચમન કરો તથા ત્યારબાદ હે પ્રભુ આપ આ દુધ, દહીં, ઘી, મધ તથા સાકરનો (પંચામૃતનો) નહાવા માટે સ્વીકાર કરો. આમ આ ભાવનાથી પ્રભુને પીવા માટે પાણી આપવું તથા પંચામૃત આદિ વિવિધ દ્રવ્યો વડે પ્રભુને સ્નાન કરાવવું. આ સાથે જ પ્રભુને 'આચમન' તથા 'સ્નાન' નામનો છઠ્ઠો અને સાતમો ઉપચાર અર્પણ કરવો.

(8) વસ્ત્રમ્ : હે પ્રભુ ! હવે સ્નાન બાદ આપ આ ધોતી, ઉપવસ્ત્ર તથા ઝભ્ભો સ્વીકાર કરો અને પહેરો તથા હે દેવી ! આપના માટે હું આ સાડી, ઘાઘરી તથા કબજો લાવ્યો છું તો આપ પણ આ વસ્ત્ર તરીકે સ્વીકાર કરો. આમ આ ભાવનાથી પ્રભુને તથા દેવીને ધોતી, ઉપવસ્ત્ર, ઝભ્ભો અથવા ઝભ્ભાનું કાપડ, સાડી, ઘાઘરી તથા બ્લાઉસ પીસ વગેરે વસ્ત્રો ધરાવવા તથા

'વસ્ત્ર' નામનો આઠમો ઉપચાર પ્રભુને અર્પણ કરવો.

(9) યજ્ઞોપવીતમ્ (દેવી માટે અલંકારમ્) : હે પુરુષોત્તમ ! હવે વસ્ત્ર બાદ આપ આ જનોઈનો સ્વીકાર કરો તથા આ બાજુબંધ, કડાં, વિંટીઓ, મુગટ, નુપૂરની જોડ વગેરે અલંકારોનો પણ સ્વીકાર કરો. હે દેવી ! આપ પણ વિવિધ અલંકારો સહીત દોરો, સર, નથળી, સાંકળા, ઝાંઝર, રત્નો, સ્વર્ણના ફૂલોનો હાર વગેરે શણગારનો સ્વીકાર કરો. આમ આ રીતે ભાવપૂર્વક પ્રભુ તથા દેવીને જનોઈ, બાજુબંધ, કડાં, વિંટીઓ, મુગટ, નુપૂરની જોડ, દોરો, સર, નથળી, સાંકળા, ઝાંઝર, રત્નો, સોનાના ફૂલોનો હાર વગેરે અલંકારો તથા શણગાર અર્પણ કરવા તથા આ સાથે જ પ્રભુને યજ્ઞોપવીત નામનો નવમો તથા દેવીને પણ 'અલંકાર' નામનો નવમો ઉપચાર અર્પણ કરવો.

(10) ગન્ધમ્, **(11)** અક્ષતમ્, **(12)** પુષ્પમ્ : હે પ્રભુ ! આપ આ કસ્તૂરી, અગર, કપૂર, ચંદન વગેરેનું લેપન સ્વીકાર કરો તથા આ કદમનું ફૂલ, ચંપાનું ફૂલ, કમળ, મોગરાનું ફૂલ, ચમેલીનું ફૂલ વગેરે વિવિધ સુગંધયુક્ત પુષ્પોનો સ્વીકાર કરો. આમ આવી ભાવના કરી પ્રભુને કસ્તૂરી, અગર, કપૂર, ચંદન વગેરે લગાડવા તથા વિવિધ પુષ્પો તેમજ પુષ્પમાળા અર્પણ કરવી. આ સાથે જ અહીં પ્રભુને 'ગંધ' નામનો 'અક્ષત' નામનો તથા 'પુષ્પ' નામનો દસમો અગિયારમો તથા બારમો ઉપચાર ક્રમશઃ અર્પણ કરવો.

(13) ધૂપમ્, **(14)** દીપમ્ : હે નારાયણ ! આ સુગંધિત ધૂપ હું આપને સુંઘાડુ છું. જેની સુગંધ આપને સુખ આપનારી બને તેથી આપ આ સુગંધનો સ્વીકાર કરો તથા હે દેવ આ સુંદર ઘીનો દીવો પણ આપ સ્વીકાર કરો જેથી પ્રકાશ સદા રહે. આમ પ્રભુને ધૂપ તથા દીવો પ્રગટાવી અર્પણ કરવા તથા ધૂપ, દીપ નામના તેર તથા ચૌદમાં ઉપચારો પ્રભુને અર્પણ કરવા. ત્યારબાદ પ્રભુને અબીલ, ગુલાલ, કાજળ, અત્તર તથા આરતી વગેરે અર્પણ કરવું.

(15) નૈવેદ્યમ્ : હે કમળાપતિ ! હવે આપ આ અન્ન, દૂધમાં રાંધેલા ભાત, માલપૂવા વગેરે તથા ઘી અને પોળીઓ, દહીં, દૂધ, ઘી, મીઠાઈ વગેરેનો સ્વીકાર કરો તથા ભોજન કરો. આમ ભક્તિપૂર્વક પ્રભુને અન્ન, દૂધમાં રાંધેલા ભાત વગેરે બધા જ વિવિધ નૈવેદ્યો ધરવા તથા પીવા માટે જળ અર્પણ કરવું

તેમજ ત્યારબાદ સોપારીના ચૂરાથી યુક્ત એલચી વગેરે નાંખેલું બીડું મુખવાસ તરીકે પ્રભુને અર્પણ કરવું.

(16) ફલમ્ (દક્ષિણા) : હે કૃષ્ણ ! આપ આ કેળાં, કેરી, નાસપતિ, દાડમ તથા આ શ્રીફળ વગેરે ફળોનો સ્વીકાર કરો તથા આ સોનામહોરોનો અને હીરા, માણેક વગેરેનો દક્ષિણા સ્વરૂપે સ્વીકાર કરો. આમ ભાવપૂર્વક પ્રભુને વિવિધ ફળો તથા સોનાની દક્ષિણા સ્વરૂપ થોડુંક સોનું અથવા ઉત્તમ ધન અર્પણ કરવું તથા 'નૈવેદ્ય', 'ફળ' અને 'દક્ષિણા' નામક પંદરમો અને સોળમો ઉપચાર પ્રભુને અર્પણ કરવો.

ત્યારબાદ પ્રભુની મંત્રપુષ્પાંજલિ કરવી. ત્યારબાદ પ્રભુને દંડવત્ પ્રણામ કરવા તથા સ્તુતિ કરવી કે 'હે કમળાકાંત ! આપને અમારા વંદન, હે અક્ષરાદેવીના પતિ આપને અમારા નમન છે. હે સ્વામિ, હે અક્ષરાના પ્રભુ આ પૂજાનો સ્વીકાર કરજો.' આમ સ્તુતિ કર્યા બાદ પ્રભુની પ્રાર્થના કરવી કે 'હે પ્રભુ તમારા વિના મારું બીજું કોઈ જ શરણ નથી. તમે જ મારું શરણું છો. હે પ્રભુ મારું આ વ્રત પૂર્ણ બને એવી કૃપા કરજો. હે લક્ષ્મીપતિ મારું રક્ષણ કરજો.' આમ પ્રાર્થના કર્યા બાદ પૂજા કરાવનાર બ્રાહ્મણોને પ્રાર્થના કરવી કે 'હે બ્રહ્મદેવતા આપ આ અન્ન, વસ્ત્ર, સોનું, શાક, પલંગ, ઘી વગેરે દ્રવ્યો તથા વિવિધ દાનોનો સ્વીકાર કરો.'' આમ નમ્રતાપૂર્વક કહ્યા પ્રમાણે બ્રાહ્મણોને વિવિધ દાનો અર્પણ કરવા.

આમ આ પ્રકારે પ્રભુ તથા બ્રાહ્મણોનું સુંદર પૂજન કરી વધેલા સમયમાં અન્ય જરૂરિયાતમંદ લોકોને દાનો આપવા તથા યથાશક્તિ સમયનો સદ્ઉપયોગ કરવો. ત્યારબાદ બપોરે પ્રભુને નૈવેદ્ય જમાડી જળ વગેરે અર્પણ કરવું તથા સાંજે પણ ઘણી બધી વસ્તુઓ વડે ભાવપૂર્વક પ્રભુની મહાપૂજા કરવી તથા સુંદર પાંચ મુખવાળી દીવીમાં પાંચ વાટો મૂકી ઘી પુરી અને પ્રગટાવી પ્રભુની આરતી કરવી. ત્યારબાદ નૈવેદ્ય, જળપાન, તાંબૂલ વગેરે અર્પણ કરવા તથા પ્રભુના પગ દબાવવા. આમ રાત્રે કીર્તન કરતાં-કરતાં જાગરણ કરવું. જાગરણ કરવા હરિમંદિરે અથવા સંતોના મઠમાં જવું. ચાલીને જાગરણ કરવા જવાથી એક-એક ડગલે વ્રતીને અશ્વમેધ યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે. બીજે

દિવસે બારસે પ્રાતઃકાળે સ્નાન કરી ફરી નિત્ય પૂજા કર્મ કર્યા બાદ પ્રભુને જમાડવા તથા ભક્તોને પણ જમાડવા. પૂજા કરાવનાર મુખ્ય બ્રાહ્મણને તે પ્રભુની તથા દેવીની સોનાની મૂર્તિઓ દાન કરવી તથા વિવિધ દાનો પણ કરવા. ત્યારબાદ વ્રતીએ સાધુઓ, સાધ્વીઓ, વૈષ્ણવો વગેરેને મિષ્ટાન્ન વગેરે ભોજન જમાડવું તથા વ્રતીએ જે-જે દ્રવ્ય હોમવામાં ઉપયોગ થતા હોય તેમાનું કોઈપણ એક હવિષ્યાન્ન ખાય અને પારણાં કરવા.

આમ બારસના દિવસે ઊંઘવું, પારકું અન્ન ખાવું, બીજી વખત જમવું, મૈથુનક્રિયા કરવી તથા તૈલીય અને તામસી ભોજન જમવું આ બધું જ વર્જીત છે તથા પારણાંના જો બારસ તથા તેરસ એમ ભેગી તિથિ હોય તથા બારસનું નાનું સ્વરૂપ હોય અને પછી આખો દિવસ તેરસ જ હોય તો જેટલા સમય સુધી બારસ હોય એટલા સમયમાં જ પારણાં કરી લેવા. બારસ પૂર્ણ થયા પછી તે જ દિવસે તેરસ તિથિના ભાગમાં પારણાં કરી શકાય નહીં તેથી બારસ તિથિના ભાગમાં જ પારણાં કરી લેવા જોઈએ. આમ અગિયારસ બારસ ભેગા હોય અથવા બારસ તેરસ ભેગા હોય તો બારસની શરૂઆત થતાં તેના પ્રથમ ચરણમાં પારણાં ન કરવા, થોડી ધીરજ રાખી બારસ તિથિના પ્રથમ ચરણને પૂર્ણ થવા દેવું તથા પ્રથમ ચરણ પૂર્ણ થયા બાદ બારસ તિથિના ઉત્તર ભાગમાં જ પારણાં કરવા, જેથી વ્રતનું અક્ષયપુણ્ય પ્રાપ્ત થાય છે. આમ આ પ્રકારે વિધાનપૂર્વક આ ધામદા એકાદશીનું વ્રત કરવાથી વ્રતીને અંત સમયે સ્વયં પ્રભુ વિમાન દ્વારા પોતાના વૈકુંઠ ધામમાં પહોંચાડે છે.

હે લક્ષ્મી! હવે તમે આ ધામદા એકાદશીની કથા સાંભળો. પૂર્વકાળમાં સત્યુગમાં એક પુંડરીક નામના રાજા હતા. તે રાજા ચક્રવતી સમ્રાટ હતા તથા પોતે વિષ્ણુભક્ત પણ હતા તથા તેઓ બધા પ્રત્યે સમાન દૃષ્ટિ જ રાખતા હતા. આમ આ સાધુપુરુષ રાજા પોતે કોઈપણ પદાર્થનો ખોટો સંગ્રહ કરતા ન હતા. તેઓનો અડધો દિવસ તો માત્ર પૂજા આદિ ધર્મકાર્યોમાં જ વ્યતીત થતો તથા વધેલા દિવસે તેઓ ન્યાયદાનમાં વિતાવતા હતા. જ્યારે વ્રતનો દિવસ હોય તે દિવસે તો તેઓ માત્ર એકચિત્તે પ્રભુની પૂજા જ કરતા. આવા ધર્મપરાયણ રાજાને એક કુમુદવતી નામની પતિવ્રતા પત્નિ પણ હતી. તે રાણી

પણ પોતાના પતિની દરેક આજ્ઞાને શાસ્ત્રની આજ્ઞા માની પતિસેવા કરતા હતા. પોતાના પતિને પૂછ્યા વગર સ્વયં પોતે પોતાની ઈચ્છાથી કંઈ પણ કાર્ય કરતા ન હતા. આમ તે રાણી પોતાના પતિમાં શ્રદ્ધા રાખી પતિવ્રત ધર્મનું પાલન કરતી હતી.

પરંતુ એકવાર ધામદા એકાદશીના દિવસે રાજા વ્રતપરાયણ બની પ્રભુની પૂજામાં મગ્ન હતા. ત્યારે તેઓની પત્નિ રાણી કુમુદવતી જવર (તાવ)થી પીડિત બની તેથી અંતઃપુર (રાણીવાસ)માં વિશ્રામ કરતા હતા અને તે દિવસે સાંજે રાણી પોતાના પતિને પૂછ્યા વગર જ મન પ્રફુલ્લિત કરવા માટે દાસીઓ સાથે બગીચામાં વિચરણ કરવા ગયા અને ત્યાં ભૂખથી વ્યાકુળતાને કારણે નારંગીનું ફળ તોડી તેનો રસ પી લીધો. આમ પતિને પીવડાવ્યા વગર પોતે પી લીધાના કારણે તેઓનો પતિવ્રત ધર્મ ભંગ થયો તથા તેઓને ખૂબ જ તાવ ચડી ગયો. જેના કારણે તરસ પણ લાગવા લાગી. આથી જળ પણ પી અને પોતે સંપૂર્ણ રાત્રી ત્યાં બગીચામાં જ વિતાવી જેથી પોતાના પતિવ્રત ધર્મનું પાલન ન થયું અને પ્રાતઃકાળે પતિની જે નિત્યસેવા કરતા હતા તે આજના દિવસે થઈ નહીં, ઉપરાંત નિત્યક્રમ પ્રમાણે પતિના મુખનું દર્શન પણ ન થયું કે પતિના પગનો અંગુઠો ધોઈ અને ચરણામૃત પણ ન લેવાયું.

આમ રોગગ્રસ્ત હોવાના કારણે રાણી કુમુદવતીનો પતિવ્રત ધર્મ ક્ષતિગ્રસ્ત બન્યો તથા તાવ પણ ખૂબ જ વધી ગયો અને રાણીનું શરીર દુર્બળતાના કારણે સુકાવા લાગ્યું તથા પતિવ્રત ભંગ થવાના કારણે રાણી અપુણ્યભાગી બન્યા. જેથી જ્યારે તેઓ મરણપથારીએ આવી બેઠા ત્યારે તેઓ ખૂબ જ પીડાવા લાગ્યા અને પ્રાણ પણ જતા ન હતા. આમ રાજા પુંડરીકે પોતાની પ્રિય પત્નિના સમાચાર સાંભળ્યા ત્યારે પોતાનું વ્રત પૂર્ણ થયા બાદ રાણીની સેવામાં રાજા સ્વયં આવી પહોંચ્યા. ત્યાં આવી તેઓએ જાણ્યું કે 'રાણીનું આયુષ્ય પૂર્ણ થયું છે પણ પ્રાણ જતા નથી.' ત્યારે રાજાએ પોતાના ધામદા એકાદશીના વ્રતનું પુણ્ય જળ સહીત અંજલી ભરી રાણીને અર્પણ કર્યું.

આમ જળ પધરાવતાની સાથે જ રાણીના દેહમાંથી પ્રાણ ચાલી ગયા તથા દિવ્ય વિમાન રાણીના આત્માને લેવા આવી પહોંચ્યું. તે વિમાન શ્રી વિષ્ણુ તથા દેવી લક્ષ્મી અને તેઓના પાર્ષદોથી સુશોભિત હતું. આમ આવુ જ અક્ષરાદેવી તથા શ્રી પુરુષોત્તમ પ્રભુથી સુશોભિત બીજું વિમાન આવ્યું. પહેલા વિમાનમાં તે રાણીના આત્માને બેસાડી પ્રભુ પુરુષોત્તમ તથા દેવી અક્ષરા પ્રભુના પરમધામમાં લઈ ગયા. આમ આ પ્રમાણે તે રાણી કુમુદવતી ધામદા એકાદશીના વ્રતપુણ્યને કારણે પરમધામમાં ગયા. આ જ રીતે તે રાજા પુંડરીક પણ પોતાના અંત સમય બાદ ધામદા વ્રતના દાનને કારણે પરમધામને પ્રાપ્ત થયા.

તેથી જ ધામદા વ્રત વિશેષ રીતે કરવું જોઈએ. આ પુરુષોત્તમ માસના શુક્લ પક્ષની એકાદશીનું વ્રત પરમધામ, મોક્ષપદ તથા સંપત્તિને આપનારું છે. આ કથા સાંભળવા તથા પઠન કરવાથી પણ વ્રત તુલ્ય ફળ જ પ્રાપ્ત થાય છે. આ વ્રત સકામ (કંઈક મેળવવાની ઈચ્છા) કરવાથી પણ પારમેષ્ઠયાદિ મહાસમૃદ્ધિ આપનારું છે. માટે જ આ વ્રત યથાશક્તિ પ્રમાણે શુદ્ધ ભાવનાથી કરવું જેથી પરમધામ તથા ભુક્તિ-મુક્તિ પણ પ્રાપ્ત થાય છે.''

ઈતિ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતાયુગ સંતાનમાં આવતા "પુરુષોત્તમ માસના શુક્લપક્ષમાં આવતી ધામદા એકાદશીનું વ્રત માહાત્મ્ય તથા પુંડરીક રાજાની થોડાક પતિસેવાના લાભથી શૂન્ય બનેલી પત્નિ કુમુદ્વતીની પણ વ્રત દ્વારા પરમધામની પ્રાપ્તિ આદિનું નિરૂપણ" નામનો બસો ચોસઠમો અધ્યાય ॥ ૨૬૪ ॥

મહાઉદ્યાપન વિધિ નિરૂપણ

શ્રી લક્ષ્મીજી બોલ્યા - '' હે પ્રભુ ! બધી જ એકાદશીઓનું ઉત્થાપન (ઉદ્યાપન) તથા દરેક એકાદશીઓના દેવોનું પૂજન જે તમે મને કહ્યું હતું. તે હવે આપ વિસ્તારપૂર્વક ઉત્થાપન સહીત બધું જ જણાવો.

આ ઉપરાંત જો બધી જ એકાદશીઓનું દર પંદર દિવસે ઉત્થાપન કરવું શક્ય ન હોય તો બધી જ ચોવીસ એકદાશીઓનું મહાઉદ્યાપન કઈ રીતે કરવું ? કેટલા દ્રવ્યથી કેવડું ઉત્થાપન કરવું તે સઘળું જ આપ મને વિસ્તારપૂર્વક કહો.''

શ્રી નારાયણ બોલ્યા - ''હે લક્ષ્મી ! સાંભળો. હવે હું આપને બધી જ એકાદશીઓનું મહાઉત્થાપન કહું છું જે ઉત્થાપન એક જ રીતે કરવાથી બધી જ એકાદશીઓના ઉત્થાપનનું સંપૂર્ણ ફળ પ્રાપ્ત થાય છે. (જો કોઈ વ્રતી દરેક એકાદશીનું ઉત્થાપન ન કરી શકતો હોય તો તે વ્રતીએ દરેક એકાદશીની વિધિ નિયમપૂર્વક કર્યા બાદ આ 'મહાઉત્થાપન' કરવું, જેનાથી દરેક એકાદશીઓના ઉત્થાપન કરવાની જરૂર રહેતી નથી.)

એક સુંદર તથા કેળના સ્તંભથી સુશોભિત એવો મંડપ બનાવવો તથા તે મંડપની વચ્ચે સુંદર સર્વતોભદ્રમંડળ બનાવવું અને તે મંડળની મધ્યમાં એક સુંદર મોટો ઘડો સ્થાપવો. તે ઘડાની અંદર જળ, પાંચ રત્નો વગેરે પધરાવવા તથા ઘડાના મુખ ભાગમાં પીપળો, ઉમરો, ખાખરો, આંબો તથા વડલો આ પાંચ વૃક્ષનાં એક-એક પાન પધરાવવા તથા ઘડાના કાંઠાના ભાગ પર સુતર વિંટવું. ત્યારબાદ તે ઘડાની ઉપર એક મોટી થાળી મૂકવી. તે થાળીમાં ભીના કંકુ વડે સુશોભન કરવું તથા બાર પાંખડીવાળું કમળ તે થાળીમાં

પધરાવવું. ત્યારબાદ (અહીં કંકુ વડે પણ બાર પાન તથા બાર પાંખડીવાળું કમળ બનાવી શકાય છે.) તે કમળના મધ્ય ભાગમાં શ્રી લક્ષ્મી (રમા) તથા શ્રી વાસુદેવની સોનાની મૂર્તિ સ્થાપવી તથા તે મૂર્તિની ફરતે કમળની આજુબાજુ પૂર્વ દિશાથી શરૂ કરી ચોવીસ એકાદશી તથા તે દરેક એકાદશીઓના સ્વામી તેમની દેવીઓ સહિત પ્રથમ એકાદશીથી લઈ અંતિમ એકાદશીના ક્રમ અનુસાર દરેક દેવો-દેવીઓની મૂર્તિ સ્થાપવી.

સૌ પ્રથમ પૂર્વ દિશામાં ક્રમથી શ્રી નારાયણ તથા દેવી લક્ષ્મી, શ્રી કેશવ તથા દેવી પદ્મા ત્યારબાદ શ્રી માધવ તથા દેવી નિત્યા, શ્રી ગોવિંદ તથા દેવી ચંદ્રા, શ્રી વિષ્ણુ તથા દેવી રમા, શ્રી મધુસૂદન તથા દેવી માધવી, શ્રી ત્રિવિક્રમ તથા દેવી પદ્માશ્રી, શ્રી વામન તથા દેવી કમળા, શ્રી શ્રીધર તથા દેવી કાન્તિમતિ, શ્રી હૃષિકેશ તથા દેવી અપરાજીતા, શ્રી પદ્મનાભ તથા દેવી પદ્માવતી, શ્રી દામોદર તથા દેવી રાધા, શ્રી સંકર્ષણ તથા દેવી સુનન્દા, શ્રી વાસુદેવ તથા દેવી હરિણી, શ્રી પદ્યુમ્ન તથા દેવી ધિયા, શ્રી અનિરુદ્ધ તથા દેવી સુશીલા, શ્રી પુરુષોત્તમ તથા દેવી નન્દા, શ્રી અધોક્ષજ તથા દેવી સ્ત્રીયા, શ્રી નરસિંહ તથા દેવી ક્ષેમકરી, શ્રી અચ્યુત તથા દેવી વિજયા, શ્રી જર્નાદન તથા દેવી સુંદરી, શ્રી ઉપેન્દ્ર તથા દેવી સુભગા, શ્રી હરિ તથા દેવી હિરણ્યા, શ્રી કૃષ્ણ તથા દેવી સુલક્ષણા.

આમ આ ક્રમથી ઉપરોક્ત દેવી-દેવતાઓની પ્રતિમાઓ ક્રમાનુસાર કમળ પર ગોઠવવી તથા વિધિપૂર્વક સ્થાપના કરવી તથા આવાહન આદિ કર્યા બાદ દરેક દેવ-દેવીઓને પંચામૃત સ્નાન અભ્યંગ સ્નાન તથા મહાઅભિષેક અર્પણ કરવો. ત્યારબાદ સુંદર વસ્ત્ર તથા અલંકાર ધરાવવા તથા સુગંધિત દ્રવ્યો અર્પણ કરવા અને સુગંધવાળા પુષ્પો તથા તુલસીદળ વડે પૂજન કરવું. ત્યારબાદ દેવો તથા દેવીઓને ધૂપ, દીપ, ચંદન, નૈવેદ્ય તથા જળ અર્પણ કરવા. નૈવેદ્યમાં મોદક (લાડું), ખાજા, ચૂરમું, ઘી માં તળેલ પોળીઓ, હલવો, કંસાર, સકતુ, મીઠી સેવ, પોળી, પુરી, દૂધમાં રાંધેલ ભાત (ખીર), દૂધપાક, દહીં-ભાત તેમજ પેંડા, વડા, ઘેવર, સુખડી, તલપાક, કુલેર, મગજના લાડું, ગોળ-ભાત, કેળા આદિ મિષ્ટાન્ન તથા વિવિધ ફળો તેમજ

શાક સમસ્ત દેવ-દેવીઓને ધરવા. ત્યારબાદ તાંબૂલ, મુખવાસ તથા જળ આદિ અર્પણ કરવા તેમજ દરેક દેવ-દેવીઓની મહાઆરતી કરવી. પુષ્પાંજલી પણ અર્પણ કરવી તથા સ્તુતિ, દંડવત્, નમન તેમજ ક્ષમાયાચના પણ કરવી.

આમ આ પ્રકારે પૂજા સમાપ્ત કર્યા બાદ ખૂબ જ ભાવપૂર્વક વિવિધ દાનો જેવા કે ગૌ, ભૂમિચ તલ, સોનું, ઘોડો, હાથી, વાહન, વસ્ત્ર આદિ દાન કરવા. ત્યારપછી દેવાલયે જઈ અથવા ગાયોના ગમાણે જઈ સમિધ, ઘી તથા તલ, ભાત તેમજ ફૂલોના રસ રૂપ મધ આદિ દ્રવ્યોથી હોમ કરવો તથા ચોવીસ ગાયોનું અથવા એક સોનાની ગાયનું દાન કરવું.

બપોરના સમયે ફરી દરેક દેવ-દેવીઓનું પૂજન કરી વિધિવત્ ભોજન અર્પણ કરવું. સાંજે આરતી પણ કરવી તથા પ્રભુને રાત્રીભોજન પણ અર્પણ કરવું. ત્યારબાદ રાત્રી જાગરણ કરવું તથા પ્રભાતે પુનઃપૂજન કરવું. પૂજન કર્યા બાદ વ્રતીએ સોનાની પ્રતિમાઓનું પૂજા કરાવનાર બ્રાહ્મણને અથવા ગુરૂને દાન કરવું તથા અલંકારો, વસ્ત્રો, વાસણો, શય્યા વગેરે પણ તે બ્રાહ્મણ અથવા ગુરૂને દાન કરવું. ત્યારબાદ વ્રતીએ ચોવીસ બ્રાહ્મણો, સાધુ તથા સાધ્વીઓને પણ જમાડવા તથા કળશનું દાન કરવું તેમજ દક્ષિણા અર્પણ કરવી.

ત્યારબાદ સ્વયં વ્રતીએ પણ પારણા કરવા તથા સ્વજનોને જમાડવા. આમ આ પ્રમાણે વ્રતપૂજન કરવાથી (ઉત્થાપન કરવાથી) ચોવીસ એકાદશીઓનું ફળ પ્રાપ્ત થાય છે.

આ સંપૂર્ણ ધર્મકાર્યમાં પૈસાનો કોઈપણ પ્રકારે લોભ ન કરવો. કારણ કે આ ઉત્થાપન કાર્ય કરવાથી સાક્ષાત્ લક્ષ્મીપતિ પ્રભુ શ્રીકૃષ્ણ ખુબ પ્રસન્ન થાય છે તથા સંપત્તિ તેમજ રિદ્ધિ-સિદ્ધિ પ્રદાન કરે છે.

હે લક્ષ્મી ! હવે હું આપને ગૌદાન તથા પર્વતોનું દાન, પૂજન આદિની વિધિ કહું છું જે આપ સાંભળો. ગુરૂ તથા બ્રાહ્મણની પૂજા કરી તેઓને વ્યવસ્થિત ઘણી બધી દક્ષિણા આપવી. ત્યારબાદ વ્રતીએ જે દસ પ્રકારની ગાયો તથા દસ પ્રકારના પર્વતોનું દાન કરવાનું છે તેની વિધિ હું આપને કહું છું આપ સાંભળો. એક જગ્યાએ ગાયનું છાણ લીપી ત્યાં દર્ભનું આસન બિછાવી વ્રતીએ હાથ-પગ ધોઈ અને

પૂર્વાભિમુખ બેસવું તથા દસ પ્રકારની ગાયોની કલ્પના કરવી. જેમ કે, ગોળનો ભિલો તેમાંથી ગાયની આકૃતિ બનાવવી તથા આંકડાની પચ્ચીસ વૃક્ષોની ડાળીઓથી અથવા ગોળના જ ક્ષારથી તે ગાયનું વાછડું બનાવવું. પછી યથાશક્તિ તે ગાય તથા વાછરડાને ગાયોના ગમાણે લઈ જઈ ગાય તથા વાછરડાને વસ્ત્ર, અલંકારોથી શણગારવા તથા તે બંનેના પગ સાથે શેરડીના સાંઠા બાંધવા. બંનેની આંખોમાં મોતીઓ લગાડવા, બંનેના પાછળનો ભાગ તાંબાથી, પૂંછડીઓ વસ્ત્રથી, સફેદ ઊનથી બનેલા ધાબડાથી, શીંગડાઓ સોનાથી, ખરીઓ, ચાંદીથી, ભ્રમરો વૈકર્યથી મઢાવવા તથા તે ગાયના આંચળ કાંસાના મઢાવવા.

આમ વિવિધ રીતે શણગારી તે ગાય તથા વાછરડાની વ્રતીએ વિધિવત્ પૂજા કરવી. આમ આજ રીતે ઘી, દૂધ, સાકર, તલ, મધ, રસ, દહીં, પાણી તથા સોનું આ નવ દ્રવ્યોની પણ વાછરડા સહીત ગાયો બનાવી પહેલાની જેમ જ વ્રતીએ તે દરેક ગાયો તથા વાછરડાઓનું પૂજન કરી તે ગાયો તથા વાછરડાઓ સહિત બધું જ પૂજા કરાવનાર બ્રાહ્મણને દાન કરવું. જેનાથી શ્રી પુરુષોત્તમ પ્રભુ ખૂબ ખુશ થાય છે.

ત્યારબાદ હવે આ જ રીતે દસ પ્રકારના પર્વતો બનાવી તે પર્વતોમાં તડાવ, વન આદિ બનાવવા તથા તે પર્વતો ચાર ખૂણાવાળા બનાવવા. આમ તે પર્વતો પણ બ્રાહ્મણને દાન કરવા. એક સુંદર મંડપની નીચે ગાયનું છાણ લીપિ તેના પર કુશનું આસન બિછાવી બેસવું તથા ભૂમિ પર મધ્ય ભાગમાં ડાંગરનો (ચોખાનો) ઢગલો કરી તેમાં હજાર વૃક્ષો ઉગ્યા છે તેવી રચના કરવી. (તે ઢગલામાં વૃક્ષની ડાળીઓ ખોંસવી) તથા તે વૃક્ષોની ફરતે પૂર્વ ભાગમાં મોતી, હીરા તથા દક્ષિણ ભાગમાં પરવાળા, પશ્ચિમ ભાગમાં પીળા રત્નો તથા ઉત્તર ભાગમાં વૈદુર્ય મૂકવા. હવે તે ઢગલામાં શેરડી વડે ગુફાઓ તથા શેરડીની ગાંઠ વડે શિલાઓ, ઘી વડે ઝરણાંઓ, વસ્ત્રો વડે વાદળો, સોના તથા રૂપા વડે તે ઢગલારૂપી પર્વતના શિખરો બનાવવા તેમજ તે પર્વત ઉપર રહેનારા મુનિઓની સોનાની પ્રતિમાઓ બનાવી પર્વતમાં સ્થાપવી તથા ઈન્દ્ર આદિ દિક્પાલોની ચાંદીની પ્રતિમાઓ બનાવી ધાતુઓના વૃક્ષો બનાવવા. જેવા કે મંદાર, પારિજાત, કલ્પવૃક્ષ, કદમ્બ. તે વૃક્ષોમાં સોનાના ફળ તથા ચાંદીના

ફૂલ લગાડવા. આમ આ રીતે જ પૂર્વ દિશામાં મંદરાચલ પર્વત જવથી બનાવવો, ગંધમાદન પર્વત ઘઉંથી બનાવવો, વિપુલપર્વત તલથી બનાવી પશ્ચિમ દિશામાં સ્થાપવો, અડદ વડે પણ પર્વત બનાવી ઉત્તર દિશામાં સ્થાપવો.

આ પ્રકારે ચારેય દિશામાં આ ચાર પર્વતો તથા તેમાં ગુફા આદી ઉપસ્કારો બનાવી સ્વસ્તિ પ્રાર્થના કરાવી તે પર્વતોમાં દેવપર્વતોનું આવાહ્ન કરવું. ત્યારબાદ તેઓનું પૂજન કરી તે સમૃદ્ધ પર્વતોનું પૂજા કરાવનાર બ્રાહ્મણને દાન કરવું તથા ચોવીસ ગાયો તેમજ દક્ષિણા પણ અન્ય બ્રાહ્મણોને દાન કરવી. આમ કહ્યા પ્રમાણે મીઠુ, ગોળ, સોનું, તલ, કપાસ, ઘી, રત્નો, ચાંદી, સાકરના પણ યથાશક્તિ પર્વતો બનાવી પૂજન કરવું. પૂર્વવત્ આ પર્વતોને પણ સુંદર શણગારવા તથા બ્રાહ્મણને તે બધા જ નવ પર્વતો તથા બીજા પૂર્વે કરેલા ચાર પર્વતોનું પણ દાન કરવું. આ સાથે ગાય, પૃથ્વી, ઘર, યાન, વાહન, નગર, ગ્રામ આદિ પણ દાન કરવું. પોતાનું સર્વસ્વ પણ બ્રાહ્મણોને દાન કરી શકાય તથા તેઓને જમાડવા, ભિક્ષા માગનારાઓને અન્નદાન કરવું તથા અન્ય માગનારા લોકોને પણ યથોચિત પદાર્થો દાન કરવા.

આ પ્રમાણે ઉત્થાપન કરવું તથા દેવોનું પણ વિસર્જન કરવું. બધું જ પૂજા કરાવનાર બ્રાહ્મણને અથવા કોઈ મંદિરે દાન કરવું. વ્રત અંતર્ગત જે-જે વસ્તુઓનો નિયમપૂર્વક ત્યાગ કર્યો હોય તે-તે વસ્તુઓનું પણ દાન કરવું. દાન કરેલું હંમેશા વ્યર્થ નથી જતું. તે આ લોક તથા પરલોકમાં પણ સદા પ્રાપ્ત થાય છે. તેથી જ યથાશક્તિ આ 'મહાઉત્થાપનનું' આયોજન કરવું.

આ પ્રકારે ઉત્થાપન વૈવસ્વત મનુએ કર્યું હતું તથા પૂર્વકાળમાં ભૃગુઋષિના પુત્રી રમાએ પણ આ પ્રકારે મહાઉત્થાપન કર્યું હતું. ધરતીપુત્રી પદ્માએ પણ આ જ પ્રકારે ઉત્થાપન કર્યું હતું તથા આ ઉત્થાપન કરનાર દરેકને શ્રી વૈકુંઠ તથા વૈકુંઠપતિ વિષ્ણુની પ્રાપ્તિ થઈ હતી.

આ જ પ્રકારે પાર્વતી તથા પ્રભાએ પણ આ મહાઉત્થાપન કર્યું હતું. હે લક્ષ્મી! આમ આ રીતે મેં આપને દરેક એકાદશીના વ્રતો તથા વિધિઓ કહી.

● એકાદશીના દિવસે આ મહામંત્રોના જાપ કરી પ્રભુપૂજન કરવું. ●

● પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણના મહામંત્રો ●

(૧) ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમઃ
(૨) ૐ શ્રી કૃષ્ણનારાયણાય નમઃ
(૩) ૐ શ્રી હરિવરાય નમઃ
(૪) ૐ શ્રી બાલકૃષ્ણપ્રભવે નમઃ
(૫) ૐ શ્રી હરયે નમઃ
(૬) ૐ શ્રી પરનારાયણાય નમઃ
(૭) ૐ શ્રી પરપુરૂષોત્તમાય નમઃ
(૮) ૐ શ્રી વિદ્યામૂર્તિ ભગવતે નમઃ
(૯) ૐ શ્રી પુરૂષોત્તમ નારાયણાય નમઃ
(૧૦) ૐ શ્રી તપસ્વી મુનયે નમઃ
(૧૧) ૐ શ્રી ગોપીપતિ પ્રભવે નમઃ
(૧૨) ૐ શ્રી શ્વેતાયન વ્યાસાય નમઃ
(૧૩) ૐ શ્રી કૃષ્ણનારાયણ સ્વામિને નમઃ
(૧૪) ૐ શ્રી નારાયણાય નમઃ
(૧૫) ૐ શ્રી ભગવતે નમઃ
(૧૬) ૐ શ્રી ગોપાલકૃષ્ણ બાલાય નમઃ
(૧૭) ૐ શ્રી કંભરાત્મજાય નમઃ
(૧૮) ૐ શ્રી પરમપુરૂષાય નમઃ
(૧૯) ૐ શ્રી પરમપ્રિયાય નમઃ
(૨૦) ૐ શ્રી મહાપ્રભવે નમઃ
(૨૧) ૐ શ્રી જગન્નાથ સ્વામિને નમઃ
(૨૨) ૐ શ્રી રાધિકાકાંતાય નમઃ
(૨૩) ૐ શ્રી લક્ષ્મીપતયે નમઃ
(૨૪) ૐ શ્રી અનાદિ નારાયણાય નમઃ
(૨૫) ૐ શ્રી વલ્લભાય નમઃ
(૨૬) ૐ શ્રી આચાર્યાય નમઃ
(૨૭) ૐ શ્રી સ્વામિને નમઃ
(૨૮) ૐ શ્રી શક્તિપતયે નમઃ
(૨૯) ૐ શ્રી કૃષ્ણ મહાપ્રભવે નમઃ
(૩૦) ૐ શ્રી મહારાજાય નમઃ
(૩૧) ૐ શ્રી હરિકૃષ્ણાય નમઃ
(૩૨) ૐ શ્રી કૃષ્ણકાંતાય નમઃ

● જયનાદ ●

પરમધામાધિપતી અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનની જય
શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય
પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય
વિશ્વંભર શ્રીશ્વેતાયન વ્યાસ હરિની જય
શ્રી કંભરાગોપાલ બાલની જય
શ્રી બાલકૃષ્ણ લાલજી મહારાજની જય
શ્રી હરિ શરણાગતિ સંત મંડળની જય
શ્રી વિઘ્નવિનાયક દેવની જય
શ્રી કષ્ટભંજન દેવની જય